૨૮૧૬૧

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહનાં સપ્તપદી

[સત્યાગ્રહની સાત લડતોનો ઇતિહાસ]

સંપાદક
અગનભાઈ દેસાઈ

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

૪૩૭/૬૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ४३२१

पञ्जिका-संख्या ६५ २६१७

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી સૂરજબહેન સ્મારક ગ્રંથમાળા પુ૦ ૫

સત્યાગ્રહની સપ્તપદી

[સત્યાગ્રહની સાત લડતોનો ઇતિહાસ]

.....
.....
.....
.....

સંપાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

પ્રકાશક તરફથી સૌ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯
પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૯

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૦૦૦

બે રૂપિયા

જુલાઈ, ૧૯૫૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપોદ્‌ઘાત

સત્યાગ્રહની સાત લડતોના ઇતિહાસ પરનાં આ વ્યાખ્યાનો ગુજરાત વિદ્યા મંદિરની ઈ. સ. ૧૯૩૮ની ગાંધીજયંતીને નિમિત્તે ગોઠવવામાં આવ્યાં હતાં. ત્યાર પછી થોડા વખતમાં તે છૂટક છૂટક ગુજરાતનાં માસિકોમાં બહાર પાડવામાં આવ્યાં હતાં. અને વિચાર રાખેલો કે, તેમને ગ્રંથાકારે પણ છાપવાં ઠીક લાગે તો આગળ ઉપર તેમ કરવું.

આ વ્યાખ્યાનો વિદ્યાર્થીઓએ તેમના અધ્યાપકોના માર્ગદર્શન અને મદદમાં રહીને તૈયાર કર્યાં હતાં; એટલે કે, તે તે વિષયનો ઠીક અભ્યાસ કરીને તે લખ્યાં હતાં. ઉપરાંત, બીજો એક એ નિયમ રાખ્યો હતો કે, જે લડત વિષે વ્યાખ્યાન થાય તે લડતમાં સક્રિય ભાગ લેનાર નામાંકિત વ્યક્તિ મળે તો એને તેના પ્રમુખસ્થાને નોતરવી, જેથી કરીને તેમના પ્રત્યક્ષ અનુભવનો લાભ પણ મળી શકે. તે મુજબ નીચેના પ્રમુખો યોજવામાં આવ્યા હતા :

	વ્યાખ્યાન		પ્રમુખ
૧	દક્ષિણ આફ્રિકાનો	સત્યાગ્રહ	શ્રી રાવજીભાઈ મણિભાઈ પટેલ
૨	ચંપારણ	,,	શ્રી નરહરિ દ્વારકાદાસ પરીખ
૩	ખેડા	,,	શ્રી હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ
૪	અમદાવાદના મજૂરો	,,	શ્રી શંકરલાલ ઘેલાભાઈ બેંકર
૫	નાગપુર	સત્યાગ્રહ	શ્રી પરીક્ષિતલાલ લલ્લુભાઈ મજમુદાર
૬	બોરસદ	,,	શ્રી દેસાઈભાઈ નાથાભાઈ પટેલ
૭	બારડોલી	,,	શ્રી રવિશંકર શિવરામ વ્યાસ

(મહારાજ)

અને એથી વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા આ નિબંધો સહેજે તે પ્રમુખો જોઈ શક્યા હતા. ઉપરાંત તે છપાવતાં પહેલાં તેમની પાસે તે તપાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવડાવવાનું પણ રાખ્યું હતું. વળી તેઓએ પ્રમુખસ્થાનેથી જે વિશેષ વાત કરી હોય, તે પણ નોંધવામાં આવી હતી, અને વ્યાખ્યાન છપાવતાં સાથે તેને પણ જોડવા જેવું લાગે તો તેમ કરવાનું રાખ્યું હતું. શ્રી રાવજી-ભાઈ પટેલ તથા શ્રી પરીક્ષિતલાલની એ નોંધો એ રીતે આ નિબંધોની સાથે જોડવામાં આવી છે. શ્રી શંકરલાલ પરીખ પોતે પ્રમુખ તરીકે આવી શક્યા નહોતા, છતાં વિદ્યાર્થીનો નિબંધ ખૂબ સમય આપીને વિગતવાર સુધારી આપ્યો હતો અને નિબંધને પાકો કરવામાં મદદ કરી છે. છતાં નિબંધોનું મૂળ કાઠું અને કલ્પના તથા શૈલી તે તે વિદ્યાર્થીનાં જ રહે છે. એટલે તેઓ જે આનંદોત્સાહથી આ લડતનો અભ્યાસ કરવા પ્રેરાયા હતા, તે ભાવની છાપ એમાં વાચક સહેજે જોઈ શકશે.

આ નિબંધો સ્વરાજની લડતના યુગમાં લખાયેલા છે, — એ કાળની ઊર્મિ એમાં ધબકે છે. એનું ચિત્ર પણ આ નિબંધો કાંઈક અંશે આપશે, એ એની એક વિશેષ ઉપયોગિતા ગણાય. આજે એ યુગ પૂરો થઈ સ્વરાજમાં પ્રવેશ્યા છીએ, ત્યારે આ વસ્તુ સંઘરવા જેવી અને નવી પેઢીને માટે જોવા જેવી ગણાય. ખાસ કરીને આ નિબંધો તે દૃષ્ટિએ ગ્રંથસ્થ કરવામાં આવે છે.

૨

નવા હિંદનો જન્મકાળ ગાંધીયુગ કહેવાય છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો તેને સત્યાગ્રહયુગ પણ કહી શકાય. સત્યાગ્રહના નવીન શસ્ત્ર વડે આપણા રાષ્ટ્રનો આ યુગપલટો સાધવામાં આવ્યો છે. તે શસ્ત્રના પ્રયોજકે તેની શોધ આ સૈકાના પ્રારંભે દક્ષિણ આફ્રિકામાં કરી; ત્યારથી માંડીને ઈ. સ. ૧૯૩૦માં આપણે આખરી ફ્રેંસલાની લડત શરૂ કરી, તે દરમિયાન લડાયેલી મુખ્ય સાત સત્યાગ્રહ લડતનું શબ્દ-ચિત્ર આ ચોપડીમાં સંધરાય છે, એ પણ એની એક વિશેષતા બને છે. આમ દેશ ગાંધીજીના સત્યાગ્રહ સાથે સાત પગલાં ચાલ્યો અને તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૈત્રી બાંધી, કે જેથી ૧૯૩૦થી આ શસ્ત્ર હિંદમાં વ્યાપક રૂપે કામ દેતું થઈ ગયું. સત્યાગ્રહની આ સપ્તપદીમાં બીજી એક બે બાબતો પણ નોંધપાત્ર છે.

વાચક જોશે કે, ૧૯૧૯–૨૦ની ખિલાફત લડત આ સંગ્રહમાં લેવામાં નથી આવી. દ૰ આ૰થી સ્વદેશ આવી ગાંધીજીએ પોતે ચલાવેલી ત્રણ લડતો દ્વારા દેશને પોતાના ખાસ શસ્ત્રનો પરચો આપ્યો — ખેડા, ચંપારણ અને અમદાવાદ મજૂર લડત. આ દ્વારા દેશને ગાંધીજીએ પોતાનો કરી લીધો. અને રૉલેટના કાળા કાયદા વગેરેનો ૧૯૧૯–૨૦નો વિકટ સમો દેશ સામે આવ્યો ત્યારે એમણે દેશને એક-ઝપાટે સત્યાગ્રહ તરફ વાળ્યો અને તેનું નેતૃત્વ લીધું. પાંચ છ વરસમાં જ આ જબરદસ્ત ફેરફાર થયો, એ હિંદના રાજકીય ઇતિહાસની એક અજબ ઘટના ગણાઈ છે.

વ્યક્તિગત રીતે જોતાં, ગાંધીજીને માટે આ પ્રસંગ એમની દક્ષિણ આફ્રિકાની પ્રથમ લડત જેટલા મૌલિક મહત્ત્વનો હતો. દક્ષિણ આફ્રિકામાં એક પેઢી ઉપર અજમાવેલું તેવા જ ઊંડા મંથનમાં ગાંધીજી ઈ. સ. ૧૯૧૯માં હિંદની સ્થિતિ પરત્વે પડ્યા, અને તેમાંથી અહિંસક અસહકાર રૂપી શસ્ત્રરત્ન જન્મ્યું. ઇતિહાસે કહેવું જોઈએ કે, આ સૈકાના પ્રારંભે દક્ષિણ આફ્રિકાએ સવિનય કાનૂનભંગને જન્મ આપ્યો; અને ઈ. સ. ૧૯૧૯–૨૦માં હિંદે અહિંસક અસહકારને જન્મ આપ્યો. અને તેની સાથે આખા દેશે એ નવા શસ્ત્રને અણસારા-માત્રથી અપનાવ્યું, જેની આશ્ચર્યભરી નોંધ ગાંધીજીએ પોતાની આત્મકથામાં લીધી છે. (જુઓ આત્મકથા ભા૰ ૫, પૃ૰ ૩૦) એ મોજું એવું અણધાર્યું છતાં જોરદાર હતું કે, એક વરસમાં સ્વરાજ લઈ શકાય એવો ભરોંસો પડ્યો. પરંતુ તે લડત માટે દેશની તૈયારી કાચી પડતાં, ગાંધીજીએ તે પાછી ખેંચી હતી, અને દેશને તૈયાર કરવા માટે ખામોશીના પાઠ આપવાના શરૂ કર્યા હતા. આ પાઠો તે રચનાત્મક કાર્યક્રમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસહકારની લડત પાછી ખેંચી લીધા પછી, ૧૯૨૨માં ગાંધીજીને કેદ કરવામાં આવ્યા; ઈ. સ. ૧૯૨૪માં તે જેલ બહાર આવ્યા. તેમની ગેરહાજરીનાં તે વરસો દરમિયાન દેશમાં અને તેના ખ્યાલોમાં ઠીક ઠીક ફેરફાર થયો હતો. અસહકારનું અમુક બાબતોમાં જોશ કાંઈક ઓસર્યું હતું; શાળાઓનો બહિષ્કાર નબળો પડ્યો હતો; ધારાસભાઓ દ્વારા કામ લેવાની શ્રદ્ધા પાછી જાગી હતી; સત્યાગ્રહની લડતનું વાતાવરણ મંદ થતું જતું હતું. એ બધું જોઈને અને તેમ છતાં, ગાંધીજીએ પોતાના શસ્ત્રની ભૂમિકા પાછી રચવાની હતી, કેમ કે તે વગર બીજો રસ્તો નહોતો. તેને માટે તેમણે ખાદી ઇ૦ રચનાકાર્યનું મંડાણ કર્યું; અને એમ કેવળ લડત જ નહીં, હિંદના સાચા સ્વરાજનો પાયો નાખવાની હિલચાલ પણ વધારે ચોકસ રૂપે ઉપાડી. તેમાંથી દેશની શ્રદ્ધા કેળવાઈ, પાછી વળતી ગઈ; અને ૧૯૨૮માં બારડોલીમાં સત્યાગ્રહ ચાલ્યો, તેથી ગાંધીજીના શસ્ત્રની શક્તિ નવે જ રૂપે પાછી દેશને જોવા મળી. આટલા ઇતિહાસનાં સાત મુખ્ય પગલાં આ પુસ્તકમાં આપણને જોવા મળે છે.

૩

આ સાત પગલાંનું પૃથક્કરણ કરતાં જણાય છે કે, પ્રથમ ચાર લડતો — ૬૦ આ૦, ચંપારણ, ખેડા, અને અમદાવાદ મજૂરોની — ગાંધીજીએ ઉપાડી અને જ્યારે તેને ગોઠવી, દોરી અને સીધી પોતાની દેખરેખ તળે ચલાવી; એ લડતો એ પોતે લડ્યા. પછીની ત્રણ — નાગપુર, બોરસદ, તથા બારડોલીની — લડતો સરદાર શ્રી વલ્લભભાઈએ ચલાવી. અને તેમાં વિશેષ નોંધપાત્ર એ છે કે, પહેલી બે લડતો ગાંધીજીની જેલમાં ગેરહાજરી દરમિયાન સરદારશ્રીએ સફળતાથી ચલાવી; અને ત્રીજી બારડોલીની મહા લડત અથેતિ તેમણે યોજી, ચલાવી, અને પૂરી કરી; જે બધો વખત ગાંધીજી બહાર હતા, પણ તેના સીધા સંચાલનમાં તો સરદાર જ રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારશ્રીએ શરૂની બે લડતો — ખેડાની અને અમદાવાદ મજૂરોની લડતો દરમિયાન ગાંધીજીના હાથ તળે રહી તાલીમ લીધી. ગાંધીજી તે વખતે તેમનું હીર પારખી ગયા હતા, અને તેમણે નીચેના શબ્દોમાં તે વ્યક્ત કર્યું હતું :

"વલ્લભભાઈ જેકે હજી ભઠ્ઠીમાં છે, એમને સારી પેકે તપવાનું છે; તોપણ મને લાગે છે કે, એમાંથી આપણે કુંદન કાઢીશું."

એ શબ્દો સરદારે પછીની બે લડતોમાં કામ કરીને કેવા સાચા પાડ્યા, તે તેના ઇતિહાસ ઉપરથી વાચક જોશે. સત્યાગ્રહના શસ્ત્રને સામુદાયિક વ્યવહારમાં ઉતારીને આપણી પ્રજા જેવી છે તેવી દ્વારા તેનો વિનિયોગ કરવાની આવડત આપણા દેશના નેતાઓમાં સરદારે બતાવી, તેનો આછો ઇતિહાસ આ ત્રણ લડતોમાંથી મળશે.

૪

એક ત્રીજી બાબત પણ નોંધપાત્ર છે. આ સાતે લડતો અમુક ચોકસ મુદ્દા અંગે સીધી સવિનય કાનૂનભંગની છે. આપણે ઉપર જોયું કે, ગાંધીજીએ સત્યાગ્રહનું આ કાનૂનભંગ શસ્ત્ર પહેલું શોધ્યું. બીજું એવું જ પ્રબળ શસ્ત્ર અસહકાર, તે તેમણે ઈ. સ. ૧૯૧૯–૨૦ માં શોધ્યું. એનો ઉપયોગ તે વરસે શરૂ કર્યો. પરંતુ થોડી જ અજમાયશ પછી તે મોકૂફ રાખ્યો, જોકે ત્યારથી બ્રિટિશ સરકાર જોડે અસહકાર એ હિંદી રાષ્ટ્રીય માનસનું કાયમી લક્ષણ બન્યું. એટલે ઈ. સ. ૧૯૩૦થી જે લડત શરૂ થઈ તેમાં અસહકાર અને કાનૂનભંગ ઓતપ્રોત બની રહ્યાં હતાં. એ રીતે જોતાં, ૧૯૩૦થી શરૂ થયેલી સત્યાગ્રહની લડત જુદા જુદા પ્રકારે ચાલી અને ૧૯૪૭માં તે સફળ થઈ ત્યાં સુધી એક યા બીજે રૂપે તે ચાલ્યા કરી. એનો મુદ્દો કોઈ ચોકસ પ્રશ્ન નહીં, પણ હિંદ સ્વરાજ જેટલો વ્યાપક મુદ્દો હતો. તેને માટેના આ મહાન અહિંસક યુદ્ધનો ઇતિહાસ હજી લખાવાનો બાકી છે. આ ગ્રંથમાં આવતી લડતો એ વ્યાપક યુદ્ધની શરૂઆતની તાલીમ અને તૈયારી રૂપે હતી, એમ કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

આ લડતોનો ઇતિહાસ જોતાં એક સવાલ મનમાં ઊઠે છે કે, આજે સ્વરાજમાં એનો કોઈ બોધપાઠ હોય ખરો? હવે પછી આ ઢબે સત્યાગ્રહ કરવાની જરૂર ખરી? આજે આપણી સરકાર છે; સ્વરાજ આવ્યું છે, દરેક પુખ્તવયીને મતાધિકાર છે. તેથી કહી શકાય કે, "મતાધિકારનું બળ હોય તો સત્યાગ્રહને ઘણે ભાગે અવકાશ ન હોય." (ગાંધીજી). એટલે કે, રાજકીય સ્વરાજ મળતાંની સાથે સ્વતંત્રતાપૂર્વક લોકમતને ઘાર્યો કેળવવાની અને પુખ્ત મતાધિકાર મારફતે તેને વ્યક્ત કરવાની તક મળી ગયા પછી, લોકશાહી રાજ્યતંત્રમાં સત્યાગ્રહ કરવાનો પ્રસંગ ભાગ્યે જ ઊભો થાય; એટલે તેની જરૂર ન રહે. જેને બંધારણીય સાધનો કહેવામાં આવતાં હતાં, તે બધાં, જરૂર મુજબ, ક્રમે ક્રમે ઉપયોગમાં લેવામાં આવે, તો સહેજે મનાય કે, તે તેમનું કામ કરશે અને લોકને કામ દેશે; એટલે તેથી તેમને સંતોષ થવો જોઈએ. છેવટે જોતાં, સત્યાગ્રહનો પ્રસંગ હા અને ના જેવા તીવ્ર મતભેદમાંથી ઊભો થાય છે. લોકમત ઉપર અવલંબતી સરકાર કે સત્તા હોય, ત્યાં લોકો ખરેખર અને સમગ્ર રૂપે જે માનતા હોય તે જો ઠીક રીતે વ્યક્ત કરે, તો તે વસ્તુને સરકાર સમજે ને સ્વીકારે. આમ બનવાની મોટી શરત એ છે કે, લોકમત સાચો અને વ્યાપક હોવો જોઈએ. અહીંયાં સવાલ થઈ શકે કે, તે કોણ નક્કી કરે? કેવી રીતે નક્કી થાય? લોકશાહી પદ્ધતિએ આની જડી રીત મત-ગણુતરી કરવાની આપી છે. એટલે લોકશાહી સામાન્યપણે મતાવલંબી ગણાય છે; અને બહુમતી રાજ્ય એટલે લોકશાહી રાજ્ય એમ સમજાય છે. લોકોના પ્રતિનિધિઓની ચૂંટણી કરવામાં તો આ જ રીત વપરાય છે. પરંતુ રોજ-બ-રોજનાં કામોમાં જ્યારે ત્યારે આવી પ્રજાકીય મતગણુતરી કરી ફેંસલો મેળવી ન શકાય; તેથી છાપાં, સભા વ૦ દ્વારા લોકમતનું માપ કઢાય છે. અને તેથી કરીને આ સાધનો પર લોકશાહી રાજ્યમાં દમન કે દાબ ન ઘટે, એ સિદ્ધાંત રૂપે મનાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ જઈને, અમુક અમલી કામો કરવા દ્વારા પણ વિરોધ બતાવાય છે. જેમ કે, સરઘસ, હડતાલ, વગેરે. એમ જ આગળ વધીને ઉપવાસ અને કાનૂનભંગ પણ વપરાવા લાગ્યાં છે. અને એ સાધનોનું લૌકિક નામ 'સત્યાગ્રહ' પણ ચાલે છે. આ બધા રસ્તા મારફત સામેવાળાનું ધ્યાન ખેંચવું, લોકમત બતાવવો, અને એમ અસર પહોંચાડવી, એ કામ થાય છે. પરંતુ જો બરાબર સામાજિક જવાબદારી ન સમજાય અને સત્ય અહિંસા પર ધ્યાન ન રખાય, તો આ માર્ગ ઘણી વાર, ગાંધીજી જેને 'પેસિવ રિઝિસ્ટન્સ' કહેતા અથવા આપણી સાદી ભાષામાં જેને ('ન્યૂસન્સ વૅલ્યૂ'વાળી) પજવણી કે ત્રાગું કે ધાંધલ કહેવાય, તે રૂપ પકડે છે. સ્વરાજ આવ્યા પછી આવા પ્રયોગો વધવા લાગ્યા છે, તે તરફ જાગ્રત બનવું જોઈએ, એ આ સાત લડતોમાંથી સમજવા જેવું છે.

આ ઇતિહાસમાં ગાંધીજીના ઉપવાસનો પણ એક દાખલો છે. જુઓ મજૂર લડત. ગાંધીજી મિલમાલિકો પર તેનાથી અયોગ્ય દબાણ થાય એને ઠીક નથી માનતા. જે પ્રતિજ્ઞા સત્યાગ્રહીઓએ લીધી, તેનું પાલન કરાવવા તેના નેતા તરીકે તે આમરણ ઉપાય લેવાના ધર્મમાંથી ઉપવાસનો ધર્મ આવે છે, એમ બતાવે છે. સત્યાગ્રહના સાધન તરીકે ઉપવાસની આવી શુદ્ધ નીતિની વિડંબના કે તેનું હાસ્યચિત્ર આજે કેવાં કેવાં જોવા મળે છે, તે અહીંયાં વર્ણવવાની જરૂર નથી.

અને આમ જ સત્યાગ્રહનાં સાધનોની આવી વિડંબના બીજી અનેક રીતે આજે થાય છે. આ વસ્તુ ઈ. સ. ૧૯૩૦–૩૧ના યુગમાં જોઈને જ ગાંધીજીએ નીચેના ઉદ્‌ગારો કાઢ્યા હતા :

> "જેના સ્વભાવમાં અહિંસા છે, જે સહેજે સત્યાગ્રહી છે, જેને રોમ રોમ સત્ય વ્યાપી રહ્યું છે, જે સેવાની મૂર્તિ છે, તે જગદ્‌વંદ્ય છે. . . . તેને તેની ઇચ્છા પ્રમાણે સત્યાગ્રહ કરવાનો અધિકાર છે, એમ કહેવાપણું જ ન હોય. પણ જે ક્રોધથી, મદથી ભર્યા છે, જેનામાં અહંભાવની માત્રા સારી પેઠે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેશને લીધે જેની મતિ ડહોળાઈ ગઈ છે, તેમને હું અવશ્ય કહું, ધીરજ રાખજો. અજ્ઞાનપણે પણ અવિચારી પગલું ભરશો તો તેનું પરિણામ કડવું આવશે જ. એટલું જ નહિ પણ અત્યારે થોડીઘણી મર્યાદા જળવાતી હશે તે પણ તૂટશે; અને તે વેળા ભવિષ્યની પ્રજા જે કહેવાતા સત્યાગ્રહના ત્રાસથી પીડાતી હશે તે આપણને શાપ દેશે ને સત્યાગ્રહ વગોવાશે. વિચારશીલ મનુષ્યે સત્યાગ્રહની મર્યાદા ઓળખી લેવી ઘટે છે. અથવા સત્યાગ્રહનું નામ મૂકી દો ને સ્વેચ્છાપૂર્વક વર્તો. જગત તમને ઓળખશે. પણ સત્યાગ્રહને નામે થતાં પણ તેને ન છાજતાં કામોથી તો જગત પણ વ્યાકુળ થાય, મૂંઝાય ને તેને પોતાની દિશા ન સૂઝે." ('નવજીવન' ૫-૭-'૩૧)

થોડા દિવસ બાદ ૧૯-૭-'૩૧ના 'નવજીવન'માં આ જ મર્યાદા વધારે સરળતાથી તેમણે ફરી સમજાવી હતી:

"જો ધીરજ રાખે તો સત્યાગ્રહીની સામે એવો એક પણ અન્યાય નથી કે જેને સારુ તેની પાસે ઇલાજ ન હોય. આટલું યાદ રાખવાની જરૂર છે કે, સત્યાગ્રહમાં જેની ઉપર અન્યાય થાય છે તેનામાં જો મુદ્દલ શક્તિ ન હોય, તો તે શક્તિ વિના અન્યાયની સામે થવાનું સાધન નથી. એ સત્યાગ્રહની મર્યાદા છે. સત્યાગ્રહનું કામ પદાર્થપાઠ આપી દુઃખિતને દુઃખમાંથી મુક્તિ મેળવવા તૈયાર કરવાનું છે. જ્યાં સુધી તે તૈયાર ન થાય ત્યાં સુધી સત્યાગ્રહીને ધીરજ રાખવી પડે છે. એમાં જો સત્યાગ્રહની મર્યાદા છે તો તેની ખૂબી પણ છે. એટલે સત્યાગ્રહી કોઈનો વડીલ કે વાલી નથી બનતો. એ દુઃખીની સાથે દુઃખ ભોગવીને તેનો સાથી બને છે, ભાગીદાર બને છે."

આ પુસ્તકમાં નિરૂપાતી લડતોનો અભ્યાસ આ દૃષ્ટિએ કરવા વાચકને વિનંતી છે. સત્યાગ્રહીને જે મર્યાદા સાચવવાની છે, તેના સૂક્ષ્મ પાલન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરત્વે જે ઝીણી ઝીણી વસ્તુઓ જોવાની હોય છે, તે તરફ વાચકનું ધ્યાન આ ઇતિહાસ ખેંચશે એવી આશા છે.

૬

આખરે વિચારતાં, સત્યાગ્રહ એ લોકશાહી સિદ્ધાંતનું અંતિમ રહસ્ય અને તેનું પરમ સાધન કે શસ્ત્ર છે. સામાન્યપણે મનાય છે કે, લોકશાહી 'મતાવલંબી' છે — મત એની છેવટ છે. પણ આ અર્ધ સત્ય છે. મત પર તે અવલંબન રાખે છે એ ખરું. પરંતુ તે મત સાચો અને શુદ્ધ હોવો જોઈએ. જેટલા પ્રમાણમાં તે એવો હશે, જેટલા પ્રમાણમાં લોકો પોતાના સામુદાયિક મતને સાચો અને શુદ્ધ કરવા મથશે, તેટલા પ્રમાણમાં જ લોકશાહી સાચી અને શુદ્ધ થશે. લોકશાહી તત્ત્વ કોઈ સ્વર્ગ જેવી સ્થિર દશા કે સુખાવતી નગરી નથી; તે પ્રયત્ને કરીને સાધ્યે જવાની એક ગતિશીલ અને સદા સુધરતી જનારી વસ્તુ છે. તેને વ્યવહારમાં ઉતારવાને માટે મત સાધન અપ્યું છે એ ખરું; પરંતુ તે મત સત્યાવલંબી હોય. એટલે, છેવટે લોકશાહી એ સત્યાવલંબી વસ્તુ અને છે. તેમ બનવામાં તેની ઉત્તમતા અને કલ્યાણમયતા રહેલી છે. તેથી જ કરીને જ્યારે એક પણ જવાબદાર વ્યક્તિને લાગે કે, અમુક બાબતમાં (લોકોનો, સરકારનો, ગમે તેનો) મત બરોબર નથી, સત્ય કે કલ્યાણની દૃષ્ટિએ અન્યગામી છે, ત્યારે તે એક વ્યક્તિ પણ અહિંસા-પૂર્વક સત્યનો આગ્રહ ધારીને તેની સામે ઝૂઝે, એમાં લોકશાહીની રક્ષા છે અને તેની પરિપૂર્ણતા રહેલી છે. રાજ્યશાસ્ત્રમાં લોકશાહી શાસન અંગે સત્યાગ્રહ એ ગાંધીજીની પરમ ભેટ છે, તે સત્યાગ્રહની આ વસ્તુને લઈને કહી શકાય છે.

સત્યથી ઝૂઝવું એટલે ત્રાગું કે પજવણી યા 'પેસિવ રિઝિસ્ટન્સ'-ની નબળાઈ નહીં, પણ પોતાની વાતમાં રહેલી સત્યતાનું બળ છે. આ વસ્તુ જરા વધારે તપાસવા જેવી છે. સત્યાગ્રહની પરિસ્થિતિ કયારે પેદા થાય? જ્યારે કોઈ પણ પ્રશ્ન પરત્વે — તેમાં વિચારવાના મુદ્દાની સત્યતા અંગે, હા ના જેવા બે પક્ષ હોય ત્યારે. એટલે, એક પક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને લાગતું રજૂ કરે; બીજો પોતાને લાગતું. એમ એક રીતે જોતાં પ્રશ્નને વિષે જાહેર વિવાદ ચાલે. કહો કે, શું સાચું છે તે ખોળવા એક ચર્ચા જાગે છે. આ સારી વસ્તુ છે. તેથી જ સત્યાગ્રહમાં તપાસ, અરજી, પ્રતિનિધિમંડળ, સભાઓ કરવી, વગેરે બાબતો માન્ય છે. જેમ કે, વાચક ખેડાની લડતમાં આ વસ્તુઓ જોઈ શકશે. સત્યાગ્રહ સામાને આપણી વસ્તુ સમજાવવાનો પ્રયત્ન છે. એમ કરતાં આપણને આપણી વાતમાં ભૂલ જણાય કે ફરી વિચાર કરવા જેવું જણાય, એમ બને. તો તેમ કરવા તત્પર રહેવું જોઈએ, એમ સત્યાગ્રહનું શાસ્ત્ર કહે છે. એમ કરતાંય છેવટે કાંઈક વાત એવી રહે, જે સાચી છે ને છતાં સામેનો ન માને; તો શું કરવું, એનો અહિંસાને ધોરણે જવાબ સત્યાગ્રહ છે. ગાંધીયુગની શરૂઆત ૧૯૧૯–૨૦માં થઈ તે અગાઉ ઉપર શરૂમાં કહેલી બંધારણીય રીતો મોડરેટ રાજકારણના નેતાઓએ દેશને આપી હતી. તે રીતો કામની છે; આજે તો તેની આવડતની ખૂબ જરૂર છે. પરંતુ તે પૂરતી ન પડે તો શું? એનો જવાબ ગાંધીજીએ આપ્યો કે, સત્યાગ્રહ. પરંતુ તેમણે કહ્યું છે તે પણ આજે યાદ કરવા જેવું છે કે, "મતાધિકારનું બળ હોય તો સત્યાગ્રહને ઘણે ભાગે અવકાશ ન હોય." અને આ બાબત તેમણે તેમનાં ૧૯૪૭ બાદનાં છેલ્લાં દિલ્હીનાં ભાષણોમાં અનેક વાર કહી છે. મતબળ જો પ્રજા પાસે પોતાના પીઠબળ તરીકે હોય, તો બંધારણીય ગણાતાં સાધનો સ્વરાજમાં બરોબર કામ દઈ શકે. આ સાધનો ખૂબ સેવાનો શ્રમ તથા વસ્તુનો અભ્યાસ અને રજૂઆત કરવાની કુનેહ તથા આવડત માગે છે. તે બાબતો સત્યાગ્રહના લડત-યુગમાં આપણી પ્રજામાં ઓછી કેળવાઈ છે. તેથી આજે એની ભારે ઊણપ લાગે છે, એ કબૂલ કરવું જોઈએ. સત્યાગ્રહની લડત કેવળ લાગણીવેડા કે સામાવાળા પ્રત્યે ભાવનાભરી ઉશ્કેરણી કરવી એ નથી. એનો પાયો સમાજહિતના સાચા મુદ્દા ઉપર હોવો જોઈએ. અને એ મુદ્દો સ્પષ્ટ અને અતૂટ હોય, અને તેને જોરે લોકમતનું સંગઠન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય, તો મતાધિકાર ભોગવતી પ્રજા વગર લડતે પોતાનું કામ ઉકેલી શકે. સત્યાગ્રહની લડતોનો આ ઇતિહાસ આ પાઠ આપણને આજે શીખવે છે. સ્વરાજ્ય યુગમાં સત્યાગ્રહનો પાઠ આપણે આ હમે યાદ રાખવો ઘટે છે. આ પુસ્તક તેમાં મદદ કરશે એવી આશા છે. તેનો ખાસ ઉપયોગ તો વિદ્યાર્થી અને નવજુવાનો માટે કલ્પ્યો છે. આ ઇતિહાસ તેમને ભણવા મળતો નથી. એમની લગભગ એક પેઢી પર થયેલા આ મહા પ્રયોગો તેમણે જાણવા જોઈએ, કેમ કે ઊગતી પેઢીના પાયામાં રહેલી એ કહાણી છે. આશા છે કે, આ ચોપડીનો એ હમેય ઉપયોગ થશે.

આ પુસ્તક ચિખોદરાના શ્રી ગોરધનભાઈ આશાભાઈ પટેલ તરફથી શ્રી સૂરજબહેન સ્મારક ગ્રંથમાળા નિમિત્તે મળેલા રૂા. ૧૦,૦૦૦ ના દાનનાં નાણાંમાંથી બહાર પડે છે. અત્યાર સુધીમાં આ માળામાં નીચેનાં પુસ્તકો બહાર પડ્યાં છે :

૧. આ૦ જાવડેકર કૃત 'આધુનિક ભારત' અનુ૦ પાંડુરંગ દેશપાંડે

૨. 'હિંદની અંગ્રેજ વેપારશાહી' લે૦ મગનભાઈ દેસાઈ

૩. 'મહાસભાના હરાવો' (ઈ. સ. ૧૮૮૫થી ૧૯૪૭) સં૦ વિઠ્ઠલદાસ કોઠારી

૪. કેળવણી વડે ક્રાન્તિ (વિદ્યાપીઠનો ત્રીસ વરસનો ઇતિહાસ) સં૦ વિઠ્ઠલદાસ કોઠારી

સાધારણ રીતે આ માળા ઇતિહાસ, ભૂગોળ ઇ૦ સામાજિક વિષયોનાં પુસ્તકો તૈયાર કરવા માટે અંકિત કરવામાં આવી છે. આ પુસ્તક તે યોજનાને અનુસરીને છે. હવે પછી કેટલાંક ઐતિહાસિક જીવનચરિતો તૈયાર થાય છે તે બહાર પાડવા વિચાર છે.

૧૦–૭–'૫૨ **મગનભાઈ દેસાઈ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

ઉપોદ્‌ઘાત	મગનભાઈ દેસાઈ	૩
૧. અહિંસાની પ્રથમ સાધના	વનમાળા પરીખ	૩
એ પુણ્ય સ્મરણો	રાવજીભાઈ મ૦ પટેલ	૨૧
૨. રાજકારણમાં અહિંસાનો પ્રવેશ	આત્મારામ મેઘજી પંડિત	૩૫
૩. પ્રજાબળનો પરચો	તુલસીભાઈ મો૦ પટેલ	૫૯
૪. શાંતિમય ધર્મયુદ્ધ	ભાઈચંદ્ર ન૦ રવાણી	૯૨
૫. અણનમ રાષ્ટ્રધ્વજ	બળભદ્ર ના૦ પટેલ	૧૦૮
ઝંડા સત્યાગ્રહ (૧૯૨૩) નાગપુર	પરીક્ષિતલાલ મજમુદાર	૧૨૧
૬. ક્ષિપ્રવિજયી સત્યાગ્રહ	ભાઈલાલ ના૦ પટેલ	૧૨૪
૭. મૂલ્યપરિવર્તક સંગ્રામ	લક્ષ્મીબહેન પટેલ	૧૪૯
પુસ્તકસૂચિ		૧૭૩
વિશેષનામોની સૂચિ		૧૭૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહની સપ્તપદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

અહિંસાની પ્રથમ સાધના*

[ક્ષણ આફ્રિકાનો સત્યાગ્રહ]

દુનિયાના આખા ઇતિહાસમાં આ લડતનું મહત્ત્વ વિશેષ છે. અત્યાર સુધી થયેલી બધી લડાઈઓ સામસામે શસ્ત્રબળ વાપરનાર પક્ષો વચ્ચે થઈ છે. પણ આ યુદ્ધમાં એક મોટો પક્ષ સત્તાબળ અને હથિયારથી પૂરેપૂરો સજ્જ હતો, ત્યારે બીજો પક્ષ સત્તા કે શસ્ત્રબળ વિનાનાં થોડાં માણસોનો પણ આત્મબળવાળો હતો. અહિંસાના બળનો મોટા પાયા પર ઉપયોગ કેવી રીતે કરવો એ બાપુજીએ આફ્રિકામાં શોધ્યું અને ત્યાં તેનાં વિવિધ પ્રકારનાં શસ્ત્રો નિર્માણ કર્યાં. તેમાં બાપુજીને આફ્રિકામાં અનેક અપમાન તથા કષ્ટ સહન કરવાં પડ્યાં અને કેટલીયે વાર મરણતોલ માર ખાવો પડ્યો. એના વિચારમાંથી બાપુજીને અહિંસક લડતનો રસ્તો સૂઝી આવ્યો છે. ૧૯૧૫માં આ દેશમાં આવીને અત્યાર સુધીમાં જે ભવ્ય લડત એમણે ઉપાડી છે, તે માટેની સાધના એમણે આફ્રિકામાં જ કરી હતી. આપણે અત્યારે એ સાધનાનું ફળ ચાખીએ છીએ.

હિંદીઓની વસ્તી

આ સત્યાગ્રહનો ઇતિહાસ શરૂ કરતાં પહેલાં હિંદીઓની દક્ષિણ આફ્રિકામાં કેવી સ્થિતિ હતી, એ જોઈ જવું જરૂરી છે.

જૂના વખતમાં યુરોપિયનો દક્ષિણ આફ્રિકામાં ખેતી કરવા અને સોનું શોધવા જઈ પહોંચ્યા હતા. તે વખતે ગુલામી પ્રથા ચાલુ હતી, એટલે તેઓ ગમે ત્યાંથી ગુલામો પકડી જઈ ત્યાં તેમની પાસે સખ્ત

* તા. ૨૨–૯–'૩૮ ના રોજ ગૂજરાત વિદ્યાપીઠમાં આપેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરી કરાવતા હતા. પણ ઈ. સ. ૧૮૩૬માં બ્રિટિશ રાજ્યમાંથી ગુલામી પ્રથા બંધ થઈ, એટલે મજૂરોની મુશ્કેલી પડવા લાગી. ત્યાંના અસલ વતની એટલા જંગલી અને ઝનૂની હતા કે, તેમની પાસેથી વ્યવસ્થિત રીતે મજૂરી લઈ શકાય તેમ ન હતું. ગોરાઓએ જોયું કે, હિંદમાં વસ્તી ખૂબ ગીચ છે, તેથી ત્યાંના લોકો અહીં મજૂરી કરવા આવશે. આથી તેમણે હિંદુસ્તાનની સરકાર સાથે મસલત કરી પાંચ વર્ષના 'એગ્રીમેન્ટ'થી – કરારથી હિંદી મજૂરોને પોતાને ત્યાં લઈ જવાની વ્યવસ્થા કરી. આ એગ્રીમેન્ટનો અપભ્રંશ થઈને ગિરમીટ શબ્દ થયો. અને તે પરથી આવા કરારવાળા મજૂરો ગિરમીટિયા કહેવાવા લાગ્યા. પાંચ વરસના કરારમાંથી મુક્ત થયા પછી પણ ઘણા હિંદીઓ ત્યાં સ્વતંત્ર મજૂર તરીકે રહેવા લાગ્યા. આમ ત્યાં મજૂરોની સંખ્યા વધી, એટલે હિંદી વેપારીઓ પણ વેપાર કરવા ત્યાં જવા લાગ્યા. આ રીતે આફ્રિકામાં હિંદીઓના ત્રણ ભાગ પડ્યા :—

૧. ગિરમીટિયા, ૨. ગિરમીટમુક્ત, અને ૩. વેપારી.

પ્રવેશબંધી

હિંદી વેપારીઓ પોતાની કરકસર, સાદી રહેણીકરણી, અને હોશિયારીને કારણે યુરોપિયનો કરતાં સસ્તો માલ વેચી શકતા હતા. તેથી ત્યાંના અસલ વતનીઓએ પણ હિંદી વેપારી પાસેથી માલ લેવા માંડ્યો. આથી યુરોપિયન વેપારીઓને માલ વેચવામાં મુશ્કેલી પડવા લાગી. યુરોપિયનોને મજૂરો સિવાયના હિંદીઓ આફ્રિકામાં રહે એ રુચતું ન હતું. એટલે પાંચ વરસ પછી છૂટો થયેલો મજૂર ફરી ગિરમીટથી બંધાય અથવા હિંદ પાછો જાય, એવું જ એ લોકો ઇચ્છતા. એટલે તેમના ઉપર દબાણ લાવવા એવો કાયદો કર્યો કે, ગિરમીટમાંથી મુક્ત થયેલો મજૂર જો આફ્રિકામાં રહેવા ઇચ્છે, તો તેણે ત્રણ માઉન્ડનો વાર્ષિક વેરો આપવો પડે. આ વેરો તેને એકલાને જ નહિ પણ તેની સ્ત્રી તથા બાર વરસની ઉપરની છોકરી તથા સોળ વરસની ઉપરના છોકરાને પણ આપવાનો હતો. ઉપરાંત હિંદી વેપારીઓને ત્યાં આવતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અટકાવવા માટે પ્રવેશના અને વેપારના પરવાનાને લગતા જાત જાતના કાયદા કર્યા. વળી પરવાનો મેળવવામાં પણ હિંદી વેપારીઓને ખૂબ મુશ્કેલી પડતી હતી. એના મુખ્ય નિયમો નીચે પ્રમાણે હતા:

૧. કાયદાની રૂએ નિમાયેલા અમલદારની રજા વિના કોઈને પણ પરવાનો મળી શકે નહિ.

૨. જે હિંદી યુરોપની કોઈ પણ ભાષામાં અરજી લખી શકે તેને જ પરવાનો મળી શકે.

૩. સરકારે મુકરર કરેલા લત્તા કે વાડાઓમાં જ હિંદીઓ જમીન લઈ શકે. આ વાડાઓ શહેરથી ઘણે દૂર અને ગંદામાં ગંદી જગ્યાએ રાખવામાં આવતા.

૪. નિશાળો વગેરેમાં હિંદી બાળકો ન જઈ શકે. હોટેલ વગેરેમાં હિંદી મુસાફર ભાગ્યે જ ઊતરી શકે.

૫. જો કોઈ વેપારી હિંદમાં આવે અને ત્રણ વર્ષમાં પાછો ન ફરે, તો એનો પરવાનો રદ થાય. કદાચ કોઈ વેપારી આફ્રિકામાં મરી જાય, તો તેનો માલ કે પેઢીનો કબજો લેવા તેનો પુત્ર આફ્રિકા જઈ શકે નહિ. આથી ઘણા વેપારીઓને પોતાની પેઢી સંકેલી લેવી પડે એવું પણ બનતું.

બાપુજી આફ્રિકામાં

સને ૧૮૯૩માં એક કેસને માટે બાપુજી આફ્રિકા ગયા હતા. એક વરસ ત્યાં રહ્યા પછી તેઓ પાછા ફરતા હતા. હિંદીઓએ તેમને વિદાય આપવા મેળાવડો રાખ્યો હતો. ત્યાં તેમને આફ્રિકાની સરકારે કરવા ધારેલા એક નવા કાયદાની ખબર પડી. અને વિદાયની સભામાં જ એમણે એ વાત કહી. આ કાયદા સામે ચળવળ ઉઠાવવા માટે લોકોએ બાપુજીને રોકાઈ જવાનું કહ્યું. આ કાયદા સામેની ચળવળ પૂરતા તેમણે રોકાઈ જવાનું કબૂલ કર્યું, અને વિરોધ દર્શાવનારી અરજી ઘડી આપી. આમ વિરોધ છતાં કાયદો પસાર થયો. પણ લોકોને એમાં બહુ રસ પડ્યો, એટલે બાપુજીને ત્યાં રહેવા લોકોએ ખૂબ આગ્રહ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને હિંદીઓની વકીલાત મળે એ શરતે બાપુ ત્યાં રોકાયા અને પોતાના વકીલાતના કામ ઉપરાંત લોકોમાં તેમની સ્થિતિ વિષેની જાગૃતિ લાવવા તેમણે પ્રવૃત્તિ કરવા માંડી, અને તેને માટે નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સ્થાપના કરી.

પછી ૧૮૯૬માં બા વગેરેને લઈ જવા માટે બાપુજી હિંદમાં આવ્યા. તે વખતે તેમણે મુંબઈ, મદ્રાસ તથા પૂનામાં ભાષણો કર્યાં, તેમાં આફ્રિકામાં રહેતા હિંદીઓને પડતાં દુઃખોનું તથા અપમાનોનું વર્ણન કર્યું. રૉઇટરના ખબરપત્રીએ આ ખબર વિલાયત મોકલ્યા અને આ સમાચાર મીઠું મરચું ઉમેરાઈને આફ્રિકામાં પહોંચ્યા. આથી આફ્રિકામાં હિંદીઓ પર સખ્તાઈ વધવા લાગી. એટલે આફ્રિકાના લોકોએ બાપુજીને તાર કર્યો કે, "એકદમ આવો."

બાપુજીને પહેલી વાર આફ્રિકામાં લઈ જનાર પેઢીવાળા દાદા અબ્દુલ્લાની સ્ટીમર પહેલી જ સફરે મુંબઈથી આફ્રિકા ઊપડવાની હતી. બા સાથે બાપુજી એ સ્ટીમરમાં બેઠા. તેમાં બીજાં ૮૦૦ હિંદીઓ હતાં. આફ્રિકામાં તો સમાચાર પહોંચ્યા કે, ગાંધીનો ઇરાદો તો હિંદીઓથી આફ્રિકાને ભરી દેવાનો છે. આથી બધા ઉશ્કેરાઈ ગયા અને નક્કી કર્યું કે, ગાંધી આવે ત્યારે આપણે એમને આફ્રિકામાં પેસવા જ ન દેવા અને પેસવા જાય તો મારી નાખવા.

બાપુજી સામે રોષ

બાપુજીની સ્ટીમર આફ્રિકા આવી ત્યારે કિનારા પર તો એમને મારવા માટે ગોરાઓનું જંગી ટોળું એકઠું થયું હતું. બાપુજી ઊતરે ત્યાર પહેલાં એક સરકારી વકીલે સ્ટીમર પર જઈ બાપુજીને કહ્યું કે, તમે ઊતરશો નહિ; બધા લોકો તમને મારવા તૈયાર થઈને કિનારે ઊભા છે. આથી ત્રણ દિવસ સુધી તો સ્ટીમર દરિયામાં જ રહી. પણ બીજા એક પહેલવાન વકીલે કહ્યું કે, ન ઊતરવું એ તો બાયલાનું કામ છે; મારી સાથે ચાલો. પછી ઊતરવાનો ઠરાવ થયો અને બધા કિનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર ઊતર્યા. ત્યાં મોટર કે ઘોડાગાડી જેવું વાહન તો મળતું ન હતું, પણ રિક્ષા મળતી હતી. આપુજી કદી રિક્ષામાં બેસતા ન હતા. પણ આ વખતે એમને લાગ્યું કે, અત્યારે તો રિક્ષામાં બેસવું જ પડશે. પણ ઈશ્વર જેને બચાવવાનો હોય તે પડવા ઇચ્છે તોપણ પડી શકતો નથી. આપુજી બેસવા તૈયાર થયા. પણ આસપાસના લોકોએ રિક્ષાવાળાને કહ્યું કે, જો તું ગાંધીને બેસાડીશ તો તારી રિક્ષા ભાંગી નાખીશું. આ છોકરાં અને સામાન સાથે રિક્ષામાં બેસીને પારસી રુસ્તમજીને ઘેર ગયાં. આપુજી પેલા વકીલ સાથે ચાલતા ઊપડ્યા.

રસ્તો લગભગ એક કલાકનો હતો. કેટલાક જુવાનિયાએ આપુજીને જોયા અને 'મારો મારો' કરતા દોડ્યા અને પથરા, ઈંઢાં વગેરે મારવા લાગ્યા. વકીલે બચાવે વાર્યા, પણ કોઈ અટક્યું નહિ. વકીલ આપુજીના ઘા ઝીલી લેતા હતા, એટલે બધાએ મળીને વકીલને ઊંચકીને આઘા બેસેડી દીધા અને આપુજીને મારવા લાગ્યા. આપુજી બેભાન થઈ ગયા. થોડી વારે ભાન આવ્યું એટલે પાસેના એક ઘરનો સળિયો પકડીને ઊભા રહ્યા. લોકોનો મારો તો ચાલુ જ હતો. આપુજીને લાગ્યું કે હવે મૃત્યુ નજીક છે. પણ એટલામાં એક પોલીસ ઑફિસરનાં પત્નીએ એમને જોયા. એ આપુજીને ઓળખતાં હતાં. એ આપુજી પાસે પહોંચ્યાં અને પોતાની છત્રી આડી ધરી એમનું રક્ષણ કરવા માંડ્યું. સ્ત્રીને વચ્ચે ઊભેલી જોઈ લોકો ખંચાયા. છતાં આપુજીને વાગે એવી રીતે કોઈ કોઈ તો પથરા નાખતા જ હતા. એટલામાં પોલીસ આવી પહોંચી અને તેમણે પોલીસ થાણામાં આશ્રય લેવાનો આપુજીને આગ્રહ કર્યો. પરંતુ આપુજીએ એનો ઇનકાર કર્યો એટલે તેમણે આપુજીને પારસી રુસ્તમજીને ઘેર પહોંચાડ્યા.

ઉશ્કેરાયેલા માણસોનું ટોળું તેમને ઘેર પહોંચ્યું અને ઘરને ઘેરી વળ્યું. તેમણે કહ્યું કે, ગાંધીને અમને સોંપો, નહિ તો ઘર સળગાવી દઈશું. એટલે ફરી પોલીસ ત્યાં આવી પહોંચી. પોલીસ અમલદાર બહુ આહોશ અને યુક્તિબાજ હતો. તે દરવાજા વચ્ચે ઊભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો અને જોર જોરથી કહેવા લાગ્યો : "પકડો એ લુચ્ચાને; ચાલો આપણે એને ફાંસીએ ચડાવી દઈએ." વળી લોકોને અવળે માર્ગે ચડાવવા તેણે ગીતો ગવરાવવાં શરૂ કર્યાં અને કહ્યું : "ફાંસીનું લાકડું તૈયાર કરો અને ચડાવી દો એ દુષ્ટને ફાંસીએ." દરમિયાન તેણે છૂપી પોલીસના માણસને અંદર મોકલ્યો અને બાપુજીને કહેવડાવ્યું કે, પોલીસનાં કપડાં પહેરીને તમે ઘરમાંથી નાસી જાઓ, નહિ તો આ ટોળું ઘરને સળગાવી દેશે અને નકામું જનમાલનું નુકસાન થશે. બાપુજી કબૂલ થયા અને પોલીસનો પોશાક પહેરી પોલીસના માણસ સાથે ટોળા વચ્ચે થઈને જ પલાયન થઈ ગયા. આ બધું બરાબર પાર ઊતર્યા પછી પેલા પોલીસ અમલદારે ગીત બંધ કર્યું અને લોકોને પૂછ્યું : "તમે શું માગો છો?"

"અમારે ગાંધી જોઈએ છે."

"તમે શું કરવા ઇચ્છો છો?"

"અમે તેને સળગાવી દઈશું."

"એણે તમારું શું બગાડ્યું છે?"

"અમારે વિષે હિંદમાં એણે ઘણી જૂઠી વાતો કરી છે. અને નાતાલમાં હજારો હિંદીઓને દાખલ કરવા માંગે છે."

"પણ એ બહાર ન નીકળે તો શું કરશો?"

"તો અમે આ મકાનને સળગાવી દઈશું."

"એમાં તો એનાં બાળબચ્ચાં છે. બીજાં સ્ત્રીપુરુષો છે. સ્ત્રીઓ અને બાળકોને સળગાવતાં પણ તમે નહિ શરમાઓ?"

"એ દોષ તમારો છે. અમે કોઈને ઈજા કરવા ઇચ્છતા નથી. અમને ગાંધી સોંપો એટલે બસ. તમે ગુનેગારને ન સોંપો અને દોષ અમારા પર નાખો એ કયાંનો ન્યાય?"

પોલીસ અમલદારે હસતાં હસતાં બંધી વાત કહી. લોકો બોલી ઊઠ્યા : "જૂઠું, જૂઠું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોલીસ અમલદાર બોલ્યા : "તમે જો તમારા મુદ્દા ફોજદારની વાત ન માનતા હો તો તમારી ઇચ્છામાં આવે એવા માણસોનું પંચ નીમો અને અંદર જઈને જોઈ આવો."

લોકોએ કમિટી નીમી, તે અંદર જઈને જોઈ આવી. તેઓ જરા નિરાશ તો થયા, પણ કંઈ નુકસાન કર્યા વગર પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. આ બનાવ ૧૮૯૭ના જાન્યુઆરીની ૩૦મી તારીખે બન્યો હતો. પછી સરકારી વકીલે આપુજીને પૂછ્યું કે, તમારે આ લોકોની સામે કેસ ચલાવવો છે ? જો તમે કોઈ પણ માણસને ઓળખી શકો તો હું તેના પર કેસ ચલાવી તેને શિક્ષા કરાવીશ. પણ આપુજીએ કેસ કરવાની ના પાડી અને સરકારી વકીલની માગણી પ્રમાણે લખી પણ આપ્યું કે, હું કોઈની ઉપર કેસ ચલાવવા ઇચ્છતો નથી અને મને કોઈના પર દ્વેષ પણ નથી.

બોઅર યુદ્ધ

ત્યાર બાદ બે વર્ષ એમ ને એમ વહી ગયાં. ૧૮૯૯માં આફ્રિકામાં બોઅર યુદ્ધ જાગ્યું. બોઅરો તેમ જ અંગ્રેજો પોતપોતાના પક્ષને મદદ કરવા લડાઈમાં જોડાવા લાગ્યા. આપુજીને થયું કે, આપણે હિંદીઓએ પણ લડાઈમાં ભાગ લેવો જોઈએ; જો ન લઈએ તો અંગ્રેજ લોકોનો આક્ષેપ સાચો ઠરે કે, જ્યારે લડાઈ થાય છે ત્યારે અમારે તમારું રક્ષણ કરવું પડે છે. આ વાત ત્યાંના લોકો આગળ આપુજીએ મૂકી. લોકોનું કહેવું એમ હતું કે, આપણે અંગ્રેજોને મદદ ન કરવી જોઈએ. પણ આપુજીએ કહ્યું કે, આપણે બ્રિટિશ પ્રજા તરીકે એની પાસે આપણા હકકોની માગણી કરીએ છીએ, એટલે આપણે અંગ્રેજોને મદદ કરવી જોઈએ. આથી હિંદીઓએ એમાં ભાગ લીધો અને ઘાયલની સારવાર વગેરેનું કામ કર્યું. જ્યાં લડાઈ ચાલતી હોય ત્યાં સારવાર કરનારાઓને કામ કરવાનું નથી હોતું. પણ આપુજીની ટુકડીએ તો ગોળીઓ છૂટતી હોય તેની વચ્ચે પણ ઘાયલ લોકોને ઉપાડવાનું કામ કર્યું. એક પ્રસંગે અંગ્રેજ સેનાધિપતિ લૉર્ડ રોબર્ટ્સના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાયલ થયેલા છોકરાને રણમેદાનમાંથી ઉઠાવી પચીસ માઈલ દૂર છાવણીમાં પહોંચાડ્યો હતો. આ કામથી આફ્રિકાની સરકાર બહુ ખુશ થઈ અને બાપુજીની ટુકડીનાં ખૂબ વખાણ કર્યાં. હિંદીઓને આશા બંધાઈ કે, આપણે અંગ્રેજોને મદદ કરી છે એટલે આપણને વધારે હક્કો મળશે.

ટ્રાન્સવાલનો કાયદો

પણ બોઅર યુદ્ધ પૂરું થયા પછી ટ્રાન્સવાલમાં બ્રિટિશ સત્તા કાયમ થઈ ત્યારે ઊલટી જ બીના બની. હિંદીઓને લગતા કાયદાનો અમલ ઉત્તરોત્તર સખ્ત થવા લાગ્યો. આ કાયદો નીચે પ્રમાણે હતો:

ટ્રાન્સવાલમાં રહેવાનો હક્ક ધરાવનાર દરેક હિંદી પુરુષ, સ્ત્રી અને આઠ વરસની ઉપરનાં બાળક બાળિકાએ એશિયાઈ દફ્તરમાં પોતાનું નામ નોંધાવી પરવાનો મેળવવો. એ પરવાનો લેતી વખતે જૂનો પરવાનો અમલદારને સોંપી દેવો. નોંધાવવાની અરજીમાં નામઠામ, જ્ઞાત, ઉંમર વગેરે આપવાં. નોંધનાર અમલદારે અરજદારના ઉપર જે જે મુખ્ય નિશાની હોય તે નોંધી લેવી. અરજદારનાં બધાં આંગળાંની અને અંગૂઠાની છાપ લેવી. ઠરાવેલી મુદતની અંદર જે હિંદી સ્ત્રીપુરુષ આ પ્રમાણે અરજી ન કરે, તેના ટ્રાન્સવાલમાં રહેવાના હક્ક રદ થાય. અરજી ન કરવી એ કાયદેસર ગુનો ગણાય, જેને માટે જેલ મળી શકે, દંડ થઈ શકે, અને કોર્ટની મુનસફી મુજબ હદપાર પણ કરવામાં આવે. છોકરાંઓની અરજી માબાપે કરવી જોઈએ અને નિશાનીઓ, આંગળાં વગેરે લેવાને માટે છોકરાંને અમલદારોની સમક્ષ રજૂ કરવાની જવાબદારી પણ માબાપની ગણાય. જે માબાપે તે જવાબદારી અદા ન કરી હોય તો ૧૬ વર્ષની ઉંમરે પહોંચતાં તે જવાબદારી બાળકે પોતે અદા કરવી જોઈએ. અને જે જે સજ્જનને પાત્ર માબાપ થાય તે સજ્જનને પાત્ર ૧૬ વર્ષની ઉંમરે પહોંચેલાં બાળકો પણ ગણાય. જે પરવાના અરજદારને આપવામાં આવે તે હરકોઈ પોલીસ અમલદારની પાસે જ્યારે અને જ્યાં માગવામાં આવે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ત્યાં હાજર કરવા જ જોઈએ. એ પરવાના હાજર ન કરવા એ ગુનો ગણાય. અને તેને સારૂ કેદ અથવા દંડની સજા કોર્ટ કરી શકે. આ પરવાનાની માગણી રસ્તે ચાલતા મુસાફરની પાસે પણ કરી શકાય. પરવાનાઓ તપાસવાને માટે અમલદાર ઘરપ્રવેશ પણ કરી શકે. ટ્રાન્સવાલની બહારથી દાખલ થતાં હિંદી સ્ત્રીપુરૂષે તપાસ કરનાર અમલદારની પાસે પોતાના પરવાના રજૂ કરવા જ જોઈએ. અદાલતોમાં કંઈ કામસર જાય અથવા મહેસૂલ ઑફિસમાં વેપારની કે સાઇકલ રાખવાની રજાચિઠ્ઠી લેવા જાય, ત્યાં પણ અમલદાર પરવાના માગી શકે. એટલે કોઈ પણ ઑફિસની અંદર તે ઑફિસને લગતું કંઈ કામ લેવાને જાય, તો અમલદાર હિંદીને દાદ આપતાં પહેલાં હિંદીની પાસેથી તેનો પરવાનો માગી શકે. પરવાનો રજૂ કરવાનો અથવા પરવાના રાખનાર માણસની પાસેથી તે વિશેની કંઈ પણ હકીકત અમલદાર માગે તો તેનો ઇન્કાર કરવો, એ પણ ગુનો ગણાય અને તેને સારૂ પણ કેદ અને દંડની સજા કોર્ટ કરી શકે.

આવી જાતનો કાયદો દુનિયાના કોઈ પણ ભાગમાં સ્વતંત્ર માણસોને સારૂ હોય એવું જાણ્યું નથી.

નાતાલના ગિરમીટિયા હિંદી ભાઈઓને માટે પરવાનાના કાયદા ઘણા સખ્ત હતા. પણ તેઓ બિચારા સ્વતંત્ર ગણાય જ નહિ. છતાં તેઓના પરવાનાના કાયદા આ કાયદાના પ્રમાણમાં હળવા હતા. લાખો રૂપિયાનો વેપારી પણ એ કાયદાની રૂએ દેશપાર થઈ શકે, એટલે કે એની આર્થિક સમૃદ્ધિનો જડમૂળથી નાશ થઈ શકે, એવી સ્થિતિ પણ આ કાયદાના ભંગથી પેદા થઈ શકે.

કાયદા સામે સત્યાગ્રહ

હિંદી લોકોમાં આ કાયદો ખૂની કાયદા તરીકે ઓળખાયો. આની સામે સત્યાગ્રહ કરવો જોઈએ એવી આપુજીએ સલાહ આપી અને બધાએ તે સ્વીકારી લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહ શરૂ કરતાં પહેલાં સરકાર સાથે વાટાઘાટ કરી, પણ તેમાં કંઈ વળ્યું નહિ. એટલે કેટલાક ભાઈઓને લઈ બાપુજી વિલાયત ડેપ્યુટેશન લઈ ગયા. ત્યાં પણ કંઈ વળ્યું નહિ. છેવટે પોતાના બળ ઉપર ઝૂઝી લડવાનો નિર્ણય થયો. આ ખૂની કાયદા પ્રમાણે ૧૯૦૭ ની પહેલી ઑગસ્ટથી બધા હિંદીઓએ પરવાના લેવાના હતા. પરવાના લેવાની ઑફિસને એશિયાટિક ઑફિસ કહેવામાં આવતી. તેના ઉપર સત્યાગ્રહીઓએ પિકેટિંગ શરૂ કર્યું. તેથી પરવાના નોંધાવવા લોકો જતા નહિ. પરવાના નોંધાવનારા ઓછા થઈ ગયા, એટલે સરકારે સત્યાગ્રહીઓને પકડવા માંડ્યા. બાપુજીને પણ પકડ્યા અને એમને બે માસની સાદી કેદની સજા થઈ.

બાપુજી ગિરફતાર

બાપુજીનો કેસ ચલાવવા માટે તેમને અદાલતમાં લઈ ગયા એ વખતની પોતાની લાગણીનું વર્ણન કરતાં બાપુજી લખે છે કે :

"જે અદાલતમાં હું સેંકડો વખત વકીલ તરીકે ઊભો રહેલો, વકીલ મંડળની સાથે બેસતો, ત્યાં આજે તહોમતદારના પિંજરામાં ખડો હું, એ વિચાર કંઈક વિચિત્ર લાગ્યો ખરો. પણ એટલું તો મને બરાબર યાદ છે કે, વકીલ મંડળની બેઠકમાં બેસવામાં જે કંઈ માન મેં માન્યું હશે, તેના કરતાં અપરાધીના પિંજરામાં ઊભા રહેવામાં મેં ઘણું વધારે માન માન્યું. તેમાં દાખલ થતાં લેશમાત્ર પણ ક્ષોભ થયાનું મને સ્મરણ નથી. અદાલતમાં તો સેંકડો હિંદી ભાઈઓ વકીલો મિત્રો વગેરેની સમક્ષ હું ઊભો હતો. જેવી સજા સંભળાવવામાં આવી કે તરત કેદીઓને લઈ જવાને દરવાજેથી જ્યાં કેદીઓને રાખવામાં આવે છે ત્યાં સિપાઈ મને લઈ ગયો.

"તે વખતે મેં બધું મારી આસપાસ ઝૂમસામ જોયું. કેદીઓને બેસવાનો એક બાંકડો હતો, ત્યાં બેસવાનું કહી પોલીસ અમલદાર દરવાજે બંધ કરી ચાલતો થયો. અહીં મને ક્ષોભ થયો ખરો. હું ઊંડા વિચારમાં પડી ગયો. 'ક્યાં ઘરબાર ? ક્યાં વકીલાત ! ક્યાં સભાઓ ? એ બધું શું સ્વપ્નવત્ અને આજે હું કેદી ! બે મહિનામાં શું થશે ? બે મહિના પૂરા કાઢવા પડશે જ ? લોકો થોડબંધ પોતાનાં વચન પ્રમાણે ચાલ્યા આવે તો બે મહિના કાઢવા સહેલા પડે, પણ જો ન જ આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો બે મહિના કેટલા બધા લાંબા જશે?' આ અને આવા વિચારો ચમકાવતાં મને જેટલો વખત લાગે છે તેના સોમા ભાગનો વખત પણ વિચાર આવતાં નહિ લાગેલો. એ વિચારો આવ્યા તેવો જ હું શરમાયો. આ કેટલું બધું મિથ્યાભિમાન! હું તો જેલને મહેલ ગણનારો! ખૂની કાયદાની સામે થતાં જે સહન કરવું પડે તે દુઃખ નહિ પણ સુખ ગણવું જોઈએ, તેની સામે થતાં જનમાલ વગેરેને અર્પણ કરવું એ તો સત્યાગ્રહમાં વિલાસ ગણાવો જોઈએ, એ બધું જ્ઞાન આજે ક્યાં ચાલી ગયું! એ વિચાર આવતાંની સાથે જ હું અક્કડ બની ગયો અને મારી મૂર્ખાઈ તરફ હસવા લાગ્યો.

૧૯૦૮ની સમાધાની

આ પછી ૩૦મી જાન્યુઆરી ૧૯૦૮ને દિને પહેલી સમાધાની થઈ અને કેદીઓને છોડ્યા. એમાં સરકારે કહ્યું કે, જો બધા જ મરજિયાત રીતે પરવાના લઈ લે તો ખૂની કાયદો રદ કરીએ. આપુજીએ કહ્યું, એમાં અમને વાંધો નથી. આમ સમાધાની તો થઈ. છતાં બધાને શક હતો કે, કદાચ આફ્રિકાની સરકારનો વડો, જેનું નામ જનરલ સ્મટ્સ હતું, તે દગો દેશે તો? પણ આપુજીએ તેનો જવાબ આપ્યો કે, સમાધાન કર્યા પછી આપણાથી એવી શંકા ન જ કરાય; દગો દેશે તો વળી આપણને લડતાં ક્યાં નથી આવડતું?

પરવાના લેતી વખતે દશ આંગળાંની છાપ આપવાની હતી. સામાન્ય રીતે જે ગુનેગાર હોય તેની પાસેથી જ એવી છાપ લેવામાં આવે છે. આથી લોકોને છાપ આપવાનું ગમતું ન હતું. આપુજીએ કહ્યું કે, 'હું તો છાપ આપીને જ પરવાનો લેવાનો છું. પણ જેની ઇચ્છા છાપ આપવાની ન હોય તેને છાપ આપ્યા સિવાય પણ પરવાનો મેળવી આપવામાં હું મદદ કરીશ. અને જો હું જ છાપ આપ્યા વગર પરવાનો લઉં તો તમને હું કેમ રીતે છાપ આપીને પરવાનો લેવાનું કહી શકું? હું પ્રભુ પાસે પ્રાર્થના કરું છું કે, પહેલો હું જ છાપ આપીને પરવાનો લઈ આવી શકું.'

આ સાંભળી મીર આલમ નામનો એક પઠાણ બોલ્યો: "છાપ આપીને પરવાનો લેવામાં આપણું અપમાન છે. હું કહું છું કે, કોઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ છાપ આપીને પરવાનો લેવો જોઈએ નહિ. છતાં ખુદાના કસમ ખાઈને કહું છું કે, જે પહેલો પરવાનો લેશે તેને હું હાર કરીશ.''

મીર આલમનો હુમલો

બીજે દિવસે બાપુજી પરવાનો લેવા ગયા. એમની ઑફિસથી એશિયાટિક ઑફિસ એક માઈલ દૂર હતી. બાપુજી પોતાની ઑફિસથી બે ફર્લાંગ માંડ ગયા હશે, એટલામાં મીર આલમ એમની પડખે આવ્યો અને બોલ્યોઃ ''કહાં જાતે હો?''

બાપુજીએ કહ્યું: ''મૈં દશ અંગુલિયાં દેકર રજિસ્ટર નિકલવાના ચાહતા હૂં. અગર તુમ ભી ચલોગે તો તુમ્હારે અંગુલિયાં દેનેકી જરૂરત નહીં હૈ. તુમ્હારા રજિસ્ટર પહલે નિકલવાઊંગા.''

બાપુજી આટલું બોલી રહ્યા એટલામાં તો એમની ખોપરી ઉપર ધડાક દઈને એક લાકડી પડી. બાપુજી બેભાન થઈ પડી ગયા. છતાં મીર આલમે ને તેના દોસ્તોએ તો લાકડી અને લાત મારવાં ચાલુ જ રાખ્યાં હતાં. એટલામાં થોડો શોરબકોર થયો અને જતા આવતા ગોરા ભેગા થઈ ગયા. મીર આલમ અને તેના સાથીઓ નાઠા. પણ ગોરાઓએ એમને પકડી પાડ્યા ને ચોકી પર લઈ ગયા.

બાપુજીને એક પાદરી પોતાને ઘેર લઈ ગયો. ત્યાં એમને ભાન આવ્યું. થોડી વારે એમણે કહ્યું, 'તમે પરવાનાનાં કાગળિયાં અહીં લઈ આવો; હું તેના પર સહી કરી દઉં, કારણ કે મારી ઇચ્છા છે કે સૌથી પહેલાં હું જ છાપ મારું.'

પરવાનાની હોળી

લોકોને ભય હતો એવું જ બન્યું. જનરલ સ્મટ્સે નવું જ પગલું ભર્યું. ખૂની કાયદો તો કાયમ રહેવા જ દીધો અને મરજિયાત પરવાનાને કાયદેસર ગણ્યા! બાપુજીની સલાહથી લોકોએ કહ્યું કે, જો સમાધાનની શરત પ્રમાણે એશિયાટિક કાયદો રદ કરવામાં નહિ આવે અને એમ કરવાના નિશ્ચયની ખબર લોકોને અમુક વખતમાં આપવામાં નહિ આવે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો અમે લીધેલા પરવાના બાળી મૂકીશું, અને તેમ કરવાથી જે મુસીબતો આવી પડશે તે વિનય અને દૃઢતાપૂર્વક સહન કરી લઈશું. સરકારે આનો જવાબ આપ્યો કે, તમારા નિશ્ચય માટે સરકાર બહુ દિલગીર છે, પરન્તુ સરકાર પોતાનો નિશ્ચય બદલી શકે એમ નથી.

સરકારનો આ જવાબ મળ્યો એટલે સત્યાગ્રહીઓએ એક સભા ભરી અને તેમાં ૨૦૦૦ પરવાના એકઠા કરી તેની એક ગાંસડી બાંધી તેને કહાઈમાં મૂકી ઉપર ઘાસતેલ છાંટ્યું અને બાપુજીએ દીવાસળી ચાંપી. મોટી હોળી સળગી. જે લોકોએ પહેલાં બીકથી પોતાના પરવાના આપ્યા ન હતા તેઓને પણ શૂર ચડ્યું અને એમણે પણ હોળીમાં પોતાના પરવાના ફેંક્યા.

પ્રતિબંધનો નવો કાયદો

આ બધું ચાલતું હતું તે દરમિયાન સરકારે વળી એક નવો કાયદો પસાર કર્યો. એ કાયદો 'ઇમિગ્રન્ટ્સ રિસ્ટ્રિક્શન એક્ટ'ને નામે ઓળખાય છે. આનો હેતુ નવી ભરતી થતી જતી હિંદી વસ્તી ઉપર અંકુશ મૂકવાનો હતો.

આ કાયદો રદ કરાવવાના મુદ્દાને પણ સત્યાગ્રહની લડતમાં દાખલ કરવો કે કેમ, તે વિશે ખૂબ ચર્ચા થઈ. આ કાયદો એવો હતો કે જેથી કોઈ પણ નવો હિંદી આફ્રિકામાં દાખલ થઈ શકે નહિ. છેવટે એ મુદ્દો પણ લડતમાં દાખલ થયો અને સત્યાગ્રહ જોરથી ચાલવા માંડ્યો. પરવાના વગર ફેરી કરવી અને સરહદ ઉપર પરવાના બતાવ્યા વગર દાખલ થવું એ રીત સત્યાગ્રહીઓએ ધારણ કરી હતી. આ કાયદાનો ભંગ કરનારને ત્રણ સજાઓ થઈ શકે એમ હતું : ૧. દંડ, ૨. કેદ, ૩. દેશનિકાલ.

બાપુજી ફરી જેલમાં

આમાં બાપુજી ફરી પકડાયા અને તેમને નવ માસની સજા થઈ. ઘણા માણસો જેલમાં ગયા એટલે સત્યાગ્રહીઓને હેરાન કરવા સરકારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશનિકાલ કરવાનો માર્ગ પકડ્યો. મોટી સંખ્યામાં હિંદીઓને પકડી તેમને સ્ટીમરમાં ચડાવી હિંદ મોકલી દીધા. એ લોકોનાં માલમિલકત, કુટુંબ બધું આફ્રિકામાં રહ્યું. આથી લોકો ખૂબ ગભરાયા અને ધીમે ધીમે લડતમાંથી ખરી પડવા લાગ્યા, અને બહુ થોડા જણ જુસ્ત રહ્યા.

ટૉલ્સ્ટૉય ફાર્મ

લડત લંબાઈ અને જેલમાં ગયેલાનાં કુટુંબને રહેવાની તથા ખાવાપીવાની વ્યવસ્થા કરવાની મુશ્કેલી પડવા લાગી. એટલે બાપુજીએ તેમના મિત્ર શ્રી કૅલનબૅકે આપેલી ૧૧૦૦ એકર જમીન ઉપર ટૉલ્સ્ટૉય ફાર્મ નામની સંસ્થા સ્થાપી. બધા સત્યાગ્રહીઓ આ ફાર્મ ઉપર રહેવા લાગ્યા.

આમ ટૉલ્સ્ટૉય ફાર્મમાં સત્યાગ્રહીઓ પોતાનું જીવન ગાળી રહ્યા હતા અને પોતાને નસીબે જે કાંઈ નિર્માયું હોય તેને માટે તૈયાર થઈ રહ્યા હતા. કયારે લડત પૂરી થશે તેની તેઓને ખબર ન હતી. ન તેની ચિંતા હતી. તેઓની પ્રતિજ્ઞા એક જ હતી કે, કાળા કાયદાને વશ ન થવું અને તેમ કરતાં જે કાંઈ મુશ્કેલી પડે તે સહન કરવી. લડવૈયાને સારૂ લડવું એ જ જીત છે. કારણ કે તેમાં જ તે સુખ માને છે.

છૂટાછવાયા સત્યાગ્રહી કેદમાં જતા હતા. એવા પ્રસંગ ન આવે ત્યારે ફાર્મની બાહ્ય પ્રવૃત્તિ જોઈને કોઈ એમ ન માને કે, અહીં સત્યાગ્રહીઓ રહેતા હશે અથવા તેઓ લડાઈની તૈયારી કરી રહ્યા હશે.

ગોખલેનું આગમન

દક્ષિણ આફ્રિકામાં આવીને હિંદની સ્થિતિનો અભ્યાસ કરવા ગોખલે વગેરે બીજા નેતાઓને બાપુજી વીનવી રહ્યા હતા. પણ કોઈ આવશે કે નહિ એ વિશે તેમને સંપૂર્ણ શંકા હતી. છેવટે ૧૯૧૨માં છ અઠવાડિયાં માટે ગોખલે આફ્રિકા આવવા તૈયાર થયા. ત્યાં બધાએ એમને એક બાદશાહને મળે તે કરતાં પણ વધુ માન આપ્યું. બધે હિંદીઓએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમનું ભવ્ય સ્વાગત કર્યું. અંગ્રેજોએ પણ એમાં પૂરેપૂરો ભાગ લીધો. ઇંગ્લન્ડની સરકારની સૂચનાથી આફ્રિકાની સરકારે પણ ગોખલેજીનો સારો આદરસત્કાર કર્યો. ગોખલેનાં ભાષણોની ત્યાંની હિંદી તેમ જ ગોરી પ્રજા ઉપર બહુ ભારે અસર થઈ. ત્યાંની સરકાર સાથે પણ ગોખલેએ વાટાઘાટ કરી અને સરકારે ગોખલેને વચન આપ્યું કે, ગિરમીટ-મુક્ત મજૂરો ઉપરનો ત્રણ પાઉન્ડનો કર કાઢી નાખવામાં આવશે. પણ સરકારે એ કાઢ્યો નહિ. આથી મુક્ત ગિરમીટિયા લડત-માં દાખલ થયા, અને મંદ પડી ગયેલી લડતને નવો વેગ મળ્યો.

લગ્નો ગેરકાયદે ઠર્યાં

વળી લડતને ફરી જોસ મળે એવો બીજો પણ એક પ્રસંગ બન્યો. ત્યાં એક મુકદ્દમો ચાલ્યો તેમાં ચુકાદો આવ્યો કે, ખ્રિસ્તી ધર્મ પ્રમાણે, એટલે લગ્નખાતાના અમલદારને નોંધાવવામાં આવ્યું હોય, તે જ લગ્ન કાયદેસર ગણાશે. વિવાહના અમલદાર પાસે જે રજિસ્ટર થયેલું હોય તે સિવાયના લગ્નને કાયદામાં સ્થાન નથી. એટલે કે, હિંદુ, મુસલમાન, પારસી ઇત્યાદિ ધર્મ પ્રમાણે થયેલા વિવાહ આ ભયંકર ચુકાદાથી દક્ષિણ આફ્રિકામાં રદ ગણાયા. તેથી તે કાયદાને લીધે દક્ષિણ આફ્રિકામાં ઘણી પરણેલી હિંદી સ્ત્રીઓનો દરજ્જો તેમના પતિની ધર્મપત્ની તરીકેનો મટી રાખેલી સ્ત્રીઓ તરીકેનો ગણાયો. અને એ સ્ત્રીઓની પ્રજાને પોતાના બાપના વારસાનો હક પણ ન રહ્યો. આ સ્થિતિ ન સ્ત્રીઓ સહી શકે, ન પુરુષ સહન કરી શકે. આથી દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓમાં ભારે ખળભળાટ વર્ત્યો.

બહેનો સત્યાગ્રહમાં સામેલ

આ ઠરાવથી સ્ત્રીઓ પણ ખૂબ ઉશ્કેરાઈ ગઈ. સ્ત્રીઓનું અપમાન થયા પછી ધીરજ કેમ રહે? થોડા કે ઘણા જેટલા મળે તેટલાથી સત્યાગ્રહ તીવ્ર રૂપે શરૂ કરવાનો ઠરાવ થયો. હવે સ્ત્રીઓને લડાઈમાં જોડાતાં ન રોકી શકાય, એટલું જ નહિ પણ સ્ત્રીઓને લડાઈમાં દાખલ થવાને નોતરવાનો બાપુજીએ નિશ્ચય કર્યો. બાએ આગેવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધી અને ઘણી સ્ત્રીઓ લડતમાં દાખલ થઈ અને ખૂબ બહાદુરી બતાવી જેલમાં ગઈ. આની અસર ગિરમીટિયા પર બહુ અદ્‌ભુત પડી. ગિરમીટિયાઓ પણ લડતમાં ભાગ લેવા લાગ્યા અને જેલમાં જવા માંડ્યા.

બાણના મજૂરો હડતાળમાં

ગિરમીટિયા મજૂરોને પોતાનાં ઘર હોતાં નથી. માલિકો જ તેઓને સારું ઘર બનાવી આપે છે. માલિકો તેઓના રસ્તા ઉપર દીવાબત્તી મૂકે છે, પાણી આપે છે. એટલે મજૂરો દરેક રીતે પરાધીન થાય છે. અને તુલસીદાસે કહ્યું છે તેમ, "પરાધીન સપને સુખ નાહીં." મજૂરો લડતમાં જોડાયા એટલે માલિકે પાણી બંધ કર્યું; સત્યાગ્રહી મજૂરોનો સરસામાન તેઓની ઓરડીની બહાર ફેંકી દેવા માંડ્યો. આમ ઘણા મજૂરો ઘરબાર વગરના નિરાધાર થઈ ગયા. ખાવાનું મળવું પણ મુશ્કેલ થઈ પડ્યું. વળી સત્યાગ્રહી મજૂરોને તેમની રહેવાની જગ્યામાંથી કાઢવા માંડ્યા, એટલે બીજા મજૂરોએ કામે ચડવાની ના પાડી અને ખેતર તથા બાણોમાં હડતાળ પડી.

ટ્રાન્સવાલની કૂચ

બાપુજીએ જોયું કે, આ બધા મજૂરોને કાંઈક કામે વળગાડવા જોઈએ. એટલે તેમણે વિચાર કર્યો કે, મજૂરોને લઈ ટ્રાન્સવાલની સરહદમાં વગર પરવાને દાખલ થવું અને પકડાઈને જેલમાં જવું. આ કૂચમાં જોડાનાર લગભગ ત્રણ હજાર માણસ હશે. આ બધાને ટ્રેનમાં તો ન લઈ જવાય. એટલા પૈસા પણ કયાંથી કાઢે? તેથી નાતાલથી ટ્રાન્સવાલ પગપાળા મુસાફરી કરવાનો વિચાર એમણે કર્યો. આ અંતર લગભગ ૩૬ માઈલનું હતું. મજૂરો સાથે મસલત કરી. તેમાં સ્ત્રીછોકરાં વગેરે હતાં. કેટલાકે આનાકાની કરી. હૃદય કઠણ કર્યા વિના બીજો ઉપાય બાપુજી પાસે ન હતો. જેને પાછું બાણ ઉપર જવું હોય તે જઈ શકે છે, એમ બાપુજીએ જણાવ્યું. કોઈ પાછા જવાને તૈયાર ન હતા. જેઓ અપંગ હતા તેઓને ટ્રેનથી મોકલવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠરાવ કર્યો. બાકીનાં બધાંએ પગે ચાલીને ટ્રાન્સવાલ જવાની તૈયારી જાહેર કરી. આ મજલ બે દિવસમાં પૂરી કરવાની હતી. આમ કરવાથી છેવટે તો સૌ રાજી થયાં.

આ કૂચની તૈયારી ચાલતી હતી તેવામાં બાણના માલિકોએ બાપુજીને મળી જવા કહ્યું. તેઓ ડરબન ગયા.

બાણના માલિકોની માગણીથી બાપુજી તેઓની પાસે ગયા. તેઓને બબર હતી કે, માલિકો પાસેથી કંઈ વળે એમ નથી. છતાં સત્યાગ્રહીની નમ્રતાને હદ નથી હોતી. તે સમજૂતીનો એક પણ અવસર જવા દેતો નથી. તેથી તેને કોઈ બીકણ ગણે તો તે પોતાને બીકણ ગણાવા દે. જેના હૃદયમાં વિશ્વાસ છે અને વિશ્વાસમાંથી ઉત્પન્ન થતું બળ છે, તેને બીજા અવગણના કરે તેનો શોક નથી થતો. તે પોતાના અંતરબળ ઉપર નિર્ભર છે.

માલિકોએ બાપુજીને કહ્યું કે, તમે હડતાલિયાઓને પાછા કામે ચડવાનું કહો.

બાપુજીએ કહ્યું : "એમની સાથે અન્યાય થાય છે, એટલે હું કેવી રીતે એમને કામે ચડવાનું કહી શકું?"

"પણ સરકારે મૂકેલા કરની સાથે હડતાલનો શો સંબંધ? માલિકો મજૂરોને દુઃખ દેતા હોય તો તમે તેને કાયદેસર અરજી કરો."

બાપુજીએ કહ્યું : "મજૂરોની પાસે હડતાલ સિવાય બીજો રસ્તો હું જોતો નથી. ત્રણ પાઉન્ડનો કર પણ માલિકોને ખાતર મૂકવામાં આવ્યો છે. માલિકો મજૂરોની મજૂરી માગે છે, પણ તેઓની સ્વતંત્રતા નથી ઇચ્છતા. તેથી એ કર દૂર કરવાને માટે મજૂરોની હડતાલમાં હું કચાંય અનીતિ એટલે કે માલિકો પ્રત્યે અન્યાય જોતો નથી."

"ત્યારે તમે મજૂરોને કામ પર જવાનું નહિ કહો?"

"હું લાચાર છું," બાપુએ કહ્યું.

"તમે પરિણામ જાણો છો?"

"હું સાવધાન છું; મારી જવાબદારીનો મને પૂરો ખ્યાલ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હાસ્તો, તમારું શું જવાનું છે? પણ જે નુકસાન આ ભેળાવાયેલા મજૂરોને થાય છે એ તમે આપશો કે?"

"મજૂરોએ સમજપૂર્વક અને નુકસાનને ધ્યાનમાં રાખીને આ હડતાલ પાડી છે. સ્વમાનહાનિ કરતાં બીજું વધારે મોટું નુકસાન હું સમજી શકતો નથી. મજૂરો આ વાત સમજ્યા છે એ જ મને સંતોષ છે."

ટ્રાન્સવાલ પ્રવેશ

છેવટે આપુજીએ બધાં સાથે ટ્રાન્સવાલ પર ચડાઈ કરી. ત્યાં જવાની મનાઈ હતી અને ત્યાં તો અહીંના કરતાં પણ વધારે સખત કાયદા હતા, એમ આગળ આવી ગયું છે. આપુજીએ ટ્રાન્સવાલમાં પ્રવેશ કર્યો. ત્યાં આપુજી પકડાયા. આપુજીએ કહ્યું કે, આ ત્રણ હજાર માણસોની જવાબદારી મારી ઉપર છે, એટલે કેસની મુદત આવે ત્યાં સુધી મને છૂટો કરો. સરકારે છોડ્યા. આપુજીએ કૂચ આગળ ચલાવી. આથી તેમને ફરી પકડ્યા. ફરી આપુજીએ કેસ ચાલે ત્યાં સુધી મુદત માગી. સરકારે કહ્યું કે, અત્યારે જ તમારો કેસ ચલાવી દઈએ છીએ. પણ આપુજીએ કારણસર રજા માગી એટલે આપી. સરકારની ઇચ્છા હતી કે, આવી રીતે આપુને પકડીશું એટલે મજૂરો ઊશ્કેરાશે અને આપણને દારૂગોળો વાપરવાની તક મળશે. પણ આપુ એ વખત પકડાયા છતાં લોકો શાન્ત રહ્યા. છેવટે બધા આગેવાનોને પકડ્યા અને હડતાલિયા પર ગોળીબાર કર્યો. આ લડતમાં હિંદીઓએ ખૂબ બહાદુરી બતાવી અને સરકારને છેવટે સમાધાન કરવાની ફરજ પડી.

સમાધાનીની પાંચ શરતો હતી:

૧. ત્રણ પાઉન્ડનો કર રદ થાય.

૨. હિંદુ, મુસલમાન ઇત્યાદિની ધર્મક્રિયા પ્રમાણે થયેલું લગ્ન કાયદેસર ગણાય.

૩. ભણેલા હિંદીઓ આ દેશમાં દાખલ થઈ શકે.

૪. ઑરેંજિયાને વિષે જે કરારો થયા છે તેમાં સુધારો થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. ચાલુ કાયદાનો અમલ એવી રીતે થાય કે જેથી ચાલતા હકોને નુકસાન ન પહોંચે, એવી ખાતરી આપવી.

આ સમાધાન પછી હિંદમાં ગોખલેએ તથા બીજા આગેવાનોએ આપણાં ખૂબ વખાણ કર્યાં. આપણને લાગ્યું કે, દક્ષિણ આફ્રિકામાંનું પોતાનું કામ પૂરું થયું છે, એટલે પહેલેથી હિંદમાં રહી દેશસેવા કરવાની જે ઇચ્છા હતી તે પૂરી કરવા ૧૯૧૪માં તેઓ હિંદ આવવા ઊપડ્યા.

વનમાળા પરીખ

એ પુણ્ય સ્મરણો*

બહેન વનમાળાએ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની લડતના ઇતિહાસનું સરસ ટાંચણ કરીને આપણી પાસે રજૂ કર્યું છે. એટલે ઐતિહાસિક દૃષ્ટિએ તેમાંની એક એ વસ્તુ સુધાર્યા સિવાય મારે વિશેષ કાંઈ કહેવાનું ન હોય. પણ દ. આ.ના સત્યાગ્રહના ઇતિહાસમાંથી ગાંધીજીના અંગત જીવનને બાદ કરીશું તો એ ઇતિહાસમાં ખાસ કાંઈ નહીં રહે. સત્યાગ્રહ અને સત્યાગ્રહની વિચારશ્રેણીના ઉત્પાદક ગાંધીજીનું જીવન એ લડતમાં એવું વણાયેલું છે કે, ગાંધીજીના અંગત જીવનપ્રસંગો સિવાય સત્યાગ્રહની લડતના ઇતિહાસને આપણે સાચી રીતે સમજી જ શકીશું નહીં. ગાંધીજીએ પોતે એ ઇતિહાસ લખ્યો છે. એમણે તેમાં પોતાના જીવનની ઘટના પણ આલેખી છે. પણ તે ઇતિહાસ લખવામાં તેમણે ઘણી મર્યાદા જાળવી છે. વળી પોતાના જીવનની નિત્યની ઘટનાઓની તેમને યાદ પણ ન હોય, જે આપણે માટે અમૂલ્ય હોય. એટલે દ. આ.ના સત્યાગ્રહનો ઇતિહાસ તેમના જીવનની સાથે વણાયેલો હોઈ તે આપણે જાણવો જોઈએ.

---

* ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સમક્ષ તા. ૨૨-૯-'૩૮ના રોજ બહેન વનમાળા પરીખના 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ' વિષેના વ્યાખ્યાન વખતે પ્રમુખસ્થાનેથી શ્રી રાવજીભાઈ મ. પટેલે કરેલો ઉપસંહાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચી કમાણી

ગાંધીજી દ. આ.માં પૈસા કમાવા ગયા હતા. પણ 'પૈસા કમાવા' એ એમનું જીવનધ્યેય નહોતું. આ સંસારમાં ધનદોલત એ કનિષ્ઠમાં કનિષ્ઠ મૂડી છે. ચારિત્ર્ય, નીતિ, ધાર્મિકતા, પવિત્રતા અને પ્રતિષ્ઠા એ સાચી મૂડીઓ છે. તેમની કિંમત ધનદોલત કરતાં અનેક ગણી છે. તેને ભોગે પૈસા કમાનાર માણસ શ્રેષ્ઠ મૂડી ગુમાવે છે અને મૂર્ખ બને છે. ગાંધીજીએ એ રીતે સાચી મૂડી કમાવાનો નિશ્ચય કર્યો, અને સંયમ, નિયમ અને અભ્યાસ દ્વારા સત્ય અને અહિંસાની સાધના કરી. તેમણે પૈસાની દરકાર ન કરી, પણ લોકોની સેવા કરી અને સત્યને રસ્તે લોકસેવા કરતાં કરતાં જે જે નાનામોટા ઐતિહાસિક પ્રસંગો બની ગયા છે તે આપોઆપ તેમના હાથમાં આવતાં તેને ગાંધીજીએ અપનાવી લીધા છે. દ. આ.ના સત્યાગ્રહની આખી લડત આ રીતે શરૂ થઈ છે અને આ રીતે તેનો અંત આવ્યો છે.

આ સત્યાગ્રહની હકીકત બહેન વનમાળાએ તમને કહી સંભળાવી. એમાં હું વચ્ચે વચ્ચે થોડી પૂર્તિ કરીશ.

સાચી વકીલાત

ગાંધીજીનું વિદ્યાર્થી-જીવન કાંઈ અસાધારણ ન ગણાય. સામાન્ય બુદ્ધિકૌશલ્ય તેમની વિદ્યાર્થી દશામાં હતું. પણ જીવનની વિચારશ્રેણીમાં – હૃદયશુદ્ધિમાં તે સામાન્ય વિદ્યાર્થીથી નિરાળા હતા. મૅટ્રિકની પરીક્ષા પાસ કર્યા બાદ વિલાયત જઈ બૅરિસ્ટર થયા. બૅરિસ્ટર થઈ હિંદ આવ્યા બાદ ધંધામાં સંતોષકારક પ્રગતિ જણાઈ નહીં. એટલામાં પોરબંદરના એક શેઠ દાદા અબ્દુલ્લા પોતાના એક મોટા દાવાના કામે દુભાષિયા વકીલ તરીકે તેમને દ. આ. લઈ ગયા. ગાંધીજીએ તે કેસ સમજી તેમાં બન્ને પક્ષને સ્વીકાર્ય હોય એવા સામાન્ય મુદ્દા તારવી કાઢી સમાધાનીનો રસ્તો શોધ્યો. બન્ને પક્ષના ગોરા વકીલોને પણ સમજાવ્યા, બન્ને પક્ષને પણ સમજાવ્યા, અને સંતોષકારક રીતે તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાધાની કરી. દ. આ. ગયા પછી વકીલ તરીકેની તેમની પ્રથમ ફરજ અજવી, વકીલાતના ધંધાને માર્ગસૂચક બન્યા. તેમની વકીલ તરીકેની કારકિર્દી આવી નિર્મળ હતી. ધીમે ધીમે તેમણે જાહેર કાર્યમાં રસ લેવા માંડ્યો, અને ત્યાંના હિંદીઓએ પોતાના ગાંધીભાઈને ત્યાં જ રહેવાનો આગ્રહ કર્યો.

પ્રેમે પઠાણ જિતાયો

એવામાં સત્યાગ્રહની લડતનું મૂળ નંખાયું ! મહેન વનમાળાએ જણાવ્યું છે તે પ્રમાણે, ત્યાંની સરકારે દરેક હિંદીએ પોતાના હાથમાં આંગળાંની અદાર છાપોવાળી કાવસિયા ચિઠ્ઠી રાખવાનો કાયદો કર્યો. આ કાયદો હિંદી કોમને માટે અપમાનજનક હતો. તેથી તેને તાબે નહીં થતાં જે જે દુઃખ સરકાર દઈ શકે તે તે સહન કરવાને કોમે ગાંધીજીની સરદારી હેઠે પ્રતિજ્ઞા લીધી. સેંકડો હિંદીઓ જેલમાં ગયા અને બે જ માસમાં સરકારે સમાધાની કરી કે, સરકાર તે કાયદો રદ કરે અને હિંદીઓએ મરજિયાત પાસ લઈ લેવા. જેની ઇચ્છા ન હોય તે ન લે, તોપણ સરકાર તકરાર ન કરે.

આ સમાધાનીમાં ગેરસમજ ઊભી થઈ અને કેટલાક પઠાણોએ ગાંધીજી ઉપર હુમલો કર્યો. એ હુમલો કરવામાં મીર આલમ નામનો પઠાણ મુખ્ય હતો. પોલીસે તે હુમલો કરનારાઓને પકડ્યા. તેમને સજા કરવામાં ગાંધીજીએ ભાગ ન લીધો અને સરકારને તેમ જ પ્રજાને વિનંતી કરી કે, ગેરસમજથી તેમણે હુમલો કર્યો છે માટે સરકારે તેમને મુક્ત કરવા. જોકે સરકારે તો તે ગુનેગારોને સજા કરી, પણ ગાંધીજીના ઉદાર ચારિત્રના પ્રતાપે મીર આલમ ગાંધીજીને ચાહતો થયો. સાત વરસ પછી એક બનાવ એવો બન્યો કે સત્યાગ્રહની છેલ્લી લડતની સમાધાની કર્યા બાદ ગાંધીજી કેપટાઉનથી જોહાનિસબર્ગ ગયા, ત્યાં સમાધાની સમજાવવાને સભા થઈ. તેમાં કેટલાકે ધાંધલ મચાવી, ને તેઓ ગાંધીજી ઉપર હુમલો કરવા તત્પર થયા. આ વખતે મીર આલમ હાથમાં મોટો કારમો છરો લઈ આગળ ધસી આવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઘૂરક્યો કે, "ખબરદાર ! ગાંધીભાઈ ઉપર કોઈ પણ હુમલો કરનારને હું ઠાર કરીશ."

ગાંધીજીએ હસીને મીર આલમને પાસે બોલાવ્યો અને શાંત થવાનું કહ્યું. ત્યારે તેણે કહ્યું કે : "ગાંધીભાઈ, આપ તો ફકીર છો. એટલે આપને શાની ખબર હોય કે, કેટલાક અદમાશોએ તોફાન કરી આપનું ખૂન કરવાનો નિશ્ચય કર્યો છે. પણ મારામાં પ્રાણ છે ત્યાં સુધી કોઈની મગદૂર નથી કે આપના ઉપર હુમલો કરી શકે !"

મીર આલમના આ પગલાથી તોફાનીઓ ભાગ્યા. ગાંધીજી અને અન્ય કાર્યકર્તાઓ ત્યાંથી વિદાય થયા. આમ પોતાનું ખૂન કરવા હુમલો કરનાર મીર આલમને ગાંધીજીએ પ્રેમથી જીત્યો.

જર્મનની રિવૉલ્વર ગઈ

ગાંધીજીનામાં આમ અન્યના જીવનમાં પલટો કરવાની અજબ શક્તિ છે. મિ. કેલનબેક નામના એક જર્મન જોહાનિસબર્ગમાં સ્થપતિનો ધંધો કરતા હતા. ધંધામાં ખૂબ કમાતા. જ્યારે એકલા. જર્મન લશ્કરમાંથી છૂટા થઈ અહીં કમાવાને બેઠા. કમાય અને ખર્ચ કરે. એકલા હતા. આગળ બેઠાં ઘરબાર નહિ, પાછળ બેઠાં ઉલાળ નહિ. ધંધા સાથે વિવિધ નવીનતાનો અભ્યાસ કરવાની ટેવને કારણે થિયોસૉફિકલ સોસાયટીના સભ્ય થયા. એક દિવસ ગાંધીજીનું ભાષણ સાંભળીને તે ચમકયા. હિંદી નામ પ્રત્યે તેમને સૂગ હતી. હિંદી કોમમાં આવો વિદ્વાન અને આવો સંસ્કારી માણસ હોઈ શકે ? આ શું ? બહુ જ શંકાશીલ હૃદયે ગાંધીજી સાથે હસ્તધૂનન કર્યું અને પરિચયમાં આવ્યા. પરિચય વધ્યો. એક દિવસ તેમણે ગાંધીજીને પોતાને ઘેર જમવાને આમંત્રણ આપ્યું. ગાંધીજી આ ભાઈની હિંદીઓ પ્રત્યેની સૂગથી વાકેફ હતા. તેમણે કહ્યું : "તમારે ત્યાં જમવાનું આમંત્રણ સ્વીકારતાં મને આનંદ થશે. પણ એક શરતે તે આમંત્રણ સ્વીકારાય. અમુક બે ત્રણ હિંદી આગેવાનો છે તેઓ પણ મારી સાથે આવશે. તમને તેમાં વાંધો ન હોય અને તમે તેમને આમંત્રણ આપો તો અમે બધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીશું." મિ. કેલનબેકનું ગાંધીજી પ્રત્યેનું આકર્ષણ એટલું બધું હતું કે ગાંધીજીની ઇચ્છાનું ઉલ્લંઘન ન કરી શકયા. અનિચ્છાએ પણ સૂચના પ્રમાણે આમંત્રણ આપવું પડયું, અને પરિણામે મિ. કેલનબેકને એવો અનુભવ થયો કે, હિંદી કોમમાં પણ બુદ્ધિશાળી અને સુસંસ્કાર પામેલા માણસો છે. તેથી હિંદી કોમ પ્રત્યેની તેમની સૂગ ઓછી થઈ. પછી તો ગાંધીજી સાથેનો તેમનો પરિચય વધવા માંડયો. રસ્કિન અને ટૉલ્સ્ટૉયનાં પુસ્તકો ગાંધીજીએ તેમની પાસે મૂકયાં. તે તેમણે વાંચવા માંડયાં. દિનપ્રતિદિન પરિચય એટલો વધ્યો કે તેઓ સાથે જ રહેવા લાગ્યા.

ગાંધીજીના ઉપર હુમલો થયો તે અરસામાં એક દિવસ ગાંધીજીને એમ માલૂમ પડયું કે, મિ. કેલનબેકના ખિસ્સામાં રિવૉલ્વર છે. તેમણે કેલનબેકને પૂછયું : "આ રિવૉલ્વર ખિસ્સામાં શાને રાખી છે ?"

કેલનબેકે સંકોચાતાં જવાબ આપ્યો કે : "મને એવી ખબર મળી છે કે, આપના ઉપર હુમલો કરવા કેટલાક બદમાશો તરકટ રચી રહ્યા છે, એટલા માટે હું મારી પાસે તે રાખું છું અને આપ જ્યારે બહાર જતાં હો ત્યારે આપની સાથે જ મોટે ભાગે રહું છું."

ગાંધીજી હસ્યા અને બોલ્યા : "ઠીક, ઠીક; હવે મને ખાતરી થઈ કે હું કદી મરવાનો નથી, કારણ કે પરમેશ્વરનું કાર્ય તમે હાથમાં લીધું ! અને મારા જીવન કે મૃત્યુની દોરી તમે લઈ લીધી, એટલે હવે તો હું મરવાનો જ નહીં !" આ મર્મભેદી વાકયો સાંભળીને કેલનબેક તો શરમિંદા થઈ ગયા. શું બોલે ? ગાંધીજીએ આગળ કહેવા માંડયું : "અને ટૉલ્સ્ટૉયના કયા પુસ્તકમાં આ શિખામણ લખી છે ? રસ્કિન અને ટૉલ્સ્ટૉયનાં પુસ્તકો વાંચવાં શાં અને પ્રભુની જવાબદારી પોતાને માથે ઓઢી લઈ મારું રક્ષણ કરવાના કોડ રાખવા શા ?" આમ કહી તે રિવૉલ્વર ફેંકી દેવા ગાંધીજીએ કેલનબેકને સૂચવ્યું. ત્યારથી તેમણે રિવૉલ્વરનો ત્યાગ કર્યો. ત્યાર બાદ સાત વર્ષે છેલ્લી સમાધાની પછી ગાંધીજી ફેપટાઉનથી નાતાલ જતાં જોહાનિસબર્ગ થઈને જાય તો જોહાનિસબર્ગમાં તેમનું ખૂન કરવાની બાજી ગોઠવાઈ છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધે જોઈતી કાળજી લેવાની સલાહ આપતો એક મિત્રે ફ્રિનિમ્સમાંથી કૅલનબેકને પત્ર લખેલો. તેના જવાબમાં તેમણે લખેલું : "ભાઈનું રક્ષણ હું અને તમે કરી શકીએ તેના કરતાં પ્રભુ સારું કરી શકે તેમ છે, એટલે આપણે તેની ચિંતામાં ન રહેવું. પ્રભુને તેની ચિંતા છે જ."

ગાંધીજી આ ભાઈ કૅલનબેકની સાથે જોહાનિસબર્ગથી ત્રણેક માઈલ દૂર માઉન્ટન વ્યૂ નામની જગામાં કૅલનબેકના બંગલામાં રહેવા ગયા. ગયા તે જ દિવસે શ્રી કૅલનબેકે પૂછ્યું : "આપણે ફરવા જઈશું ?" ગાંધીજીએ કહ્યું : "આખું શહેર અહીં ફરવા આવે છે. આપણે વળી બીજે ક્યાં જવું ? બે ખરપડીઓ લાવો. પાણીના ઝારા લાવો. બગીચામાં ફૂલકચરા ગોડીએ અને પાણી સીંચીએ." બન્નેએ કામ શરૂ કર્યું અને બે ત્રણ દિવસ પછી બાગના માળીને રજા આપી. ગાંધીજીએ નાહ્યા પછી પોતાનાં લૂગડાં પોતે ધોવા માંડ્યાં, એટલે શ્રી કૅલનબેકને પણ ધોયા સિવાય છૂટકો હતો ? ધોબી નવરો પડ્યો અને તેને રજા આપી. જમવાના અખતરા કરવા માંડ્યા. કાચું ખાવું, પલાળેલું ખાવું, ફળાહાર કરવો અને બહુ બહુ તો બાફેલું ખાવું. રસોઈ કરી સ્વાદ કરવાની વાત રહી નહીં. બબરચીને વિદાય કર્યો. આમ સ્વાવલંબી જીવનનો પાઠ શ્રી કૅલનબેકને શીખવવા માંડ્યો. પછી તો શ્રી કૅલનબેક ગાંધીજીના જીવનનું એક અંગ બની ગયા. તેમણે ત્યાંની છેલ્લી લડતમાં સારો સાથ આપ્યો : જેલમાં ગયા અને હિંદી જીવનમાં ભળી ગયા.

પ્રેમભક્તિ

દેશભક્ત શ્રીયુત ગોખલેજીએ સને ૧૯૧૧માં દ. આ.ની મુલાકાત લીધી. તે મુલાકાત હિંદી રાજકીય દૃષ્ટિએ બહુ અગત્યની હતી. તેમણે ત્યાંની ગોરી પ્રજાના હૃદય ઉપર અને ત્યાંની સરકાર ઉપર સુંદર છાપ પાડી. એમાં મોટો હિસ્સો શ્રી ગોખલેજી અને શ્રી ગાંધીજી વચ્ચેના સ્નેહસંબંધ અને એકદિલીનો હતો. શ્રી ગોખલેજી દ. આ.ના બંદર ઉપર ઊતરતાં ગાંધીજીને મળ્યા કે તુરત તેમણે કહી નાખ્યું : "જો ગાંધી, તારી ઇચ્છાને આધીન થઈને હું અહીં આવ્યો છું; હવે તારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો જે ઉપયોગ કરવો હોય તે કરજે. પછી એમ ન કહેતો કે 'મારું કલ્યાણનું કામ ન થયું.' હું મારું સર્વસ્વ તને સોંપું છું. દ. આ. માં રહીશ ત્યાં સુધી તું દોરીશ તેમ દોરાઈશ."

ત્યારથી ગાંધીજી તેમના મંત્રી થઈને રહ્યા. ગોખલેજીના કાર્યક્રમ ગોઠવવા, તેમને અંગે હાકેતોથી વાકેફ કરવા, સરકારી મુલાકાતો ગોઠવવી, સન્માનના મેળાવડા ગોઠવવા, વગેરે ઉપરાંત ગોખલેજીનું અંગત કામ કરી લેવાની હૃદયની તીવ્ર ભાવનાને કારણે ગોખલેજીનો ખોરાક તૈયાર કરવો, તેમનાં લૂગડાં ધોવાં, તેમની પથારી પાથરવી, તેમના પાયખાનાની આલ્ટી સાફ કરવી: બધુંયે કામ સ્નેહભાવે ગાંધીજી કરે. જેટલી કાળજી તેમના હૃદયની રાખે તેટલી કાળજી તેમના શરીરની રાખે. આ બધું જાણીને શ્રી ગોખલેજીએ પણ વિનોદ કરવા માંડ્યો: "અરે, કયાં ગયો મારો ધોબી? કયાં ગયો પથારી પાથરનાર?" એમ ઉમળકાથી બોલાવે.

ગાંધીજી પાસેના ઓરડામાંથી દોડતા આવે અને કહે: "હા જી, શું કામ છે?"

ગોખલેજી કહે: "જોને મારું આ ખમીસ કેટલું મેલું થયેલું છે, તને ભાન નથી? સેવક થવાનો દાવો કરે છે અને કપડાં તો બરોબર ધોતો નથી." એમ કહી ધોયેલું ખમીસ ડૂચો કરીને તેમના તરફ ફેંકે. ગાંધીજી તે ખમીસને તુરત ધોઈ લાવે.

શ્રી ગોખલેજીની તબિયત બહુ નાજુક હતી. ટ્રાન્સવાલમાં તેમની તબિયત બેાડી બગડી. ગાંધીજીએ તેમની સારવાર કરવા માંડી. માથે માટીના પાટા બાંધે, કચુની બાથ આપે, અપવાસ કરાવે અને ખોરાક આપવાનો હોય ત્યારે ફળ નિયમિત રીતે આપે. એક દિવસ ગોખલેજીએ ભવાં ચઢાવીને ગાંધીજીને બોલાવ્યા અને કહ્યું: "તેં આ શું માંડ્યું છે? તને જરાયે લાજ શરમ નથી? બનારસ મહાસભા વખતે તું આવ્યો ત્યારે લાગલાગટ એક માસ સુધી મિષ્ટાન્ન ખવડાવ્યાં હતાં તેનો તું મને બદલો આપે છે? મિષ્ટાન્નનું તો દર્શનેય કરાવતો નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સાદો ખોરાક પણ આપતો નથી! કેળાં અને નારંગી આપે છે, તે પણ ગણી ગણીને. મને ખબર નહોતી કે તું આવો નગણો હશે. મારે કેળાં જોઈએ છે, એ કેળાં તો આપ."

ગાંધીજીનું હૃદય આ સ્નેહભર્યો મીઠો ઠપકો સાંભળી હરખાય અને કહે: "હું કયાં ના કહું છું? તમારે ખાવાં હોય તો લો ને? હું જાતે નહીં આપું. તમારી તબિયત સાચવવાની જવાબદારી મારી છે."

ગોખલેજી કહે: "હું મારી જાતે ન લઉં. તું આપે તો જ લઈશ." ગાંધીજી નક્કી કરેલા નિયમથી વિરુદ્ધ જઈ કાંઈ ન આપે. આમ રોજ વિનોદ થયા કરે.

મીઠો ઠપકો

એક દિવસ જોહાનિસબર્ગના હિંદીઓએ શ્રી ગોખલેજીના માનમાં મિજલસ કરી. આ ખાણાનો જલસો ભારે હતો. ત્યાંના મેયર પ્રમુખ-પદે હતા. ત્યાંના બધા રાજદ્વારી પુરુષો અને મોટા વેપારીઓ તે મેળાવડામાં આવવાના હતા. શ્રી ગોખલેજીની તબિયત સુધારા પર હતી. પણ મીઠાવાળો કોઈ પણ ખોરાક ખાવાનો તેમને મનાઈહુકમ હતો. ખાણાને દિવસ સવારે ઊઠતાં બાતમી મેળવી કે ખાણામાં શી શી વાનીઓ હશે. પછી ગાંધીજીને બોલાવ્યા અને કહ્યું: "આજે ખાણાનો મેળાવડો છે, તેમાં મીઠાવાળી વસ્તુઓ ખાવાની મને રજા છે ને?"

ગાંધીજીએ નિશ્ચયથી કહ્યું કે: "ના જી."

"એમ કેમ બને? મારા માનમાં હજારો રૂપિયા ખર્ચી હિંદી કોમ ખાણાનો મેળાવડો કરે. ખાણામાં અનેક મિષ્ટ અને સ્વાદિષ્ટ વાનીઓ તૈયાર થઈ હોય, છતાં હું તે ન ખાઉં તેનો અર્થ શો?"

ગાંધીજીએ જવાબ આપ્યો: "તમારે ખાવી હોય તો ખાજો. હું રજા નથી આપતો."

ગોખલેજીએ ભવાં ચઢાવ્યાં અને કહ્યું, "ઠીક, ઠીક; હું જોઈ લઈશ કે તું મને કેવો રજા નથી આપતો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજના પાંચ વાગ્યે મેળાવડો હતો. પંદર મિનિટ બાકી હતી. મોટર આવીને ઊભી. ગોખલેજી તો નિરાંતે સૂતા હતા. ગાંધીજીએ કહ્યું: "મોટર આવી ગઈ છે. આપ હવે તૈયાર થાઓ.

"ક્યાં જવાનું છે?"

"મેળાવડામાં," ગાંધીજીએ જવાબ આપ્યો.

"મારે નથી આવવું."

"અરે, એમ તે કાંઈ ચાલે?"

"હા, હા; ના કેમ ચાલે? ઘણીયે જનો વરરાજા વિના જતી હશે. તેમ મારા સિવાય મેળાવડો પણ થશે!"

ગાંધીજી ગોખલેજીની રમત સમજી ગયા. એ તો પાછા પોતાના ઓરડામાં ગયા. પાંચ મિનિટ થઈને પાછા આવ્યા. "કેમ હજી તૈયાર નથી થયા? સમય તો થવા આવ્યો. મોડા થઈએ તે ઠીક નહિ."

ગોખલેજી ગંભીર વદને બોલ્યા: "હું નથી આવવાનો. મને મીઠું ખાવાની રજા આપે તો જ આવીશ. એ મારો નિશ્ચય છે."

ગાંધીજી હસ્યા: "ભલે ઉઠો; મીઠું ખાવાની રજા."

ગોખલેજી સકપકા જેવા થયા અને બોલ્યા: "તું મને મીઠું ખાવાની રજા આપે છે?"

"હા જી." ગાંધીજીએ રજા આપી. ગોખલેજી આનંદમાં આવી ગયા હોય તેમ ઊભા થયા અને બોલ્યા: "ઠીક, ત્યારે છેલ્લે તું હાર્યો. તું સત્યાગ્રહી રહ્યો એટલે સત્યાગ્રહથી જ હારે. તારી હાર કબૂલ કરે છે ને?"

ગાંધીજી પ્રેમ અને ભક્તિભાવ ભર્યા હૃદયે બોલ્યા: "હું તો આપનો સેવક છું: આપનાથી સદાનો હારેલો છું." આ બંને મહાન સાધુચરિત આત્માઓ ત્યાંથી વિદાય થયા.

ઉપરનું વર્ણન ગાંધીજીએ એક સભા સાંજે મારી પાસે કર્યું. અને તે વર્ણન પૂરું કર્યા બાદ ભક્તિભાવથી ગદ્‌ગદિત હૃદયે બોલ્યા: "એ તો દાસાનુદાસ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ રાજકીય મતમતાંતરોવાળાં બે હૃદયોની વચ્ચે જે પ્રેમભાવનાં અને અરસપરસ જે ભક્તિભાવનાં દર્શન થયાં તે વિરલ છે. આ પ્રસંગ એટલા માટે મેં વર્ણવ્યો છે કે, દ. આ.ની યુનિયન સરકારે નાખેલો માથાવેરાનો ત્રણ પાઉન્ડ કર નાબૂદ કરવાને ત્યાંના પ્રધાનોએ ગોખલેજીને વચન આપ્યું છે એવા નિવેદનને જૂઠું હોવાનું જે નિવેદન ત્યાંની સરકારે પ્રસિદ્ધ કર્યું, તેથી ગાંધીજીનો પુણ્યપ્રકોપ પ્રગટ્યો અને સત્યાગ્રહની લડતમાં તેમણે ઝંપલાવ્યું, તેની પાછળ ગોખલેજી પ્રત્યેની પ્રેમભક્તિનું પ્રચંડ બળ હતું.

સ્ત્રીશક્તિની પ્રથમ જ્વાળા

સત્યાગ્રહની છેલ્લી લડત શરૂ થયા પહેલાં ગાંધીજી ફિનિક્સ સંસ્થામાં સ્થાયીપણે રહેતા. તે દરમિયાન અનેક અલૌકિક પ્રસંગો બનેલા, પણ તે અહીં તમારી રૂબરૂ વર્ણવવાનો સમય નથી. છતાં લડતની શરૂઆતમાં એક રમૂજી પ્રસંગ બનેલો તે તમો વિદ્યાર્થી ભાઈઓને અને અન્ય મિત્રોને માટે બોધપ્રદ નીવડશે.

છેલ્લી લડતમાં તો સ્ત્રીઓને સામેલ થવાનું કારણ મળ્યું. સરકારે એવું પગલું ભર્યું કે જેના પ્રમાણે ખ્રિસ્તી સિવાય અન્ય ધર્મક્રિયા પ્રમાણે થયેલાં લગ્ન ગેરકાયદેસર ગણાય. તેથી હિંદી પરણેતર સ્ત્રી તેમના પતિની પરણેતર નહીં પણ રખાત ગણાય. તેવી સ્ત્રીઓનાં સંતાન કાયદેસર વારસ ન ગણાય, જેથી ત્યાં વસતા હજારો હિંદીઓની કરોડોની મિલકત નવારસી કરવાથી સરકાર ખાલસા કરી શકે. આમ ધીમે ધીમે હિંદી પ્રજાની જડ કાઢવાનો પેતરો દ. આ.ની સરકારે રચ્યો. આમ સ્ત્રીઓના ઉપર નામોશી આવી. ગાંધીજીએ નિશ્ચય કર્યો કે, સ્ત્રીઓને આ લડતમાં સામેલ કરવી. પણ શરૂઆત કયાંથી કરવી? શરૂઆત તો ઘેરથી જ થવી જોઈએ. તેથી તેમણે પૂ. બાની પાસે જેલ જવાનો સ્વીકાર કરાવ્યો. એક દિવસે સવારનું કામ પૂરું કર્યા બાદ નાહીને હું રસોડામાં ગયો. કસ્તૂરબા અને ગાંધીજી પણ ત્યાં આવ્યાં. બાએ ભાખરી વણવા માંડી, હું શેકવાને ઊભો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીએ રસોડાનું પરચૂરણ કામ કરવા માંડ્યું. આ પ્રસંગ ગાંધીજી અને બા વચ્ચે જે સંવાદ થયો તેનો સાર હું તમારી પાસે કહું.

"તને ખબર છે કે તું મારી પરણેતર નહીં, પણ રાખ છે?"

"એવું વળી કોણે કહ્યું?" બાએ સહજ ભવાં ચડાવી પૂછ્યું.

"સરકાર એમ કહે છે. જનરલ સ્મટ્સ એમ કહે છે!"

"એને વળી એવા નુકતા ક્યાંથી સૂઝે છે?"

"પણ તમે સ્ત્રીઓ શું કરશો? એ તો હિંદી સ્ત્રીઓનું હડહડતું અપમાન કહેવાય."

"અમારે વળી શું કરવાનું?"

"જે અમે કરીએ છીએ તે તમારે કરવાનું. તમારે પણ સરકાર સાથે લડવાનું."

"તમે તો જેલમાં જઈને બેસો છો. બીજું શું કરો છો?"

"તમારે પણ જેલમાં જવાનું."

"તમે તો પુરુષો જેલમાં જઈ શકો, અમારાથી જેલમાં જવાય?"

"હા, કેમ ન જવાય? રામચંદ્ર પાછળ સીતાજી ગયાં, નળ પાછળ દમયંતી ગઈ, હરિશ્ચન્દ્ર પાછળ તારામતી ગઈ, તેમ મારી પાછળ તું પણ આવે."

"એ તો દેવ જેવાં."

"એમાં શું? આપણે પણ તેમની જેમ વર્તીએ, તો તેમના જેવાં થઈ શકીએ, દેવ થઈ શકીએ. રામના કુળનો હું અને સીતાના કુળની તું. હું રામ થઈ શકું અને તું સીતા થઈ શકે."

"એટલે મારે તમારી સાથે જેલમાં આવવું એમ તમે કહો છો ને?"

"હા. એમ જ."

"ભલે, હું જેલમાં આવું. પણ મને ત્યાંનો ખોરાક માફક આવશે?"

"ત્યાંનો ખોરાક માફક ન આવે તો તું ફળાહાર કરજે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સરકાર જેલમાં ફળ આપશે?"

"નહીં કેમ આપે? ફળ ન આપે ત્યાં સુધી ખાવું નહીં, અપવાસ કરવા."

"હા. એ વાત સાચી. એટલે મારે ત્યાં જ મરવાનું!"

ગાંધીજી ઉપરનું વાક્ય સાંભળી હસતા હસતા બોલ્યા: "તું જેલમાં મરીશ તો હું તને જગદંબા તરીકે પૂજીશ."

બાએ લડતમાં સામેલ થવાનો પોતાનો નિશ્ચય જણાવ્યો અને ત્યાર બાદ બીજી બહેનોને ગાંધીજીએ તૈયાર કરી. આ પ્રસંગે ગાંધીજીએ મને કહ્યું કે બાનામાં આ ખૂબી છે. તે મને કે કમને એકદિલીથી મને અનુસરશે. આમ હિંદી સ્ત્રીશક્તિના સ્વાતંત્ર્યજીવનનો પ્રથમ પદાર્થપાઠ અહીં અપાયો — તેની પ્રથમ જ્યોત અહીં પ્રગટી.

ચાલીસના ચાલીસ હજાર!

આમ દ. આ.ની લડત એટલે ગાંધીજીના અંગત જીવનની આસપાસ વીંટળાયેલો રાજકીય ઇતિહાસ. આવા અનેક પ્રસંગો આ લડતને અંગે બન્યા છે. લડત શરૂ થવાની તૈયારી હતી. લડતમાં કેટલા જણા દાખલ થઈ શકશે તેનો એક દિવસ અમે કયાસ કાઢ્યો. આખા દ. આ.ના બધા પ્રાંતોમાંથી આંગળીના વેઢા પર ગણતરી કરી તો ચાલીસની સંખ્યા થઈ. "દ.આ.ની આવી જબરજસ્ત સરકાર સામે આપણે લડત ચલાવવી છે તેમાં ચાલીસ માણસો જ છે," એમ મેં નિરાશભાવે કહ્યું.

"પણ તે ચાલીસ માણસો કેવા?" ગાંધીજીએ પૂછ્યું.

"હારે નહીં તેવા. જીતીને જીવે તેવા. જીતે અગર તો મરે તેવા."

"તો પછી એવા ચાલીસ માણસોના ચાલીસ હજાર થશે. અને બધા હારે તોપણ આ મોટી સરકારને પણ હરાવવાને હું એકલો બસ છું. હું પાગલ થઈને ગોરાઓનાં બારણાં ઠોકું, ન્યાય માગું, અને ગોખલેજીને સાચા ઠેરવું. ગોખલેજીનું અપમાન! એમ બને જ કેમ!" ગાંધીજી તે વખતે આવેશમાં આવી જઈને બોલેલા. અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું પણ એમ જ. લડત પછી ગણતરી કરતાં આ સત્યાગ્રહની લડતમાં આશરે ચાલીસ હજાર સ્ત્રીપુરુષોએ ભાગ લીધો હતો એમ જણાયું.

માનને ભોગે સ્વરાજ પણ હરામ છે

દક્ષિણ આફ્રિકાની લડતને પ્રજાનો ટેકો ભારે રહ્યો. હિંદના લોકો, આગેવાનો અને સરકારે પણ દક્ષિણ આફ્રિકાની સરકાર ઉપર દબાણ આણ્યું અને એક તપાસપંચ નિમાયું. પણ આ તપાસપંચમાં ન નીમ્યો એકે હિંદી અથવા હિંદીની પસંદગીનો ગોરો. એટલે ગાંધીજીએ આ તપાસપંચ સમક્ષ હિંદીઓને જુબાની ન આપવા જણાવ્યું. આ જાતની લોકોને સલાહ ન આપવા તેમના કેટલાય મિત્રો અને ગોખલેજીએ વિનંતિ કરી. પણ ગાંધીજીએ નમ્રતાપૂર્વક જણાવ્યું કે, આ તો અમારા માનાપમાનનો સવાલ છે. એનો બહિષ્કાર કર્યા સિવાય બીજો ઉપાય જ નથી. અને મારો સર્વનાશ પણ આ અપમાન કરાયેલા લોકોને મારી પાસે બીજી સલાહ અપાવી શકે તેમ નથી.

આમાં જ તેમની પોતાના પ્રેરક અને ગુરુસ્થાને ગણાતા ગોખલેજી જેવા સામે નમ્રતાપૂર્વક પણ અડગ રીતે ટકવાની શક્તિ સમાયેલી છે. અમે એક વખત પૂછ્યું કે, ગોખલેજી જેવાનો પણ આગ્રહ છે કે આપણે કમિશન સ્વીકારવું, અને તેમને આશા છે કે તે કમિશનથી આપણી લડતનો સંતોષકારક નિવેડો આવશે, તો પછી વાંધો શો છે? ત્યારે તેમણે જવાબ આપેલો કે, શ્રીમાન પંચમ જ્યૉર્જ મને વચન આપે કે આ કમિશન આપણે સ્વીકારીએ તો આપણને હિંદનું સ્વરાજ્ય આપી દેશે તોપણ હું તેનો ઇનકાર કરું. હિંદનું અપમાન કરી, તેને માથે નામોશી લઈને મારે સ્વરાજ્ય પણ ન જોઈએ.

આત્મભોગ વિના સિદ્ધિ નથી

દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના વસવાટમાં અડચણ નાખવાની દૃષ્ટિએ મૂકેલા અનેક પ્રતિબંધોમાં પ્રત્યેક હિંદીએ વાર્ષિક ત્રણ પાઉન્ડનો કર ભરવો એ પણ હતો. આ કર ખાણમાં કામ કરતા ગિરમીટિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજૂરે ભરવાનો હતો, એટલું જ નહિ પણ તેની સ્ત્રી અને બાળકોએ પણ ભરવાનો હતો. આ ગિરમીટિયા મજૂરો ઉપર કર નાખવાનો હેતુ ગિરમીટમુક્ત થયા પછી પણ તે ખાણના માલિકના ગુલામ જેવી દશા ભોગવે તે હતો. એટલે ગાંધીજીએ ખાણોમાં કામ કરતા મજૂરોને પણ હડતાળમાં જોડાવા સૂચવ્યું. સામાન્ય રીતે આ મજૂરોની સ્થિતિ ગુલામ જેવી જ હતી. તેમના રહેવાની, ખાવાની, દીવાબત્તીની, પાણીની બધી જ સગવડો ખાણમાલિકના હાથમાં હતી. મજૂરો હડતાલમાં જોડાતાં માલિકો તરફની આ સગડવડો બંધ થઈ એટલું જ નહિ, પણ મજૂરો ઉપર ગોળીબાર થયો. તેમાં આઠ મજૂરોનાં ખૂન થયાં. આ મૃત્યુ પામેલા મજૂરોની પત્નીઓ પાસે ગાંધીજી ગયા ત્યારે એક મદ્રાસી બહેન ઊભી થઈ ને ચોધાર આંસુએ રડવા લાગી. ગાંધીજીએ તે બાઈના બભા ઉપર હાથ મૂકીને કહ્યું: "બહેન, તારી સ્થિતિ માટે કોઈ જવાબદાર હોય તો તે હું છું. તારા પતિ જેવા અનેકનાં લોહી રેડાશે ત્યારે જ આપણે આ ખૂની કાયદો દૂર કરાવી શકીશું. અને તને હું બાતરી આપું છું કે, તારા જેવી દશા મારી સ્ત્રી અને દીકરીઓની થશે ત્યાં સુધી આ લડત અમે ચાલુ રાખીશું." તે દિવસથી ગાંધીજીએ મદ્રાસી શોકનો પોશાક ધારણ કર્યો.

આ પ્રમાણે સત્ય અને અહિંસાના શુદ્ધ હથિયારના બળે હિંદે સ્વરાજ્યની અને જગતભરના કલ્યાણની સાધના કરી. તેમની સાધનામાં આ સંસારનો વિસામો છે. આ સાધનાભૂમિ ભવિષ્યમાં સંસારભરની માનવ જાતનું તીર્થસ્થાન થવા નિર્માયેલી છે. પ્રભુ એ પવિત્ર સાધનાને ફળીભૂત કરે!

રાવજીભાઈ મણિભાઈ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

રાજકારણમાં અહિંસાનો પ્રવેશ*

[ચંપારણની લડત]

પ્રાસ્તાવિક

ચંપારણ એ બિહાર પ્રાંતની ઉત્તરમાં નેપાલથી થોડે દૂર આવેલો એક જિલ્લો છે. ગંડક નદી કે જેનું બીજું નામ નારાયણી છે તે તેની દક્ષિણે આવેલી છે. આ નદી પહેલાં જિલ્લાની વચમાં થઈને વહેતી, પણ પાછળથી તેનો પ્રવાહ બદલાઈ ગયો છે. તેના મૂળ પ્રવાહને કેકાણે નાનાં મોટાં સરોવરો અને ખાડાઓ હજી પણ જોવામાં આવે છે. ત્યાં આવેલાં ગળીનાં કારખાનાંમાં આ જ પાણીનો ઉપયોગ કરવામાં આવે છે અને વધુ સગવડ ખાતર કારખાનાં પણ સરોવરોને કિનારે જ બાંધવામાં આવે છે.

હિમાલયની નજીક હોવાથી ત્યાં વરસાદ પુષ્કળ પડે છે, અને તેથી જમીનમાં તથા હવામાં આરે માસ ભેજ રહે છે. આથી ત્યાં પુષ્કળ અનાજ પેદા થાય છે.

આ જિલ્લાનાં હવાપાણી બીજા જિલ્લાઓની સરખામણીમાં બહુ જ ખરાબ છે, તેથી ત્યાં તાવ વગેરેના પ્રકોપ તો હમેશાં ચાલુ જ હોય છે, અને ચોમાસા પછી તો લગભગ બધાં જ ઘરમાં માંદાઓના ખાટલા નજરે પડે છે. ગંડક નદીના કાંઠાના પ્રદેશની હવામાં ને પાણીમાં કંઈક એવું છે કે જેથી ત્યાં રહેતા બધા લોકોને ગળે મોટી મોટી રસોળીઓ થાય છે. એ પ્રદેશના લોકોની બુદ્ધિ પણ બુઠ્ઠી જ હોય છે. જ્યાં જુઓ ત્યાં લંગડા, લૂલા અને રસોળીવાળા માણસો

* તા. ૨૭–૬–'૩૮ના રોજ શ્રી નરહરિભાઈ પરીખના પ્રમુખપણા નીચે ગુજરાત વિદ્યાપીઠમાં વાંચેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવામાં આવે; તેઓ સારી રીતે વાત પણ ન કરી જાણે અને સામાની વાત ન સમજવાના પરિણામે ગમે ત્યારે વખતે કવખતે હસી પડે. આ પ્રદેશની આસપાસના લોકો આ લોકોને 'બાઘડ' કહે છે.

આ જિલ્લામાં માત્ર બે જ મોટાં શહેરો છે, એક તો મોતીહારી કે જે જિલ્લાનું મુખ્ય મથક છે તે, અને બીજું બેતિયા જે વેપારનું એક વખતે મથક હતું અને આજે પણ ત્યાંના રાજાની રાજધાનીના મુખ્ય શહેર તરીકે પ્રસિદ્ધ છે. આ જિલ્લાની ભાષા ભોજપુરી છે, જે કંઈક અંશે આપણી ગુજરાતી ભાષાને મળતી આવે છે.

ચંપારણ એ મૂળ ચંપારણ્યનો અપભ્રંશ છે. પુરાણોમાં તેનો ઉલ્લેખ મળી આવે છે. કહેવાય છે કે, ધ્રુવના પિતા ઉત્તાનપાદ રાજાની રાજધાની આ જ પ્રદેશમાં હતી, અને ધ્રુવે પણ અહીંના જ કોઈ જંગલમાં તપશ્ચર્યા કરી હતી; વાલ્મીકિ મુનિનો આશ્રમ પણ આ જ ભાગમાં હતો; જગવંદ્ય જાનકીજીને વનવાસને અંતે આ આશ્રમમાં જ લવ અને કુશ એ બે વીર પુત્રોનો પ્રસવ થયો હતો; પાંડવોએ પણ પોતાના વનવાસના દિવસો આ જ પ્રદેશમાં વિતાવ્યા હતા.

ઈ. સ. પૂર્વે ૬૦૦ વરસ પહેલાં ચંપારણમાં લિચ્છવી વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. મગધના અજાતશત્રુએ તેમના પર ચડાઈ કરી અને ત્યાં પોતાની સત્તા સ્થાપી, ત્યાર પછી બૌદ્ધો ત્યાં રાજ કરવા લાગ્યા. બૌદ્ધો પછી ગુપ્ત વંશનો અમલ ચાલુ થયો. કેટલોક સમય વીત્યા બાદ ચેદિ વંશના રાજાઓએ ત્યાં રાજ્ય કરવા માંડયું. તેઓએ ઘણા લાંબા સમય સુધી ચંપારણને ટકાવી રાખ્યું. ત્યાર પછી તે તિરહુત રાજાઓના હાથ નીચે આવ્યું. આખરે ૧૩મા અને ૧૪મા સૈકામાં મુસલમાનોએ ચંપારણ પર હુમલા કર્યા, પણ તેમાં તેઓ ફાવ્યા નહિ.

ઈ. સ. ૧૭૬૦માં ચંપારણમાં મોગલો અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ જામ્યું. એ યુદ્ધમાં મોગલ બાદશાહ શાહઆલમ હાર્યો અને નાસી છૂટ્યો. તેનો મદદગાર હુસેનખાં લડાઈમાં હારી બેતિયા તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઠો. અંગ્રેજ સરદાર મીરન અને જનરલ ક્લૉડે તેનો પીછો પકડ્યો. પરંતુ મીરન પર વીજળી પડવાથી તે મરી ગયો અને તેથી તેનો સાથી ક્લૉડ નિરાશ થઈ પાછો વળ્યો. ક્લૉડે બેતિયા જઈ ત્યાંના રાજા પાસેથી થોડીઘણી ખંડણી લેવાનું નક્કી કર્યું. ક્લૉડના ગયા પછી બેતિયાના રાજાએ બળવો કર્યો, તેથી મીર કાસિમ બેતિયા પર ચડી આવ્યો અને ત્યાંના રાજાને તેણે હરાવ્યો. ઈ. સ. ૧૬૬૫માં બંગાળ અને બિહારની સાથે ચંપારણ શાહઆલમે અંગ્રેજોને સોંપી દીધું. પણ એટલાથી લડાઈ અને બળવાની શાંતિ થાય તેમ ન હતું. થોડા જ દિવસોમાં રાજા જુગલકિશોરે અંગ્રેજોની સામે માથું ઊંચું કર્યું. પણ તે અંગ્રેજોની સામે લાંબા વખત સુધી ટક્કર ઝીલી શક્યો નહિ. તેથી તેને પોતાનું રાજ્ય છોડી બુંદેલખંડ ભણી નાસી જવું પડ્યું. પણ તેની ગેરહાજરીમાં બેતિયા રાજ્યની વ્યવસ્થા રાખનાર કોઈ ન રહ્યું, તેથી અંગ્રેજોએ તેને પાછો બોલાવ્યો અને મંજોઆ તથા સિમરોન નામનાં બે પરગણાં તેને આપ્યાં. તેના કુટુંબીઓને પણ બીજાં પરગણાં આપવામાં આવ્યાં.

ઈ. સ. ૧૭૯૧માં જ્યારે નવું બંદોબસ્ત ઘડવામાં આવ્યું, ત્યારે પણ આ પરગણાંઓને રાજ્યની પાસે જ રહેવા દેવામાં આવ્યાં. વળી મેહસી તથા બજરા પરગણાંઓ મેળવી દઈ શિવહર રાજ્ય રચવામાં આવ્યું અને રામનગર તથા મધુવનમાં બે નવી જમીનદારીઓ ઊભી કરવામાં આવી. આમ આખું ચંપારણ મોટા મોટા જમીનદારોના હાથમાં વહેંચાઈ ગયું. ૧૭૯૩માં પણ આ જ વ્યવસ્થા ચાલુ રહી. પણ થોડા વખત પછી બજરા પરગણું મુઝફ્ફરપુર જિલ્લામાં ભેળવી દેવામાં આવ્યું. બાકી શિવહર રાજ્યના નાના ટુકડા ચંપારણમાં રહી ગયા. આજકાલ ચંપારણમાં નાના નાના જમીનદારો અને નાની જમીનદારીઓ સુમાર વિનાનાં છે.

આ જમીનદારો જમીનદારીની સંભાળ રાખતા અને મહેસૂલ ઉઘરાવી રાજ્યને આપતા. પહેલાં તો આ બધા જ પટાદારો આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદીઓ હતા. પણ મોગલ બાદશાહ શાહઆલમે બંગાળ, બિહાર તથા ઓરિસાની દીવાની બક્ષી ત્યારથી એ સત્તા અંગ્રેજોના હાથમાં ગઈ. અંગ્રેજોને શેરડી તથા ગળીના વાવેતરમાં નફો દેખાયો, તેથી તેઓએ તેનું જ વાવેતર કરવા માંડ્યું. આને માટે સૌ પહેલાં કર્નલ હિક્કીએ બારામાં કોઠી સ્થાપી. ત્યાર બાદ ઠેકઠેકાણે અંગ્રેજોની કોઠીઓ ઊઘડી. આ અંગ્રેજો સામે હિંદી પટાદારો ઊભા ન રહી શકચા. અંગ્રેજો તેમને હઠાવી વેપારનો માર્ગ કરતા આગળ વધ્યા. પાછળથી તેમની આ સત્તા આખા ચંપારણમાં ફેલાઈ ગઈ અને તેઓએ ૭૦ જેટલી કોઠીઓ સ્થાપી દીધી.

ઈ. સ. ૧૮૮૮માં બેતિયા રાજ્ય મોટા કરજમાં સપડાયું. તેને કુલ ૮૫ લાખ રૂપિયાનું દેવું હતું. તે વખતે અંગ્રેજોએ મળી એવો ઠરાવ કર્યો કે, જો બેતિયા રાજ્ય અમારી જોડે કાયમી પટાનો બંદોબસ્ત કરે તો અમે રાજ્યનું કરજ ભરપાઈ કરી આપીએ. રાજ્યે તે કબૂલ કર્યું અને ૧૪ કોઠીવાળાઓએ સાડા પાંચ લાખ રૂપિયા આપી કાયમી પટાની વ્યવસ્થા કરી લીધી. તેથી તેમની સ્થિતિ બહુ સધ્ધર બની. રામનગર રાજ્યે પણ આમ પટા આપવા શરૂ કર્યા, તેથી અંગ્રેજો બહુ ફાવી ગયા. તેઓએ પુષ્કળ જમીન ખરીદી લીધી.

નીલવરોની ચૂસણપદ્ધતિ

શરૂઆતમાં કોઠીવાળાએ ગળીની સાથે શેરડી વાવવી પણ શરૂ કરી. કેટલાક વખત સુધી તેમણે આમ ચલાવ્યું, પણ ૧૮૫૦માં જ્યારે ગળીમાં તેમને પુષ્કળ ફાયદો થતો દેખાયો, ત્યારે તેઓ શેરડી વાવવા પ્રત્યે દુર્લક્ષ કરવા લાગ્યા ને માત્ર ગળીનું જ વાવેતર કરવા લાગ્યા. તેઓ ગળીનું વાવેતર જિરાત અને આસામીવાર પદ્ધતિથી કરતા. જિરાત પદ્ધતિ પ્રમાણે કોઠીવાળાના કબજામાં જે કંઈ જમીન હોય, તેમાં તે પોતાનાં હળ અને બળદથી ખેડૂત પાસે ખેતી કરાવતા. આ ખેતી અને તેની પેદાશ સંબંધી સંપૂર્ણ સત્તા તેઓ ભોગવતા. રૈયતને તો માત્ર મજૂરી જ મળતી. આ પદ્ધતિમાં રૈયતને મજૂરી તો મળતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેનો દર બહુ જ ઓછો હતો. તે ઉપરાંત કોઠીવાળાના અમલદારો અને મુકાદમો તેમની મજૂરીમાંથી પણ પૈસા કાપી લેતા. આથી રૈયતને બહુ જ હેરાન થવું પડતું.

આસામીવાર પદ્ધતિ પ્રમાણે કોઠીવાળા પ્રજાના ખેતરના અમુક નક્કી કરેલા ભાગમાં ગળીનું વાવેતર કરાવી શકે અને તે બદલ ઊંચા રકમ પાછળથી ખેડૂતને આપી દે. પહેલાં તો એક એકર દીઠ ૫ ગુંઠા જમીન ગળીના વાવેતર માટે કાઢવામાં આવતી. પરંતુ ૧૮૬૭થી ૩ ગુંઠા નક્કી કરવામાં આવ્યા અને ત્યારથી આ પદ્ધતિનું નામ તીનકઠિયા પદ્ધતિ પડી ગયું. આ તીનકઠિયા પદ્ધતિમાં ખેડૂતનાં દુઃખો મુખ્યત્વે નીચે પ્રમાણે હતાં :

(૧) કોઠીવાળાને જમીન પસંદ કરવાનો હક્ક હોવાથી ખેડૂતની સારામાં સારી જમીનમાં ગળી વવરાવતા. કેટલીક વાર તો ખેડૂતને પજવવા ખાતર તેના ઘરની પાસેની જ જમીન, જે તેણે બીજા કોઈ ઉપયોગ માટે રાખી હોય, તેમાં ગળી વવરાવતા.

(૨) પોતાની બીજી ખાનગી ખેતી સંભાળવાનું જતું કરીને પણ ગળીની ખેતી ઉપર ખેડૂતને ખાસ ધ્યાન આપવું પડતું. ખેડૂતોને પોતાના કામના પૂરા પૈસા તો મળતા નહિ, છતાં જે મળતું તેમાંથી પંણ મુકાદમો વગેરે દસ્તૂરી કાપતા.

(૩) ગળીની ખેતી માટે કોઠીવાળા તરફથી દર વીઘે ખેડૂતને જે રકમ આપવામાં આવતી, તેના કરતાં તે ખેતી કરવામાં ખેડૂતને ખર્ચ વધારે લાગતું.

(૪) તીનકઠિયાનો કરાર ખેડૂતની રાજીખુશીથી નહિ, પણ જબરદસ્તીથી કરાવી લેવામાં આવતો અને બીજી બાબતોમાં પણ કોઠીવાળાઓ જબરદસ્તી અને મારપીટ કરતા.

શરૂઆતમાં જ્યારે નીલવરોએ ચંપારણમાં પગપેસારો કર્યો, ત્યારે જમીન ઉપર તેમનો બિલકુલ હક ન હતો. પણ પાછળથી કેટલાકે ખેતિયા રાજ્યનું દેવું પતાવી જમીન કબજે કરી અને કેટલાંક રાજ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસેથી થોડા વખતને માટે અમુક ગામનો પટો લઈ ગળી પોતાને જોખમે પેદા કરાવતા. પરંતુ તેમાં તેમનો સ્વાર્થ સધાયો નહિ, એટલે એતિયા રાજ્યને મોટી મોટી લાલચો આપી, અમુક ગામની મહેસૂલ પોતે ભરશે એમ કબૂલી, તેઓ ખેડૂતો પાસે મોટા પ્રમાણમાં ગળીનું વાવેતર કરાવવા લાગ્યા. એતિયા રાજ્યને તો બેઠા બેઠા મહેસૂલ મળવા માંડી, એટલે પછી પ્રજાની તેમાં કેટલી માઠી વલે થાય છે, તેનો વિચાર જ તે શા સારુ કરે ? કોઠીવાળાઓને ગળીના વેપારથી પુષ્કળ નફો થવા લાગ્યો. આમ એક તરફ કોઠીવાળાઓનો સ્વાર્થ સધાયો અને બીજી બાજુ રાજ્ય નચિંત થઈ બેઠું, એટલે વચમાં ગરીબ પ્રજા ચગદાવા લાગી. જ્યાં સુધી ગળીનું વાવેતર થઈ શકે, ત્યાં સુધી બીજું વાવેતર કોઠીવાળાઓ ન થવા દે, એ દેખીતું છે. રૈયત જો રાજીખુશીથી ગળી વાવવાનું કબૂલ ન કરે, તો તેને સમજાવીને, ફોસલાવીને, લલચાવીને અને છેવટે દબાવીને પણ ગળીનો જ પાક કરવાની તેના પર ફરજ પાડવામાં આવતી. એટલું જ નહિ પણ કોઠીવાળાઓ સુખે સૂઈ શકે એટલા માટે ખેડૂતો પાસે પોતાના ખેતરમાં વીઘે ૩ ગુંઠામાં, પાંચ દશ કે પંદર વરસ સુધી, ગળી વાવવાનાં ખત લખાવી લેવાતાં. હળ ચલાવવું, ખાતર પૂરવું એ બધું કામ રૈયતનું, પણ તેના પર કુલ દેખરેખ કોઠીવાળા સાહેબોની. ગળીનો પાક જો સારો ઊતરે તો અમુક રકમ ખેડૂતને મળે એવો કરાર ખરો, પણ જો પાક ન ઊતરે તો તેમાં કોઠીવાળાને કંઈ પણ સ્નાન કે સૂતક ન મળે ! સાહેબો તો માત્ર નફાના ધણી. કોઈ કુદરતી કોપ કે એવા જ કારણસર ગળીનો પાક ન ઊતરે તો કોઠીવાળાને કંઈ લેવાદેવા નહિ. ટૂંકમાં કોઠીવાળાને માથે કોઈ જાતનું જોખમ કે જવાબદારી નહિ. પણ રૈયત જો અમુક કરાર પ્રમાણે ગળી ન વાવે તો રૈયતે સાહેબ લોકોને અમુક દંડ આપ્યે જ છૂટકો.

પહેલાં એક એકરમાં ગળી વાવી હોય તો ખેડૂતને મણે ૬॥ રૂા. બદલા તરીકે મળતા. પણ રૈયતે ૧૮૬૭માં એ વિષે જ્યારે ભારે વાંધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉઠાવ્યો, અને સરકારે પણ કોડીવાળાઓને દબાવ્યા, ત્યારે ૬૫ ને બદલે એકર દીઠ ૯ રૂ. ઠરાવવામાં આવ્યા. ૧૮૭૮માં ૧૫ રૂ. વધાર્યો, ૧૮૯૭માં ૧૨ રૂ. નક્કી થયા અને ૧૯૦૯માં ૧૩૫ રૂ. ઠરાવ્યા. તે ઉપરાંત જે ખેતરમાં ગળી વવાય, તે ખેતરના માલિક પાસેથી સાંથની એક પાઈ પણ ન લેવી એવી વાત ઈ. સ. ૧૮૭૮થી ચાલતી આવી હતી, પણ કોઈ કોડીવાળાએ કોરું આપ્યું નહોતું. આમ ઉપર બતાવેલી બાબતો અને તીનકઠિયા પદ્ધતિ જ ચંપારણની પ્રજાનાં દુઃખનું મૂળ હતું.

ઉપલી બાબતોને લીધે ઊભા થતા ઝઘડાનો નિકાલ લાવવા સરકારે એક અદાલત ખોલી. જો રૈયત કરારનામા પ્રમાણે ન વર્તે, તો કોડીવાળા તેને એકદમ અદાલતમાં લઈ જાય અને કરાર ભંગ બદલ તેની પાસેથી દંડ વસૂલ કરાવે. ચંપારણની રાંકડી પ્રજા આ અદાલત જોઈને જ એટલી બધી ગભરાઈ કે ત્યાં જવાનું નામ નીકળતાં જ તે કોડીવાળાને તાબે થઈ જતી. આમ આ અદાલત ગરીબ પ્રજાનો આશરો તો બિલકુલ રહી નહિ. અદાલતના લગભગ બધા જ મુકદ્દમાઓ કોડીવાળાઓની તરફેણમાં ચૂકવાતા. ભાગ્યે જ કોઈ મુકદ્દમો પ્રજાની તરફેણમાં ચૂકવાયો હશે.

ઈ. સ. ૧૮૮૦માં કોડીવાળાઓએ ગળીના પાકની સગવડને ખાતર એક નહેર ખોદાવી. એ નહેરનું પાણી ખેડૂતોને મફત આપવું એવું રાજ્ય અને કોડીવાળાઓ વચ્ચે નક્કી થયું. જ્યાં સુધી રૈયતે કોડીઓ માટે ગળી વાવવાનું ચાલુ રાખ્યું ત્યાં સુધી તો આ શરત પળાઈ, પણ ગળીની ખેતી બંધ થઈ એટલે વીઘા દીઠ ૩ રૂ. ખેડૂત પાસેથી લેવાનું કોડીવાળાઓએ નક્કી કર્યું. આ કરનું નામ 'પૈન ખર્ચો' રાખવામાં આવ્યું. ખેડૂતો આ કર ભરવાને બિલકુલ તૈયાર ન હતા. છતાં તેઓ આ કર વિષે કંઈ આનાકાની ન કરી શકે, એટલા માટે કોડીવાળાઓએ જોરજુલમથી તેમની પાસેથી દસ્તાવેજો લખાવી લીધા. એ દસ્તાવેજોમાં કોડીવાળાઓએ ખેતરને જોઈતું પાણી પૂરું પાડવું એમ લખ્યું હતું, પણ એ લખાણ કાગળ શોભાવવા પૂરતું જ હતું. જેમનાં ખેતર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી આ નહેરનું પાણી પહોંચતું પણ ન હતું, જેમને આનો લાભ બિલકુલ મળતો ન હતો, તેમની પાસેથી પણ વીઘા દીઠ ૩ રૂપિયા વસૂલ થતા.

'સંતોષકારક ને પ્રેમપૂર્ણ!'

ઈ. સ. ૧૯૧૧ કે ૧૨માં ના. શહેનશાહ દિલ્હીમાં રાજ્યાભિષેક માટે આવ્યા, ત્યારે આ બાજુનાં જંગલોમાં તેઓ શિકાર કરવા ગયા હતા. તે વખતે લગભગ ૧૫૦૦૦ માણસો ના. શહેનશાહને પોતાની વીતકની વાતો સંભળાવવા ભેગા થયા હતા. રૈયતના એ સમુદાયે જ્યારે ગરબડ મચાવી ત્યારે ના. શહેનશાહે પૂછ્યું કે, આ લોકો શું કહેવા માગે છે? ઉત્તરમાં કોઈ અમલદારે કહ્યું, 'એ લોકો આપનો જયજયકાર પોકારે છે.' રાજાનો જયજયકાર તો પ્રજા જરૂર પ્રાર્થતી હતી, પરંતુ એ વિજયપ્રાર્થનાની પાછળ તેમના વિલાપનો પણ ધ્વનિ હતો, તે કોઈએ સાંભળ્યો નહિ. પાછળથી રૈયતે ના. શહેનશાહને એક લેખિત અરજી પણ મોકલેલી. નામદારે એ અરજી હિંદી સરકાર પર મોકલી. તેણે તે અરજીને ગેરકાયદેસર ઠરાવી અને કંઈ કર્યું નહિ. આમ ના. શહેનશાહના આગમન અંગે રૈયત જે આશાઓ સેવતી હતી તે બધી ધૂળમાં મળી.

પાછળથી જ્યારે જર્મનીથી બનાવટી રંગો આવવા લાગ્યા, તેથી ગળીના ભાવ અન્દરમાં બેસી ગયા અને કોઠીવાળાઓને ગળીના વાવેતરથી ચોખ્ખું નુકસાન થવા લાગ્યું. આથી ઘણીખરી કોઠીઓ બંધ થઈ ગઈ અને રહીસહી કોઠીઓએ અનાજ વગેરે વાવવાનું શરૂ કર્યું. તેમાંથી તેમને જોઈતા પૈસા મળ્યા નહિ અને તેમનો રાજવૈભવ અટકી પડ્યો. આ રાજવૈભવ કાયમ રાખવા માટે તેમણે રૈયત ઉપર બીજા કર નાખવાનો વિચાર કર્યો.

એકર દીઠ જેટલા ગુંઠામાં ગળી વાવવાની રૈયતને ફરજ પડેલી તેટલા જ ગુંઠામાં ગળીને બદલે અનાજ વાવવાની કોઠીવાળાઓ રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપતા. તે અનાજ પાછળથી નામની કિંમત આપી દઈને કોહી-વાળાઓ ખરીદી લેતા. જો તેમને અનાજ ન લેવું હોય તો રોકડ રકમ ખેડૂતો પાસેથી વસૂલ કરતા. આનું નામ 'હુંડા' રાખવામાં આવ્યું. પાછળથી જ્યારે સરકારે હુંડાને ગેરકાયદેસર જાહેર કર્યો, ત્યારે વીઘા દીઠ ૬ રૂા. કોહીવાળાઓએ નુકસાનીના વસૂલ કરવા માંડ્યા.

બીજો એક 'હરજા' નામનો કર નાખી રૈયત પાસેથી વીઘે બે કે ત્રણ રૂ. મહેસૂલ ઉપરાંત ઉઘરાવવાનું તેમણે ચાલુ કર્યું. આને પણ સરકારે ગેરકાયદેસર જાહેર કર્યો. આ ઉપરાંત બીજા અનેક કરો પ્રજા પાસેથી ઉઘરાવવામાં આવતા. તેમાંના થોડાનું વર્ણન નીચે મુજબ છે.

વેટમારી : વેઠ કરવામાંથી મુક્ત થવા બદલ જે કર ભરવો પડતો તે.

બપહી પુતહી : કોઈ ખેડૂત મરી જાય ત્યારે તેનો વારસ આ કર ભરે, તો જ તે પોતાના પૂર્વજની જમીનનો વારસ થઈ શકે.

મડવચ : પુત્રીના લગ્ન વખતે ખેડૂતે સવા રૂપિયો કોહીવાળાને આપવો.

કોલુ આવત : કોલુ અથવા ઘાણી ચલાવે ત્યારે રૈયતે કોહી-વાળાને એક રૂપિયો આપવો.

ઘાટ–છપી તેલ : તેલ અને દૂધ વેચવા માટે જે પણી રાખવામાં આવે છે, તે પણી દીઠ એક રૂપિયાનો કર.

હોળી, દિવાળી, દશેરા, અને રામનવમીના દિવસે કોહીવાળા અથવા તેમના નોકરો રૈયત પાસેથી જે કંઈ પડાવે તે.

હોળીના દિવસોમાં કોહીવાળાઓ નાચગાનના મોટા મોટા જલ-સાઓ કરાવતા, તેમાં રૈયતને ફરજિયાત ભાગ લેવા આવવું પડતું, અને એ જલસો પૂરો થયા પછી રૈયતના માણસ દીઠ એક રૂપિયો વસૂલ કરવામાં આવતો.

CC-0. In Public Domain. Gurukul•Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ગણાવ્યા તે ઉપરાંત બીજા અસંખ્ય પ્રકારના કરો અસ્તિત્વમાં હતા અને નિયમ પ્રમાણે તે લેવાતા. આવા કરોનો રૂપિયા પડાવવા સિવાય બીજો કંઈ ઉદ્દેશ જ ન હતો.

આ ઉપરાંત ખેડૂતોની એક ફરિયાદ એ હતી કે, તેમની જમીન ઉપરનાં ઝાડ કોઠીવાળાઓ તેમને કાપવા દેતા નહિ, એટલું જ નહિ પણ ખેડૂતોનાં મરી ગયેલાં ઢોરનાં ચામડાં પર પણ કોઠીવાળાઓ હક કરતા હતા. આમ ચંપારણના ખેડૂતોનાં આવાં ઝીણાં ઝીણાં દુઃખો ગણાવતાં પાર આવે એમ નથી.

૧૯૧૨–૧૩માં ચંપારણની પ્રજાએ પોતાનાં દુઃખો જાહેર કરવા અને તેટલી અરજીઓ કરી, પરંતુ સરકારે એ અરજીઓનો નિવેડો લાવવાને બદલે, નીલવરો અને રૈયત વચ્ચેનો સંબંધ ઘણો સારો છે એમ જણાવી, છેવટ સુધી આંખ આડા કાન કર્યા. ના. વાઇસરૉય સાહેબે પણ કહેલું કે, મારા સમજવા પ્રમાણે ચંપારણના નીલવરો અને ખેડૂતો વચ્ચેનો સંબંધ ઘણો જ સંતોષકારક અને પ્રેમપૂર્ણ છે. આમ કોઈને પણ ચંપારણની રૈયતની પડી ન હતી.

'દાળમાં કંઈ કાળું હોવું જોઈએ'

ઈ. સ. ૧૯૧૬માં રાષ્ટ્રીય મહાસભાનું ૩૧મું અધિવેશન લખનૌમાં ભરાયું. તેમાં પૂ. ગાંધીજી પણ હાજર હતા. તે વખતે બિહારના કેટલાક આગેવાનોએ ચંપારણની રૈયત અને નીલવરો વિષેનો ઠરાવ વિષયવિચારિણીમાં રજૂ કરવાનું ગાંધીજીને કહ્યું; પણ તેમણે કહ્યું કે, હું એ વિષયમાં કંઈ જાણતો નથી, તેથી જ્યાં સુધી એ વિષેની પૂરી માહિતી ન મેળવી લઉં ત્યાં સુધી મારાથી એ બાબતમાં કંઈ ન થઈ શકે. પછીથી એ ઠરાવ બિહારના સુપ્રસિદ્ધ આગેવાન બાબુ વ્રજકિશોરપ્રસાદે વિષયવિચારિણી સમિતિમાં રજૂ કરેલો. તે ઠરાવ નીચે મુજબ હતો :

"ચંપારણના નીલવરો અને તેમની રૈયત વચ્ચેનાં અસંતોષ અને ખેતી સંબંધી દુઃખોની તપાસ કરવા, તથા તે દુઃખો દૂર થાય એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાયો સૂચવવા સરકારી અને બિનસરકારી સભ્યોની એક કમિટિ નીમવા આ મહાસભા સરકારને પ્રાર્થના કરે છે."

બિહાર અને ખાસ કરીને ચંપારણની પ્રજાની એવી પ્રબળ ઇચ્છા હતી કે, મહાત્મા ગાંધીજી પોતે અમારી શોચનીય સ્થિતિ પ્રત્યક્ષ નિહાળી જાય અને અમારાં દુઃખો દૂર કરવાનો તેઓ પ્રયત્ન કરે. તેમણે ગાંધીજીને બોલાવવા માટે ઘણા પત્રો લખ્યા હતા, તથા એક માણસ પણ તેમની પાસે મોકલ્યો હતો. મહાસભામાં ઉપલો ઠરાવ મંજૂર થયા બાદ ચંપારણની પ્રજાએ ફરી મહાત્મા ગાંધીજીને ત્યાં આવવાનો આગ્રહ કર્યો. મહાત્મા ગાંધીજીએ ત્યાં આવવાનું વચન આપ્યું, એથી લોકોને કંઈક આશા બંધાઈ. ચંપારણના કેટલાક ભાઈઓ કાનપુર સુધી તેમની જોડે ગયા અને ચંપારણની બધી હકીકતથી તેમને વાકેફ કર્યા. આ બધી હકીકત સાંભળી મહાત્મા ગાંધીજીનું હૃદય પીગળી ગયું.

મહાસભાના કાંઈ કામ નિમિત્તે ૧૯૧૭ના એપ્રિલમાં મહાત્મા ગાંધીજીને કલકત્તા જવાનું થયું. ત્યાંથી પછી તેમણે ચંપારણ જવાનો વિચાર કર્યો. તા. ૧૦મીએ તેઓ બાંકીપુર પહોંચ્યા. અને ત્યાંથી પછી મુઝફ્ફરપુર જવા નીકળ્યા. પ્રો. કૃપાલાની તેમના વિદ્યાર્થીઓ જોડે ગાંધીજીનું સ્વાગત કરવા સ્ટેશન પર હાજર હતા. લોકોએ તેમની આરતી ઉતારી અને ગાડીમાં બેસાડી ગાડી પોતે જ ખેંચી ગયા.

તા. ૧૧મીએ તેઓ 'બિહાર પ્લેન્ટર્સ એસોસિયેશન'ના મંત્રીને મળ્યા અને કહ્યું કે, ખેડૂતવાળા અને રૈયત વચ્ચે જે અણબનાવ ચાલે છે, તે વિષે હું તપાસ કરવા માગું છું, અને તેમાં તમારી મદદ મળે એમ ઇચ્છું છું. મંત્રીએ અને તેટલી મદદ આપવાનું વચન આપ્યું. તે જ સાંજે ગાંધીજી ત્યાંના કેટલાક વકીલોને મળ્યા અને ત્યાંની કેટલીક હકીકતો જાણી લીધી.

તા. ૧૨મીએ તેઓ તિરહુત ડિવિઝનના કમિશનરને મળ્યા. કમિશનરને બિહારમાં મહાત્માજીની હાજરી ખૂંચી. તેણે ગાંધીજીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછ્યું, "અહીંયાં તમે કોના બોલાવવાથી આવ્યા છો ? સરકાર તરફથી અહીં તપાસ ચાલુ છે. તમારે અહીં આવવાની કશી જરૂર ન હતી. અમે તમને કશી પણ મદદ આપવાના નથી. ભલું તમારે અહીંથી ચાલ્યા જવું એ જ વધારે સારું છે."

મહાત્મા ગાંધીજીએ જવાબ વાળ્યો કે, "અહીંની પ્રજાની ફરિયાદો હું ઘણા વખતથી સાંભળતો આવ્યો છું, અને તેમનાં તે દુઃખો દૂર કરવાનો જરૂર પ્રયત્ન કરવાનો." કમિશનર એમને જેમ જેમ ચંપારણ છોડી જવાનો આગ્રહ કરવા લાગ્યા, તેમ તેમ તેમનો વહેમ વધતો ગયો. તેમને થયું કે, જરૂર દાળમાં કંઈક કાળું હોવું જ જોઈએ.

તા. ૧૪મીએ મહાત્મા ગાંધીજીએ નિશ્ચય કર્યો કે, આવતી કાલે આગળ વધી કોઈ ગામડામાં જવું. સાંજે તેઓ ત્યાંના એક ગામડામાં જઈ પહોંચ્યા. ત્યાંના લોકોની સ્થિતિ નજરોનજર જોઈ. એક ગરીબ માણસની ઝૂંપડીમાં જઈ તેમની રહેવા કરવાની રીતભાત જોઈ તથા તેમની જોડે વાતો કરી. આ ગામડામાંથી નીકળતી વખતે તેમણે કહ્યું કે, જ્યાં સુધી આ લોકોની સ્થિતિ નહિ સુધરે ત્યાં સુધી હિંદને સ્વરાજ મળવાનું નથી.

સાંજે કાર્યકર્તાઓ જોડે વાતો કરતાં તેમણે કહ્યું કે, 'એક માણસ જેલમાં જાય તો બીજા માણસે તેની જગ્યાએ ગોઠવાઈ જવું. બીજો જાય તો ત્રીજાએ તેની જગ્યા લેવી. મને લાગે છે કે, સરકાર મને પકડવા વૉરંટ કાઢશે, માટે આપણે જલદી ચંપારણમાં જઈ કાર્ય શરૂ કરવું જોઈએ.'

મહાત્મા ગાંધીજી મોતીહારી જવા રવાના થયા તે જ વખતે વૉરંટના ભણકારા સંભળાવા લાગ્યા. તેથી ખપ પૂરતી ચીજો લઈ બીજી ત્યાં જ રહેવા દીધી.

માર્ગમાં બધાં જ સ્ટેશનો પર લોકો મહાત્મા ગાંધીજીનાં દર્શન કરવા ભેગા થયા હતા. મોતીહારી પહોંચ્યા પછી તેમણે જસવલ્લીપટ્ટણ જવાનો વિચાર કર્યો. વૈશાખ મહિનો હતો તેથી તાપ પુષ્કળ પડતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. ઉપરાંત વંટોળિયાને લીધે આંખો પણ પૂરી ન ઊઘડે. અંધારામાં પૂરું હાથી (ત્યાં સામાન્ય વાહન એ હોય છે.) પર એને બદલે ત્રણ જણને બેસવાનું હતું, તેથી ઠીક ઠીક અગવડ પડતી હતી. પણ ગાંધીજીના હૃદયમાં તો રૈયતનાં દુઃખોનો એવો તો દાવાનળ સળગ્યા કરતો હતો કે તેની આગળ આવી મુશ્કેલીઓ કંઈ જ વિસાતમાં ન હતી.

'શિક્ષા માટે તૈયાર છું'

તેઓ જસવલ્લીપટ્ટણ પહોંચ્યા કે તરત જ તેમને જિલ્લા મૅજિસ્ટ્રેટનો નીચેનો પત્ર મળ્યો :

મિ. એમ. કે. ગાંધી,

આ વિભાગના કમિશનરનો જે પત્ર આ સાથે સામેલ છે, તે પરથી જણાય છે કે, તમારી હાજરીથી આ જિલ્લામાં શાંતિનો ભંગ અને ખૂનખરાબી થવાનો સંભવ છે. અને આ વાત ઘણી તાકીદની છે. એટલા માટે આ હુકમથી વળતી ગાડીએ ચંપારણ છોડી ચાલ્યા જવાનું હું ફરમાન કરું છું.

ડબલ્યુ. બી. હેકોક

જિલ્લા મૅજિસ્ટ્રેટ

મહાત્માજીએ એ નોટિસનો જવાબ નીચે પ્રમાણે લખી મોકલ્યો :

હિંદી ફોજદારી કાયદાની ૧૪૪ મી કલમ પ્રમાણે મને પહોંચાડવામાં આવેલી નોટિસના જવાબમાં હું એટલું જ જણાવવા માગું છું કે, આપને એ નોટિસ કાઢવાની જરૂર પડી તે માટે હું દિલગીર છું. બનેલ જવાબદારીનો વિચાર કરતાં મને લાગે છે કે, હું આ જિલ્લો છોડીને ન જઈ શકું. પરંતુ સત્તાધિકારીઓની મરજી હોય તો તેમના એ હુકમનો ભંગ કરવા માટે મને જે શિક્ષા ફરમાવે તે સહન કરવા હું તૈયાર છું.

કમિશનરે આપને પત્રમાં જે લખ્યું છે કે, મારો અહીં આવવાનો ઉદ્દેશ ચળવળ ચલાવવાનો છે, એનો હું બિલકુલ ઇન્કાર કરું છું. મારી એકમાત્ર ઇચ્છા કેવળ સાચી વાત જાણી લેવા પૂરતી છે. અને જ્યાં સુધી હું સ્વતંત્ર રહીશ, ત્યાં સુધી તે ઇચ્છાને સંતોષતો રહેવાનો.

એમ. કે. ગાંધી

આ સમાચાર તેમણે દેશના બીજા આગેવાનોને પણ આપી દીધા, અને દીનબંધુ એન્ડ્રૂઝને પોતાની પાસે આવવાનો તાર કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર બાદ પોતાના સાથી બાબુ વ્રજકિશોરપ્રસાદ વગેરેને, તેમના ગયા પછી કામ શી રીતે ચાલુ રાખવું, તે વિષે કેટલીક સૂચનાઓ કરી. તેમણે કહ્યું કે, તમારામાંનો દરેકે દરેક જણ કામ કરતો કરતો મારી પાછળ જેલમાં આવે અને એમ જો હિંમતથી કામ થશે તો જરૂર આપણી ફતેહ થશે.

કેટલાક માણસોને તેમણે રૈયતની જુબાનીઓ લખવાનું કામ સોંપ્યું. ત્યારથી આખો વખત સેંકડો માણસો પોતાની જુબાનીઓ લખાવવા આવવા મંડ્યા.

સાંજ પડી, પણ હુકમનો અનાદર કરવા બદલ જે સમન્સની રાહ જોવાતી હતી, તે સમન્સ ન મળ્યો, તેથી તેમણે જિલ્લા મૅજિસ્ટ્રેટને એક પત્ર લખી પોતે આવતી કાલે ગામડામાં જનાર છે એમ જણાવ્યું. જવાબમાં મૅજિસ્ટ્રેટે જણાવ્યું કે, ઇ. પી. કોડની ૧૪૪મી કલમ પ્રમાણે તમારી પર કામ ચાલવાનું છે, એ બાબતનો સમન્સ તમને થોડા વખતમાં મળી જશે, માટે તમે આ ગામથી બહાર જશો નહિ. થોડી વારે સમન્સ આવ્યો, તેમાં તા. ૧૮મીએ ડિવિઝનલ ઑફિસરની કચેરીમાં મહાત્માજીને હાજર રહેવાનું ફરમાવ્યું હતું. મહાત્માજીના ગયા પછી તેમના સાથીઓએ કાર્ય આગળ ધપાવવાનું જ્યારે તેમને વચન આપ્યું ત્યારે તેમને કંઈક સંતોષ થયો.

ગાંધીજીને પહેલેથી જ ખબર હતી કે હું પકડાવાનો છું, એટલે તેમણે પત્રો લખવા શરૂ કર્યા. આખી રાત તેમણે પત્રો લખ્યા અને અદાલત માટે કેફિયત પણ તે જ રાત્રે લખી નાખી. કમિશનર ઉપર તેમણે એક પત્ર લખ્યો. તેમાં રૈયતની આજ સુધીની સાંભળેલી ફરિયાદો તથા તેને દૂર કરવાના ઉપાયો બતાવ્યા.

તા. ૧૮મી એપ્રિલ ચંપારણના ઇતિહાસમાં નહિ, પણ સમસ્ત હિંદુસ્તાનના ઇતિહાસમાં યાદ રહી જવાની. આજે ગાંધીજી દરિદ્ર, દુઃખી અને જડ જેવી પ્રજાના કલ્યાણ અર્થે જેલમાં જવાની તૈયારીઓ કરી રહ્યા હતા. આખી દુનિયાની આંખો ઉઘાડી દે એવું સત્યાગ્રહનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ આજે હિંદુસ્તાનમાં સૌ પહેલાં લખાવાનું હતું. આજે સારા સંસારની સામે મહાત્મા ગાંધીજી નિર્મળા સત્યનાં પ્રતાપ અને પ્રતિષ્ઠા પુરવાર કરવા માગતા હતા. સામા પક્ષને લેશમાત્ર પણ દુભવ્યા વિના ચંપારણની રાંક રૈયતનો ઉદ્ધાર કરવા માટે જ જાણે મહાત્મા ગાંધીજીએ મનુષ્યજન્મ લીધો હોય નહિ! આવા પવિત્ર પુરુષ આગળ વિઘ્નો અને મુશ્કેલીઓ કયાં સુધી ટકી રહે?

મહાત્માજી પર મુકદ્દમો

બરાબર સાડા બાર વાગ્યે મહાત્મા ગાંધીજી અદાલતમાં હાજર થયા. તે વખતે હજારો માણસો અદાલતના બારણા આગળ એકઠા થયેલા. પોતાની ખાતર જેલમાં જઈ કષ્ટો સહન કરવા તૈયાર થનાર મહાપુરુષનાં દર્શન કરવા આજે સાગર ઊલટ્યો હતો. મહાત્મા ગાંધીજીની પાછળ એ હજાર માણસોએ અદાલતમાં ઘૂસવાનો પ્રયત્ન કર્યો. તેથી અદાલતના કાચ તૂટી ગયા. ન્યાયાધીશે મહાત્માજીને બહાર જ ઊભા રાખ્યા અને શસ્ત્રધારી પોલીસ બોલાવી. સિપાઈઓએ લોકોને વિખેરી નાખ્યા. હજારો માણસો જાણે છેલ્લી વાર મહાત્મા ગાંધીજીને નયન ભરીને નીરખી લેતાં હોય નહિ! કેટલાકની આંખોમાંથી આંસુની ધારાઓ વહી રહી. ગાંધીજી અદાલતમાં દાખલ થયા ત્યારે સરકારી વકીલો પોતાનાં ધારાશાસ્ત્રનાં થોથાં ખડકીને તૈયાર જ બેઠા હતા. તેઓ માનતા હતા કે, ગાંધીજી જેવા મહાન પુરુષ સામે મુકદ્દમો લડવો એ કંઈ રમતવાત નથી; ગાંધીજી પોતે બૅરિસ્ટર છે, એટલે ખૂબ ગરમાગરમ અને લાંબા વાદવિવાદ ચાલવાના.

ન્યાયાધીશે ગાંધીજીને પૂછ્યું, "આપે કોઈ વકીલ રાખ્યો છે?" ગાંધીજીએ ના પાડી.

બાદ સરકારી વકીલે આરોપ વાંચી સંભળાવ્યો: "૧૪૪મી કલમ પ્રમાણે નોટિસ મળતાં જ ગાંધીએ તે જ તારીખે ચંપારણ છોડી ચાલ્યા જવું જોઈતું હતું, પણ હજુ સુધી તેમણે તેમ કર્યું નથી. તેથી ૧૮૮મી કલમ પ્રમાણે તેમના પર કામ ચલાવવામાં આવે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીએ કહ્યું, "મેં નોટિસ મળતાંની સાથે જ જિલ્લા મૅજિસ્ટ્રેટને એક પત્ર લખી મોકલ્યો છે, અને તેમાં એ હુકમ ન માનવાનાં કારણો બતાવ્યાં છે. તે પત્ર મુકદ્દમાનાં કાગળિયાંમાં દાખલ થવો જોઈએ."

મૅજિસ્ટ્રેટે કહ્યું, "તે પત્ર અહીં નથી, જો તમને તેની જરૂર લાગતી હોય તો અરજી આપો."

તે પછી ગાંધીજીએ ઘણી જ શાંતિથી અને દૃઢતાથી પોતાની કૅફિયત અદાલતમાં વાંચી સંભળાવી. તેઓ કૅફિયત વાંચતા હતા તે વખતે આટલી ભીડમાં પણ મધ્યરાત્રિ જેવી સ્તબ્ધતા છવાઈ હતી. હજારો નેત્રો માત્ર ગાંધીજી તરફ જ વળેલાં હતાં. પ્રેક્ષકોના મોઢા પર પ્રેમ અને શ્રદ્ધાનાં ચિહ્નો સ્પષ્ટ જોઈ શકાતાં હતાં.

તેમની કૅફિયત નીચે પ્રમાણે હતી :

"હિંદી ફોજદારી કાયદાની ૧૪૪મી કલમ પ્રમાણે મને કરવામાં આવેલા હુકમનો અનાદર કરવાનું ઘણું ગંભીર પગલું મેં શા સારુ ભર્યું છે, તે સ્પષ્ટ કરવા ખાતર એક ટૂંકી કૅફિયત રજૂ કરવા હું અદાલતની પરવાનગી લઉં છું. મારી નમ્ર સમજ પ્રમાણે, સ્થાનિક અમલદારો અને મારી વચ્ચે આ એક મતભેદનો પ્રશ્ન છે. જનદયા તથા રાષ્ટ્રસેવાના એક-માત્ર ઉદ્દેશથી પ્રેરાઈને હું આ પ્રદેશમાં આવ્યો છું. અહીં આવી રૈયતને મદદ કરવા માટે મને આગ્રહપૂર્વક આમંત્રણ આપવામાં આવેલું અને તેનો મેં સ્વીકાર કરેલો. રૈયતનું કહેવું એમ છે કે, નીલવરો ન્યાયની રાહે વર્તતા નથી. પરિસ્થિતિનો પૂરો અભ્યાસ કર્યા સિવાય કોઈ પણ પ્રકારની મદદ કરવી અશક્ય હોવાથી, હું તેનો અભ્યાસ કરવા અહીં આવ્યો છું. બની શકે તો સરકાર તથા નીલવરોની મદદથી માહિતી મેળવવી એવો મારો ઇરાદો હતો. આ સિવાય અહીં આવવામાં મારો બીજો કોઈ હેતુ નહિ હોવાથી, મારા આવવાથી સાર્વજનિક શાન્તિનો ભંગ થશે અથવા ખુનામરકી થશે, એમ હું બિલકુલ માનતો નથી. હું દાવો કરી શકું છું કે, આવી બાબતોનો મને સારો અનુભવ છે. પરંતુ સ્થાનિક સરકારને તેમ નથી લાગતું. હું તેમની મુશ્કેલી બરોબર સમજી શકું છું. જે હકીકત તેમને મળે તે ઉપર જ તેઓ નિર્ણય કરે એ હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબૂલ કરું છું. કાયદાને યોગ્ય માન આપનારા એક પ્રજાજન તરીકે મારે આ હુકમને માન આપવું જોઈએ, એમ મને સ્વાભાવિક રીતે લાગવું જોઈએ. મને તેમ લાગ્યું પણ હતું. પણ જેમને માટે હું અહીં આવ્યો છું તેઓ પ્રત્યે મારું જે કર્તવ્ય છે તેનો ભંગ કર્યા સિવાય તે પ્રમાણે વર્તવું મારે માટે શક્ય નથી. મને લાગે છે કે, આ વેળાએ એ લોકોમાં રહીને જ હું તેમની સેવા કરી શકું. એટલે મારી મેળે અહીંથી જતા રહેવું એ મારાથી બની શકે તેમ ન હતું. આ ધર્મસંકટમાં હું તો એટલું જ કહી શકું કે, આ રૈયતથી મને દૂર કરવાની જોખમદારી હું સ્થાનિક સરકાર પર જ નાખું. આ દેશના જાહેર જીવનમાં મારા જેવા પ્રતિષ્ઠાવાળા માણસે લોકોની આગળ દાખલો બેસાડતા પહેલાં બહુ ખબરદારી રાખવી જોઈએ એમ હું બરાબર સમજું છું. જે જટિલ રાજશાસન પદ્ધતિના અમલ નીચે અમે રહીએ છીએ, તેમાં મારા પર આવી પડેલા આવા પ્રસંગમાં કોઈ પણ સ્વાભિમાની મનુષ્યને માટે સુરક્ષિત અને આબરૂનો માર્ગ મેં જે લીધો છે તે એક જ છે, અને તે એ કે, હુકમનો અનાદર કરી તેની શિક્ષા બિનતકરાર સહી લેવી. મેં આ માર્ગ લેવા નિશ્ચય કર્યો છે. કોર્ટ સમક્ષ આ કેફિયત મેં રજૂ કરી છે, તેનો ઉદ્દેશ એ નથી કે મને કમી શિક્ષા થાય. હું એટલું જ કહેવા માગું છું કે, કાયદેસર સત્તા પ્રત્યે મારો અનાદર હોવાથી મેં આ હુકમ અમાન્ય કર્યો છે એમ નથી, પરંતુ તેના કરતાં જેની ઉચ્ચ સત્તા છે એવા આત્માના આવાજને આધીન થઈને જ મેં આ પગલું લીધું છે."

કાયદાના દાવપેચ વિનાનો આવો સીધો ને સાદો એકરાર સાંભળી, અદાલત અને સરકારી વકીલો વિચારમાં પડી ગયા. આ સ્થળે એટલું કહેવું જોઈએ કે, ૧૪૪મી કલમનો ગાંધીજી સામે કરવામાં આવેલો ઉપયોગ તદ્દન અણઘટતો હતો. પ્રવીણ ધારાશાસ્ત્રીઓ એવો અભિપ્રાય ધરાવતા હતા કે, જો એ મુકદ્દમા વિષે કાયદેસર તકરાર ચાલી હોત તો સત્તાવાળાઓના હાથ જરૂર હેઠા પડત. ન્યાયાધીશે સજા આપવા ધારી હતી તે તો આપત જ, પણ એ મુકદ્દમો વડી અદાલતમાં જતાં અવશ્ય રદ જાત.

ગાંધીજીની આ કેફિયત સાંભળી મેજિસ્ટ્રેટ મૂંઝાયો. તે ગાંધીજીને પૂછવા લાગ્યો, "આપ ગુનો કબૂલ રાખો છો કે નહિ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજીએ ઉત્તર દીધો, "મારે જે કંઈ કહેવાનું હતું તે મેં મારી કેફિયતમાં કહી દીધું છે."

મેજિસ્ટ્રેટ કહે, "તેમાં ગુનાની ચોખ્ખી કબૂલાત નથી."

અંતે અદાલતનો વધુ વખત ન બગાડતાં ગાંધીજીએ કહ્યું કે, "હું મારો ગુનો કબૂલ કરું છું."

આથી મેજિસ્ટ્રેટ વધુ મૂંઝાયો. તેણે કહ્યું કે, "જો આપ હજી પણ આ જિલ્લો છોડી ચાલ્યા જતા હો અને ફરી ન આવવાની કબૂલાત આપતા હો, તો આ મુકદ્દમો પાછો ખેંચી લઈ એ."

ગાંધીજીએ જવાબ આપ્યો કે, "જેલમાંથી છૂટ્યા પછી પણ હું ચંપારણને જ મારું ઘર બનાવું." ન્યાયાધીશને આ બાબત વિચારવા જેવી લાગી. તેથી તેણે ત્રણ વાગ્યે ગાંધીજીને ફરી આવવાનું કહી વિદાય આપી. ત્રણ વાગ્યે ફરી ગાંધીજી અદાલતમાં ગયા. તે વખતે મેજિસ્ટ્રેટે તેમને કહ્યું, તા. "૨૧મીએ હું તમને ફેંસલો સંભળાવીશ. ત્યાં સુધી તમે રૂપિયા ૧૦૦ ના જામીન પર છૂટા રહી શકો છો."

ગાંધીજીએ કહ્યું કે, "મારે કોઈ પણ જામીન નથી, અને મારાથી એવી જામીનગીરી આપી પણ ન શકાય." મેજિસ્ટ્રેટે તેમની જાતના મુચરકા લઈ જવાની રજા આપી. ગાંધીજીએ નક્કી કર્યું કે, આ બાબત છેવટનો નિર્ણય ન આવે ત્યાં સુધી કંઈ પણ ચળવળ ન ચલાવવી.

સરકારે છેવટે નમતું જોખ્યું

મિ. એન્ડ્રૂઝ ગાંધીજી પાસે આવી પહોંચ્યા. તેમને ફીઝી જવું હતું. રૈયતે તેમને ગોરા જાણી નીલવરો જોડે તેમને સારું ફાવશે એમ માની તેમને રોકવાનો પ્રયત્ન કર્યો. પણ આખરે ગાંધીજીની સમજાવટથી રૈયતે તેમને રજા આપી.

મિ. એન્ડ્રૂઝ જિલ્લા કલેક્ટરને મળ્યા. ત્યાં સરકાર ગાંધીજી સામેનો મુકદ્દમો પાછો ખેંચી લેશે અને તેમને તપાસમાં મદદ આપશે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વાત તેમના જાણવામાં આવી. તે જ સાંજે સરકારે મુકદ્દમો પાછો ખેંચી લીધો છે એવા સત્તાવાર સમાચાર મળ્યા. પત્રકારોએ ગાંધીજી પર મુકદ્દમો ચલાવવા બદલ કમિશનર વગેરેની ઝાટકણી કાઢી. પણ પાછળથી જ્યારે મુકદ્દમો પાછો ખેંચાયાના સમાચાર તેઓને મળ્યા, ત્યારે સરકારની તેઓએ સારી પ્રશંસા કરી.

ત્યાર બાદ ગાંધીજી જુદાં જુદાં ગામડાંઓમાં ફરવા લાગ્યા, અને લોકોની જુબાનીઓ લેવાનું કામ જોસભેર ચાલવા માંડ્યું.

તપાસ અર્થે ગાંધીજી બેતિયા જવા નીકળ્યા. રસ્તામાં સ્ટેશને સ્ટેશને ફૂલની વૃષ્ટિ થવા લાગી અને મહાત્માજીની જય પોકારાઈ. લોકો એવડી મોટી સંખ્યામાં હાજર હતા કે ગાડીને પ્લેટફોર્મમાં દાખલ થવું ભારે થઈ પડતું. આ લોકોમાં મોટો ભાગ એવો હતો કે જેણે મહાત્મા ગાંધીજીનું નામ પણ પૂર્વે નહિ સાંભળ્યું હોય, છતાં આ લોકો પોતાના અંતરની ભક્તિ અને શ્રદ્ધાથી આટલે દૂર ખેંચાઈ આવ્યા હતા.

તા. ૨૩મીએ તેઓ બેતિયાના મૅજિસ્ટ્રેટ અને રાજ્યના મૅનેજરને મળ્યા. ઉપરાંત રૈયતની જુબાનીઓ લખવાનું તો ચાલુ હતું. બાબુ વ્રજકિશોરપ્રસાદ, રામનવમીપ્રસાદ, રાજકુમાર શુક્લ, બાબુ રાજેન્દ્રપ્રસાદ વગેરે બિહારના આગેવાનો તેમની જોડે કાર્ય કરવામાં હતા.

તા. ૧લીએ મોતીહારીમાં નીલવરોની એક સભા મળવાની હતી, તેમાં ઘણા આગેવાન નીલવરો એકઠા થવાના હતા. તેમણે મહાત્માજીને ખાસ મળવા બોલાવ્યા હતા. આ સભામાં મહાત્મા ગાંધીજી સાથે તેઓને જે ચર્ચા થયેલી, તેમાં નીલવરો નિરાશ થયા હશે અને તેથી સરકારની સહાય માગવા સિવાય બીજો ઇલાજ તેમને નહિ સૂઝ્યો હોય. આમ નીલવરોના સાંધા તો આટલેથી જ ઢીલા થઈ ગયા હતા.

તા. ૧૦મીએ ગાંધીજી મિ. મૉડને મળ્યા. તેણે ઘણા અમલદારોને મળી લીધું હતું. તે અમલદારોએ ગાંધીજી જોડે કામ કરનાર વકીલોની તેની આગળ નિંદા કરી હતી, તેથી મિ. મૉડે ગાંધીજીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના વકીલોને છોડી દેવાનું કહ્યું. પણ ગાંધીજીને પોતાના વકીલ-સાથીઓ પ્રત્યે પૂર્ણ વિશ્વાસ હોવાથી તેમણે તેમ કરવાની ના પાડી. બે કલાકની વાતચીત પછી તેઓ એવા નિર્ણય પર આવ્યા કે, ગાંધીજીએ ચંપારણ સંબંધી એક રિપોર્ટ તૈયાર કરી સરકારને આપવો.

મહાત્માજીએ તૈયાર કરેલો રિપોર્ટ

તેમણે પોતાનો રિપોર્ટ તૈયાર કરવાનું શરૂ કર્યું. રિપોર્ટમાં પ્રથમ તો પોતાના વકીલ-મિત્ર - જે અવિશ્વાસ અમલદારોનો હતો, તેનો વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, મારા મિત્રો પણ મારા જેવા જ છે, તેથી તેમના પર અવિશ્વાસ લાવવાની જરાયે જરૂર નથી. પોતાના મૂળ વિષય વિષે તેમણે લખ્યું કે, મેં રૈયતના ૪૦૦૦ માણસોની જુબાનીઓ લીધી છે, અનેક ગામડાંઓમાં હું ફર્યો છું અને ત્યાંની સ્થિતિ જોઈ છે. અદાલતના ફેંસલાઓનો પણ મેં અભ્યાસ કર્યો છે અને આ બધી તપાસને અંતે મેં નીચેનો રિપોર્ટ તૈયાર કર્યો છે:

૧. ચંપારણ જિલ્લાની ખેડીઓના બે વિભાગ પાડી શકાય: (૧) ગળીના વાવેતર વિનાની ખેડીઓ; (૨) અને ગળીની ખેડીઓ.

૨. જે ખેડીવાળાઓ ગળીનું વાવેતર કરાવતા નથી, તેમણે રૈયત પાસેથી મહેસૂલની રકમ જેટલો જ અસબાબ કે બીજો કોઈ કર ઉઘરાવ્યો છે. આ કર જોકે ગેરકાયદેસર જાહેર થયો છે, છતાં તે ઉઘરાવવો હજી બંધ પડ્યો નથી.

૩. ગાડાં અને હળ વેઠે જોડવાના કરાર રૈયત પાસેથી જબરદસ્તીથી લખાવી લેવામાં આવ્યા છે. તે બદલ મજૂરી માત્ર નામની જ મળે છે. કુમળાં બાળકોને પણ જોરજુલમથી વેઠે પકડવામાં આવે છે.

જેમણે ખેડીવાળાને તાબે થવાની ના પાડી છે તેમના, પાછળથી દંડ વસૂલ કર્યા છે, તેમનાં ઢોરને ગોચરમાં ચરતાં અટકાવ્યાં છે, તેમનાં બૈરાંઓને ગામના કૂવામાંથી પાણી ભરતાં બાળ્યાં છે; ગામના કુંભાર, હજામ, ધોબી, સુતાર, લુહારને તેમનાં કામ કરતા અટકાવ્યા છે; તેમને માર મારી અંધારી કોટડીમાં પૂર્યા છે. રૈયતને, પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરજી મુજબ દબાવવા માટે ફોડીવાળાઓએ દેશના કાયદાઓનો દુરુપયોગ કર્યો છે, અને કેટલીક વાર તો કાયદાને કોરે મૂકી મનમાન્યું વર્તન ચલાવ્યું છે. આ બધાંનું ફળ એ આવ્યું છે કે, અહીંના જેવી દુર્દશા અને લાચારી મેં હિંદુસ્તાનના કોઈ પણ ભાગમાં જોઈ નથી. આ બધા અન્યાયો બે પ્રકારના છે: જે અન્યાયો થઈ ચૂક્યા છે તે, અને જે અન્યાયો હજી ચાલુ છે તે. જે અન્યાયો હજી પણ ચાલુ છે તે તો અટકાવવા જોઈએ, અને જે કરો વગરફોગટના વસૂલ થાય છે તે પણ બંધ થવા જોઈએ.

અંતમાં હું એટલું જ કહેવા માગું છું કે, આ હકીકત લખી ફોડીવાળાના હૃદયને દુભાવવાનો મારો જરાયે ઉદ્દેશ નથી. તેઓ જે અન્યાયી નીતિથી રૈયતને પીડી રહ્યા છે, તેમાંથી જેમ અને તેમ જલદી રૈયતને છોડાવવી જોઈએ, એમ હું માનું છું.

આ વિષે સરકારને જ્યારે મારી હાજરીની જરૂર પડે ત્યારે તેની સેવામાં હું હાજર છું.

આપનો વફાદાર
એમ. કે. ગાંધી

તપાસપંચે કાઢેલો તોડ

ગાંધીજીના આ રિપોર્ટથી નીલવરોના તો હાંજા જ ગગડી ગયા, અને તેઓ ગાંધીજીના માર્ગમાં અનેક અંતરાયો નાખવા લાગ્યા. બીજી બાજુએ સૈકાઓ થયાં દુઃખના ડુંગર નીચે દબાયેલી પ્રજાના દિલમાં ગાંધીજીનાં સાહસ, નિર્ભયતા અને હિંમતે નવું જ જોમ પ્રગટાવ્યું હતું.

જ્યાં પહેલાં પ્રજાની દાદ કોઈ સાંભળતું જ ન હતું, જે ગોરા સાહેબો તેના વિષે કશો પણ વિચાર જ નહોતા કરતા, ત્યાં તે જ ગોરા સાહેબોએ સરકારને પંચ નીમી ઝઘડાનો તોડ લાવવાની અરજી કરી. એટલામાં બિહારની સરકારે ગાંધીજીને મળવા બોલાવ્યા. પ્રાંતના ગવર્નરે પણ તેમને આમંત્રણ મોકલ્યું. ગાંધીજી તેમને મળવા રાંચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયા અને બિહારની સરકાર તથા ગવર્નર જોડે ચંપારણ વિષે ઘણી ચર્ચાઓ અને વાતો કરી. આખરે બધાએ મળી તે ઝઘડાનો અંત લાવવા પંચ નીમવાનો ઠરાવ કર્યો. આ પંચમાં મહાત્માજીને પણ લેવા એમ નક્કી થયું. તે વખતે પણ કેટલાંક પત્રોએ ગાંધીજીને આ પંચમાં લેવા બદલ સરકારની ભારે ટીકાઓ કરી અને કેટલાંક પત્રોએ તે બહુ સારું થયું છે એમ જાહેર કર્યું.

પંચે પોતાની કાર્યવાહી શરૂ કરી. અનેક માણસોની જુબાનીઓ લીધી. રૈયતની ખરી સ્થિતિ જોવા ઠેકઠેકાણે તેઓ ગયા; અનેક ગોરા અમલદારોને પણ મળ્યા, અને પ્રજાની પણ ફરિયાદો સાંભળી. ત્યાર પછી તેમણે એક રિપોર્ટ તૈયાર કર્યો, જેમાંની મુખ્ય મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે :

૧. ગળીના યા બીજા પાક માટે જે તીનકઠિયા પદ્ધતિનો આશરો લેવામાં આવે છે તે સંપૂર્ણ રદ કરવી.

૨. મહેસૂલ ઉપરાંત બીજા કોઈ પણ જાતના કર વસૂલ કરવા નહીં.

૩. રૈયતના માણસોનો દંડ કરવો ગેરકાયદેસર ગણાશે.

૪. રૈયત મજૂરી કરવાની બાબતમાં સંપૂર્ણ સ્વતંત્ર રહેશે.

ઉપર કહેલ રિપોર્ટ ઉપર પણ ઘણાં અંગ્રેજપત્રોએ સખત ટીકા કરી. આખરે એ રિપોર્ટ બિહાર ધારાસભામાં રજૂ કરવામાં આવ્યો અને તેના પર ઘણીયે ચર્ચાઓ થઈ. છેવટે એ જ રિપોર્ટના આધારે તે જ બેઠકમાં ચંપારણ એગ્રેરિયન એક્ટ નામનો કાયદો કરવામાં આવ્યો. એ કાયદાની મુખ્ય કલમો નીચે પ્રમાણે હતી:

૧. જો માલેક અને રૈયત વચ્ચે એવો કરાર થાય કે જેથી રૈયતને પોતાના માલેકની ખાતર પોતાના ખેતરમાં અમુક પ્રકારનો જ પાક પકાવવો પડે, તો તે કરાર રદ ગણવો.

૨. ખેડૂતોના ખાતામાં સુધારા કરવા સરકાર એક ખાસ અમલદાર નીમશે અને તે અમલદારનો હુકમ છેવટનો ગણાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ કાયદાના પ્રતાપે ચંપારણમાંથી તીનકઠિયાનો લોપ થયો અને ઈયત કોઠીવાળાઓના દબાણથી મુક્ત થઈ. આ આખતના ઝઘડા અદાલતમાં ન જાય એવી પણ વ્યવસ્થા કરવામાં આવી.

વરસોનાં વરસો સુધી દુઃખ ખમ્યા પછી આ કાનૂનના પ્રતાપે ચંપારણની પ્રજા છુટકારાનો દમ ખેંચી શકી.

ઉપસંહાર

દક્ષિણ આફ્રિકામાંથી આવ્યા પછી મહાત્માજીએ આ પહેલવહેલી લડત ચલાવી, અને ઈશ્વરકૃપાથી તેમાં વિજય મેળવ્યો, અને ભારતવાસીઓને દેશોદ્ધારનો એક નવો જ માર્ગ બતાવ્યો.

ચંપારણની લડત તો પૂરી થઈ, પણ ગાંધીજીએ ચંપારણમાં રહી પોતાની હાજરીથી જે અસર કરી, તે તો એ લડતથી પણ વધારે કીમતી હતી. ચંપારણની લડત પછી હિંદુસ્તાનમાં એક નવો જ યુગ પ્રવર્ત્યો. ચોમેર નવીન ઉત્સાહ અને નવી જાગૃતિના ધબકારા સંભળાવા લાગ્યા. હિંદુસ્તાનના સ્વરાજનું પહેલું બીજ ચંપારણમાં રોપાયું. હજી તેને શાખાપ્રશાખા કે ફળફૂલ નથી આવ્યાં, પણ કાળક્રમે એ બીજ મહાન વૃક્ષરૂપે પરિણમી સારા ભારતવર્ષને શોભાવશે. પ્રબળ સત્તાધિકારી સરકારી અમલદારોના આશ્રયવાળા; વિદ્યા, બુદ્ધિ અને લાગવગમાં જેમની તુલના ન થઈ શકે એવા નીલવરોના સાઠ સાઠ વરસોના જુલમો નીચે રિબાતી ચંપારણની દીન, દુઃખી અને પામર પ્રજા ગૌરવયુક્ત વિજય પ્રાપ્ત કરે તેને સ્વરાજ્યની ઉષા સિવાય બીજું શું નામ આપી શકાય ? ચંપારણનો વિજય એ હિંદી પ્રજાની સ્વરાજ્યની જ લડતનો વિજય છે.

મહાત્માજી કહે છે કે, પ્રજાનાં બધાં દુઃખોનું મૂળ તેમની અજ્ઞાનતા છે; જ્યાં સુધી પ્રજા પોતે માનસિક ઉન્નતિ પ્રાપ્ત ન કરે, ત્યાં સુધી બહારની કોઈ શક્તિ તેનો ઉદ્ધાર ન કરી શકે.

ચંપારણની પ્રજા બહુ જ પામર હતી. મહાત્માજી કહેતા કે, ઉપલક દુઃખો ટાળવાનો આપણે પ્રયત્ન કરીએ, પણ એ રીતે પ્રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની મુક્તિ કાયમ નહિ નિભાવી શકે; એક યા બીજી રીતે પાછી તે પરાધીનતાના પંન્નમાં સપડાઈ જવાની. મહાત્માજીના ચંપારણવાસથી ત્યાંની પ્રજામાં સ્વતંત્રતા અને નિર્ભયતા આવી હતી, તેમની રહેણી-કરણીમાં સુધારો થયો હતો, પણ હજુ જોઈએ તેટલી તે ઊંચે આવી ન હતી. મહાત્માજીએ નિશ્ચય કર્યો કે, આ લોકો પરના જુલમો ઓછા કરાવવામાત્રથી દહાડો નહિ વળે; તેમને કેળવવા માટે પણ તેટલો જ ભગીરથ પ્રયત્ન કરવો જોઈએ. પાછળથી પોતાની મદદમાં જુદે જુદે સ્થળેથી તેમણે આદર્શ સ્વયંસેવકોને બોલાવેલા. ગુજરાતમાંથી તે વખતે શ્રી મહાદેવભાઈ દેસાઈ, શ્રી નરહરિભાઈ, વ્રજલાલ રૂપાણી, છોટાલાલ જૈન, દેવદાસ ગાંધી, સુરેન્દ્રજી વગેરે ગયેલા. બહેનોમાં પૂ. કસ્તૂરબા, દુર્ગાબહેન દેસાઈ તથા મણિબહેન પરીખ ગયેલાં. આ સ્વયંસેવકોની મદદથી ચંપારણ જિલ્લામાં તેમણે કેટલીક શાળાઓની સ્થાપના કરી, બાળકોને ઉપયોગી કેળવણી આપવા લાગ્યા, અને ઉંમર લાયક માણસોને પણ આરોગ્ય વગેરે વિષેનું જ્ઞાન આપવા લાગ્યા. આમ તે પ્રજાનો દરેકે દરેક માણસ, સ્ત્રી અને બાળકોની ઉન્નતિ થાય તે માટે તેમણે સતત પરિશ્રમ કર્યો..

આત્મારામ મેઘજી પંડિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

પ્રજાબળનો પરચો*

[ખેડાનો સત્યાગ્રહ]

ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ તપાસતાં વલભી સમયમાં, એટલે ઈ. સ. ૫૦૦ની આસપાસમાં, વલભી દાનપત્રોને આધારે ખેડા જિલ્લાનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. ત્યારથી ગુજરાત ઉપર હકૂમત ધરાવતા ચાલુક્ય અને ચાવડા વંશના રાજાઓના લેખો અને તામ્રપત્રોમાં તથા. વિ. સં. ૮૦૨થી ૯૯૮ સુધીના રાષ્ટ્રકૂટો અને પ્રતિહારોના અમલ દરમિયાન અને વિ. સં. ૧૩૫૬ સુધીના સોલંકી સમયમાં ખેડા, ખોરસદ અને કપડવંજ ઉપર રાજપૂત રાજાઓના રાજ્યઅમલ વિષે અનેક પ્રમાણો મળી આવે છે. ઈ. સ. ૧૩૦૦ના અરસામાં દિલ્હીના મુસલમાન બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીએ કરણ વાઘેલા ઉપર ચડાઈ કરી ગુજરાત સર કર્યું. ત્યારથી ગુજરાત ઉપર મુસલમાન રાજસત્તા સ્થપાઈ. ઈ. સ. ૧૩૦૪થી ૧૪૦૩ સુધી ગુજરાતમાં દિલ્હીના બાદશાહો તરફથી તેમના સૂબાઓએ અમલ કર્યો. ત્યાર બાદ ૧૫૭૩ સુધી, મોગલ બાદશાહ અકબરે ગુજરાત ઉપર પોતાની રાજસત્તા જમાવી ત્યાં સુધી, મુસલમાન સુલતાનોએ ગુજરાત ઉપર સ્વતંત્ર અમલ કર્યો. ઈ. સ. ૧૭૨૦થી ૧૭૫૦ ખેડા જિલ્લો મરાઠા અને મુસલમાન સૂબાઓ વચ્ચે ઝઘડાનું ક્ષેત્ર બન્યો હતો. ત્યાર બાદ દસ વરસ આ જિલ્લો મુસલમાન બાબીઓના હાથમાં રહ્યો. અને તેમની પાસેથી ૧૭૫૩માં મરાઠાઓએ અમદાવાદ જીત્યું ત્યારે ખેડા જિલ્લો ગાયકવાડ અને પેશ્વાઓએ વહેંચી લીધો. તેમની પાસેથી

---

* તા. ૨૫-૯-'૩૭ને રોજ ગૂજરાત વિદ્યાપીઠમાં આપેલું ભાષણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૮૧૭માં આ જિલ્લાને અંગ્રેજ સરકારે પોતાની હકૂમતમાં લઈ, તે ઉપર પોતાનો રાજઅમલ જમાવ્યો.

ગુજરાત હિંદુસ્તાનનો બગીચો ગણાય છે. તેમાં વળી ચરોતરનો પ્રદેશ ફળદ્રુપ અને રસાળ છે. ખેડા જિલ્લાના સાત તાલુકાઓ પૈકી આણંદ, બોરસદ અને નડિયાદ તાલુકાનો ચરોતરમાં સમાસ થાય છે. બાકીના કપડવંજ, કાસરા, મહેમદાવાદ અને માતર એ ચાર તાલુકા મળી કુલ સાત તાલુકાઓ ખેડા જિલ્લામાં આવેલા છે.

ખેડા જિલ્લાનું ક્ષેત્રફળ ૧૬૦૮ ચોરસ માઈલ છે. તેની વસ્તી આઠ લાખ, ચાર હજાર આઠસો માણસની છે. જિલ્લાની એકંદર સરકારી ઊપજ રૂા. ૫૩,૪૦,૦૦૦ ની છે; તે પૈકી જમીનમહેસૂલ રૂા. ૨૨,૮૧,૦૦૦ છે.

ચરોતરમાં ગણાતા આણંદ, બોરસદ અને નડિયાદ તાલુકાની તમાકુ એકલા હિંદુસ્તાનમાં નહિ પણ દૂર દેશાવરોમાં વખણાય છે. કપડવંજ અને કાસરામાં કપાસ અને મગફળીના મુખ્ય પાક છે. આ સિવાય મુખ્યત્વે કરીને બાજરી, બાવટો, જુવાર, કોદરા અને ડાંગર પાકે છે.

મુસલમાની રાજ્ય દરમિયાન મહમદ બાદશાહે મહેમદાવાદ વસાવી ત્યાં ગુજરાતની રાજધાની સ્થાપી હતી. તે સમયનાં બોંયરાં, જૂનાં બંડેરો અને ભમરિયો કૂવો જોવા લાયક છે. તે જ તાલુકાનું બીજું મુખ્ય ગામ ખેડા સેદી અને વાત્રક નદીના સંગમ ઉપર આવેલું છે. ખેડા અસલી ગામ છે. ગાયકવાડી રાજઅમલમાં જિલ્લાનો સૂબો ત્યાં રહેતો હતો. હાલમાં પણ જિલ્લાનું સરકારી મથક ત્યાં જ છે; જોકે નડિયાદ જિલ્લાની મધ્યમાં આવેલું હોવાથી અને વેપાર તેમ જ જનગૃતિમાં સૌથી આગળપડતું છે, તેથી હાલ તે જિલ્લાનું કેન્દ્રસ્થાન છે.

કેટલાંક વર્ષોથી ખેડા જિલ્લો પાકની નિષ્ફળતા, દુકાળ, ચેપી અને ઝેરી રોગો તથા ખેતીવાડીનાં સામાન્ય સંકટોથી પીડાતો હતો. ગુજરાતમાં છપ્પનિયાનો દુકાળ જાણીતો છે. તે વર્ષોમાં સેંકડો માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હજારો ઢોર આ જિલ્લામાં ભૂખે મરી ગયાં. ત્યાર પછી નબળાં વરસ આવવા લાગ્યાં. એટલે ખેડૂતોની સ્થિતિ બગડવા લાગી. છપ્પનિયા પછી કંઈક ઓછો આકરો દુકાળ અડસઠની સાલમાં પડ્યો. તે વર્ષે માણસો કરતાં ઢોરની પાયમાલી વધારે થઈ અને ખેડૂતોને માથે દેવાં ચઢી ગયાં. આ પહેલાં અને પછી વરસાદની ઊણપ અને અનિયમિતતાને લીધે ખેતી નબળી પડવા લાગી. ૧૯૧૪માં લડાઈ શરૂ થઈ, તે પછી મોંઘવારી વધી ગઈ. તેથી એક રીતે ખેડૂતોને ફાયદો થયો : પાકની કમીના ભાવથી કંઈક પુરાતી. પણ બીજી બાજુએ જિંદગીમાં હાડમારી ઘણી વધી ગઈ. કાપડ, કેરોસીન, વગેરે વસ્તુઓ તથા બહારથી લાવવાં પડતાં અનાજની મોંઘવારી સાલતી. આ હકીકત ધ્યાનમાં રાખી હવે આપણે લડતના ઇતિહાસમાં ઊતરીએ.

લડતનો આરંભ

ગુજરાતમાં એટલે કે ખેડા જિલ્લામાં સાધારણ રીતે ૨૫ થી ૩૦ ઇંચ વરસાદ પડે છે. પણ સંવત ૧૯૭૩ના ચોમાસામાં તો ૭૦ ઇંચ વરસાદ પડ્યો. પરિણામે ચોમાસુ પાક નિષ્ફળ નીવડ્યો. આગોતર વાવેતરનાં ડૂંડાંમાં અનાજના કણ ભરાયા; પણ વરસાદનો સતત મારથી ડૂંડાં અને રાડાં કોહી ગયાં. પરિણામે આ મહેનત નિષ્ફળ ગઈ. વરસાદ લગભગ દશેરા સુધી ધોધમાર પડ્યાં જ કર્યો. એટલે બીજી વખત વાવેતર થઈ શકયું નહિ.

ખેડૂતોના કમભાગ્યની કહાણી આટલેથી જ ન અટકી, પણ ભારે વરસાદના નુકસાન છતાં પણ જે કંઈ થોડોઘણો છૂટોછવાયો પાક ઊભો હતો, તેમાં અનેક પ્રકારના રોગ પડ્યા અને ખેતરોમાં ભૂરા ઉંદરના ઉપદ્રવે પાકનો સમૂળગો અંત આણ્યો.

આવા સંજોગોમાં ખેડૂતોને રાહત કેમ મળે તે પ્રશ્ન ઊભો થયો. સાધારણ રિવાજ પ્રમાણે વરસાદ ન હોય ત્યારે સરકારની આંખ ઊઘડે; તેમ લોકો પણ જાણે કે, દુકાળમાં સરકાર રાહત આપવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધાયેલી છે. પણ આ વખતે ઊલટું હતું; એટલે સરકારને રાહત આપવાનું તેમ જ પ્રજાને રાહત માગવાનું સૂઝે તેમ ન હતું. આ સમયમાં 'હોમરૂલ'નો પવન વાતો હતો. સાથે સાથે 'મોન્ટેગ્યુ પિટીશન' — એટલે હિંદી મહાસભા અને મુસ્લિમ લીગે લખનૌમાં ૧૯૧૬માં સુધારાની જે યોજના તૈયાર કરી હતી તે અમલમાં મૂકવાની અરજી ઉપર મહાત્મા ગાંધીજીની સૂચનાથી સહીઓ લેવાનું કામ ચાલતું હતું. અને ગુજરાત સભાના ઉત્સાહી સભાસદોનાં પ્રતિનિધિમંડળો ઊંઘતી પ્રજાને જાગ્રત કરવા ગામેગામ ફરતાં હતાં. પ્રજા કાંઈક જાગ્રત થઈ, પણ ઊંઘનું ઘેન હજી ઊતરેલું. આ લડતની શરૂઆત તેવા સમયમાં થઈ.

કઠલાલ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાનું પુરાતન ગામ છે. તે નાની પણ સુંદર સરિતાને કાંઠે આવેલું છે. ત્યાં બ્રાહ્મણ, પાટીદાર, વાણિયા, મુસલમાન, ધારાળા, ભાવસાર, અંત્યજ વગેરે કોમો વસે છે. ગામની કુલ વસ્તી ચાર હજાર ગણાય છે. હિંદનાં બીજાં ગામડાં માફક આ ગામ નિર્ધન થઈ ગયું છે, છતાં તેણે પોતાનું ગૌરવ ગુમાવ્યું નથી. પ્રજાજનનાં શરીર સુકાયાં છે, છતાં તેની અંદરનો આત્મા હજી લીલો અને તાજો છે.

એકંદરે અત્યારની દૃષ્ટિએ જોતાં ગામલોક અભણ અને પછાત કહેવાય; છતાં પણ રાજદ્વારી વિષયોમાં લડત કરનાર માણસોનો તેણે ઠીક ફાળો આપ્યો છે. એટલું જ નહિ, પણ પ્રત્યેક દેશોન્નતિના વિષયમાં તેઓ ભાગ લેતા આવ્યા છે. હોમરૂલની ચળવળની શરૂઆતમાં લીગની શાખા સ્થાપી, મિ. મોન્ટેગ્યુને કરવાની અરજી ઉપર સહીઓ કરી હતી. કોન્ગ્રેસ અને મુસ્લિમ લીગની સ્વરાજની માગણીનો સ્વીકાર કરી, મિ. મોન્ટેગ્યુના હિંદમાં આવવાના મુદ્દાઓનો અભ્યાસ કરી, તથા અલીભાઈઓ અને ઍની બિસેન્ટની નજરકેદ, યુરોપીય વિગ્રહ વગેરે વિષયોનો અભ્યાસ કરી અહીંના લોકો રાજકીય બાબતોમાં પોતાનું જિગર રેડી રહ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસતે વર્ષે

આવી જબ્બર પ્રજાને અતિવૃષ્ટિનું દુઃખ સાલ્યા વગર કેમ રહે ? સૌ કોઈ મુક્તિ અને રાહતનો માર્ગ શોધવામાં પડ્યા. કહેલાલ અને તેની આસપાસનાં ગામોના ખેડૂતોના પાકની તપાસ કેટલાક માણસોએ શરૂ કરી. જેને પૂછ્યું તેણે દુઃખની કહાણી દયામણે મોઢે હૃદયના ઊંડા દર્દથી વર્ણવી. તપાસ કરનાર મંડળ ઉપર આની ઊંડી અસર થઈ. તેમણે જમીનમહેસૂલની રાહતના નિયમો તપાસ્યા અને તેમાંથી એક મુદ્દો તારવ્યો કે, ચાર આનીથી ઓછો પાક થાય તો એક વરસ જમીન-મહેસૂલ મુલતવી રહે.

આ ઉપરથી એક અરજી ઘડવામાં આવી. તેમાં લખવામાં આવ્યું કે, આ વરસે એકંદર પાક ચાર આનીથી ઓછો હોવાથી સરકારે મહેસૂલ લેવાનું આ સાલ મોકૂફ રાખવું.

કહેલાલમાં બેસતા વર્ષને દિવસે આ અરજી લોકો સમક્ષ રજૂ કરી. અરજી સૌએ પસંદ કરી ને છપાવી ગામેગામ મોકલવામાં આવી. નડિયાદ હોમરૂલ લીગની મારફત ૬૮,૦૦૦ અને કહેલાલ મારફત ૪,૦૦૦ સહીઓવાળી અરજી ઈ. સ. ૧૯૧૭ના નવેમ્બરની ૨૦મીએ મુંબઈ સરકાર ઉપર રવાના કરવામાં આવી.

નડિયાદમાં તા. ૨૫મી નવેમ્બરના રોજ સંતરામના મંદિરમાં શ્રી ગોપાળદાસ વિહારીદાસ દેસાઈના પ્રમુખપણા નીચે જાહેરસભા બોલાવવામાં આવી. તેમાં ઠરાવ કર્યા કે, જિલ્લાના પ્રતિષ્ઠિત ગૃહસ્થોના પ્રતિનિધિમંડળને કલેક્ટર સાહેબ પાસે મોકલવું અને ના. ગોકુળદાસ પારેખ અને ના. વિઠ્ઠલભાઈ પટેલને ધારાસભામાં આ સવાલ ઉપાડી ખેડૂતોને રાહત અપાવવા પ્રયત્ન કરવા વિનંતિ કરવી.

બીજે દિવસે, એટલે તા. ૨૬મીના રોજ કહેલાલમાં એક સભા થઈ, તેમાં કલેક્ટર સાહેબ પાસે ડેપ્યુટેશન મોકલવાનો ઠરાવ પસાર થયો હતો. તે ઉપરથી કહેલાલ અને કપડવંજના છ આગેવાનો કપડવંજ મુકામે કલેક્ટરને મળ્યા. કલેક્ટર સાહેબે ચોમાસુ પાકની નિષ્ફળતા તથા શિયાળુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાકની આશા સંબંધે ખૂબ પૂછપરછ કરી. બાદ જણાવ્યું કે, હાલના સંજોગોમાં પાકની આનાવારી ચોક્કસ તૈયાર થયા બાદ ખેડૂતોને બને તેટલી રાહત આપવામાં આવશે. આ જ મીટિંગમાં થયેલા બીજા ઠરાવ અનુસાર ના. ગોકુળદાસ પારેખ અને ના. વિઠ્ઠલભાઈ પટેલને જિલ્લામાં પધારી અંગત માહિતી મેળવવા આ તાલુકા તરફથી આમંત્રણ કરવા શ્રી શંકરલાલ પરીખને મુંબઈ મોકલવામાં આવ્યા.

આ જ પ્રશ્નના સંબંધમાં નડિયાદમાં બીજી એક જાહેર સભા સંતરામના મંદિરમાં શ્રી ગોપાળદાસ વિહારીદાસ દેસાઈના પ્રમુખપણા નીચે તા. ૯મી ડિસેમ્બરના રોજ બોલાવવામાં આવી. તે પછી કહેલાલમાં મળેલી જાહેર સભામાં, મહેસૂલ ખાતા સિવાયના સરકારી અમલદારો પ્રજાના પ્રતિનિધિઓને સામેલ રાખી પાકની આનાવારી તૈયાર કરે એવો અને મહુડાં સંધરવાના પ્રતિબંધ કરતા આબકારી કાયદાની કલમ રદ કરવાનો, એવા બે મહત્ત્વના ઠરાવો પસાર થયા હતા.

મહાત્મા ગાંધીજી આ વિષયમાં શરૂઆતથી રસ લઈ રહ્યા હતા. વખોતોવખત અહીંથી તે ખબરો મંગાવતા અને યોગ્ય સલાહ આપ્યા કરતા. જોકે તેઓશ્રી ચંપારણના પ્રશ્નમાં પૂરેપૂરા ગૂંથાઈ રહ્યા હતા છતાં લખતા કે, "જે જે સભાઓ ભરાય તેમાં મર્યાદાનો ત્યાગ ન થાય, વાતો વિવેકપૂર્વક થાય, તેમ સહેજ પણ અતિશયોક્તિ ન થાય, એ તમારાથી જળવાય તેટલે દરજ્જે જાળવજો."

આ અરસામાં જિલ્લા કલેક્ટરે કપડવંજ તાલુકાના આનાવારી આંકડા મંગાવી જમીનમહેસૂલ વસૂલ કરવા તાકીદહુકમ કાઢ્યા છે અને કોઈ કોઈ ગામે સખ્તાઈના ઉપાયો લેવા માંડ્યા છે, એવી ખબરો આવવા લાગી. એ વિષેની ખાતરી કરવા માટે તા. ૩૧મી ડિસેમ્બર ૧૯૧૭ના રોજ કહેલાલ હોમરૂલ લીગે એક પ્રતિનિધિમંડળ મોકલ્યું. આ મંડળ પાકની તપાસ કરતું, ખેડૂતોનાં અનેક દુઃખો સાંભળતું, તોરણા, ભાટેરા, દૈયપ, બારસીદા અને કહાણા થઈ કહેલાલ પાછું ફર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સખતાઈનાં પગરણ

આ વખતે લગભગ આખા જિલ્લામાં પ્લેગનો ઉપદ્રવ હતો. લોકોનાં દુઃખની હદ ન હતી. પાક નિષ્ફળ ગયો હતો. મામલતદાર સાહેબે તલાટીઓને બોલાવીને ઘણાં ગામોના ચાર આની અંદરના આંકડા વધારાવી ચાર આની ઉપર કરાવ્યા હતા.

રસ્તામાં જ મંડળને એક મુસલમાન ખેડૂતે કહ્યું કે, 'ગામમાં તો કાળો કેર વર્તી રહ્યો છે. બે દિવસથી લોકોને ત્યાં રાંધ્યાં ધાન રહ્યાં છે. તલાટી માબાપ સિવાય બોલતો નથી. સ્ત્રીવર્ગની ઇજ્જતમાં નઠારી ગાળોનો વરસાદ વરસી રહ્યો છે. ઘર વેચો, ઘરેણું વેચો, જમીન વેચો, ઢોર વેચો, છેવટે બૈરીછોકરાં વેચો, પણ સરકારના પૈસા ભરો ! માબાપ, આવો અસહ્ય જુલમ ગુજરી રહ્યો છે.'

કહલાલના મંડળે પોતાની તપાસનો અહેવાલ મામલતદાર સાહેબને લખી મોકલ્યો અને વર્તમાનપત્રોમાં પ્રગટ કર્યો. અહેવાલમાં પ્રગટ થયેલી દૈયપના જુલમની ખબર વાંચી હિંદી સેવક સમાજના સભાસદ શ્રી અમૃતલાલ હક્કરે ફરી, જાતે તપાસ કરી, 'ટાઇમ્સ ઑફ ઇંડિયા'માં લંબાણથી વિગત પ્રગટ કરી.

આ બાબત ના. ગોકુળદાસ પારેખે ધારાસભામાં ચર્ચેલી, તેના જવાબમાં કમિશનર મિ. પ્રેટે જવાબ આપ્યો કે, 'ખેડા જિલ્લાના લોકો પોતાનાં દુઃખ ગાવામાં પાછી પાની નથી કરતા; અને હજી સુધી મેં આવી ફરિયાદ સાંભળી જ નથી.'

બારસીદાના એક મુસલમાન ખેડૂતને જમીનમહેસૂલ ભરવાની ખાતર પોતાની દસ વરસની કન્યાનું લગ્ન કરી જમાઈ પાસેથી પંદર રૂપિયા લેવા પડ્યા. તેની નાતના માણસોને પૂછ્યાથી ખાતરી થઈ કે, જો તેણે જમીનમહેસૂલ ભરવા સિવાય બીજા કારણસર રૂપિયા લીધા હોત તો તેને નાત બહાર મૂકવામાં આવત, કેમ કે તેમની નાતમાં દીકરીના પૈસા લેવાની સખત મનાઈ છે. આ ઉપરથી લાગે છે કે, જમીનમહેસૂલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભરવા માટે આ મુસલમાન ખેડૂતને આવું અધમ કામ માત્ર ચોથાઈ દંડમાંથી બચવાની ખાતર કરવું પડ્યું હતું.

એક તરફ પ્રજા અને આગેવાનો રાહત માટે મંથન કરતા હતા ત્યારે બીજી બાજુ કપડવંજના મામલતદારે એક સરકયુલર બહાર પાડ્યો, તેમાં જણાવવામાં આવ્યું હતું કે, કહલાલ હોમરૂલ લીગ તરફથી લોકોને સરકારધારો નહિ ભરવા બાબત જાહેર ભાષણો કરી, જાહેર-ખબરો વહેંચી, અગર માણસો મોકલી સમજાવવામાં આવે છે. તે માટે નીચેનો સરકયુલર ગામકામદારો માટે બહાર પાડવામાં આવે છે કે, સરકારધારો વસૂલ કરવા સંબંધી મે. કલેક્ટર સાહેબ બહાદુરનો હુકમ તમારા તરફ મોકલવામાં આવ્યો છે, તેથી તે વસૂલ કરવાનો આંકડો હવે નક્કી થયો છે તેમાં ફેરફાર થશે નહિ. જો ધારો ભરવામાં નહિ આવે તો સખતાઈના ઇલાજો લેવામાં આવશે, વગેરે.

ચાર મુદ્દા

આ બાબતમાં સમાયેલા મુદ્દાઓનું પૃથક્કરણ કરતાં નીચેના ચાર મુદ્દા તરી આવે છે :

(૧) પાકની આનાવારી તલાટી કાઢે તે ખરી, કે ખેતરે ખેતરે ફરી આગેવાન ખેડૂતો અને પ્રજાના આગેવાનો કાઢે તે ખરી ?

(૨) આ બંનેમાં મતભેદ પડે તો સરકાર પોતાના નોકરો અને પ્રજાના આગેવાનોનું પંચ નીમી તપાસ કરાવે કે કેમ ?

(૩) જે ખેડૂતોની કરોડોની જમીનમહેસૂલ ઉપર સરકાર પોતાનું રાજ્યતંત્ર ચલાવે છે તે ખેડૂતોની સાચી માગણી તે સ્વીકારે કે કેમ ?

(૪) પ્રજાના ખરા ટેક આગળ જબરદસ્ત સલ્તનત નમે કે કેમ ?

કહલાલની જાહેર સભામાં થયેલા ઠરાવ મુજબ શ્રી શંકરલાલ પરીખ મુંબઈ ગયા અને ત્યાં તેમણે ના. ગોકુળદાસ પારેખ અને ના. વિઠ્ઠલભાઈ પટેલને હકીકતથી વાકેફ કર્યા તથા ખેડા જિલ્લામાં આવી, પાક સંબંધી જાતે તપાસ કરવા વિનંતિ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને નામદારો સીધા કહલાલ પધાર્યા અને એક જાહેર સભા ભરી. તેમાં નડિયાદ, આણંદ, મહૂધા, ઉમરેઠ, કપડવંજ તેમ જ કહલાલની આસપાસનાં પાંત્રીસ ગામોના લોકો હાજર થયા.

ના. વિઠ્ઠલભાઈએ કહ્યું કે, 'અમે તમારી હાલની ખરી સ્થિતિનો અભ્યાસ કરી તમારાં દુઃખ સરકારને કાને પહોંચાડીશું. જ્યારે જ્યારે અમે પ્રજાનાં દુઃખ ટાળવા ધારાસભામાં પ્રયત્ન કરીએ છીએ ત્યારે ત્યારે અમારી બહુમતીના અભાવે અમારા હાથ હેઠા પડે છે. સરકારની રાજનીતિ એવી છે કે, નાનામાં નાનો સરકારી નોકર કહે તે ખરું અને અમે જાતે તપાસ કરી જે હકીકત રજૂ કરીએ તે ખોટી.' આ ભવિષ્યવાણી અક્ષરશઃ ખરી પડી. મહાત્મા ગાંધીજીએ ફેબ્રુઆરી માસની આખર તારીખોમાં વડથલ ગામના એકેએક ખેતરનું પાણીપત્રક તૈયાર કરી, આનાવારી કાઢી સરકાર પાસે રજૂ કરી, પણ અમલદારોએ તે આંકડા માન્ય રાખ્યા નહિ. ના. પારેખે જણાવ્યું, 'ગયે વરસે મહુડાંનો કાયદો ખેડા જિલ્લાને લાગુ પાડવામાં આવ્યો છે, તેથી ગરીબોના દુઃખમાં વધારો થયો છે.' આ વરસે તે કાયદાનો અમલ અને મહેસૂલ અટકાવવા પોતે જાતે પ્રયાસ કરશે એવી ખાતરી આપી અને તપાસ કરવા જિલ્લાનાં બીજાં કેટલાંક ગામોમાં ફર્યા.

આ પ્રમાણે અંગત માહિતી મેળવી અને નામદારો, જિલ્લાના આગેવાનોને સાથે લઈ તા. ૧૫મી ડિસેમ્બરના રોજ કલેક્ટરસાહેબને મળ્યા. અને ખેડૂતોએ દાદ માગવા જે માગણીઓ કરી છે, તેનું સમર્થન કર્યું. તેના ખુલાસામાં કલેક્ટરે કહ્યું કે, જે તાલુકાઓમાં હપતાની મુદત શરૂ થઈ ગઈ છે, છતાં લોકોએ મહેસૂલ ભરી નથી, તેઓના ઉપર છેવટના હુકમ નીકળતાં સુધી સખતાઈના ઇલાજો લેવામાં આવશે નહિ. આવી મીઠી પણ નિષ્ફળ ચર્ચા કરી પ્રતિનિધિમંડળ પાછું ફર્યું. કલેક્ટરના ના કહેવા છતાં કેટલાંક ગામોમાં સખતાઈનાં પગલાં લેવા માંડ્યાં, અને પાકની ફરી આંકણી કરી કેટલાંક ગામોની અડધી અને જૂજ ગામોની આખી મહેસૂલ મુલતવી રાખવાના હુકમો કલેક્ટરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તા. ૨૨મી ડિસેમ્બરે બહાર પાડ્યા હતા, છતાં મામલતદારોએ આપખુદ સત્તા બજાવી હુકમો દાબી રાખ્યા !

કલેકટરસાહેબના મહેસૂલ માટેના છેવટના હુકમો અમલદારોએ દાબી રાખ્યા અને તેની નકલો માગ્યા છતાં મળી નહિ. આથી પ્રજાની મૂંઝવણનો પાર ન રહ્યો. તે ઉપરથી ના. પારેખ અને ના. પટેલ મુંબઈના રેવન્યુ મેમ્બર મિ. કાર્માઈકલને મળ્યા. તેમાં પણ નિષ્ફળતા જ મળી.

લાલ ડોળા

ના. પારેખ–પટેલની મુલાકાતનો પ્રયાસ મિથ્યા જાય એમાં નવાઈ નહોતી, કેમ કે મુંબઈના રાજમહેલમાં અંદરખાને કોઈ બીજી જ રચના ઘડાઈ ચૂકી હતી, અને તે સરકારની તા. ૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ છાપા જોગી યાદી પ્રકટ થઈ તે હતી. આ યાદીમાં પ્રેટ સાહેબના ક્રોધનો આવેશ દેખાઈ આવતો હતો. આ અણચિંતવ્યા ધડાકાથી સૌ કોઈ ચકિત થઈ ગયા. પ્રજાને ન્યાય આપવાની, નિષ્પક્ષપાત તપાસ કરવાની કે લોકમતને માન આપવાની વાત તો દૂર રહી, પણ પ્રજાકીય સંસ્થાઓ અને આગેવાનોના પ્રયાસને તોછડી ભાષામાં ઉતારી પાડવા સરકારે લખાય તેટલું લખ્યું. અસહ્ય સંકટના સમયમાં સરકારને જિલ્લાની સ્થિતિ ધનવાન અને આબાદ માલૂમ પડી. પ્રજાના ન્યાય માગવાના પ્રયત્નને બહારના માણસોની ખોટી શિખવણીથી ઊભી કરેલી તોફાની હિલચાલ ગણી કાઢી. અત્યાર સુધીમાં જે કંઈ કર્યું છે તે પૂરતું છે, અને હવે વિશેષ કાંઈ કરવા સરકાર ધારતી નથી, એમ સરકારે સ્પષ્ટ જણાવી દીધું !

આવી પ્રેસનોટ પ્રગટ થયા બાદ બંને નામદારોએ હિંદ સેવક સમાજના સભાસદોને ખેડા મોકલવાની તજવીજ કરી. તેમણે સમાજના મુખ્ય સભાસદ શ્રી ગોપાલ-કૃષ્ણ દેવધર અને શ્રી નારાયણ મલ્હાર જોશીને આ વિષયમાં માહિતગાર કર્યા. શ્રીયુત અમૃતલાલ હકકર તો મૂળથી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામેલ થયા હતા. આ ત્રણેએ તપાસ કરી સરકારને નીચે મુજબ ભલામણ કરી :

(૧) અમારા માનવા પ્રમાણે લગભગ અધો પાક નિષ્ફળ ગયો છે. રવીપાક સારી સ્થિતિમાં ઊતરે ત્યાં સુધી માર્ચની આખર સુધી મહેસૂલ મુલતવી રાખવી.

(૨) અમારા ધારવા કરતાં આનાવારીના આંકડા વધારે ગણવામાં આવ્યા છે, તેથી ગામોનું મહેસૂલ અડધું મુલતવી રાખવું.

(૩) રૂપિયા ૧૦ની અંદરના તમામ ખાતેદારોની મહેસૂલ અડધી મુલતવી રાખવી.

(૪) કલમબંધી ગામોના જે ભાગને ખારી નદીના પૂરથી નુકસાન થયું છે તેને માફીપત્રકમાં વધારી દેવો અને તેનો દર માફ કરવો.

(૫) ખેડૂતોની દેવાદાર સ્થિતિમાં વધારો થતો અટકાવવાને તેમની સહકારી મંડળીઓમાં સરકારે એક લાખ રૂપિયા મૂડી તરીકે રોકવા.

આ માગણીઓ પણ સરકારે સ્વીકારી નહિ.

તા. ૬ઠ્ઠી જાન્યુઆરી સુધીમાં મુંબઈ સરકારને કરેલી અરજીનો કાંઈ પણ જવાબ આવ્યો નહિ. ગામોમાં સખતાઈના ઉપાયો લેવામાં આવે છે એવા ખેડા જિલ્લાના ખેડૂતોના કાગળો આવતા હતા. આ ઉપરથી ગુજરાત સભાએ મુંબઈ સરકારને તારથી ખબર આપી કે :

"ખેડા જિલ્લામાં જમીનમહેસૂલ મુલતવી રાખવા સંબંધે ગુજરાત સભાએ તા. ૧લીના રોજ કરેલી અરજીનો છેવટ નિકાલ થતાં દરમિયાન જમીનમહેસૂલ ઉઘરાવવાનું કામ ચાલુ ન રહે એવી ગુજરાત સભા નમ્રતાપૂર્વક અરજ કરે છે, કેમ કે સાંભળવા પ્રમાણે જમીનમહેસૂલ ઉઘરાવવામાં અણઘટતું દબાણ થાય છે."

આ ઉપરાંત પ્રજાની જાણ માટે નીચેની જાહેરાત પ્રસિદ્ધ કરી :

"ખેડા જિલ્લાનાં જુદાં જુદાં સ્થળો તરફથી પૂછવામાં આવે છે કે, વિદ્યોટી મુલતવી રહેવાથી હિલચાલ સંબંધી શું થયું. આ સંબંધમાં જણાવવાનું કે, મુંબઈ સરકાર તરફથી હજી સુધી જવાબ મળ્યો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી જ્યાં સુધી મુંબઈ સરકારનો છેવટનો ઠરાવ માલૂમ નથી પડયો ત્યાં સુધી જેઓને પાક મુદ્દલ ન પાકયો હોય તેમણે હાલ વાટ જોવી અને મહેસૂલ ભરવાનું મુલતવી રાખવું એ સલાહભરેલું છે."

'સ્વરાજની શુદ્ધ હિમાયત'

ગુજરાત સભાએ આ ઉપરાંત ઉત્તર વિભાગના કમિશનરને પ્રતિનિધિ મંડળના રૂપમાં મળવાનો ઠરાવ કર્યો. તે મુજબ તા. ૧૦મી જાન્યુઆરીના રોજ ગુજરાત સભાના પ્રતિષ્ઠિત સભાસદો કમિશનરને મળવા ગયા. પરંતુ તેણે ગુજરાત સભાના મંત્રીઓ સિવાય બીજા ગૃહસ્થોને મળવાનો ઇન્કાર કર્યો. આથી મંત્રીઓ પૈકી શ્રી કૃષ્ણલાલ દેસાઈ અને શ્રી ગણેશ વાસુદેવ માવલંકર કમિશનરની મુલાકાતે ગયા; પણ તેણે દાદ સાંભળવાને બદલે ઘણી તોછડાઈ બતાવી. આ બબર મહાત્માજીને બિહાર મોકલવામાં આવી. તેના જવાબમાં તેમણે લખ્યું હતું કે,

" કમિશનરે જ્યારે આખા ડેપ્યુટેશનને મળવાની ના કહી ત્યારે મંત્રીઓ પણ માનમાં રહી ન ગયા હોત તો વિશેષ સારું થાત. પ્રેટની ભૂલથી પ્રજાનું કામ સુધરી જશે. ગુજરાત સભાને તરછોડી કાઢવી હોય તો ભલે તેઓ તેમ કરે. તમારામાં શક્તિ હોય તો તમે નીડરપણે રૈયતને પડખે ઊભી વિદ્યોટી નહિ ભરવાની સલાહ આપજો. તેમ કરતાં તમે પકડાઈ જાઓ તો તમારું કાર્ય પૂરું થયું કહેવાય. પરિણામની દરકાર ન રાખો. આ સત્યાગ્રહ છે. એમાંથી જ સર્વ સ્વમાન મળવાનું એ નિશ્ચય છે. અત્યારે જ ન મળે એ સંભવિત છે. સત્યાગ્રહનો મહિમા પોતાની શક્તિ પ્રમાણે પ્રસંગ આવ્યે બતાવવો એ પરમ ધર્મ છે. આપણે ભયરહિત થઈ આપણું કર્તવ્ય કરીએ તો પ્રજાને અદ્‌ભુત પદાર્થપાઠ મળે. અમલદારવર્ગ ચિડાય એ તદ્દન સમજી શકાય એવું છે. પ્રજા ઊંઘમાંથી ઊઠે, તે એ લોકોને કેમ ગમે ? તમે બધા હિંમત નહિ તજો એવી ઉમેદ રાખું છું. આવે સમયે જો આપણે કર્તવ્ય-પરાયણતા પૂરેપૂરી બતાવીએ તો સ્વરાજની શુદ્ધ હિમાયત થઈ શકે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંધીજી આવ્યા

આવા કટોકટીના પ્રસંગે મહાત્મા ગાંધીજીની સલાહ ઉપયોગી થઈ પડે. તેથી તેઓ ચંપારણના કામમાંથી ફારગ થઈ થોડો વખત અહીં આવે એવી મતલબના ઉપરાઉપરી પત્રો લખવામાં આવ્યા. છેવટે તેમણે ગુજરાતમાં આવવાનો વિચાર કર્યો અને તા. ૪થી ફેબ્રુઆરીના રોજ મુંબઈ આવી પહોંચ્યા. તેઓશ્રીનો લાભ લેવા માટે તે જ દિવસે ત્યાં સાંજના મૂળજી જેઠા માર્કેટમાં એક જાહેર સભા બોલાવવામાં આવી. ત્યાં તેઓશ્રીએ ભાષણ આપતાં કહ્યું હતું કે :

"પ્રજા પાસે બે હથિયાર છે: યા તો બંડ કરવું અથવા તો સત્યાગ્રહ આદરવો. સત્યાગ્રહનો આશ્રય લઈ દુઃખ સહન કરી શુદ્ધ ન્યાય મેળવવા મારી ખાસ હિમાયત છે. તે જ ખરો ક્ષાત્રધર્મ છે. બ્રિટિશ સરકારને મારે આ હથિયારના આશ્રયથી ખાતરી કરી આપવી છે કે, પ્રજાને શુદ્ધ ન્યાય મળી રહે છે."

ગાંધીજી કમિશનર મિ. પ્રેટને મળ્યા. ત્યાર બાદ નડિયાદ આવી આગેવાનો અને સ્થાનિક કાર્યકર્તાઓની મુલાકાત લીધી. બીજે દિવસે એટલે કે તા. ૧૭મીએ તેઓ વડથલ ગામે ગયા અને શ્રીયુત વલ્લભભાઈને મહૂધાની સ્થિતિનો અભ્યાસ કરવા મોકલ્યા. વડથલ અને મહૂધાની સ્થિતિનો અભ્યાસ કરી બન્ને તે સાંજે નડિયાદ આવ્યા. બીજે દિવસે પોતે કહલાલ ગયા. આમ ગાંધીજી પોતે તથા બીજા સ્વયંસેવકો ચોક્કસ માહિતી મેળવવા ઘણાં ગામોમાં ફરી વળ્યા. એ તપાસ પૂરી થયા બાદ ગાંધીજીએ કલેક્ટર મિ. ઘોષાલને તા. ૨૬મી ફેબ્રુઆરીના કાગળમાં લખ્યું કે:

"મેં જાતે કરેલી તપાસ અને મારી સાથે કામ કરનાર ભાઈઓએ મેળવેલી હકીકત ઉપરથી મારી તો ચોક્કસ ખાતરી થઈ છે કે, પાક ચાર આનીથી કમી છે. છતાં તમને સંતોષ થતો ન હોય તો સરકારી અને પ્રજાકીય ગૃહસ્થોના પંચ મારફત તપાસ કરાવવાનો સમય હજી પણ વીતી ગયો નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સ્થિતિમાં પ્રજાને હરકોઈ રીતે રાહત અપાવવા પોતે તપાસની શરૂઆત કરી ત્યારથી તે અત્યાર સુધીમાં કલેક્ટર, કમિશનર અને ના. ગવર્નરસાહેબને સમજાવવા સંખ્યાબંધ કાગળો લખ્યા અને કેટલીયે મુલાકાતો લીધી પણ તેથી અમલદારોના મન ઉપર સહેજ પણ અસર થઈ નહિ.

આખરે ગાંધીજીએ અમલદારોને એક વધુ છેલ્લી તક આપી, અને મિ. પ્રેટને તા. ૨૦મી માર્ચના રોજ લખ્યું કે :

> "(સત્યાગ્રહનાં) પ્રતિજ્ઞાપત્રો જાહેરમાં બહાર પાડું અને સભાઓ ભરું તે પહેલાં તમને એક છેલ્લી વિનંતિ કરવાની તક લઉં છું કે, બીજા હપતાની રકમ આખા જિલ્લામાં મુલતવી રાખવાના હુકમો બહાર પાડવા. તેમાં જણાવવું કે, સનદિયા જમીન ધારણ કરનારાઓ મહેસૂલ પૂરેપૂરી ભરી દેશે એવી સરકાર આશા રાખે છે. આવા હુકમો બહાર પાડવા એ શું અશક્ય છે? આથી હાલના સંજોગોમાં, મારા માનવા મુજબ, આ રહેમદિલભરી રાહત મનાશે અને બળભળાટ શાન્ત પડશે."

આવી અનેક વિનંતિઓ છતાં પ્રેટસાહેબ એકના બે ન થયા. મહાત્માજીના પત્રના જવાબમાં તેઓ સાહેબે લખ્યું કે :

> "તમારા પત્રમાં કરેલી માગણી મુજબ જાહેર કરવાનું શક્ય નથી. અતિ સંભાળપૂર્વક તપાસ કર્યા પછી રાહત આપવી જોઈતી હતી, તે અપાઈ છે, અને તે પૂરતી છે. બાકી રહેલી રકમ ઉઘરાવવા માટે કલેક્ટરના હુકમો બહાર પડી ચૂક્યા છે."

ગાંધીજી લડતનો પાયો નાખે છે

આટલેથી સમાધાનીના સંદેશા અને અમલદારો સાથેની મસલતનો અંત આવ્યો અને સત્યાગ્રહની લડત શરૂ થઈ.

ગાંધીજીએ આજ સુધી ગુજરાત સભાના પ્રમુખ તરીકે અમલદારોને વીનવવામાં બાકી રાખ્યા નહિ, પણ અમલદારોએ પોતાની હઠ છોડી નહિ. આ સંજોગોમાં ખેડૂતોને સત્યાગ્રહ આદરવાની સલાહ આપવાનું ઉચિત જણાયાથી ખેડા જિલ્લાના ખેડૂતોની સભા નડિયાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકામે મોગલ કોટ પાસે દશા ખડાયતાની વાડીમાં તા. ૨૬મી માર્ચના રોજ સાંજે ૬ વાગ્યે બોલાવવામાં આવી.

સત્યાગ્રહની હાકલ

નડિયાદના વતની શ્રી ગોકુળદાસ દ્વારકાદાસ તલાટીએ પ્રમુખસ્થાન લીધા બાદ મહાત્માજીએ સત્યાગ્રહની લડતનો પાયો નાખતાં બેડા જિલ્લાના બેડૂતો પ્રત્યે નીચેના ઉદ્‌ગારો કાઢ્યા :

"જે પ્રસંગ માટે આપણે આજ મળ્યા છીએ તે એટલો તો કીમતી છે કે, તેની યાદગીરી આપણા મનમાં હંમેશને માટે રહેશે. સરકાર મહેસૂલ મુલતવી રાખે તે માટે કેટલાક માસથી આ જિલ્લામાં ચળવળ ચાલી રહી છે. વરસ ચાર આની કરતાં ઓછું ઊતર્યું છે અને તેથી ધારા પ્રમાણે મહેસૂલ મુલતવી રહેવી જોઈએ.

"ખરી રીતે તો પાક થાય તેમાંથી વિઘોટી ભરવાની છે. છતાં સરકાર કમાણુ કરી વિઘોટી લે એ અસહ્ય છે. સરકારનો કક્કો ખરો પડવો જ જોઈએ એવો આ દેશમાં નિયમ થઈ પડ્યો છે. લોકો ગમે તેટલા સાચા હોય છતાં સરકાર પોતાનું ધાર્યું કરે છે. આવી સ્થિતિમાં મારી એ સલાહ છે કે, સરકાર આપણી માગણી કબૂલ ન કરે તો આપણે સરકારને કહેવું જોઈએ કે, મહેસૂલ ભરવાના નથી અને તે માટે અમારે જે સહન કરવું પડે તે ભોગવવા તૈયાર છીએ. જે જે પ્રજાઓ ચઢી છે તે દુઃખ ભોગવ્યા પછી જ ચઢી શકી છે. આપણે માનવી છીએ, પશુ નથી. સત્યની ખાતર આગ્રહપૂર્વક ના કહેવી એનું નામ જ સત્યાગ્રહ.

"સત્યાગ્રહનો પાયો નાખી માંડવો રોપવા આજ આપણે ભેગા મળ્યા છીએ. આપણે સરકારને આપવું નથી, પણ ઝૂઝવું છે; અને તેમ કરતાં જે દુઃખ પડે તે સહન કરવા તૈયાર છીએ. આ હરાવ પ્રમાણે ચાલતાં આપણા ઉપર જે દુઃખ આવવાનું છે તેનો ખ્યાલ કરી લેવો જોઈએ:

(૧) સરકાર માલ વેચીને વિઘોટી વસૂલ કરે.

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ચોથાઈ દંડ લે.

(૩) સનદિયા જમીનો ખાલસા થાય.

(૪) લોકો દાંડાઈ કરે છે એમ કહી કેદમાં નાખે.

"દાંડાઈ શબ્દ સરકારનો છે અને તે મને બહુ અળખામણો લાગે છે. જે સાચું કહે તેને દાંડ કેમ કહેવાય? તે દાંડ નથી પણ બહાદુર છે.

"સત્યાગ્રહ ધારણ કરવાનું કામ ઘણું કઠણ છે; પણ તેને પાર ઉતારવો એ તેથી પણ વધારે કઠણ છે. લોકો પ્રતિજ્ઞા લઈને તોડે અને ઈશ્વરથી વિમુખ થાય એ મને અસહ્ય છે. તમે મને છેતરો કે ખોટી પ્રતિજ્ઞા લો ત્યારે મને અત્યન્ત દુઃખ થાય. અને દુઃખના આવેશમાં મારે કાંઈકે કરવું જ પડે; હું અનશનવ્રત લઉં. મને ઉપવાસથી દુઃખ નથી. પણ લોકો છેતરે એના કરતાં મને ઉપવાસથી ઓછું દુઃખ થાય છે. સત્યાગ્રહમાં પ્રતિજ્ઞા દરેક વસ્તુ કરતાં કીમતી છે અને તે જાળવવી જોઈએ. ઈશ્વરને નામે લીધેલી પ્રતિજ્ઞા તોડી શકાય જ નહિ; અને હજારો માણસોની પ્રતિજ્ઞા મારા ભોગે પળાતી હોય, તો આ દેહ જાય તોપણ ભલે. જેને લડવું છે તેણે દૃઢ નિશ્ચય કરવો જોઈએ. જે એમ કહે કે, બનતા સુધી અમે ટકી રહીશું, પરંતુ અત્યન્ત જુલમ થાય ત્યારે કહેવાય નહિ, તો તેથી મને દુઃખ નથી; પણ પ્રતિજ્ઞા તોડીને મને આઘાત કરે તેના કરતાં રાત્રે આવી મારી ગરદન કાપે એ ઠીક. મારી ગરદન કાપનારને માફ કરવા હું ઈશ્વરને કહું, પરંતુ પ્રતિજ્ઞા તોડી આઘાત કરનાર માટે હું માફી માગી શકું નહિ. આથી આપ સર્વ ભાઈઓને હું વિનયથી કહું છું કે, આ બાબતમાં જે નિર્ણય કરો તે સાવધ થઈને કરજો. પ્રતિજ્ઞા તોડનાર નથી દેશને કામના, નથી સરકારને કામના કે નથી ઈશ્વરને કામના."

ધર્મપ્રતિજ્ઞા

મહાત્માજીએ આટલેથી વ્યાખ્યાન સમાપ્ત કરી જુદા જુદા તાલુકાઓમાંથી આવેલા ખેડૂતોમાંથી કેટલા પ્રતિજ્ઞા લેવા તૈયાર છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણવા સોગનપૂર્વક હાથ ઊંચા કરાવ્યા. આમ લાગલગાટ ત્રણ વખત પૂછતાં ચાર હજાર શ્રોતાઓમાંથી સો કરતાં વધારે આસામીઓ પ્રતિજ્ઞા લેવા માટે તૈયાર છે એમ જણાયું.

પ્રતિજ્ઞાપત્ર આ પ્રમાણે છે :

ગામનું નામ . . . . . તાલુકો . . . . . .

અમારા ગામનો પાક ચાર આનીથી ઓછો થયો છે, એમ અમે જાણીએ છીએ. અમે તેટલા કારણસર મહેસૂલ વસૂલ કરવાનું આવતા વર્ષ સુધી મુલતવી રાખવાની સરકારને અરજ કરી છતાં બંધ કરવામાં આવ્યું નથી. તેથી અમે નીચે સહી કરનાર પ્રતિજ્ઞા કરીએ છીએ કે, અમે સરકારની મહેસૂલ આ વર્ષની પૂરી કે જે બાકી રહી હોય તે નહિ ભરીએ. પણ તે વસૂલ કરવા સરકારને જે કાયદેસર પગલાં ભરવાં હશે તે ભરવા દઈશું અને તેથી થતાં બધાં દુઃખ સહન કરીશું. અમારી જમીન ખાલસા થશે તોપણ અમે થવા દઈશું, પણ અમારે હાથે પૈસા ભરીને ખૂટા ઠરી સ્વમાન નહિ ગુમાવીએ. જે ના. સરકાર બીજે હપ્તે બાકી રહેલી બધી જગાએ મુલતવી રાખે, તો અમારામાં જે શક્તિવાન હોઈશું તે પૂરી અગર બાકી રહેલી મહેસૂલ ભરવા તૈયાર છીએ. અમારામાંના જે શક્તિવાન છે તેઓને મહેસૂલ ન ભરવાનું કારણ એ છે કે, જો શક્તિવાન ભરે તો અશક્તિવાન ગભરાટમાં પોતાની ગમે તે ચીજ વેચીને કે કરજ કરીને મહેસૂલ ભરે અને દુઃખ ભોગવે. એવી હાલતમાંથી ગરીબોનો બચાવ કરવો એ શક્તિવાનની ફરજ છે, એમ અમારી માન્યતા છે.

લડત ચલાવવા માટે સંમતિ ધરાવનાર માણસોનો મત લેતાં આખી સભામાં એક પણ માણસ વિરુદ્ધ મત ધરાવનાર માલૂમ પડ્યો નહિ. આ પ્રમાણે લોકોની લાગણી અને તૈયારીનું માપ જોયા પછી મહાત્માજીએ કેટલીક શંકાના ખુલાસા કર્યા. આમ સભા વિસર્જન થઈ.

આમ બન્ને પક્ષે બરાબર મોરચા માંડ્યા. સરકારે ગામડાંઓમાં જપ્તીઓ કરવા માંડી અને લોકોને હેરાન કરવા તેમની ભેંસો, વાસણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે લઈ જવા લાગ્યા, જ્યારે મહાત્માજી અને સરદાર વલ્લભભાઈ ગામેગામ ફરી લોકોને સમજાવી પ્રતિજ્ઞા લેવડાવતા હતા.

તા. ૨૯મી માર્ચના રોજ નડિયાદમાં ભાષણ કરતાં સરદાર વલ્લભભાઈએ કહ્યું કે,

"આ લડતથી આખો દેશ સળગી ઊઠશે. દુઃખ સહન કર્યા વગર સુખ મળતું નથી અને મળે તો લાંબો વખત ટકતું નથી. મજબૂત અને મક્કમ વિચારની પ્રજા હોય તેમાં જ રાજ્યની શોભા છે. નાલાયક અને બીકણ પ્રજાની વફાદારીમાં માલ નથી. નીડર અને સ્વમાન જાળવનારી પ્રજા જે વફાદારી બતાવે છે તે જ પ્રજા સરકારને શોભા આપનારી છે."

તેમણે ઉપસંહાર કરતાં કહ્યું કે,

"એકવીસ લાખના મહેસૂલમાંથી પોણા બે લાખની રકમ મુલતવી રાખવામાં આવી છે, વળી પહેલો હપ્તો ભરાઈ ગયો છે; એટલે બાકી દસેક લાખ રહ્યા. આટલી રકમ મુંબઈ કે ગુજરાતમાં ઉઘરાણું કરી ભેગી કરી સરકારને ભરી દઈએ તો લોકોને રાહત મળે એવો વિચાર કેટલાકને થતો હશે; પણ જે વીરપુરુષે આ લડત ઉઠાવી છે, તે નામર્દને મર્દ બનાવે તેવા છે. અને ખેડા જિલ્લો હિંદમાં વીરપુરુષની ભૂમિ છે, તેઓ આવી મદદનો વિચાર પણ ન કરે. પૈસાની મદદથી ખરો લાભ ન થાય. તેથી કાંઈ ખરું દુઃખ ન ટળે. એક વખત દુઃખ ઉઠાવી ચિરકાળની પદ્ધતિ ફેરવીશું તો જ હંમેશનું દુઃખ ટળશે."

ટેક આગળ સત્તા નમે છે

પ્રજા અને સરકારી અમલદારો વચ્ચે લડત બરાબર જામી. પરંતુ પ્રજાના ટેક સામે અમલદારોના હાથ કેવા હેઠા પડ્યા, તે જાણવા નીચેના બે દાખલા બસ થશે.

૧. કપડવંજ તાલુકાનાં ગામોમાં કામ કરનાર સ્વયંસેવક શા. ભૂલાભાઈ રૂપજી ઉપર મામલતદારે નોટિસ કાઢી કે,. "વસૂલાતના કામમાં લોકોને ખોટું સમજાવી ઉશ્કેરણી કરવા બદલ સન ૧૮૭૯ના જમીનમહેસૂલના કાયદાની કલમ ૧૮૯ મુજબ જવાબ આપવા કચેરીમાં . . . ના રોજ હાજર થવું; અને મારી રજા સિવાય કચેરીમાંથી જવું નહિ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મામલતદારના હુકમને માન આપી ભૂલાભાઈ હાજર થયા. અને શ્રી વલ્લભભાઈ ધારાના હિમાયતી તરીકે મામલતદારની કચેરીમાં હાજર રહ્યા. અને ભૂલાભાઈ પાસે નીચે પ્રમાણે લેખિત જવાબ રજૂ કરાવ્યા :—

"મેં કોઈને ખોટી સલાહ આપી નથી; તેમ કોઈને ઉશ્કેર્યા નથી. હું લોકોને તદ્દન વાજબી અને સાચી સલાહ આપું છું. મારા ગામનો પાક ચાર આનીથી ઓછો થયો છે, અને તેથી સરકારના નિયમના આધારે મારા ગામના લોકો જમીનમહેસૂલ નહિ ભરવાને હકદાર છે. . . . . મહાત્મા ગાંધીજીએ ખેડા જિલ્લાના ખેડૂતોને સલાહ આપી છે કે, પોતાનું સ્વમાન જળવવાની ખાતર, તેમ જ રૈયત જૂઠું બોલતી નથી તે સાબિત કરવાની ખાતર લોકોએ પૈસા ભરવા નહિ એ જરૂરનું છે. આ સલાહ વાજબી છે, એમ હું માનું છું, અને લોકોને તેવી સલાહ આપવી એ મારી ફરજ સમજું છું. તેમાં કાયદા કે નીતિનો ભંગ થતો હોય તો તે માટે સજા ભોગવવા ખુશી છું. જે કાયદાના આધારે આપે મને અત્રે હાજર થવા હુકમ કર્યો છે, તે કલમ આ કામને બિલકુલ લાગુ પડતી નથી. તે આપ ન જાણતા હો એમ મારાથી કેમ માની શકાય? છતાં આપના આમંત્રણ માટે આભારી છું. અને હવે વિશેષ આભારી કરો, તો તે આપના અધિકારની વાત છે."

મામલતદાર જવાબ વાંચતાં જ ઠંડા થઈ ગયા અને ફરમાવ્યું કે, "આમાં ગુનો થતો નથી, માટે જવાની રજા છે."

બાદ ભૂલાભાઈએ મામલતદાર સાહેબને પૂછ્યું કે, "જમીન-મહેસૂલ ન ભરશો, એવું કહેવામાં હવે તમને ગુનો નથી લાગતોને?" ત્યારે મામલતદાર સાહેબે કહ્યું : "હા, ભાઈ હા, તમે ગમે તે કહેજો."

૨. વડથલના મોતીરામ ત્રંબકની આશરે દશ હજારની કિંમતની જમીન સિત્તેર રૂપિયાના જમીનમહેસૂલ ખાતર ખાલસા કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી. તે વિષે મહાત્માજીએ તેમને સલાહ આપી કે, નોટિસ બળી નથી એમ માની તમે બેતરમાં જે કામ કરતા હો તે કર્યાં કરો. મળેલી સલાહ પ્રમાણે, જાણે કાંઈ બન્યું જ નથી તે પ્રમાણે, તેઓ વર્ત્યા. આવી જ નોટિસો થોડા દિવસ બાદ બીજા આગેવાન પાટીદારોને આપવામાં આવી. તેઓ પણ મોતીરામની માફક જ વર્ત્યા. અમલદારોએ ધારેલું કે, ખાલસા નોટિસોથી ખાતેદારો ડરી જઈ પૈસા ભરી દેશે. પરંતુ ખાલસાની નોટિસો બન્યા છતાં અમલદારો કંઈ કરી શકયા નહિ, એ જોઈ ખેડૂતો વધુ મક્કમ બન્યા !

જપ્તીઓ થવા માંડી

દરમિયાન અધિકારીઓ જબરાઈથી મહેસૂલ વસૂલ કરવા પોતાનું સમગ્ર બળ અજમાવી નવાગામ, પીપળગંજ વગેરે ગામોમાં અસંખ્ય ઘરોને બારણે જપ્તીની નોટિસો ચોડી રહ્યા હતા. વડોદ અને ઉતરસંડામાં જપ્તીઓ શરૂ થઈ હતી. આ જ પ્રમાણે ત્રાણુજ, ઓડ, માતર, નડિયાદ વગેરે ઘણાં ગામોમાં ઢોર, દરદાગીના અને વાસણોની હરાજીઓ કરવા માંડી. કામ કરનારાઓ અધિકારીઓની પાછળ, જેમ નળ કળિયુગની પાછળ પડે તેમ, પડ્યા. મહાત્મા ગાંધીજી ઈદોરમાં મળેલા હિન્દી સાહિત્ય સંમેલનમાં પ્રમુખપદે બિરાજવા પધાર્યા હતા. ત્યાંથી તા. ૧લી એપ્રિલના રોજ નડિયાદ આવી પહોંચ્યા. તેઓશ્રીને ખબર પડી કે, અમલદારો તરફથી કપડવંજ તાલુકાના કહાણુ ગામ ઉપર છાપો મારવામાં આવ્યો છે, તેથી તેઓ કપડવંજથી સાત ગાઉ દૂર બરા બપોરે ઘોડા ઉપર બેસી ગયા. ત્યાં જઈ તેમણે એક સભા બોલાવી અને બહેનોને સંબોધી તેઓશ્રી બોલ્યા કે : " તમે તમારા ધણીને પરણ્યાં છો, ઘરેણાં કે ઢોરને નહિ. તમારા ધણીઓએ લીધેલી પ્રતિજ્ઞા પાળવામાં તમારે મદદ કરવી એ તે તમારો ધર્મ છે." આ પ્રમાણે મહાત્માજી લોકોને સત્યની લડત બહાદુરીથી લડવાનો ઉપદેશ આપી પાછા ફર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લડતની ઉત્પત્તિ શ્રી મોહનલાલ પંડ્યા અને શ્રી શંકરલાલ પરીખથી થયેલી. તેઓ બંને લડતમાં ટકી રહેવા અને ન જોડાયેલાઓને જોડાવાનો ઉપદેશ આપવા ગામડે ગામડે ફરતા.

સરકારી અમલદારો શ્રી શંકરલાલ પરીખની મહેસૂલ વસૂલ કરવા ખૂબ પ્રયત્ન કરતા, કેમ કે બીજાઓને કહી શકાય કે, શંકરલાલે મહેસૂલ ભરી તો તમે કેમ ભરતા નથી? એ તો તમને આડે રસ્તે દોરે છે. માટે મામલતદારે કહ્યાલાલના મુખીને સાધ્યા અને મુખીએ શંકરલાલના અભણ અને ભોળા ખેડૂતને ફસાવી, ખેડૂતને ખાતે એક શાહુકારને ત્યાંથી ઉપાડ કરાવી, પૈસા ભરાવ્યા. આ વાતની શંકરલાલને ખબર પડતાં, તરત જ તેઓ મહાત્માજી પાસે ગયા અને તેઓશ્રીને બનેલી હકીકત કહી. મહાત્માજીની દિલગીરીનો પાર ન રહ્યો. તેઓશ્રીને ખૂબ લાગ્યું. તેમણે જણાવ્યું કે :

" તમારા જેવા આગેવાન કામ કરનારના પૈસા કોઈ પણ પ્રકારે ભરાય એ ઇચ્છવા જોગ નથી. આથી તમારી પ્રતિજ્ઞા પળાતી હોય એમ મને નથી લાગતું, એટલે તમારે તો ટેક જાળવવા અને તમારું નિર્દોષપણું સિદ્ધ કરવા, એ જમીન કહ્યાલાલ ગામને કૃષ્ણાર્પણ કરી દેવી જોઈએ."

શંકરભાઈએ કહ્યાલાલના લોકો સમક્ષ કહ્યું કે, " હું બરાબર જોઈ શકું છું કે મારા જેવા કામ કરનારને સારુ આ ભૂલ મહત્ત્વની ગણાય. મારે મારી ભૂલનું પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ એમ હું સમજું છું, અને આજથી આ જમીનનો ઉપયોગ લોકોની કેળવણી અને આરોગ્ય વધે તેવા ઉપયોગમાં વપરાય એમ હું ઇચ્છું છું. આ મારી જમીન મારા કુટુંબ વતી કૃષ્ણાર્પણ કરું છું, અને તે જમીન કહ્યાલાલની પ્રજાને સોંપી દઉં છું."

લડતનો રંગ દિન પર દિન જામતો હતો. અમલદારો અને સ્વયંસેવકો ગામડામાં ફરી રહ્યા હતા અને તેમાં કામ કરનારાઓની ભારે કસોટી થતી હતી. માતર તાલુકાના સ્વયંસેવક અને મામલત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દારનો પ્રસંગ જાણવા જેવો છે. એક વખત મામલતદાર માતરથી ઉટેલા, આલિન્દ્રા, હેરંજ અને મલિયાતજ થઈ ખાંધલી જવા નીકળ્યા છે, એવી ખબર મળતાં સ્વયંસેવક ઘોડા ઉપર બેસી તેમની આગળ નીકળી પડ્યો, અને લોકોને સમજાવ્યા. અહીં જ્યારે મામલતદાર આવ્યા ત્યારે તેમને એક પાઈ પણ ન મળી. મામલતદારસાહેબ ખાંધલી આવી પહોંચ્યા, પણ તેમની પાસે નાણાંનો ભાર વધવાને બદલે ઊલટો ભાથાના દાબડામાંથી પૂરીઓનો ભાર ઓછો થઈ ગયો. આ અરસામાં શ્રી વલ્લભભાઈ, શ્રીમતી અનસૂયાબહેન અને શ્રી બેંકર ગામડાંઓમાં ફરતાં હતાં.

કરમસદમાં ગાંધીજી

મહાત્માજી પણ એક પણ દિવસ પગ વાળી બેસતા નહિ. તા. ૪થી એપ્રિલના રોજ તેઓશ્રી આણંદ તાલુકાના કરમસદ ગામે જઈ પહોંચ્યા, અને સભામંડપમાં આવી ભાષણ શરૂ કર્યું કે :

" આ ગામ વલ્લભભાઈનું છે. વલ્લભભાઈ જોકે હજી ભઠ્ઠીમાં છે, એમને સારી રીતે તપવાનું છે; તોપણ મને લાગે છે કે આપણે એમાંથી કુંદન કાઢીશું. આવા સંજોગોમાં તમે અમને સુખે વિદાય કરશો એવી હું આશા રાખું છું. તમે આજે અમને લાડુનું ભોજન કરાવ્યું. પણ લાડુના ભોજન ઉપર દક્ષિણા આપવી પડશે. અને દક્ષિણા તે જ હોઈ શકે કે, ભલે તમને પેલા તળાવમાં ડુબાડે કે અગ્નિમાં બાળે, તોપણ તમે સરકારને એક પૈસો આપો નહિ. સરકારની ખોટી લડત સામે લડવું તેમાં જ આપણી વફાદારી અને આપણો ખરો ધર્મ છે. લડાઈમાં શસ્ત્ર લેવાથી વીરતા નથી આવતી. શસ્ત્ર હોય પણ હૈયાં બીકણ હોય તો શસ્ત્ર નકામાં છે. "

મહાત્માજી તા. ૫–૪–'૧૮ના રોજ નડિયાદથી વડથલની મુલાકાતે આવ્યા. શ્રીમતી કસ્તૂરબા, શ્રી આનંદીબાઈ, બાબુ રાજેન્દ્રપ્રસાદ, પ્રોફેસર બદરીનાથ વર્મા, શ્રીયુત વલ્લભભાઈ તથા શ્રી કેશવપ્રસાદ દેસાઈ વગેરે તેમની સાથે હતાં. ગામલોકોએ તેમનો સારો સત્કાર કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષણ આપતાં મહાત્માજીએ કહ્યું કે, 'બેડા જિલ્લાની લડત ચડથલથી બંધાઈ છે. તમે તમારી ટેક બજાવજો. પશુપક્ષીને પણ ટેક હોય છે, તો તમે માણસ થઈ લીધેલી પ્રતિજ્ઞા ન ભૂલશો.' ઉતરસંડામાં તેમણે કહ્યું, 'આ દુઃખોના શિક્ષણમાં સોનું જેમ અગ્નિમાં તપે તેમ આપણી કસોટી થાય છે. મને કેટલાક અમલદાર કહેતા કે, પાટીદારની કોમ દગો દેનારી છે. મને તો ખાતરી છે કે, જો માણસ પોતાને દગો ન દે, તો તેને કોઈ દગો દેનાર નથી. આ ત્રિરાશિ મેં જાત-અનુભવથી કાઢેલી છે. મારો તો અનુભવ છે કે, હું સાચની વાત કરીશ, તો હું બીજા પાસેથી સાચ જ માગી શકીશ. પ્રજામતની વિરુદ્ધ જઈને કોઈ રાજા રાજ નથી ચલાવી શકતો. આ સિદ્ધ કરવાનું મેં મારી જિંદગીનું પ્રધાનકાર્ય ગણ્યું છે.'

આ બાજુ કમિશનર, કલેક્ટર અને બીજા અમલદારો લોકોને સતાવતા, જપ્તીઓ કરતા, પણ તેમનું કાંઈ વળતું નહિ. કમિશનર લોકોને કહેતો કે, તમે પ્રતિજ્ઞા ખોટી લીધી છે; ત્યારે બાપુજી કહેતા કે, 'પ્રતિજ્ઞા એટલે અનિવાર્ય નિશ્ચય. જે નિર્ણય નથી કરી શકતો, તે માણસ સુકાન વગરના વહાણની માફક આમ તેમ અફળાઈ નાશ પામે છે.'

મહાત્માજી આણંદ, બોડ, દંતેલી, ચિખોદરા વગેરે ઘણાં ગામોમાં ફરતા ફરતા કાંઠાનાં ગામોમાં આવ્યા.

તા. ૧૮–૪–'૧૮ના રોજ જંગાળ, બનીજરા, કણભા, કઠાણા, અમિયાદ, દાવોલ, ડભાસી, ગોળેલ, સૈજપુર, બાનપુર, કઠોલ, વડેલી વગેરે ગામોના આશરે ૩,૦૦૦ ખેડૂતોની સભા બોરસદ તાલુકાના રાસ મુકામે બોલાવી મહાત્માજીએ નીચે પ્રમાણે ભાષણ આપ્યું હતું :

તપશ્ચર્યાનો માર્ગ

"આપણી આ લડત બે પ્રકારની છે. એક તો બિલકુલ ડરવું નહિ, પ્રેટસાહેબને હમણાં નડિયાદની સભામાં હિંમતપૂર્વક ખેડૂતોએ જવાબ આપ્યા, તેમ ગવર્નરસાહેબની પાસે પણ આપણી હકીકત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંમતથી કહી શકીએ. આપણે લૂંટફાટ કરીને કે ઉદ્ધતાઈ કરીને નથી લડવું; આપણી આત્માની શક્તિ ખર્ચીને લડવું છે. દુઃખ સહન કરી જીત મેળવવી છે. એ મનુષ્યનો કાયદો છે, ઈશ્વરી કાયદો છે. આપણાં શાસ્ત્રો કહે છે કે, સુખ ભોગવવા સારુ દુઃખ સહન કરવાં પડે, તપશ્ચર્યા કરવી જ પડે. ભરત, રામ, લક્ષ્મણ, શત્રુઘ્ન એવા છોકરા પેદા થાય તે માટે દશરથે શું કર્યું ? તપશ્ચર્યા કરી. નળ રાજાએ પણ શું કર્યું ? તપશ્ચર્યા જ. પોતાનું માન જાળવવા ખાતર, સત્યનું સ્વરૂપ જાળવવા સારુ અસંખ્ય દુઃખો સહન કર્યાં."

એ સભામાં ભાષણ કરતાં શ્રી વલ્લભભાઈ બોલ્યા કે :

"આજે આ કાંઠાની ભૂમિ ઉપર દેવલોક પધારે અને ભૂમિ પાવન થાય તેમ આજે મહાત્માજીનાં પગલાંથી તે પાવન થઈ છે. બોરસદ તાલુકાના લોકો તોફાનીમાં તોફાની છે એમ તેઓની આખા જિલ્લામાં ખ્યાતિ છે. અને ખાસ કરીને કાંઠાના લોકો ઘણા તોફાની છે, એમ કહેવાય છે. હવે સત્યાગ્રહની લડત કાંઠામાં શરૂ થઈ, માટે આપણે ટંટો, લૂંટફાટ અને દગો વગેરે છોડી દેવાં જોઈએ, ન્યાયને રસ્તે લડવું જોઈએ. તમારામાં ઝનૂન હોય તેને ન્યાયને રસ્તે લડતાં વાપરવું. સરકાર શું કરશે? જપ્તીઓ કરશે, ચોથાઈ ચડાવશે, જમીન ખાલસા કરશે. પરંતુ તમે કોઈ પણ જાતનું તોફાન ન કરશો. મેં જોયું છે કે, તમારે ત્યાં જપ્તી થાય ત્યારે તમે ધારિયાં ઉછાળો છો. પરંતુ હવે તો આપણે લાકડી સરખીયે ઉગામવી નહિ."

શ્રીયુત વલ્લભભાઈનું ભાષણ પૂરું થયા બાદ શ્રીયુત જમનાદાસ મહેતા (બૅરિસ્ટર-ઍટ-લૉ), જેઓ આ લડતમાં ભાગ લેવા મુંબઈથી પધાર્યા હતા, તેમણે ટૂંક ઉપદેશ આપ્યો. બાદ સભા વિસર્જન થઈ.

ત્યાર બાદ કાસર, અજરપરા, પાળજ, સુણાવ વગેરે ગામોમાં મહાત્માજી ફરતા હતા અને ડૉ. હરિપ્રસાદ દેસાઈ કપડવંજ તાલુકાના કહલાલ, તોરણા અને કપડવંજ ખાતે જઈ વેહવારાનું જડમૂળ કાઢતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા. આ સભાઓમાં પંચમહાલના વામનજી બેડાના બેડૂતો સમક્ષ પોતાનો સંદેશો ગાઈ બતાવતા હતા. તે વખતમાં સભાઓમાં ખૂબ ગવાતાં ગીતોના નમૂના તરીકે એક ગીત અહીં ઉતાર્યું છે:

"બેડા તણા બેડૂત વીરા, વચન આપ્યું પાળજો,
બોજો તમારે આપરૂ છે હિંદની સંભાળજો.
લીધી પ્રતિજ્ઞા ગાંધીજી નેતા ગણી પૂરા આશથી,
રણમાં પડ્યા વીરા પછી ડરવું હવે શું ત્રાસથી?
જપ્તી થશે ને ઢોર, ગાડાં, વાસણો, લૂગડાં જશે,
પણ રાખશો જો વચન તો એ પુણ્યથી ભમણાં થશે.
જો કેદમાં લઈ જાય તો, હસતે મુખે સિધાવજો,
જગ આરતી ઉતારશે કીર્તિ કમાઈ આવશો.
મારે ભલે, કાપે ભલે, ડામે ભલે તો સાંખજો,
પણ ઝોળીમાં અધિકારની મહેસૂલ તમે ના આપજો."

આટલું તો કરો

આ સમયે યુરોપમાં ભારે જદ્દોજહદ ચાલી રહી હતી. એ પ્રચંડ યુદ્ધમાં હિંદે લાખો સૈનિકો, અઢળક ધન અને લડાયક સામગ્રી પૂરી પાડી હતી. પરંતુ આ યુદ્ધ આધુનિક સુધારાની પરાકાષ્ઠાએ પહોંચેલું હોઈ એવું તો સર્વભક્ષી ચાલતું હતું કે જે ગયું તે સ્વાહા થઈ ગયું. આખરે કટોકટીના પ્રસંગે વિલાયતની સરકારે હિંદ પાસેથી મદદની આશા રાખી અને તે વખતે હિંદના વાઈસરોય લૉર્ડ ચેમ્સફર્ડે હિંદનાં જુદાં જુદાં મંડળોના આગેવાનોની મદદ માગવા દિલ્હીમાં એક દરબાર ભરવાનો સંકેત કર્યો. જુદાં જુદાં રાજદ્વારી મંડળોના નેતાઓ સરકાર સાથેના અંદર અંદરના નાનામોટા ઝઘડાઓ ભૂલી જઈ, સામ્રાજ્યને મદદ કરે એવી વિનંતિ કરવામાં આવી. તે અનુસાર મહાત્માજીને પણ આમંત્રણ થયું. મહાત્માજી ના. વાઈસરોયની આ યુદ્ધપરિષદમાં જવા તત્પર થયા. અને જતાં જતાં કમિશનર મિ. પ્રેટને તા. ૨૨મી એપ્રિલના રોજ લખ્યું કે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"યુદ્ધપરિષદમાં હાજર રહેવા મને બોલાવ્યો છે. તેનો પહેલો જ હેતુ અંદર અંદરના મતભેદોને દૂર કરવાનો છે. બેડા પ્રકરણ એ જ કોટીમાં ગણાય. હું તમને આ પરિષદ અને તેના હેતુને આગળ ધરી, ફરી પણ વિનંતિ કરતાં આંચકો ખાતો નથી. હું ને ના. વાઈસરૉય સાહેબને દિલ્હીમાં કહી શકું કે, અમે બેડા પ્રકરણનો–અમારા ઘરનો કજિયો હોલવ્યો છે, તો તેમને કેટલી બધી શાન્તિ વળશે!

"ને તમે મારી વિનંતિ સ્વીકારો, એટલે કે બાકી રહેલી જમીન-મહેસૂલની રકમ આવતી સાલ સુધી મુલતવી રાખો, તો તમે ખાતરી રાખજો કે, સરકારનો આવો ઠરાવ બહાર પડવાની સાથે જ સારી સ્થિતિવાળા લોકો મહેસૂલ ભરી દેશે. આ વાત તમારે ગળે ઊતરે તો મને તારથી અગર માણસ સાથે ખબર મોકલજો."

પણ આજની સરકારના લુચ્ચા અમલદારો કેમ સમજે!

મુંબઈમાં સભા

મુંબઈના નાગરિકોએ બેડા જિલ્લામાં સત્યાગ્રહની લડત ચલાવતી વીર પ્રજા માટે સહાનુભૂતિ દર્શાવવા તા. ૨૩મી એપ્રિલે માનનીય નામદાર વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલના પ્રમુખપણા નીચે સભા ભરી. ના. વિઠ્ઠલભાઈએ સભાનું કામ શરૂ કરતાં લડતની શરૂઆતથી તે આજ સુધીનો હેવાલ કહી સંભળાવ્યો. ત્યાર બાદ સભામાં ગેરહાજર રહેવા માટે દિલગીરી દર્શાવનારા ના. મહમદઅલી ઝીણા અને શ્રીમતી સરોજિની નાયડુના તારો વાંચી બતાવ્યા. બાદ તેઓશ્રીએ નીચેનું ભાષણ કર્યું:

"જો આપણે સરકાર પાસે દાદ પણ માગી ન શકીએ, તો આપણે સ્વતંત્ર થવાને નહિ, પણ ગુલામ થવાને જ લાયક ગણાઈએ. સરકારની હઠ છે, દુરાગ્રહ છે; આપણો સત્યાગ્રહ છે. પ્રજા દુઃખ સહન કરીને પોતાના હક પ્રતિપાદન કરવાને તૈયાર છે. સત્યના બળ પાસે સરકારને નમતું આપવું જ પડશે."

શ્રી મનુભાઈ સૂબેદારે ટેકો આપતાં જણાવ્યું કે:

"રાજા અને પ્રજા વચ્ચે મતભેદ થાય ત્યારે જૂના વખતમાં મહાજન પાસે નિવેડો કરાવવામાં આવતો. આજે પરદેશથી આવેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પ્રજાથી દૂર રહેતા મિ. પ્રેટ કહે છે કે મારો નિર્ણય અરો. લૉર્ડ વિલિંગ્ડને તો પોતાનો જમણો હાથ કાપી આપ્યો છે. અમે સરકારને કહીએ છીએ કે, અમે માગીએ છીએ તે અમને આપો તો જ શાન્ત થઈશું. તમે જમીન ખાલસા કરશો તો ખેડૂતોને અમે ખભા ઉપર બેસાડી લૉર્ડ વિલિંગ્ડનના જેવા મહેલમાં બેસાડીશું, પણ તેમને દુઃખ તો નહિ જ પડવા દઈએ.''

સરકારી યાદીને જવાબ

એક તરફ આ લડત પ્રત્યે આખા દેશની મીટ નજર હતી, જ્યારે મુંબઈ સરકારે તા. ૨૪–૪–'૧૮ના રોજ એક યાદી બહાર પાડી, તેમાં જણાવ્યું કે, ખેડાની આ ચળવળ મિ. ગાંધીના કપોલકલ્પિત ખ્યાલો ઉપર આજ લગી રચાયેલી છે, અને એ માટે અમને ખેદ થાય છે. ગાંધીજીએ આ યાદીનો વિગતવાર જવાબ આપ્યો:

"ખેડાની મુશ્કેલીઓના સંબંધમાં પ્રકટ થયેલી સરકારી યાદીમાં કેટલીક બાબતો દબાવી દેવામાં આવી છે, અને કેટલીક વધારાપડતી દર્શાવવામાં આવી છે. આમ બંને રીતે તે દોષિત છે. ના. પારેખ–પટેલે કરેલી તપાસ ઉપરથી મેળવેલી હકીકતના ખરાપણા માટે કમિશનરે વાંધો ઉઠાવ્યો હતો. તે ઉપરથી મેં તરત જ તપાસ કરવા માટે એક પંચ નીમવાની સૂચના કરી હતી. ખરેખર, સરકાર માટે એ જ સીધો માર્ગ હતો. જો એ પ્રમાણે કરવામાં આવ્યું હોત તો નજરે દેખ્યાં ન જાય એવાં—દાખલા તરીકે, ખેડૂતોની દૂઝણી ભેંસો દોરી જવાનાં, સ્ત્રીઓના દાગીના જપ્ત કરવાનાં અને જમીનો ખાલસા મૂકવાના હુકમો કાઢવાનાં—કામો કરવામાંથી સરકાર ઊગરી જાત. તેને બદલે યાદીમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ, એક બહુ ઓછા અનુભવવાળા કલેક્ટરની નિમણૂક કરી. પરંતુ એ શું કરી શકે? સારામાં સારા અધિકારીને ખરાબ–હલકા વાતાવરણમાં રહેવાનું હોય છે. વળી, પ્રતિષ્ઠાને વધારેમાં વધારે વજન આપનારી અને હંમેશાં ખરું જ કરવામાં આવે છે, એવી માન્યતાવાળી નોકરશાહીનાં બંધન અને પ્રણાલિકાને તેણે અનુકૂળ થવું પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એક બાજુ જપ્તીઓ ચાલે છે ત્યારે બીજી બાજુ સરકારના જ નોકરો સુલેહના સંદેશા મોકલે છે. ખરું અંધેર રાજ! ના. વાઈસરૉય અંદર અંદરના કજિયા સમાવી દેવાની ભલામણ કરે છે. શું આ અરજ પ્રજાને માટે જ છે કે અમલદારવર્ગને પણ તે લાગુ પડે છે?

"જો પ્રજાની માગણી ન્યાયસર અને નીતિભરી હોય તો સરકારે લોકમતને માન આપી શાન્તિ ન ફેલાવવી જોઈએ?"

મહાત્માજીએ યુદ્ધપરિષદમાંથી આવ્યા બાદ બિજાપુર બાતે ના. વિઠ્ઠલભાઈ પટેલના પ્રમુખપણા નીચે રાજકીય પરિષદ ભરાવાની હતી, તેમાં ભાગ લઈ તા. ૧૨મી મેના રોજ ખેડા જિલ્લાની યાત્રા શરૂ કરી. પહેલું ડૂંઢાકૂવામાં ભાષણ કરી, તા. ૧૬મી મેના રોજ ભક્ત કવિ પ્રીતમદાસના વતન સંદેસર જઈ પહોંચ્યા. તેઓશ્રીની સાથે શ્રીયુત વલ્લભભાઈ, આચાર્ય કૃપાલાની, મિ. તારાચંદ શહાની વગેરે હતા. મહાત્માજીની પધરામણી વખતે લોકોનો ઉત્સાહ અવર્ણનીય હતો. ગામથી અડધા માઈલ સુધી આખું ગામ કીર્તનિયાં, રણશિંગાં વગેરે અનેક વાજિંત્રો સાથે મહાત્માજીનો સત્કાર કરવા સામું આવ્યું હતું.

બાજી સંભાળો

આ અરસામાં મહાત્માજીને ખાસ કામ પ્રસંગે બિહાર જવું પડ્યું હતું. તે વખતે લડત પૂર વેગથી ચાલી રહી હતી. આ પ્રસંગે પ્રજાનું શરાતન ટકાવી રાખવી શ્રી વલ્લભભાઈએ નીચેનો સંદેશો ખેડા જિલ્લાની પ્રજાજોગ પત્રિકા દ્વારા બહાર પાડ્યો હતો:

"આપણી લડત સત્યાગ્રહની છે. પ્રજામત અને આંધળો અમલ એ બેની વચ્ચે દારુણ ધર્મયુદ્ધ ચાલે છે. સરકારે સત્તાના બળથી જમીનમહેસૂલ વસૂલ કરવા નિશ્ચય કર્યો છે. પ્રજાએ પ્રતિજ્ઞા કરી છે કે સરકારના અણઘટતા હુકમનો માનપૂર્વક નિરાદર કરવો અને સરકાર સત્તાનો ઉપયોગ કરે તેથી થતાં દુઃખ સહન કરવાં, પણ જમીનમહેસૂલ ભરવી નહિ. ગામડાંમાં સ્ત્રીઓ અને બાળકો સુધ્ધાં આ લડતમાં રસ લે છે, એ આનંદની વાત છે. આપણે આખા દેશમાં કીર્તિ મેળવી છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સંભવિત છે કે આપણે બુદ્ધ પ્રેસસાહેબના હૃદયમાં દયા અને ઇન્સાફની લાગણીઓને સચેત કરી છે. એવે પ્રસંગે આપણે જરા પણ ચૂક કરીશું તો જીતેલી બાજી હારીશું. માટે મારી સર્વ ભાઈઓને વિનંતિ છે કે અકળાયેલા અમલદારો મર્યાદા છોડે અને કંઈ પણ અયોગ્ય કામ કરે, તોપણ આપણે તેમની ઉપર કોઈ પણ પ્રકારનો દ્વેષ નહિ કરવો, અને તેમને પ્રેમથી જ વશ કરવા બને એટલો પ્રયત્ન કરવો."

મહાત્માજી ચંપારણ ગયા પછી પાછા આવતાં તરત જ બાંધલી ગયા. આમ તેમને ઘડીની પણ નવરાશ ન હતી; છતાં તેઓ આખો દિવસ ગામડાંઓમાં કામ કરતા. જ્યારે તેઓ બહાર જતા ત્યારે અને તે વખતે ભાઈશ્રી મોહનલાલ પંડ્યા, કુંવરબહેન, શંકરલાલ પરીખ, શિવજીભાઈ, શ્રીયુત વલ્લભભાઈ, કૂલચંદભાઈ અને માધવલાલ દ્વિવેદી વગેરે કાર્યકર્તાઓ આખો દિવસ ગામડાંઓમાં ફરી કામ કરતા અને લોકોને સત્યાગ્રહમાં મક્કમ રહેવાનું સમજાવતા.

લડતનો અંત

મહાત્મા ગાંધીજી તા. ૩જી જૂનના રોજ નડિયાદ તાલુકાના ઉતરસંડા ગામે પધાર્યા. ત્યાંના સ્ટેશને પહોંચતાં જ તેઓશ્રીને ખબર આપવામાં આવી કે મામલતદાર સાહેબ તમને મળવા ઇચ્છે છે. ગામમાં પહોંચ્યા બાદ તરત જ મામલતદારને કહાવતાં તેઓ મહાત્માજીને ઉતારે આવ્યા. તેમની સાથે કેટલીક વાતચીત કર્યા બાદ મામલતદારે જણાવ્યું કે, જો સારી સ્થિતિવાળા માણસો મહેસૂલ ભરી દે તો ગરીબ લોકોની મહેસૂલ મુલતવી રાખવામાં આવશે, એ પ્રમાણે સરકારની ઇચ્છા છે. આ બાબતનું મહાત્માજીએ મામલતદાર પાસે લખાણ માગતાં, મામલતદારે તરત જ લખી આપ્યું.

આ મતલબનો સરકારનો હુકમ તા. ૨૫મી એપ્રિલે નીકળી ચૂક્યો હતો અને અમલદાર મંડળમાં અંદરખાને ઉપરની મતલબની ખબર આવી ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી સ્થાનિક અધિકારીવર્ગ યુદ્ધપરિષદમાં ના. વાઇસરૉયને કહી શકે કે, ગાંધીજીની માગણીનું સમાધાન કરી ખેડા પ્રકરણમાંથી સરકારે હાથ ધોઈ નાખ્યા છે. જ્યારે મહાત્માજીએ કમિશનર મિ. પ્રેટને આ માટે વીનવ્યું, છતાં મહાત્માજી યુદ્ધપરિષદમાં જતાં તે પહેલાં ખુલાસો કર્યો નહિ!

મામલતદારે મહાત્માજીને લેખિત ખબર આપી તે ઉપરથી તેઓશ્રીએ કલેક્ટરસાહેબને લખ્યું કે, આવી જાતનો હુકમ આ જિલ્લાને માટે બહાર પાડવામાં આવે અને ચોથાઈ દંડ માફ કરવામાં આવે, તો પ્રજાને લડવાનું કારણ રહેતું નથી. કલેક્ટરે આ વાત માન્ય રાખી, અને તે પ્રમાણેના હુકમો જાહેર કર્યા.

સમાધાન

સરકારે ઉપર પ્રમાણે સમાધાન કર્યું તેથી મહાત્માજી અને શ્રીયુત વલ્લભભાઈની સહીથી એક સંદેશો પત્રિકા દ્વારા ખેડા જિલ્લાના ખેડૂતો જોગ પહોંચાડવામાં આવ્યો. તે નીચે પ્રમાણે છે:

"જે લડત ખેડા જિલ્લાની પ્રજાએ તા. ૨૨ મી માર્ચે શરૂ કરી હતી, તેનો અંત આવ્યો છે. આ પ્રતિજ્ઞાનું તાત્પર્ય એ છે કે, જો સરકાર ગરીબોની મહેસૂલ મુલતવી રાખે તો શક્તિમાન આસામી મહેસૂલ ભરે. આવો હુકમ ઉતરસંડામાં મામલતદાર સાહેબે તા. ૬ જી જૂને કાઢ્યો. તે ઉપરથી ઉતરસંડાની પ્રજાના શક્તિમાન વર્ગને મહેસૂલ ભરી દેવાની સલાહ આપી છે, ને ત્યાં મહેસૂલ ભરવાનું શરૂ થઈ ગયું છે.

"ઉતરસંડામાં આ પ્રમાણે હુકમ થયો તે ઉપરથી મહેરબાન કલેક્ટરસાહેબને કાગળ લખ્યો ને વિનંતિ કરી કે, જો ઉતરસંડા જેવા હુકમ બધે નીકળે તો લડતનો અંત આવે ને નામદાર ગવર્નરસાહેબને તા. ૧૦મીએ યુદ્ધપરિષદની બેઠકને સમયે કહી શકાય કે ખેડા જિલ્લાના ધરનો કજિયો પતી ગયો છે. મહેરબાન કલેક્ટરસાહેબનો ઉત્તર ફરી વળ્યો છે કે, ઉતરસંડાના મામલતદારનો હુકમ આખા જિલ્લાને લાગુ પડે છે. આખી પ્રજાની માગણીનો સ્વીકાર છેવટે થયો છે. જેઓની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ચોથાઈના હુકમ નીકળ્યા છે તેઓ મહેસૂલ ભરી દેશે તો તેઓની ચોથાઈ માફ થશે. આને સારુ આપણે તેઓ સાહેબનો ઉપકાર માનવો ઘટે છે.

માધુર્યરહિત

"અમારે દિલગીરી સાથે કહેવું પડે છે કે, લડતનો અંત તો આવ્યો છે, પણ તે અંત માધુર્યરહિત છે. તેમાં ખૂબી હોવી જોઈએ તે નથી. ઉપરનો હુકમ ઉદાર દિલથી રાજી થઈને કરવામાં નથી આવ્યો, પણ પરાણે થવા જેવો આભાસ આવે છે. મહેરબાન કલેક્ટરસાહેબ જણાવે છે કે, ઉપર પ્રમાણે છૂટ આપવાનો હુકમ તો તા. ૨૫મી એપ્રિલે મામલતદારો ઉપર મોકલવામાં આવ્યો હતો. વળી તેનો અમલ બરાબર થાય એવા હેતુથી ફરી પાછો તા. ૨૨મી મેના રોજ હુકમ મોકલવામાં આવ્યો હતો. જો આમ જ થયું હતું તો તે હુકમો પ્રજાને કેમ સંભળાવવામાં ન આવ્યા? તા. ૨૫મી એપ્રિલે આ હુકમો પ્રજાએ જાણ્યા હોત તો પ્રજા ખૂબ દુઃખમાંથી બચી જાત. ખેડૂતોને ત્યાં જપ્તી ન થઈ શકે માટે તેઓ બહાર રહ્યા છે, ખાવાનું પણ પૂરું ખાધું નથી, બૈરાંઓએ ન સહન કરવાનું સહન કર્યું છે, કોઈ કોઈ વેળા ઉદ્ધત અમલદારોનાં વેણ સહન કર્યાં છે. ઘણાયે કાગળો લખ્યા છતાં તેમની નાની હા ન થઈ. આસામીદાર છૂટ અપાય જ નહિ, એવો કાયદો જ નથી, આ તેમના શબ્દો હતા. હવે કલેક્ટર કહે છે કે, આમ છૂટ આપવાની વાત તો જગજાહેર છે. ત્યારે લાગે છે કે, પ્રજાએ તો જાણી જોઈને દુઃખ સહન કર્યું!

"પ્રજાનું દુઃખ જોઈ તેઓ પીગળ્યા. તેઓને પોતાની ભૂલ જણાઈ, ને પ્રજાને સંતોષવા માટે છૂટ અપાઈ, એમ ઉદાર દિલે કહી જશ ખાટવાનો અધિકારી વર્ગે હકપૂર્વક ત્યાગ કર્યો છે, ને હવે પણ જે આપ્યું છે તે સંકોચાઈને, ન ચાલતાં, ભૂલનો સ્વીકાર કર્યા વિના, કંઈ નવી વાત નથી એમ કહી આપ્યું છે. તેથી અમે કહીએ છીએ કે સમાધાનીમાં મીઠાશ નથી."

આમ આ લડતનો અંત તો આવ્યો, પણ તેમાં મીઠાશ નહોતી. કારણ મહાત્માજી શરૂઆતથી જ કહેતા આવ્યા હતા કે, જે જે ખેડૂતોને ચોથાઈદંડ કરવામાં આવ્યો હોય તે પાછો વાળવો અને બાલસાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોટિસો રદ કરવી. પણ સરકારે પોતાની યાદીમાં આ વાતનો ઉલ્લેખ પણ કર્યો નહિ. લડત બંધ થયા પછી પણ જપ્તીઓ થાય છે, એવી ખબર મળતાં ગાંધીજીએ કલેક્ટરને પત્ર લખ્યો, પણ તેનો સંતોષકારક જવાબ મળ્યો નહિ.

ડુંગળી ચોરી

સરકારે માતર તાલુકાના નવાગામના ખેડૂતની જમીન ખાલસા કરી હતી, અને કાયદેસર તેમાંનો પાક જપ્ત થયેલો માનવામાં આવ્યો હતો. પણ ખાલસાની નોટિસમાં આ નંબર દર્શાવેલો નહિ હોવાથી ખાલસા થયેલો ગણાય નહિ, એમ મહાત્માજીએ કલેક્ટરને અગાઉથી લખી જણાવ્યું હતું. આ જમીનમાં પટેલ કાશીભાઈ દેસાઈભાઈની ડુંગળીનો પાક હતો, તે આશરે છસો રૂપિયાની કિંમતનો હતો. પાક બગડી ન જાય માટે મહાત્માજીની સલાહ લઈ મોહનલાલ પંડ્યાની આગેવાની હેઠળ ગામના ૨૦૦ માણસો ડુંગળી ખોદવા ગયા. ત્યાં તો મામલતદારે આવી ચોરીનું તહોમત ચડાવી ડુંગળી કબજે લીધી અને મોહનલાલ પંડ્યા સહિત છ જણની ધરપકડ કરી કેસ ચલાવવામાં આવ્યો. મહાત્માજીએ કોર્ટને જાહેર કર્યું કે, ડુંગળી ખોદવાની સલાહ મેં આપી હતી, માટે ખરો ગુનેગાર તો હું જ છું; મને તમારે પકડવો જોઈએ.

મહાત્માજીની વાત કાને ન ધરતાં સરકારે પેલા ૬ જણને ૨૦ દિવસની સાદી કેદની સજા ફરમાવી. ત્યાર બાદ મહાત્માજીએ લોકોને જેલનું રહસ્ય સમજાવ્યું અને કહ્યું કે, આપણી લડતમાં ફક્ત જેલમાં જવાનું બાકી રહ્યું હતું, તે પૂર્ણ થયું છે.

તા. ૨૭મીના રોજ ડુંગળી ચોર્યાના આરોપસર જેમને પકડવામાં આવ્યા હતા તેમને મુદત પૂરી થતાં છોડી મૂકયા. જેલી ભાઈ ઓને અભિનંદન આપવા મહાત્મા ગાંધીજી, શ્રીયુત વલ્લભભાઈ, કૃષ્ણલાલ દેસાઈ, ડૉ. કાનૂગા, શ્રી માવળંકર વગેરે ગુજરાત સભાના સભ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ખેડાવાસીઓ તેમને સરઘસના રૂપમાં ગામમાં લાવ્યા અને અભિનંદન આપ્યું.

પૂર્ણાહુતિનો ઉત્સવ

ખેડાના ખેડૂતોએ આરંભેલા સત્યાગ્રહના યજ્ઞની પૂર્ણાહુતિનો ઉત્સવ તા. ૨૬ મીએ નડિયાદમાં ઊજવવામાં આવ્યો હતો. સાંજના ચાર વાગ્યે સરઘસ કાઢવામાં આવ્યું હતું, અને તેમાં મહાત્માજી, શ્રીયુત વલ્લભભાઈ અને જેલવાસીઓને શેરીએ શેરીએ અવર્ણનીય માન મળ્યું હતું. મહાત્માજી પ્રત્યેનો ભક્તિભાવ પ્રદર્શિત કરવા સભામાં લગભગ પાંચથી છ હજાર સ્ત્રીપુરુષોએ હાજરી આપી હતી.

મહાત્માજીને માનપત્ર આપતાં નીચે મુજબ કહેવામાં આવ્યું હતું:

"ખેડા જિલ્લામાં ગયે વરસે અતિવૃષ્ટિ, અનેક રોગ અને ઉંદરોના ઉપદ્રવને લીધે ખરીફ અને રવીનો પાક નિષ્ફળ નીવડ્યો હતો, મરકીથી હજારો મનુષ્યો પીડાઈ એના ભોગ થઈ રહ્યા હતા, મોંઘવારીનો ત્રાસ વર્તાઈ રહ્યો હતો; તેવે વખતે આપે આવી અમને સીધે માર્ગે દોર્યા, અને લાખો નિરાશામાં એક આશારૂપ આપે અમારી વહારે ધાઈ, અત્યંત કષ્ટ વેઠી, અનન્ય પ્રેમ અને દયાભાવથી અમને આત્મ-ભાન કરાવી આશ્વાસન આપ્યું. સત્યનું અને સ્વમાનનું વીરતાથી રક્ષણ કરી અમને નવજીવન આપ્યું. અમે અલ્પજન આપનું શું હિત કરીએ? આપને અમે શી ગુરુદક્ષિણા આપીએ?

"પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આ પૃથ્વી પાસેથી ક્ષમા મેળવો, સૂર્યમંડળ પાસેથી તેજ મેળવો, વાયુ પાસેથી બળ મેળવો, સર્વભૂત-માત્ર પાસેથી સંપત્તિ મેળવો, નીરોગ રહો અને આપની જગતને પાવન કરવાની ઉચ્ચ અભિલાષાઓ સિદ્ધ કરી, કુશળતાપૂર્વક આપના જીવનનું મહાન કાર્ય સફળ થાય, એવું અંતઃકરણપૂર્વક ઇચ્છીએ છીએ."

તુલસીભાઈ મોતીભાઈ પટેલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

શાંતિમય ધર્મયુદ્ધ

[અમદાવાદના મિલમજૂરોનો સત્યાગ્રહ]

ઈ. સ. ૧૯૧૮માં અમદાવાદની અંદર પ્લેગ ફાટી નીકળ્યો. આ પ્લેગને અંગે મોટા ભાગના મિલમજૂરો કામધંધો છોડી ચાલ્યા જવા લાગ્યા. આથી મિલમાલિકોને લાગ્યું કે, જો આ પ્રમાણે બધા મજૂરો ચાલ્યા જશે તો મિલો બંધ પડશે અને જો પગારમાં વધારો નહિ કરીએ તો મજૂરો કામ કરવા રહેશે નહિ. પ્લેગબોનસથી લોભાઈ ઘણા સાળખાતાવાળા મજૂરો જે પ્લેગને લીધે અમદાવાદ છોડી ચાલ્યા જ્યાં તેઓ પોતાના જીવને જોખમે કામ કરવાને માટે રહ્યા. તેમને ૭૦ થી ૮૦ ટકા જેટલું પ્લેગબોનસ આપવામાં આવ્યું અને પ્લેગ બંધ થયા પછી પણ અનાજ, કપડાં તથા દરરોજના વપરાશની વસ્તુઓના ભાવ પ્રથમ કરતાં બમણા, ત્રમણા થઈ જવાથી એ બોનસ ચાલુ રહ્યું હતું. આ બોનસ એકાએક બંધ કરવાના મિલમાલિકોના વિચારથી સાળખાતાવાળા મિલમજૂરોમાં ખળભળાટ થયો હતો. તેઓ હંમેશાં શ્રી અનસૂયાબહેનને મળવા અને પોતાની સ્થિતિ તેમની આગળ પ્રગટ કરવા લાગ્યા. પ્લેગબોનસને બદલે મોંઘવારીનો વધારો ઓછામાં ઓછો ૫૦ ટકા મળવો જોઈએ, એવી તેઓ માગણી કરતા હતા. આ વાતની ખબર ગાંધીજીને શેઠશ્રી અંબાલાલ સારાભાઈએ કરી અને તેથી ગાંધીજી આ પ્રશ્નમાં પડ્યા. પ્રથમ તો ગાંધીજીએ પ્રત્યક્ષ રીતે એ બાબતમાં પડવાનો નિશ્ચય નહોતો કર્યો, પરંતુ સ્થિતિ દિનપ્રતિદિન ગંભીર સ્વરૂપ પકડતી જતી હતી. આ બધી વાત સરકારને કાને પણ પહોંચી હતી. આથી ગાંધીજી કલેક્ટરને તથા મજૂરોને અને મિલએજન્ટોને મળ્યા અને મસલત ચલાવી. આખરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પક્ષે પંચ મારફત નિવેડો લાવવાનું નક્કી કર્યું અને આ પંચમાં મિલમાલિક તરફથી શેઠ અંબાલાલભાઈ, શેઠ જગાભાઈ દલપતભાઈ અને શેઠ ચંદુભાઈ હતા. મજૂરો તરફથી મહાત્મા ગાંધીજી, શ્રી વલ્લભભાઈ પટેલ અને શ્રી શંકરલાલ બૅંકર તથા સરપંચ તરીકે અમદાવાદના કલેક્ટર મિ. ઍટકિન્સ નિમાયા હતા.

લૉક આઉટ

આ પછી તુરત મહાત્માજીને બેડા જવાનું થયું. ત્યાંનો મામલો પણ ગંભીર હતો. એટલામાં તો શ્રી અનસૂયાબહેને ગાંધીજીને ખબર આપ્યા કે, અહીંની સ્થિતિ ગંભીર છે અને મિલમાલિકો એકસામટો 'લૉક આઉટ' જાહેર કરવાની તૈયારી ઉપર છે. મહાત્માજી અમદાવાદ પહોંચ્યા. તેમને ખબર મળી કે, કેટલીક મિલમાં કંઈક ગેરસમજ થવાથી મજૂરોએ હડતાળ પાડી છે. મહાત્માજીએ જોયું કે, પંચ નિમાયા પછી મજૂરોએ લીધેલું આ પગલું ગેરવાજબી છે. તેમણે મિલમાલિકોને અનેલી આફત ખાતર પોતાની દિલગીરી બતાવી; અને મજૂરો ભૂલ સુધારી લેવાને તૈયાર છે એમ તેઓને જાહેર કર્યું. આ પ્રસંગે એટલું કહી દેવું જોઈએ કે, મિલમાલિકોની પણ આની અંદર ભૂલ હતી. પરંતુ ગાંધીજીએ પોતાના પક્ષની કસૂરને મહત્ત્વ આપ્યું અને તે સુધારી લેવાની તત્પરતા બતાવી. પણ મિલમાલિકોને ગળે એ વાત ન ઊતરી. તેમણે તો પંચ નિમાયા પછી મજૂરોએ હડતાળ પાડી એટલે તત્કાળ પંચ તૂટે છે એવું નક્કી કર્યું. પોતે હવે પંચના બંધાયેલા નથી એમ કહી, તેમણે ૨૦ ટકા વધારો લઈને કામ કરવા મજૂરો રાજી ન હોય તો તેઓને કાઢી મૂકવાનો નિશ્ચય કર્યો, એટલે લૉક આઉટ જાહેર કર્યો. આ સ્થિતિ અટકાવવાના ગાંધીજીના પ્રયત્નો અથાગ થતા હતા. પરંતુ મિલમાલિકો તો મજૂરોએ કરેલી ભૂલને જ વળગી રહ્યા અને એકના બે થવાની સાફ ના પાડી.

આ બનાવ પછી ગાંધીજી મજૂરોને વારંવાર મળવા લાગ્યા. શ્રી અનસૂયાબહેન, શ્રી શંકરલાલ બૅંકર અને મિલમજૂરોની સ્થિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા પગાર સંબંધી માહિતી ધરાવનાર બીજા ગૃહસ્થોની સાથે મસલત ચલાવી અહીંના મજૂરોને શું મળે છે, મુંબઈના મજૂરોને શું મળે છે, મજૂરોની કેટલી માગણી છે, મિલમાલિકોની સ્થિતિ શી છે, તેઓને શું કમિશન લડાઈ પહેલાં મળતું હતું અને લડાઈ પછી શું મળે છે, લડાઈ પછી કાપડ તૈયાર કરવાનો ખર્ચ વધ્યો છે તે ધ્યાનમાં લેતાં તેઓને મજૂરોને વધારાની માગણી પોસાઈ શકે છે કે કેમ, વગેરે બધા પ્રશ્નનો અતિશય સૂક્ષ્મ રીતે વિચાર કર્યો અને જેટલે અંશે નિર્ણય લાવી શકાય એટલે અંશે નિર્ણય લાવ્યા. આ નિર્ણયની અંદર એવું નક્કી કર્યું કે, મજૂરોએ ૩૫ ટકાથી વધારે માગવું જોઈએ નહિ. આ નિર્ણય મજૂરો આગળ મૂકતા પહેલાં ન્યાયની ખાતર મિલમાલિકોને પોતાના આ નિશ્ચયની ખબર આપવી જોઈએ અને તેમને એ બાબતમાં શું કહેવાનું છે તે સાંભળવું યોગ્ય ધારી તેમને એ બાબતની ખબર આપવામાં આવી. મદદ તો તેઓ આપી શકતા જ ન હતા. એટલે તેઓએ સરકાર અને મુંબઈના મિલમાલિકો બહુ થોડો વધારો આપે છે, એવી અપ્રસ્તુત સૂચના કરીને પોતે વર્તમાન સંજોગોમાં શું આપવું જોઈએ તે પ્રશ્ન ઉઠાવ્યો. આથી મહાત્મા ગાંધીજી અને તેમના સહાયકોને, મજૂરોને ૩૫ ટકા માગવાની સલાહ આપ્યા સિવાય બીજો માર્ગ રહ્યો નહિ.

આ પ્રસંગે મજૂરોની સ્થિતિ જાણવી આવશ્યક છે. જે મજૂરો અત્યાર સુધી મોંઘવારીના વધારા તરીકે ૫૦ ટકાને વળગી રહ્યા હતા, તેઓને તેમના સલાહકારોએ ખૂબ સમજાવી ૩૫ ટકા માગીને જ સંતોષ પકડવાની ભલામણ કરવાથી તેઓએ તે કંઈક આનાકાની પછી સ્વીકારી.

મિલમાલિક તથા મિલમજૂરોના પક્ષમાં આગ્રહનું તત્ત્વ તો અત્યાર અગાઉનું દાખલ થઈ ચૂકયું હતું. તાણાવાળાઓએ જ્યારથી પોતાનું મહાજન બાંધ્યું ત્યારથી જ મજૂરોમાં ઐકય અને આગ્રહનાં બીજ નંખાયાં હતાં. મજૂરોના ઐકયની સામે થવાને મિલમાલિકોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એક જૂથ રચ્યું. આ બે પક્ષો વચ્ચે લગભગ ૨૫ દિવસ સુધી સંપૂર્ણ રસાકસી થઈ; છતાં કાંઈ પણ કડવાશ વિના જે લડત ચાલી રહી હતી તેને આખું અમદાવાદ શહેર જ નહિ પણ આખું ગુજરાત અને કેટલેક અંશે આખો દેશ નીરખી રહ્યો હતો.

મજૂરોમાં પ્રવેશ

જે દિવસે મિલમજૂરોએ પોતાના સલાહકારોની સલાહ સ્વીકારીને પોતાની આખી બાજી તેમને સોંપી, તે દિવસથી જ મહાત્મા ગાંધીજીએ મજૂરોના ઊભરાતા ઉત્સાહને શુદ્ધ દિશામાં વાળી અને તેમનામાં રહેલી મસ્તીની ખાસિયતો ઉપર અંકુશ મૂકી આ લડતને ધાર્મિક સ્વરૂપ આપવાના ઉપાયો યોજવા માંડ્યા. મજૂરોના આંતર અને બાહ્ય જીવનમાં પ્રવેશ કર્યા સિવાય એકલી સલાહ આપવી એ નિષ્ફળ જાય, છેક નિષ્ફળ તો ન જાય પરંતુ તેની સફળતામાં પણ કાંઈ અર્થ રહે નહિ. તેથી અનેક માર્ગે તેમના જીવનમાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો અને તે માટે નીચેના પ્રયત્નો કર્યા :

૧. આપણાથી બને તેટલે અંશે મજૂરોનાં સુખદુઃખમાં ભાગીદાર બનવાના પ્રયત્ન કરવા.

૨. લડતમાં મજૂરોને પોતાના વર્તન માટે કાંઈ પણ પૂછપરછ કરવી હોય તો તેમને જોઈએ ત્યારે સલાહસૂચના આપવાની વ્યવસ્થા કરવી.

૩. હંમેશાં મજૂરોની એક નિશ્ચિત સ્થળે જાહેર સભા ભરીને લડતના સિદ્ધાંતો અને રહસ્ય ઉપર તેમને બોધ આપવો.

૪. આ લડતના સિદ્ધાંતો તથા રહસ્યો તેમનામાં સદાને માટે રહે, તેમને સાદું પણ ઉત્તમ પ્રકારનું સાહિત્ય પૂરું પડે, અને તેમનાં મન અને બુદ્ધિની ઉન્નતિ થાય, તે માટે હંમેશાં સુબોધ પત્રિકાઓ કાઢવી.

આ નિશ્ચય અનુસાર લડત દરમિયાન દરરોજ સવાર સાંજ શ્રી શંકરલાલ બૅંકર, શ્રી અનસૂયાબહેન અને શ્રી છગનલાલ ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મિલમજૂરોના મુકામે જતાં, અને તેટલા સમયમાં મજૂરો અને તેમનાં કુટુંબનાં માણસોનાં નામઠામ લઈ, કુટુંબના આવકખર્ચ સંબંધી આંકડા મેળવી, ભવિષ્યમાં તેમની સ્થિતિ સુધારવા માટે માહિતીનો પાયો રચતાં, તેઓમાં લડતથી કંટાળેલા અથવા ભૂખમરાનો ભય રાખનારાઓને સમજણ અને હિંમત આપતાં, દર્દીને માટે દવાદારૂની વ્યવસ્થા કરતાં અને રોજી મેળવવા ઇચ્છનારાઓને રોજીનાં સાધન મેળવી આપવાનો પ્રયત્ન કરતાં.

આ સવાર સાંજની મુલાકાતનું મહત્ત્વ કાંઈ જેવું તેવું નહોતું. આખી મિલમજૂરોની આલમની નાડ આ મુલાકાતોથી પરખાતી, અને આગળ જણાવવામાં આવશે તે પ્રમાણે, એ મુલાકાતને લીધે જ લડતની અણીની પળે શું પગલું લેવું તે મહાત્માજીને સૂઝયું હતું.

સાંજ સવાર મજૂરોના મુકામ ઉપર મુલાકાત ઉપરાંત, મજૂરોને દિવસનો બાકીનો વખત શ્રી અનસૂયાબહેનને ત્યાં આવીને સલાહ લેવાની છૂટ હતી.

અને મજૂરોના સમુદાયને સામાન્ય સલાહ આપવાને માટે સભાઓ અને સુબોધ પત્રિકાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. શાહપુર દરવાજાની બહાર સાબરમતીને કાંઠે આવેલા એક બાવળના ઝાડ તળે દરરોજ સાંજે સૌ મજૂરો (કેટલાક તો બબ્બે ત્રણ ત્રણ માઈલ દૂરથી ચાલીને) આવી એકઠા થતા, અને મહાત્માજી, શ્રી અનસૂયાબહેન અને શ્રી શંકરલાલ બૅંકર તથા સહાનુભૂતિ ધરાવનાર બીજાં ભાઈબહેનો તેમને મળતાં.

પ્રથમ ભાષણ

એ બાવળના ઝાડ તળે જે અદ્‌ભુત ઐતિહાસિક દૃશ્યો પ્રગટ થયાં, તેની તો તે વેળા હાજર રહેનાર સિવાય બીજાને શી ખબર પડે? પરંતુ પહેલે દિવસે ગાંધીજીએ જે પ્રતિજ્ઞાનું મહત્ત્વ સમજાવ્યું તે અદ્‌ભુત હતું. તેમણે કહ્યું કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જુલાઈના પગાર ઉપર ૩૫ ટકાનો વધારો ન મળે ત્યાં સુધી કામે ન ચડવું, અને લૉક-આઉટ ચાલે છે તે દરમિયાન કોઈ પણ પ્રકારનું તોફાન નહિ કરવું, મારામારી નહિ કરવી, લૂંટફાટ નહિ કરવી, માલિકોની મિલકતને નુકસાન નહિ કરવું, ગાળાગાળી નહિ સંભળાવવી, અને શાંતિથી વર્તવું.'

વધુમાં તેઓ બોલ્યા કે, 'તમારામાંના કોઈક ધારતા હશે કે, આઠ પંદર દિવસ આ દુઃખ સહન કરી લઈશું, એટલે બધું ઠીક થઈ જશે. હું તમને ફરીથી કહું છું કે, આપણે ભલે આશા રાખીએ કે થોડા દિવસમાં આ કામ પૂરું થઈ જશે; પણ તેમ આશા રાખતા છતાં એવો મક્કમ વિચાર રાખીશું કે, આપણી આશા પાર ન પડે તો મરીશું ત્યાં સુધી કામ પર જોડાઈશું નહિ. મજૂરો પાસે પૈસા નથી, પણ પૈસાના કરતાં વધારે સારું ધન એમના હાથ, હિંમત અને પરમેશ્વરનો ડર છે. કોઈ વખત એવો આવે કે તમે ભૂખે મરો, તો ભરોંસો રાખજો કે, તમને ખવડાવીને અમે ખાઈશું, તમને ભૂખ્યા મરી જવા નહિ દઈએ.'

કેટલાક મજૂરોએ ૩૫ ટકા બહુ ઓછા છે એમ કહ્યું. તેમને ઉદ્દેશીને મહાત્માજી બોલ્યા હતા : 'કેટલાક ભાઈઓ કહે છે કે આપણે ૩૫ ટકાથી વધારે માગી શકીએ છીએ. હું તો કહું છું કે તમે ૧૦૦ ટકા પણ માગી શકો છો. પણ તમે તેટલું માગવા જાઓ તો અન્યાય જ કહેવાય. હાલના સંજોગોમાં તમે જેટલું માગ્યું તેથી જ તમે સંતોષ માનો. તમે આથી વધુ ઇચ્છો તો મને દર્દ થશે. કોઈ પણ જણની પાસે આપણે ગેરવાજબી માગણી નથી કરી શકતા, અને ૩૫ ટકાની જ માગણી વાજબી છે એમ મને લાગે છે. તમને સારી સલાહ અને હિંમત આપનારા થોડા મળશે, નાહિંમત કરનારા ઘણા મળશે અને તેમાં તમારા મિત્રો પણ આવી જાય. ખુદાનું નામ લઈને જેટલું મળે તેટલું લઈ લેવું એવું કહેનારા ઘણા મળશે. આમાં મોહાશ બહુ છે, પણ ખરી રીતે તે બહુ કડવી સલાહ છે. આપણે ખુદા સિવાય કોઈની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ લાચારી ભોગવવાની નથી. પૈસા ન હોય તોપણ લાચારી ભોગવવાની નથી. કારણ હાથ અને પગ આપણી સૌની પાસે છે. એ વાપરીશું તો જ આપણે આપણું પોતાનું રાજ્ય ભોગવી શકવાના છીએ. આપણા માલિકોની સાથે સારી રીતે રહી શકાએ તે ખાતર પણ આપણે દૃઢ રહેવાની જરૂર છે. જે સંજોગોમાં આપણે મુકાયેલા છીએ તે સંજોગોમાં આપણે માલિકોને કહેવું જોઈએ કે, તમારું આટલું દબાણ અમે ખમી શકવાના નથી. મારી સલાહ લો કે બીજાની સલાહ લો, તોપણ આ બાબતમાં મારી મદદ વિના કે બીજા કોઈની મદદ વિનાયે તમે જીતી શકશો. હું અને બીજા એક લાખ જણા આવીશું તોપણ તમને જીત નથી મળવાની. તમારી જીતનો આધાર તમારી ઉપર રહે છે, તમારી ઈમાનદારી ઉપર રહે છે, ખુદા ઉપરના તમારા ભરોંસા ઉપર રહે છે, તમારી હિંમત ઉપર રહે છે; અમે તો માત્ર તમારા ટેકારૂપ છીએ. ઊભા તમારે જ રહેવું પડશે. વગર લખાણે, વગર બોલે જે કસમ ખાધા છે તેને તમે વળગી રહેશો, એટલે જીત તમારી જ છે.'

બીક અને હઠ

આ સિવાય ગાંધીજીએ ઘણી વખત પત્રિકાઓમાં મજૂરો વિષે લખ્યું હતું; પરંતુ અહીં તેનો વધુ ઉલ્લેખ નથી કરતો. કેટલીક પત્રિકાઓ બહાર પડી ગયા પછી એમ લાગતું કે, મિલમાલિકો થોડા દિવસ મજૂરોની કસોટી કરીને તેમને માગ્યા ભાવે નોકરી ઉપર લઈ લેશે. એટલે મજૂરો જે બીજી મજૂરી માગવા આવતા હતા તેમને પણ ધીરજ રાખવાની સૂચના કરવામાં આવતી હતી, સમજાવવામાં આવતું હતું. આવી રીતની અધીરાઈથી એમ મનાશે કે, મજૂરો મિલમાલિકોની નોકરી કદી પણ સ્વીકારવા માગતા જ નથી. તેથી માલિકોનો તેમણે દ્વેષ કર્યો કહેવાશે. મજૂરો પણ બિચારા ધીરજ રાખીને બેઠા હતા અને શાંતિ રાખવાની સૂચના શબ્દેશબ્દ પાળતા હતા. એવે સમયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું જણાવા લાગ્યું કે, મિલમાલિકો પોતાની ૩૫ ટકા આપવાની અશક્તિને લીધે નહિ, પણ કેવળ હડતે લઈને મજૂરોની માગણી નથી સ્વીકારતા. આ વખતે જો મજૂરો ફાવશે તો હંમેશને માટે તેઓ ત્રાસ આપતા થઈ જશે અને તેમના સલાહકારોનું સાલ હંમેશને માટે પેસશે, એ વિચારને લઈને તેઓએ આ હડ ધરી હતી. હડમાં રહેલા ભય અથવા ભ્રમનું નિરસન પત્રિકામાં બહુ જ સુંદર કરવામાં આવ્યું હતું. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, માલિકોને ડર છે કે મજૂરોને માગ્યું આપવાથી મજૂરો ઉદ્ધત બને. આ ડર પાયા વિનાનો છે. મજૂરો કદાચ આજે દબાય તોપણ પોતાનો લાગ શોધી ઉદ્ધત બને એ અસંભવિત નથી. દબાયેલા મજૂરો વેરભાવ રાખે એવો પણ સંભવ છે. દુનિયાનો ઇતિહાસ બતાવે છે કે, મજૂરો જ્યાં જ્યાં દબાયા છે ત્યાં ત્યાં તેઓ સામે થયા છે. માલિકો એમ માને છે કે, મજૂરોની માગણી સ્વીકાર્યાથી તેઓના સલાહકારની અસર તેઓના ઉપર વધશે. જો સલાહકારોની દલીલ સાચી હશે, તેઓ મહેનતુ હશે, તો મજૂરો હારે કે જીતે છતાં સલાહકારોને તેઓ છોડવાના નથી. અને વધારે ધ્યાનમાં રાખવાનું તો એ છે કે, સલાહકારો મજૂરોનો ત્યાગ કરવાના નથી. જેઓએ સેવાધર્મ સ્વીકાર્યો છે તેઓ તે ધર્મ સ્વામીની ઇતરાજી થતાં પણ છોડવાના નથી. જેમ તે નિરાશ થશે તેમ સેવામાં તે વધારે પરાયણ થશે. એટલે ગમે તે પ્રયાસો કરે તોપણ માલિકો સલાહકારોને મજૂરોના સહવાસમાંથી દૂર નહિ કરી શકે. આ પ્રમાણે ગાંધીજીએ કહેલું.

મજૂરોની શાંતિ

ગાંધીજીના અત્યાર સુધીના ઉપદેશની મિલમજૂરો ઉપર શી અસર થઈ હતી તે આપણે જરા તપાસી જઈએ. જ્યારે હડતાળ પડી ત્યારે અમદાવાદ શહેરમાં સ્થળે સ્થળે ત્રાસ વર્તી રહ્યો હતો. સૌના મનમાં ડર રહેતો હતો કે, ખિજાયલા મજૂરો રસ્તામાં તોફાન કરશે, ચોરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરશે, મારફાડ કરશે, હુલ્લડ હુમલા કરશે. પરંતુ આ દસ દિવસમાં તેઓએ આમાંનું કશું ન જોયું, એટલે પ્રજા વિસ્મિત થઈ..

અહીં પ્રસંગોપાત્ત કહી લેવું જોઈએ કે, આવી શાંત રસભરી રીતે કામ ચાલી રહેલું હતું તેમાં પણ જાણ્યેઅજાણ્યે સામા પક્ષને જરાયે માઠું લાગે એવું કાંઈ પણ બોલવામાં કે કરવામાં ન આવે તેની મહાત્માજી બહુ કાળજી રાખતા.

મજૂરો તરફથી આ પ્રમાણે ચાલતું હતું ત્યારે બીજી બાજુથી આ પ્રવાહને રોકવા માટે પણ તૈયારીઓ કમી નહોતી થઈ. મજૂરોને બગાડવાની, ફોસલાવવાની અનેક તજવીજો માલિકો તરફથી થતી હતી.

હાડમારી અને સ્વાશ્રય

મજૂરોની હાડમારી વધતી જતી હતી. ઘણા તો હવે મજૂરી મેળવવા માટે તત્પર થયા હતા. આથી કેટલાકે તો પૈસા મોકલવાની માગણી પણ કરી હતી. પરંતુ એ મહાત્માજીને બરાબર ન લાગ્યું. તે તો કહેતા કે, 'મજૂરોને તમે પૈસા આપીને સત્યાગ્રહ કરાવશો અથવા તમે પૈસા આપીને તેમને ટકાવી રાખશો એવી આશાથી જ મજૂરો આ લડતમાં પડ્યા હશે, તો તેવા સત્યાગ્રહનો અર્થ શો ?' કેટલાકને તો ખાવાના સાંસા હતા એટલે આશ્રમ બંધાતો હતો ત્યાં ઈંટો ઉપાડવાનું, રેતી વહેવાનું વગેરે કામ કેટલાક મજૂરોને આપવામાં આવ્યું. આથી મજૂરોને શાંતિ થઈ.

આ તરફથી શહેરમાં પણ કાંઈક બળભળાટ ઉત્પન્ન થયો હતો. ઘણાકને થતું હતું કે આ લડતનું શું પરિણામ આવે ? હઠ તો કોઈ છોડતા નથી. આથી કેટલાક ગૃહસ્થો અનેક પ્રકારની વિષ્ટિઓ લઈને આવતા. પરંતુ ગાંધીજી તેમને બરાબર જવાબ આપી દેતા, એટલે બધા શાંત બેસી જતા.

તા. ૧૨મી માર્ચને દિવસે સ્થિતિમાં ફેરફાર થયો. અત્યાર સુધી તો મિલમાલિકોએ લૉક-આઉટ કાયમ રાખ્યો હતો, એટલે મજૂરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ પણ રીતે કામે ચડી શકતા નહોતા. ૧૨મી તારીખથી લોક-આઉટ દૃઢ થયો અને ૨૦ ટકા વધારો લેનાર મજૂરો માટે મિલો ખુલ્લી છે એમ કહેવામાં આવ્યું. મહાત્માજીએ તે દિવસથી દર સવારે સભાઓ ભરવાનું રાખ્યું, કારણ કે સવારનો વખત કામે ચડવાનો હોય; નબળા મનના અને અણસમજુ મજૂરો ખોટી સલાહથી ભોળવાઈ જઈ કામ ઉપર ન ચડે તે જોઈ શકાય.

જેમ મજૂરોને કામ પર લેવાના સર્વ પ્રયત્નો સામા પક્ષ તરફથી થવા માંડ્યા તેમ મજૂરોના પક્ષેથી મજૂરોને ટકાવી રાખવાના પણ પ્રયત્નો થવા માંડ્યા.

કસોટી

પરંતુ કેટલાક મજૂરોને થયું કે, આપણે નકામા તણાઈએ છીએ, પ્રતિજ્ઞાથી કશું જ વળવાનું નથી. પ્રતિજ્ઞાઓ તો ખોટાં હવાતિયાં છે. ભૂખમરો આવ્યો છે, મજૂરી થતી નથી, મફતની સલાહ આપનારાઓને કાંઈ દુઃખ છે? દુઃખ આપણને છે.

પેલી તરફ મિલમાલિકો પોતાનાં હૈયાં વજ્જ જેવાં કરવા લાગ્યા હતા. ૩૫ ટકા ન જ આપવા એવી હઠમાં તેઓ વધારે દૃઢ થતા જતા હતા. તેમણે મજૂરોનો નિશ્ચય તોડવાને માટે માણસ રાખ્યા.

આમ બાવીસ દિવસ વીતી ગયા હતા. ભૂખમરો અને મિલમાલિકોના જાસૂસો પોતાનું કામ કર્યે જતા હતા. અને શયતાન તેમના કાનોમાં ગણગણતો હતો કે, 'દુનિયા ઉપર ગરીબોના બેલી ઈશ્વર જેવું કાંઈ નથી અને પ્રતિજ્ઞાઓ તો ન ફાવવાનાં મનામણાં છે.' શ્રી છગનલાલ એક દિવસ જુગલદાસની ચાલીમાં રહેનારા મજૂરોને સવારની સભામાં આવવાની વિનંતિ કરતા હતા. તેમને આવા જ કાંઈક ઉદ્‌ગારોથી કેટલાક મજૂરોએ વધાવી લીધા: "ગાંધીજી અને શ્રી અનસૂયાબહેનને શું છે? તેઓને મોટરમાં આવવાનું અને મોટરમાં જવાનું, ખાસું ખાવાપીવાનું; પણ અમારા તો જીવ જાય છે. સભામાં આવ્યે કાંઈ ભૂખમરો ટળતો નથી." આ વચનો ગાંધીજીને કાને ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાત્માજીને કોઈ ટીકા કરે એ ન લાગે, કોઈ નિંદા કરે તે ન લાગે, પણ ખરી સ્થિતિ સૂચક આ કડવાં વેણે મહાત્માજીનું હૈયું વીંધાઈ ગયું. બીજે દિવસે તેઓ સવારે સભામાં ગયા ત્યાં તેમણે મજૂરોને ઉદાસ જોયા અને હાજર રહેલા માણસોને કહી દીધું કે, 'તમે પ્રતિજ્ઞામાંથી પડો એ ક્ષણભર પણ હું સાંખી શકનાર નથી. તમને ૩૫ ટકા મળે નહિ અથવા તો તમે બધાય પડી ન જાઓ ત્યાં સુધી હું આહાર લેનાર નથી કે મોટર વાપરનાર નથી.'

પ્રતિજ્ઞા

ગાંધીજીની આ પ્રતિજ્ઞાથી મજૂરોને ખૂબ દુઃખ થયું અને તેમને થયું કે, ગાંધીજીને આપણે આવું નહોતું કહેવું જોઈતું, અને તેઓ ગાંધીજી પાસે જઈ કરુણ વચને પ્રતિજ્ઞા છોડવાનું વીનવવા લાગ્યા. પરંતુ ગાંધીજીએ પ્રતિજ્ઞા ન તોડી. આ પ્રતિજ્ઞામાં શ્રી અનસૂયાબહેન પણ જોડાયાં. આ બધાંની કંઈક જુદી જ અસર થઈ. મજૂરોનો જે ઉત્સાહ માર્યો ગયો હતો તે પાછો સજીવન થયો અને વાતાવરણ તેજીમાં આવ્યું.

જે જુગલદાસની ચાલીવાળાઓએ આ મહેણું માર્યું હતું તે બધા મજૂરો ગાંધીજીની પ્રતિજ્ઞા તોડાવવાના પ્રયત્નો કરી રહ્યા હતા અને કહેતા હતા કે, 'અમે તો સહન કરવા માટે તૈયાર છીએ.' કેટલાકની લાગણી તો ઉશ્કેરાઈ ગઈ અને તેમણે તો ગાંધીજીને કહી દીધું કે, શ્રી અનસૂયાબહેન જો પ્રતિજ્ઞા પાછી નહિ ખેંચે તો અમે નવાજૂની કરીશું. એક જણ તો પોતાની કેડમાં જમૈયો ખોસીને આવેલો હતો. તેણે આત્મહત્યા કરવાની ધમકી આપી. આ કરુણાજનક તકરાર એટલી તો લંબાઈ કે, શ્રી અનસૂયાબહેનને તો આહાર લેવાનું કબૂલ કરવાની ફરજ પડી.

પ્રતિજ્ઞાનું રહસ્ય

આ બનાવ પછી ગાંધીજીએ જે ભાષણ કર્યું હતું તે સરળ અને સોંસરું હૃદયમાં પહોંચી જાય એવું હતું. તેમણે કહ્યું કે, "આજે સવારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું થયું તેની ખબર પડી હશે. કેટલાકને ભારે આઘાત થયો, કેટલાક રોઈ પડ્યા. સવારનું કામ કંઈ ખોટું થયું છે એમ મને લાગ્યું નથી. જુગલદાસની ચાલીવાળાઓએ જે ટીકા કરી છે તે માટે મને ગુસ્સો નથી આવતો. તેમાંથી તો મારે અથવા જેને હિંદની સેવા કરવી છે તેણે ઘણું સમજવાનું છે. હું માનતો આવ્યો છું કે, આપણી તપશ્ચર્યા અથવા જ્ઞાનપૂર્વક દુઃખ ઉઠાવવાની શક્તિ ખરી હોય તો તેમાંથી ફળ આવ્યા વિના રહે જ નહિ. મેં તમને એક જ સલાહ આપી તેને અનુસરીને તમે કસમ લીધા. આ જમાનામાં કસમની કિંમત ચાલી ગઈ છે. કસમ ગમે ત્યારે ગમે તેમ માણસો તોડે છે. પણ કસમની આવી કિંમત ઉતારી દેવા માટે મને દુઃખ થાય છે. સાધારણ માણસને બાંધવાની દોરી કસમ જેવી એકેય નથી. કસમનો અર્થ એ કે, આ દુનિયામાં આપણે અમુક જે ખુદાને માનીએ છીએ તેને સાક્ષી રાખીને આપણે અમુક કામ કરવા માટે તૈયાર છીએ. તમે કબૂલ કરશો કે, આપણે પ્રતિજ્ઞા લીધી ન હોત અને તેનું હંમેશાં સ્મરણ કર્યું ન હોત તો કચારનાયે આપણામાંના ઘણા ભાઈઓ પડી ગયા હોત. હું તમને સલાહ આપું છું કે, તમારે ભૂખમરો વેઠીને પણ પ્રતિજ્ઞા પાળવી. તમે જે વચનો કહ્યાં તે માટે મેં બહુ વિચારો કર્યા. તે માટે મને લાગ્યું કે, તમારો પોતાનો ધર્મ રખાવવો હોય, પ્રતિજ્ઞાની કિંમત જો મારે બતાવવી હોય, તો મારે તમારી પાસે કંઈક પ્રત્યક્ષ પુરાવો મૂકી દેવો જોઈએ. તમારી પાસે અમે મશ્કરી નથી કરતા, નાટક નથી કરતા. તમને જે વચનો કહીએ છીએ તે અમે પાળવા તૈયાર છીએ એમ હું તમને શી રીતે બતાવું ? હું કંઈ પરમેશ્વર નથી કે જેથી તમને આ બીજી રીતે બતાવી શકું. તમારી પાસે હું એવું કરીને બતાવું કે જેથી તમને લાગે કે આ માણસની સામે તો ચોખ્ખે-ચોખ્ખી વાત કરવી પડશે, નાટક નથી કરી શકાવાનું. બીજી કોઈ લાલચ કે ધમકી આપીને ટેક નથી રખાવી શકાતો. લાલચ માત્ર માયાની આપી શકો છો. જેને પોતાનો ધર્મ વહાલો હોય, દેશ વહાલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, તે જ ટેક ન છોડે એટલું તમે સમજી શકો છો. તમને એમ થઈ ગયું હોત કે, અમારે તમારી પ્રતિજ્ઞા સાથે શો સંબંધ છે, અમે નથી ટકવાના, અમારે તો જવું જ જોઈએ. પણ તમે તો એમ નહિ જ માન્યું. તમે તો અમારી સેવા લેવા બેઠા. અને મેં તમારો મોટો આંક બાંધ્યો. તમારી સાથે મરવું એ મને સુંદર લાગ્યું અને તમારી સાથે જ તરવું એ મને સુંદર લાગ્યું.''

ગાંધીજીની આ પ્રતિજ્ઞાથી કેટલાક એમ માનવા લાગ્યા કે, ગાંધીજીએ અકળાઈને મિલમાલિકોને દબાવવા આ યુક્તિ રચી છે. પ્રો. આનંદશંકર ધ્રુવે પણ આપુજી વિષે એવો અભિપ્રાય આપ્યો હતો. એ વિષે ગાંધીજી તેમને સમજાવવા ખૂબ પ્રયત્ન કરતા હતા. પરંતુ પ્રો. આનંદશંકરની ખાતરી નહોતી થતી.

જે મિલમજૂરોનો પ્રશ્ન અત્યાર સુધી સંકુચિત હતો તે હવે વિસ્તૃત થયો. તેમાં ગાંધીજીની પ્રતિજ્ઞાથી તો જે ગૃહસ્થો તટસ્થ હતા તેઓએ પણ પોતાનું તાટસ્થ્ય છોડ્યું. પ્રો. આનંદશંકરનો સંબંધ આ બાબતમાં આવી રીતે શરૂ થયો. બહારના લોકનેતાઓને પણ ખૂબ ચિંતા થવા લાગી અને કેમે કરી આ પ્રતિજ્ઞાનો નિવેડો જલદી આવે તો સારું, એમ સૌને થવા લાગ્યું.

ત્રાગું !

ગાંધીજીની આ પ્રતિજ્ઞાની અસર મિલમાલિકોને થતી ન હતી એમ નહિ. પણ તેઓ માનતા હતા કે, ગાંધીજીનું આ મિલમાલિકો સામે ત્રાગું છે. મિલમાલિકો ગાંધીજીને પ્રતિજ્ઞા તોડવા માટે સમજાવવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, તમારી ખાતર અમે મજૂરોને ૩૫ ટકા વધારો આપીએ. પરંતુ ગાંધીજીએ ચોખ્ખી ના પાડી કે, મારી દયાની ખાતર નહિ, પરંતુ મજૂરોની પ્રતિજ્ઞાને માન આપીને, તેઓને ન્યાય આપવાની ખાતર ૩૫ ટકા વધારો આપવો હોય તો આપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ગાંધીજીના ઉપવાસના દહાડા વધતા જતા હતા. ગાંધીજીને ઉપવાસથી શિથિલતા આવવાને બદલે સ્ફૂર્તિ આવતી હતી. શ્રી અંબાલાલભાઈ જે માલિકોના પક્ષના હતા તેમને ગાંધીજીના ઉપવાસથી ખૂબ આઘાત લાગ્યો. તેમણે ગાંધીજીને ખૂબ સમજાવ્યા, પરંતુ ગાંધીજી એકના બે ન થયા.

ગાંધીજીને લાગ્યું કે, મારા ઉપવાસથી માલિકો ઉપર દબાણ થાય છે, એટલે માલિકોની પ્રતિજ્ઞા જળવવાના કૃત્રિમ ઉપાયો સ્વીકારવા પણ તેઓ તૈયાર થયા. લડતની પહેલાં બંને પક્ષ વચ્ચે જે પંચનું તત્ત્વ સ્વીકારાયેલું હતું તે પંચનું તત્ત્વ હજી પણ ગાંધીજીને તો કબૂલ જ હતું. મજૂરોની પ્રતિજ્ઞાનો અક્ષર જળવાય તો પછી પંચ કહે તે મજૂરો કબૂલ રાખશે, એમ ગાંધીજીએ સ્વીકારી લીધું. આથી સમાધાનનો મોટો રસ્તો નીકળ્યો. પરિણામે, મજૂરોની પ્રતિજ્ઞા જળવવા પહેલે દિવસે ૩૫ ટકા વધારો, માલિકોની પ્રતિજ્ઞા જળવવા બીજે દિવસે ૨૦ ટકા વધારો, અને ત્રીજે દિવસે મજૂરો અને માલિકોએ નીમેલું પંચ ઠરાવે તેટલા ટકા વધારો આપવો, એવી દરખાસ્ત સમાધાનના આધારરૂપે રજૂ થઈ. ત્રીજે દિવસે પંચ તકરારનો નિવેડો લાવી શકે નહિ, અને અમુક ટકા ચૂકવી શકે નહિ, માટે તેમને તપાસ કરવા સારૂ પૂરતી મુદત મળવી જોઈએ એમ સ્વીકાર્યું. અને આ મુદત ત્રણ મહિનાની મળવી જોઈએ એમ બંને પક્ષે ઠરાવ્યું. આ ત્રણ મહિના દરમિયાન મજૂરોને કેટલા ટકા મળે, એ એક પ્રશ્ન ઉત્પન્ન થયો. આ સવાલનો નિકાલ બંને પક્ષે વિચાર્યો અને તેમાં નક્કી કર્યું કે મજૂરો ૩૫ ટકામાંથી ૭½ ટકા ઓછા કરે અને માલિકો ૨૦ ટકામાં ૭½ ટકા વધારે એટલે ૨૭½ ટકા મજૂરોને વધારો મળે. પંચ તરીકે બંને પક્ષને અનુકૂળ એવા પ્રો. આનંદશંકરને કબૂલ રાખવામાં આવ્યા.

આ નિકાલની ખબર વાયુવેગે બધા મજૂરોને પડી ગઈ અને ગાંધીજીએ તે વિષે બરાબર તેઓને સમજાવ્યું. મિલમાલિકોએ આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાધાનીની ખુશાલીમાં મજૂરોને મીઠાઈ વહેંચવાની માગણી કરી તે માગણી મજૂરોએ હર્ષથી વધાવી લીધી.

આ નિકાલ થયા પછી ગાંધીજીએ પોતાનો ઉપવાસ છોડ્યો. એ જ દિવસે સાંજે શ્રી અંબાલાલભાઈના બંગલાના વિશાળ ચોગાનમાં બધા મજૂરોને મીઠાઈ વહેંચવામાં આવી. આ વખતે શેઠ અંબાલાલે તથા ગાંધીજીએ જે ઉદ્‌ગારો કાઢ્યા હતા તે મિલમાલિકો અને મજૂરો વચ્ચેની લડત કેટલી સીધી ચાલી હતી અને અંતે કેટલી મીઠાશથી બંને પક્ષ વચ્ચે સમાધાન થયું હતું તે સંપૂર્ણ રીતે બતાવી આપે છે.

કેટલાક મજૂરોએ લૉક-આઉટ દરમિયાનનો પગાર માગ્યો. તે વખતે ગાંધીજીએ કહ્યું કે, "લૉક-આઉટનો પગાર માગવો એ માલિકોના પૈસાથી લડત લડ્યા જેવું છે. એવો વિચાર મજૂરોને શરમાવનારો છે. લડવૈયા પોતાના બળ ઉપર જ લડી શકે. વળી મજૂરોને માલિકોએ પગાર ચૂકવી દીધેલો. હવે તો મજૂરો નવી નોકરી શરૂ કરે છે એમ પણ કહી શકાય. એટલે એ બધું વિચારતાં મજૂરોએ લૉક-આઉટ દરમિયાનનો પગાર લેવાનો વિચાર માંડી વાળવો જોઈએ."

આટલા ઇતિહાસ પછી વિશેષ કહેવાનું રહેતું નથી. એક વસ્તુનો ખુલાસો કરી દઉં અને તે ગાંધીજીની પ્રતિજ્ઞાનો. પ્રો. આનંદશંકરભાઈએ આ પ્રશ્નનો નિવેડો આપતાં કહ્યું કે, "મિલમાલિકોએ કારીગરોને તકરારને લગતા બાકીના વખતના પગારમાં ૩૫ ટકા વધારો આપવો. એટલે કે ૨૭½ ટકા આપતાં બાકી રહેલી રકમ તેઓએ કારીગરોને આપવી." આ નિર્ણયથી ગાંધીજીની પ્રતિજ્ઞા રહે છે, કેમ કે તેમણે કહેલું કે, જો મજૂરોને ૩૫ ટકા વધારો આપવામાં નહિ આવે તો હું બાઈશ નહિ, તેનું સમાધાન આ નિર્ણયથી થાય છે.

ગાંધીજીને પુણ્યપ્રતાપે અમદાવાદે આ સીધી, સુંદર અને નિર્દોષ લડતનો લહાવો લીધો. અગાઉ ઘણીયે વાર હિંદુસ્તાનના જુદા જુદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગોમાં મિલમાલિકો અને મિલમજૂરો વચ્ચે લડતો થયેલી; પણ તેમાંની એકે લડત આ લડતની માફક સ્વચ્છ સાધનોથી, ધન નહિ પણ કેવળ સંકલ્પના બળે, અને સંપૂર્ણ મીઠાશથી ચાલી નથી. કોઈ પણ લડતનું પરિણામ આ લડતના પરિણામ જેટલું બન્ને પક્ષને હિતકર અને ઉન્નતિકર આવ્યું નથી. આ લડતથી ભવિષ્યમાં કોઈ પણ ગંભીર પરિણામ ઉત્પન્ન થવાનો ઘણો ઓછો સંભવ રહે છે. આ લડત સફળ બનાવનાર અને અહિંસાના ધર્મશાસ્ત્રની ભેટ આપનાર પૂ. બાપુજીને હજારો વંદન હો !

ભાઈચંદ જાદવજીભાઈ રવાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

અણનમ રાષ્ટ્રધ્વજ

[ઝંડા-સત્યાગ્રહ : નાગપુર]

૧૩મી એપ્રિલ એ જલિયાનવાલા બાગનું સ્મરણ કરાવે છે. અને એ દિવસ આખા રાષ્ટ્રમાં ઊજવાય છે. ૧૯૨૩માં આ દિવસ નાગપુરમાં પણ ઊજવાયો હતો. આ જ દૃષ્ટિથી આખા દેશમાં એ દિવસે ઠેર ઠેર ઝંડા સાથે સરઘસો નીકળ્યાં, તેમ જ સભાઓ ભરાઈ. તે જ પ્રમાણે નાગપુરમાં પણ 'રાષ્ટ્રીય ઝંડા' સાથે સરઘસ નીકળ્યું. તે સરઘસ સિવિલ સ્ટેશન આગળ ગયું. વાવટા સાથે સરઘસને આગળ જવાનો મનાઈ-હુકમ થયો. શાંતિથી હુકમનો અનાદર કરી પાંચ વીરો આગળ ગયા. પોલીસે તેમના વાવટાના ટુકડા કરી નાખ્યા અને વાવટાની લાકડી વડે જ તેમના ઉપર ખૂબ પ્રહારો કરી બેભાન કર્યા, અને તેમને ગટરમાં નાખ્યા. આ રીતે જલિયાનવાલા બાગમાં થયેલાં સરકારી પરાક્રમોનું પણ પોલીસે સ્મરણ કરાવી આપ્યું.

સરકારે રાષ્ટ્રીય ધ્વજ સામે એમ કહ્યું હતું કે, 'રાષ્ટ્રીય ધ્વજ'ની સામે સરકારને કશો વાંધો નથી. પણ રાજનિષ્ઠ લોકોનાથી યુનિયન જેકનું અપમાન દેખ્યું જતું નથી. એટલે સરકારને સભ્ય વસ્તીમાંથી રાષ્ટ્રધ્વજને જતો અટકાવવો પડ્યો !

'યુનિયન જેક' કે બીજા કોઈ વાવટાના અપમાનના હેતુથી 'રાષ્ટ્રીય ધ્વજ' યોજાયો નથી, એમ આ ધ્વજના સ્વરૂપ ઉપરથીય ખબર પડે છે.

આપણા રાષ્ટ્રીય વાવટામાં અને બીજા રાષ્ટ્રોના વાવટામાં આકાશ પાતાળનો ફેર છે. બીજા રાષ્ટ્રોના વાવટામાં હજુ યુદ્ધ અને લૂંટમાજીનાં નિશાન છે. રાષ્ટ્રીય વાવટામાં જન્મથી જ શાંતિનું નિશાન છે. તેથી આખા જગતને માટે તેના ઉપર શાંતિનો સંદેશો અંકિત છે. પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરકાવનાર પાસેથી ભારેમાં ભારે બલિદાનની આશા રાખવા છતાં, આ વાવટો બીજાનાં લોહીનો તરસ્યો નથી. એટલે આવા પવિત્ર ઝંડા આગળ યુનિયન જેક કે બીજા કોઈ ઝંડાનું અપમાન હોઈ જ ન શકે.

આવો પવિત્ર વાવટો કોઈના અપમાન માટે સર્જાયો નથી, છતાં પવિત્ર જલિયાનવાલા બાગને દિવસે એક ગણ્યાગાંઠ્યા મુઠ્ઠીભર અમલદારોની મદોન્મત્ત પ્રકૃતિને પરિણામે હિંદની સ્વતંત્રતાના આ મંગલ ચિહ્નના કરેલા એ અપમાનને હિંદના રાષ્ટ્રવાદીઓ કેમ કરી સાંખી શકે?

આ રીતે નાગપુરમાં થયેલા આ પવિત્ર રાષ્ટ્રધ્વજના અપમાનને સહન કરવા કોઈ તૈયાર નહોતું. તેથી ત્યાં ૧૯૨૩ની પહેલી મેએ ઝંડા–સત્યાગ્રહનો પાયો નંખાયો.

ઝંડા–સત્યાગ્રહના યુદ્ધનો પહેલો પડકાર મધ્ય પ્રાંતની સરકારે જબલપુરમાં આપ્યો હતો. બીજો પડકાર આ જ સરકારે નાગપુરમાં આપ્યો. લાખોની લક્ષ્મીને ખોળે રમતા શેઠ જમનાલાલ બજાજે તરત જ એ પડકાર ઝીલી લીધો, અને તલવાર કે તોપ–તમંચા વિનાની આ લડતનો પ્રચંડ ભાર ઝીલી, રણસંગ્રામનો સુંદર વ્યૂહ તેઓ રચતા હતા. આ લડતમાં ભાગ લેવા માટે લોકો જમનાલાલજી પાસે આવતા હતા. તેમને બરાબર તપાસીને લેવામાં આવતા હતા. જમનાલાલજીને કારણે ઘણા સારા માલ–મિલકતવાળા અને લક્ષાધિપતિ મારવાડીઓ આ લડતમાં જોડાયા હતા.

તારીખ પહેલી મેના સોમવારથી દરરોજ સાંજે ચાર વાગ્યે ૧૦ સત્યાગ્રહીઓની ટુકડી સરઘસના રૂપે જતી. શહેરમાં સારી પેઠે તેમનો સત્કાર થતો. ફોટોગ્રાફ લેનારાઓ, શરબત પાનારાઓ, ફૂલતોરા આપનારાઓ વગેરે પાર વગરના નીકળતા. એ સત્યાગ્રહીઓ પેલા સિવિલ સ્ટેશને પહોંચે ત્યાં તો જોનારાઓની પાંચ હજારની મેદની જમતી. આ બધાને શાંત રાખવા અને વ્યવસ્થા જાળવવા આગળથી સૈનિકો જતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈનિકોને કેવી રીતે પકડવામાં આવતા એ દૃશ્ય વર્ણવવા જેવું છે. રસ્તાની બન્ને બાજુએ લોકોની મેદની વચ્ચે રસ્તો સાફ હતો. ત્યાં મોટર, ઘોડાગાડી વગેરે વિના મુશ્કેલીએ જઈ શકતાં હતાં. સાફ રસ્તાની સામે મોટી જબરદસ્ત પોલીસ–ટુકડી, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ, જિલ્લા મૅજિસ્ટ્રેટ, સીટી મૅજિસ્ટ્રેટ, મોટી ઘોડેસવાર કૉન્સ્ટેબલોની પલટન, અને બીજી બંદૂકદારોની હાર જમી હતી. આવા સરંજામ સાથે રાષ્ટ્રીય ઝંડાની લડત લડનારા દસ નિઃશસ્ત્ર સૈનિકોની સામે બાથ ભીડવા તેઓ તૈયાર રહેતાં. આ આખી પલટનથી ૧૦૦ ફૂટ દૂર લોકોની મેદની ખડી રહેતી. અને પેલા દસ નિઃશસ્ત્ર સત્યાગ્રહીઓ રાષ્ટ્રીય વાવટાને ફરકાવતા, અને 'સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા' ગાતા ગાતા પલટન તરફ કૂચ કરતા. ત્યાં તેમને જેવા પકડવામાં આવે કે તરત જ આસપાસની દિશાઓને ભેદી નાખે એવી 'મહાત્મા ગાંધીજીકી જય' પોકારવામાં આવતી. આમ દરરોજના દસ નિઃશસ્ત્ર સત્યાગ્રહીઓ પકડાતા.

આ રીતે નિયમિત સત્યાગ્રહીઓ પકડાવાથી ત્યાંના જિલ્લા મૅજિસ્ટ્રેટે ૧૪૪મી કલમ મુજબ સિવિલ લાઈન્સ ઉપરથી સરઘસ ન કાઢવાનો હુકમ કાઢ્યો. આ કલમનો અનાદર કરનાર સત્યાગ્રહીઓને શરૂઆતમાં બે મહિનાની, ત્રણ મહિનાની સાદી, ચાર મહિનાની સખ્ત સજા થતી. પણ તારીખ ત્રીજી ને બુધવારે સત્યાગ્રહી ટુકડીને છ માસની સજા થઈ. આ બુધવારની ટુકડી કેવળ મુસલમાનોની હતી.

આ પ્રમાણે દોઢ મહિના સુધી ઝંડા–સત્યાગ્રહને દબાવવા સરકારે પ્રયત્ન કર્યો. અનેક જાતનાં તૂતો ઊભાં કરી લોકોને ડરાવવાનો નિશ્ચય કર્યો. અત્યાર સુધી જેટલા સત્યાગ્રહીઓ કાયદાનો ભંગ કરતા હતા તેમને જ સરકાર પકડતી હતી. પણ હવે તો જે સરઘસ વખતે હાજર હોય અને જે જોનાર હોય, એમને પણ તેણે પકડવાનું શરૂ કર્યું. બીજા કેટલાકને તો સત્યાગ્રહને ઉત્તેજન આપવાના શક ઉપરથી પકડતી. આમ કેટલાય ગુનેગાર, બિનગુનેગાર લોકોને સરકારે પકડ્યા. તોપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકો તો દૃઢ જ રહ્યા. છેવટે સરકાર એવી અફવા ઉડાવવા લાગી કે, આજે અમુક સંખ્યાએ માફી માગી, આટલા મુસલમાનોએ માફી માગી. એમ દરરોજ માફી માગનારાઓની સંખ્યા પ્રગટ કરતી. માફી માગનારાઓ સરકારના અંદરના જ માણસો ન હતા એમ માનવાને કશું કારણ નહોતું. આથી લોકોએ અફવાને સ્વીકારી નહિ. વચ્ચે વચ્ચે હિંદુ મુસલમાનોને લડાવવાના પણ અનેક પ્રયત્નો કર્યા. સરકારે અત્યાચારો ને જૂઠાણાંથી આ લડતને દબાવવા પ્રયત્ન કર્યો. પણ એનાથી વિપરીત પરિણામ એ આવ્યું કે, હિંદુસ્તાનના ઘણા પ્રાંતોએ 'ઝંડા–સત્યાગ્રહ'માં સામેલ થવાનો નિશ્ચય કર્યો. આ કારણે સરકારના ગભરાટનો પાર ન રહ્યો. આ બાજુ નાગપુરમાં મહાસમિતિની બેઠક મળી. તેણે પણ એવો ઠરાવ કર્યો કે, નાગપુરે રાષ્ટ્રીય ઝંડાના રક્ષણને અર્થે સત્યાગ્રહ માંડ્યો છે, માટે મહાસમિતિ તેને અભિનંદન આપે છે અને હિંદુસ્તાનના તમામ સ્વયંસેવકોને આ સત્યાગ્રહમાં જોડાવા આગ્રહપૂર્વક વિનંતી કરે છે.

આમ આખા હિંદુસ્તાનમાં નાગપુરના દાવાનળના તણખા ફેલાયા. એટલે સરકારની આંખો સચેત થઈ. આ સત્યાગ્રહના દિવસો દરમિયાન સી. પી. સરકારે મૌન રાખેલું, પણ તેણે તે હવે તોડ્યું અને બીજા પ્રાંતની સરકારના કાન પણ જાગ્રત થયા.

નાગપુરથી સૈનિકોની માગણી થઈ કે તરત જ ગુજરાતે શ્રી મોહનલાલ પંડ્યાના સેનાપતિપણા નીચે ૭૫ વીરોને ગાંધીપર્વના દિવસે બલિદાનાર્થે મોકલી આપ્યા. ગાંધીપર્વ એટલે સરકારે ગાંધીજીને ૧૮મી તારીખે જેલપ્રવેશ કરાવ્યો તે દિવસ. એ ૧૮મી તારીખનો દિવસ હિંદુસ્તાનમાં હેર હેર ઊજવાતો. આ ગાંધીપર્વનો દિવસ ભારે ઉત્સાહ સાથે ઊજવવાનું શેઠ જમનાલાલજીએ નક્કી કર્યું. પણ એમ કંઈ નાગપુરની સરકાર ગાંધીપર્વ સહેલાઈથી ઊજવવા દે એમ નહોતું. સરકારે તો ૧૭મીની સાંજે શેઠ જમનાલાલ બજાજ અને અન્ય આગેવાનોને ગિરફ્તાર કર્યા. ૧૮મીના ગાંધીપર્વને દિવસે પરોઢિયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહીઓની છાવણી ઉપર સરકારે દરોડો પાડ્યો અને ત્યાંથી ૨૫૦ સત્યાગ્રહીઓને ગિરફતાર કર્યા. આ સમયે લોકોની મેદની ઠીક જામી હતી. સૈનિકોને લોરીમાં લઈ જતા હતા ત્યારે પ્રજાએ રસ્તે રસ્તે જે સ્વાગત કર્યું તે અનેરું હતું. આ સ્વાગતથી લોકલાગણીનું માપ સ્પષ્ટ જણાતું હતું. આટલા ભવ્ય સ્વાગતથી સરકાર વધારે ચિડાય એમાં નવાઈ શી!

સી. પી. સરકારે નાગપુર તરફ કરડી નજર કરી અને એક ફરમાન ચાલુ હતું છતાં આ જ દિવસે એટલે ૧૮ જૂનના ગાંધીપર્વને દિવસે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ મિ. ગોખને બીજો હુકમ જાહેર કર્યો કે,

"નાગપુરની મ્યુનિસિપલ હદમાં અને સભ્ય વસ્તીમાં મેજિસ્ટ્રેટની પરવાનગી વિના લોકોએ સરઘસ ન કાઢવાં અને ૨૫ માણસોથી વધારે માણસોએ ભેગા ન થવું. આ હુકમનો અમલ બે મહિના સુધી થશે."

આ ફરમાનના બચાવરૂપે સરકારે એમ જાહેર કરેલું કે, શહેરમાં શાન્તિનો ભંગ થાય છે એવી ૬૨ નાગરિકોની સહીવાળી અરજી આવી છે અને યુનિયન જૅક તરફ નિષ્ઠા રાખનારાઓની રાષ્ટ્રીય વાવટાથી લાગણી દુઃખાય છે, તેથી મેજિસ્ટ્રેટને આ બીજો હુકમ કાઢવો પડ્યો છે. આમ છતાં અશાન્તિની અરજી કરનારાઓનાં નામ પુરાવા તરીકે ટાંકવામાં આવ્યાં નહોતાં. આ ૬૨ અરજદારો કોણ છે એની તો કોઈને ખબર જ નહોતી. લડતના આટલા ગાળા દરમિયાન કેટલાંયે સરઘસો નીકળ્યાં અને મોટી મેદની ભરાઈ, તોપણ કંઈ ખળભળાટ કે તોફાનનો પ્રસંગ ઊભો થયો નહોતો. પણ સરઘસ નીકળતું ત્યારે રસ્તાઓ ઉપર તેમનો સ્થાને સ્થાને સત્કાર થતો એ વાત જગજાહેર હતી. ત્યારે અશાંતિની નવી શોધ સરકારે કયાંથી કરી? ખરી વાત તો એ હતી કે, સરકારે આટલા હુકમો કાઢવા છતાં અને કેટલાય લોકોને કેદની સજા કર્યા છતાં લોકોનો સત્યાગ્રહનો નિશ્ચય એવો ને એવો જોઈ સરકાર ખૂબ ચિડાઈ, એમ ૧૦૦૦ સત્યાગ્રહીઓને ગિરફતાર કર્યા એ સાબિતી આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઝંડા-સત્યાગ્રહમાં ભાડૂતી લોકો, અભણ લોકો, બેકાર લોકો આવે છે, એવી એવી વાતો કરીને સરકાર અને સરકારની પીઠ થાબડનારાં વર્તમાનપત્રો સત્યાગ્રહીઓની મજાક કરતાં હતાં. પણ ગુજરાતના પોણોસો સૈનિકોમાંથી વકીલો, બૅરિસ્ટરો, ડૉક્ટરો નીકળ્યા ત્યારે, એકાએક ઊંઘમાંથી ચમકી સાંઢિયો જેમ આમ તેમ દોડાદોડી કરી મૂકે, તેમ સરકાર ચક્રવર્તીએ પણ સૈનિકોને અગાઉથી પકડ્યા, એટલે કે, એ લોકોએ સ્વયંસેવક થવાના ગુના ઉપરાંત બીજો ગુનો કર્યો નહોતો છતાં તેઓ ગિરફ્તાર થયા અને તેમના ઉપર કામ ચાલ્યું. કાયદાનું ભારે જ્ઞાન ધરાવનાર લૉર્ડ રીડિંગના રાજમાં દમનનું ચાહે તે સાધન સામાન્ય ફૌજદારી કાયદામાંથી નીકળી શકતું. અત્યાર સુધી ૧૦૮ અને ૧૪૪મી કલમથી એ કામ થતું, પણ હવે સત્યાગ્રહીઓને ૧૦૯મી કલમ પ્રમાણે સજા થવા લાગી. લૉર્ડ રીડિંગના આવ્યા પહેલાં આ કલમ બદમાસો અને ભામટા ઉપર વપરાતી. લૉર્ડ રીડિંગ આવ્યા એટલે નવો જમાનો શરૂ થયો અને સરકારની નફ્ટાઈ વધી. પારકા દેશમાંથી આવી હિંદુસ્તાનને તારાજ કરવો, તેના રસકસ લૂંટવા અને પોતાની અધોગતિનું ભાન થતાં જાગ્રત થઈ ટટાર થવા ઇચ્છતી પ્રજાને દાબી દેવી, એના કરતાં વધારે ભામટાપણું કયું હોઈ શકે? પણ સરકારે તો સૈનિકોને બદમાસ અને ભામટાઓ તરીકે જ પકડ્યા. જમનાલાલજીને પણ તેવી જ રીતે પકડતાં શરમ આવે તેમ નહોતું. પણ સરકારના દુર્ભાગ્યે તો જ્યાં જુએ ત્યાં તેમનાં ઘર જ દેખાય, એટલે તેમને ભામટા કેમ કહી શકે? છેવટે તો સરકારે જમનાલાલજીને કાવતરાબાજની જ પદવી આપી. જમનાલાલજીનો ચુકાદો તા. ૧૦મીએ આપવામાં આવ્યો. એમના ઉપર ત્રણ આરોપો હતા. દરેક આરોપ માટે છ છ મહિનાની સજા થઈ, અને ૩૦૦૦ રૂ. નો દંડ થયો. દંડ ન ભરે તો છ અઠવાડિયાંની વધુ સજા. આમ એમને ૧૯ા મહિનાની સજા થઈ.

શેઠ જમનાલાલજીની ગિરફ્તારી પછી પણ આ ઝંડા-સત્યાગ્રહનું કાર્ય નિયમાનુસાર ચાલતું હતું. દરેક પ્રાંત ગુજરાતની જેમ પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈનિકો મોકલી આ 'સત્યાગ્રહ'માં ફાળો આપવા લાગ્યો. શ્રી રાજગોપાલાચાર્યે પરપ્રાંતમાં ચુનંદા સૈનિકોની લહાણી થવી જોઈએ એ હેતુથી ૧૬ સૈનિકોની સુંદર ટુકડી નાગપુર રવાના કરી. તેમાંના શ્રી. વરદાચારી એમ. એ., બી. એલ. હતા. તેઓ 'સ્વરાજ્ય'ના મદદનીશ તંત્રી હતા. તેમાંના બીજા વકીલ, અધ્યાપક અને વિદ્વાનો હતા. આવા વિદ્વાનોને બદમાસ અને ભામટા ગણી સરકારે કેસ કર્યો અને બધાને ૬ માસની સખત સજા કરી.

આ ઉપરાંત પંજાબ, બિહાર અને આંધ્રે આ સત્યાગ્રહમાં શક્તિ પ્રમાણે ફાળો આપ્યો. પટનાએ પણ પોતાના સૈનિકોને રવાના કર્યા, પણ તેઓને નાગપુરના રેલવે પ્લેટફૉર્મ ઉપર જ પકડવામાં આવ્યા. 'લજપતરાય દિન' હોવાને કારણે પંજાબે આગ્રહપૂર્વક બીજી એક ટુકડી બલિદાન અર્થે નાગપુર મોકલી. આમ કેટલાય પ્રાંતોમાંથી અનેક ટુકડીઓ નાગપુર તરફ પ્રયાણ કરતી. સેવનથી ૩૦ની એક ટુકડી નાગપુર તરફ જવા તૈયાર થઈ, પણ તેમને રેલવે–ટિકિટ ન મળી. ટિકિટ ન મળવા છતાં એ ટુકડીએ પોતાનો નિશ્ચય દૃઢ જ રાખ્યો અને તેઓ કૂચ કરી નાગપુર તરફ રવાના થયા. પણ સરકાર કંઈ પગે ચાલતી ટુકડીને કે ટ્રેનવાળી ટુકડીને સહેજે સફળતા આપે એમ નહોતી. સરકારે નાગપુરની આસપાસના પગ-રસ્તાઓ ઉપર અને સ્ટેશનો ઉપર પોલીસની બરાબર ચોકી ગોઠવી હતી.

નાગપુરમાં પોલીસનો જાપ્તો હોવા છતાં ગુજરાતને એની કંઈ પડી નહોતી. ગુજરાતે ફરી પાછી ડૉ. ચંદુલાલની સરદારી નીચે ભરૂચથી નાગપુર તરફ એક ટુકડી રવાના કરી. આ ટુકડીના ઊપડતાં પહેલાં અમદાવાદે તેનું ઠીક ઠીક સ્વાગત કર્યું હતું. આ ભરૂચની ટુકડીને સ્ટેશને સ્ટેશને ખૂબ માનપાન અને ભેટો મળી હતી. પ્રજા માન અને ભેટો આપી પોતાનો સહકાર જાહેર કરતી હતી. પણ સરકારે નાગપુરથી બે માઈલ દૂર જ ટ્રેન ઊભી રાખી અને આ ટુકડીને ગિરફતાર કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારે નાગપુરનાં બધાં નાકાં રોકયાં, તોપણ તે સુખેથી દિવસ ગાળી શકતી નહોતી. આ દિવસો તો હિંદુસ્તાનને માટે પવિત્ર અને આનંદના હતા. સરકારને પણ આનંદ કરવો હતો, એટલે એણે ફેર ફેર તાર, ટપાલ વગેરે ઉપર ચોકી ગોઠવી. પણ આવી ચોકીઓ ગોઠવવાથી તેની મૂંઝવણ ઊલટી વધી.

તાર, ટપાલ અને રેલવે ઉપર ચોકી રાખવાથી ઘણાની ટપાલો અને તારો સરકાર જપ્ત કરતી. તાર અને ટપાલના કાગળિયાથી સરકાર કફડતી, એ તેની કેવી દયાજનક સ્થિતિ! રેલવે-સ્ટેશને સૈનિકો કે નિર્દોષ ઉતારુઓ નાગપુરની ટિકિટ લેવા જતા તો સરકાર કહેતી કે, "યે ગાડી તેરે બાપકી હૈ?" આમ કટુ વચનો કહી હિંદીઓનું અપમાન કરતી. આ સમયે ગુજરાતનો કે કોઈ પ્રાંતનો બચ્ચો અપમાન સહન કરે તેમ નહોતું. આ કારણે કેટલીક ટુકડીઓ ગુજરાતમાંથી અને બીજા પ્રાંતોમાંથી નાગપુર તરફ કૂચ કરતી જતી. ગુજરાતે પોતાની બે સેનાને નાગપુરના રણસંગ્રામમાં બલિદાન અર્થે મોકલી, તોપણ તેને સંતોષ થયો નહીં. ગુજરાત અને કાઠિયાવાડનાં જુદાં જુદાં શહેરોમાંથી નાની મોટી અનેક ટુકડીઓ, ડૉ. ઘિયા, શ્રી પરીક્ષિતભાઈ, સુરેંદ્રજી વગેરેના સેનાપતિપણા નીચે નાગપુર તરફ ચાલતા અથવા ટ્રેનમાં રવાના થઈ. આથી ઘણા પકડાયા. કોઈ પણ ટુકડીને નાગપુર શહેરમાં પ્રવેશ ન કરવા દેવાનો સરકારે નિશ્ચય જ કરી લીધો હતો. છતાં પણ નિયમિત રીતે મહારાષ્ટ્ર અને નાગપુરે પોતાના સૈનિકોને સત્યાગ્રહને સ્થાને રવાના કરી સત્યાગ્રહ ચાલુ રાખ્યો.

આ લડતમાં બધા પ્રાંતની જેમ નરસિંગપુરાના વકીલોએ અને સૈનિકોએ સારો ફાળો આપ્યો હતો. આ પવિત્ર ઝંડા-સત્યાગ્રહમાં નરસિંગપુરા પોતાનો યથાશક્તિ ફાળો આપી પુણ્ય મેળવે એ ત્યાંના ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટથી જોવાયું નહિ. આથી તેણે પ્રજાને નાગપુર ન જવા માટે એક બેવકૂફીભરેલું ફરમાન કાઢયું. તેમાં તેની તોછડાઈ અને હલકાઈ જોવા જેવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા સત્યાગ્રહો કે મહાયુદ્ધો વખતે વર્તમાનપત્રો પણ પોતાનું ખરું સ્વરૂપ દેખાડે છે. આ નાગપુર સત્યાગ્રહ વખતે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' વગેરે સરકારનાં છાપાંઓએ સરકારની પીઠ થાબડી દુનિયાને ઠીક પોતાનું અસલ સ્વરૂપ બતાવ્યું. 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ નાગપુર સત્યાગ્રહ ઉપર ઠીક ઠીક ટીકા કરી હતી. તેમાં સત્યાગ્રહીઓને આવું ધૂળ જેવું તોફાન ઊભું કરવા માટે નિંદ્યા હતા. "આ લડત કેવળ ગોરાઓને પજવવા માટે અને તેમ કરી મોટું તોફાન કરવાના હેતુથી યોજાઈ છે, માટે એવા હેતુથી લડવા નીકળેલા 'જુઠ્ઠાઓ', 'લુચ્ચા', 'લફંગાઓ', 'જંગલીઓ' અને 'રખડતા વિદ્યાર્થીઓને' કેવળ જેલમાં નાખી, બરાબર ખબર લેવામાં નહિ આવે તો સરકારને ઊંધી વાળશે." આવી ચેતવણી એ પત્રે સરકારને આપી હતી. પાછળથી આ પત્રે ખુલ્લી રીતે પોતાના પત્ર દ્વારા સરકારને ચેતવણી આપી હતી કે, "હવે જો તમે દારૂગોળાનો ચમત્કાર નહિ બતાવો તો તમારું નામનિશાન નહિ રહે." આ જ પત્રે સિવિલ લાઈન્સમાં રહેતા અંગ્રેજોને એવી સલાહ આપી હતી કે, જેમ મસ્જિદ આગળથી ઢોલનગારાં લઈ જવામાં આવે તો મુસલમાનોની લાગણી દુખાય, તેમ અંગ્રેજોના લત્તા આગળથી અથવા ક્લબ આગળથી 'રાષ્ટ્રીય વાવટો' લઈ જાય તો તેમની લાગણી દુખાવી જોઈએ. આની અસર સરકાર ઉપર થઈ હતી, એમ મિ. ગોખલેનો હુકમ સાક્ષી પૂરે છે. આ પ્રમાણે પોતાના જાતિભાઈઓને ઉશ્કેરવામાં એ પત્ર ચૂક્યું નથી.

આ ઉપરાંત સરકારના અખબારનવીસે એમ લખ્યું હતું કે, "નાગપુરના સત્યાગ્રહમાં ભાગ લેનારા નાગપુરમાંથી ગણ્યાગાંઠ્યા નીકળ્યા છે, બીજા પ્રાંતના માણસોથી જેલ ભરાયેલી છે. એટલે 'નાગપુર સત્યાગ્રહ' જેવી કંઈ વાત જ નથી; માત્ર આ તો ચળવળિયાના ચાળા છે." પણ અખબારનવીસને ખબર નહીં હોય કે, ગયા મહાયુદ્ધમાં જર્મની સામે બેલ્જિયમે લડાઈની શરૂઆત કરી, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળથી બીજાં રાષ્ટ્રોએ લડત ચલાવી અને વિજય મેળવ્યો, તેમ નાગપુરે લડતનો પ્રારંભ કર્યો અને બીજા પ્રાંતોએ તેને ઉપાડી લીધી.

આ ઉપરાંત 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'એ પહેલાંના કરતાં પણ વધારે સ્પષ્ટ રીતે ટીકા કરી હતી કે, નાગપુરનો સત્યાગ્રહ એ પાખંડ છે, લુચ્ચા લફંગાઓનો ખેલ છે. આવી ગાળો દઈ તેણે સરકારને ભલામણ કરી હતી કે, "દારૂગોળાના ઝપાટામાં આવ્યા સિવાય સરકારની સામે લડી શકાય છે એવી આ લોકોની ભ્રમણા ભાંગી નાખો."

આવી ભલામણો કરનાર અને નાગપુર સત્યાગ્રહની ટીકા કરનાર છાપાં જ હતાં એવું કંઈ નથી. ઘણાએ આ લડતને મામૂલી ગણી હતી. કેટલાકે આ લડતને તે લાગણીની લડત છે એવું નામ આપ્યું હતું.

સરકારને તો 'રાષ્ટ્રીય ધ્વજ'થી સભ્ય લોકોની લાગણી દુભાય છે એનું દુઃખ હતું. એને આ રાષ્ટ્રીય ધ્વજની સામે જરાય વાંધો ન હતો. આ કારણે ધ્વજસત્યાગ્રહને આક્રમણાત્મક લડત કહી હતી. જો સરકારને રાષ્ટ્રીય ધ્વજની સામે વાંધો ન હોય, તો સરકારના કરતાંય વધારે રાજનિષ્ઠ બનવાનો અધિકાર કોને હોય? અને એવી અધિકાર બહારની રાજનિષ્ઠા પ્રગટ કરનારાઓને સરકારે શા માટે સંયમ ન શીખવ્યો? રાષ્ટ્રીય વાવટાને જોઈને, સભ્ય વસ્તીમાંનો કોઈ મગજનો ફાટેલો અશાંતિ કરી બેસે, તો એમને સાચવવાની શક્તિ સરકારમાં ન હોય, તો શા માટે પોતાની સત્તાનું રાજીનામું ન આપે?

કેટલાક આ લડતને આક્રમણાત્મક લડત કહેતા હતા. ખરું જોતાં આ લડત આક્રમણાત્મક હતી જ નહિ; આ લડત શુદ્ધ રક્ષણાત્મક હતી. આવી સૌમ્ય રક્ષણાત્મક લડત બીજી કઈ હોઈ શકે? રાષ્ટ્રીય જીવનમાં ધ્વજ એ હમેશની વસ્તુ છે. એટલે રાષ્ટ્રીય ધ્વજની પાછળ બુદ્ધિ કરતાં હૃદય વિશેષ રહેલું છે. માટે આ લડતને લાગણીની લડત કહે છે એ વાસ્તવિક છે. દુનિયામાં કઈ લડત લાગણીની નથી? શું યુરોપનું મહાયુદ્ધ લાગણીપ્રધાન નહોતું? અસાધારણ અને સાધારણ લાગણીમાં ફેર છે. આ લાગણીમાં સ્વમાન અને સ્વધર્મ બન્ને ઊંચું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન ભોગવે છે. એક ક્રોસને માટે અંગ્રેજો અને એમના સહધર્મીઓ પોતાનું સર્વસ્વ ખોવા તૈયાર નહોતા શું? તે જ પ્રમાણે આ રાષ્ટ્રીય ધ્વજના સંરક્ષણાર્થે અને સન્માનાર્થે હિંદના લોકો બલિદાન આપે એમાં શું ખોટું છે?

કેટલાંક વર્તમાનપત્રો અને સરકારના સલાહકારો આ લડત ઉપર અનેક ટીકાઓ કરી સરકારની પીઠ થાબડતા હતા. પણ લોકોમાં આ સત્યાગ્રહ પ્રત્યે જરાય અણગમો ઊભો થયો નહોતો. પરંતુ મહારાષ્ટ્ર અને નાગપુર તો પોતાના સૈનિકોનું નિયમિત રીતે બલિદાન આપ્યે જતાં હતાં.

આ સત્યાગ્રહમાંથી જમનાલાલજી જેવા અને બીજા કેટલાય આગેવાનો જેલમાં ગયા, એટલે કારોબારી સમિતિએ સરદાર વલ્લભભાઈને આ લડતના સેનાપતિ થવાનો હુકમ આપ્યો. સરદારે નાગપુર જતા પહેલાં લડતની રાહત માટે અમુક ફંડ ભેગું કર્યું અને તેઓ નાગપુર રવાના થયા. આ પછી પણ ઘણા આ લડત માટે દાન આપ્યે જતા હતા. સરદાર નાગપુર પહોંચ્યા કે તરત જ સરકારે ત્યાંના સ્થાનિક કાર્યકર્તાઓને ગિરફતાર કર્યા. આથી સરદાર પાસે કોઈ જાણકાર કાર્યકર્તા ન રહ્યો. છતાં સરદારે કારોબારીને માન આપી આ લડતનું સુકાન સ્વીકાર્યું.

સરદારે દરેક પ્રાંતમાં તારીખો ઠરાવી સૈનિકોની અમુક સંખ્યાને મોકલવાની ખબર આપી. આવી સુંદર વ્યૂહરચનાથી દરરોજના ૧૫ સૈનિકો નિયમિત પકડાયે જતાં હતા.

આ લડતે સ્વ. શ્રી વિઠ્ઠલભાઈને પણ ખેંચ્યા હતા. તેઓ લડતના સલાહકાર તરીકે કામ કરતા હતા.

સરદારે ગાંધીપર્વને દિવસે, એટલે કે ઑગસ્ટની ૧૮મી તારીખે એક મોટું સરઘસ કાઢવાનો નિશ્ચય કર્યો. આથી એમણે ખેડાથી ૭૫ સૈનિકોને મોકલવાનો હુકમ છોડ્યો અને બીજા પ્રાંતોમાં પણ આવો હુકમ મોકલી દીધો હતો. અને એ પ્રમાણે એની ભારે તૈયારી કરતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દરમિયાન બંગાળા, તામિલનાડ, બિહાર વગેરે પોતાના સૈનિકો તારીખવાર મોકલ્યે જતા હતા અને દરેકને ૧૦૯મી બદમાસીની કલમ પ્રમાણે સન્ન થતી. આ બદમાસી કલમ ૧૦૯નો ઉપયોગ બંધ ઉપર થવા લાગ્યો, એટલે વકીલોએ સરકાર સામે વિરોધ ઉઠાવ્યો. પણ જે સરકારનો ઉદ્દેશ અનીતિને માર્ગે ચાલવાનો હોય, તે સરકારને નીતિની વાતો કયાંથી ગમે?

આ લડતનો પડઘો ત્યાંની ધારાસભામાં પણ પડ્યો. જુલાઈમાં ધારાસભા મળી ત્યારે ધારાસભાના સભ્ય શ્રી દીક્ષિતે સરકાર ઉપર આરોપ મૂકતાં જણાવ્યું હતું કે, "તા. ૧૩મી એપ્રિલને દિવસે સૈનિકો ઉપર દંડાબાજી ચલાવીને તેમને બેશુદ્ધ કર્યા અને તેમને ગટરમાં નાખ્યા, આ અત્યાચારનો સરકાર જવાબ આપે." સરકારે જવાબ આપતાં જણાવ્યું હતું કે, "સરઘસ ઉપર માત્ર જરૂર જેટલું જ બળ વાપરવામાં આવ્યું હતું. અને પોલીસે દંડા ચલાવ્યા નહોતા. બીજું, કેટલાક સૈનિકો રસ્તા ઉપર બેસી ગયા અને સૂઈ ગયા, તેથી તેમને બાજુમાં ખેંચી કાઢવા પડ્યા. આથી બે જણાને ઉઝરડા પડ્યા, જે બીજે દિવસે મટી ગયા હતા. પોલીસે સૈનિકોને બેશુદ્ધ કર્યા એ બરાબર નથી." આવા જવાબથી શ્રી દીક્ષિતના આરોપને વખોડી કાઢ્યો હતો.

આ પ્રમાણે ઑગસ્ટની સાતમી તારીખે નાગપુરની ધારાસભાની બીજી બેઠક મળી. આ સભામાં ત્રણ ઠરાવો આવ્યા હતા: (૧) રાષ્ટ્રીય ધ્વજની લડતને અંગે મુકદ્દમા ચલાવવામાં આવે છે, તે બધા પાછા ખેંચી લેવા અને નાગપુરની ટિકિટ લેતાં કોઈને અટકાવવા નહિ. (૨) ૧૪૪મી કલમ મુજબ નાગપુરમાં ઝંડાનાં સરઘસો અટકાવનારો હુકમ તરત જ ખેંચી લેવો. (૩) એ લડતને અંગે પકડાયેલા સૈનિકોને બિનશરતે છોડવા. આ ત્રણે ઠરાવો મૂકતાં પહેલાં ગૃહમંત્રી મિ. મોરોપંત જોષીએ વિરોધ કરતાં જણાવ્યું હતું કે, "વાવટાની સામે સરકારને વાંધો નથી, કોઈ પણ પ્રકારના સરઘસ કાઢવાની બાબતમાં નિયમો કરવાનું સુધરેલી સરકારનું કામ છે. અને આ જ દૃષ્ટિથી એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુકમ કાઢવામાં આવ્યો હતો. હવે જો સરકારની પાસે સરઘસ કાઢવાની રજા માગવામાં આવે તો જરૂર તે માટે રજા મળે." આમ છતાં આ ઠરાવો ૩૧ વિરુદ્ધ ૨૭ મતે પસાર થયા હતા.

આ ઠરાવો પસાર થઈ ગયા પછી મિ. જોષી કહે છે કે, "સવિનય ભંગ બંધ રાખવામાં નહિ આવે ત્યાં સુધી કેદીઓને છોડવાનો વિચાર નહિ થઈ શકે."

કેવળ રજા મેળવવાથી સરઘસ કાઢવા દેવામાં આવે તો યુરોપિયનો વગેરેની રાષ્ટ્રીય ઝંડાથી લાગણી દુખાય છે, એ તો સરકારનો ઢોંગ જ કહેવાય ને ?

સરદારના જાહેર કરવા મુજબ ઑક્ટોબરની ૧૮મી તારીખ પાસે આવી. દર અઠારમી તારીખ ગાંધીપર્વ તરીકે ઊજવાતી હતી. આ જ તારીખે સરઘસ કાઢવાના મનાઈહુકમને બે મહિના પૂરા થતા હતા. ત્યાં તો પોલીસ સુપરિન્ટેન્ડેન્ટનો સરઘસ કાઢવા માટેનો મનાઈહુકમ આવ્યો. છતાં સરદારે સરકારને ખબર આપી કે, "પંડિત મખનલાલ ચાતુર્વેદીની સરદારી નીચે ૧૦૦ સૈનિકોનું સરઘસ વાવટા સાથે નીકળશે."

બરાબર નિર્ણિત સમયે આ સરઘસ નીકળ્યું. રસ્તે રસ્તે પોલીસ અને બીજા સરકારી અધિકારીઓ ઊભા હતા. પણ આ સરઘસ વિના મુશ્કેલીએ શાંતિથી પસાર થઈ ગયું. પછી બધા સાંજે સભાસ્થાને ગયા. આ સભાના પ્રમુખ શ્રી મખનલાલ હતા. સભામાં સરદારે જાહેર કર્યું કે, "આપણું સરઘસ નિર્વિઘ્ને શાંતિથી પસાર થયું એ જ બતાવી આપે છે કે આપણી જીત થઈ. હવે આજ સંધ્યાકાળથી આ સત્યાગ્રહ સમાપ્ત થાય છે."

સરદારે સરકારને સરઘસ માટે ખબર આપી ત્યારે 'ઇન્ટિમેશન' શબ્દ વાપર્યો હતો. આથી ઍંગ્લોઇન્ડિયન જેવાં સરકારી અખબારોએ એ શબ્દનો અર્થ એવો કર્યો હતો કે, રજાને માટે મહાસભાએ અરજી કરી હતી, માટે સરકારની જય બોલાવી હતી. ત્યારે બીજી તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાસભાએ એવું કંઈ કર્યું નહોતું એમ કહી મહાસભાની જય બોલાતી હતી. ખરી વસ્તુ એ છે કે, મહાસભાએ અરજી કરી જ નહોતી, એટલે મહાસભાનો વિજય થયો હતો. દિલ્હીની મહાસભાએ નાગપુરના ઝંડા સત્યાગ્રહના સંચાલકોને તથા માતૃભૂમિનું સ્વમાન ટકાવવા માટે વીરોચિત ત્યાગ કરી અસહ્ય હાડમારીઓ વેઠનાર સ્વયંસેવકોને હાર્દિક ધન્યવાદ આપ્યા હતા. ગાંધીજીની લડત હવે મૃતઃપ્રાય થઈ છે અને એમના સિદ્ધાંતોમાંથી લોકોને વિશ્વાસ ઊઠી ગયો છે, એવું કહેનારાઓને એ વખતે આ લડતે સચોટ જવાબ આપ્યો હતો.

બળભદ્ર નાથાભાઈ પટેલ

ઝંડા સત્યાગ્રહ (૧૯૨૩) નાગપુર

સને ૧૯૨૩ની સાલના નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં અમદાવાદની એક ટુકડીના નાયક તરીકે મને જવાની તક મળેલી, એ નિમિત્તે તમે આજે મને અહીં પ્રમુખ તરીકે બોલાવ્યો છે, તેને માટે તમારો આભાર માનું છું.

આજના વ્યાખ્યાન કરનારાએ એ સત્યાગ્રહનો ઇતિહાસ એટલી ઝીણવટથી ચર્ચ્યો છે કે, તેમાંની કેટલીક વિગતો મારે માટે પણ નવી છે. અસહકારનું આંદોલન ઈ. સ. ૧૯૨૦થી શરૂ થયું ત્યાર પછી મોટા પાયા ઉપરની લડત, જેમાં સંખ્યાબંધ સૈનિકોને જેલ-ભરતી કરવાની તક મળી એવો આ પહેલો જ પ્રસંગ હતો, એ નોંધવા જેવું છે. આ લડત થઈ ત્યારે જેલમાં રાજદ્વારી કેદીઓ અને બિન-રાજ-દ્વારી કેદીઓ એવા ખાસ ભેદો ન હતા, તેમ જ 'અ', 'બ', 'ક' એવા વર્ગો ન હતા. એટલે ડૉ. ચંદુલાલ, ડૉ. ઘિયા, શ્રી મોહનલાલ પંડ્યા, આદિ નેતાઓ પણ સામાન્ય કેદીઓની સાથે જ હતા. આ કેદીઓને હૂંફ મળવામાં ઉપયોગી હતું. સત્યાગ્રહની ચળવળ ઉત્તરોત્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધતી ગઈ, તેમ સૈનિકોને તાલીમ પણ મળતી ગઈ અને તેમનું ધડતર પણ વધતું ગયું. શરૂઆતના સૈનિકોમાં પ્રમાણમાં આ જાતની શિસ્તનો અભાવ હતો. અને જેલ અધિકારીઓ પણ દરેક કેદીની સાથે એક-સરખો જ વર્તાવ રાખતા, એટલે કેદીઓને તે દિવસોમાં વધારે ત્રાસ ભોગવવો પડતો; વળી એ દિવસોમાં કેટલીક જેલોમાં કેદીઓ પાસે પથ્થર ફોડવાનું, ઘાણી ફેરવવાનું, એવાં કપરાં કામ પણ પૂરા કલાક માટે લેવામાં આવતાં, અને સામાન્ય કેદીને જે કાંઈ રાહત મળી શકે તેવી રાહત ઓછી મળતી. આ જાતની આકરી કસોટીમાંથી ગુજરાતના તે વખતના કેદીઓ એકંદરે ઘણી સારી રીતે પસાર થઈ ગયા હતા, એ તોંધને પાત્ર છે.

જેમ આજની જેલોમાં લગભગ પ્રવર્તે છે, તેમ તે વખતે પણ દરેક કેદીનો રોજિંદો ભોજન વગેરેનો ખર્ચ ભાગ્યે જ દોઢ આનો થતો. એટલે આપણા દેશમાં કેટલા ઓછા ખર્ચે જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતથી નભી શકાય છે, તેનો ખરો ખ્યાલ જેલમાં આવી શકે છે. અને નાગપુરમાં જે કેટલાક દેશનેતાઓ અમને જેલમાં મળતા, તેઓ અમને આ વસ્તુ હસાવવાનો પ્રયત્ન કરતા કે, દેશસેવાને માટે ઓછામાં ઓછા ખર્ચે રહેવાની તાલીમ લેવા માટે જેલજીવન ઉપયોગી છે.

નાગપુરમાં જેલજીવનની આવી અધરી બાજુની સાથે આપણને જરા વિનોદ મળે એવું પણ જોવાનું મળતું. એક દિવસે અમને સાંજે કહેવામાં આવ્યું કે, "આજે બડા સાહેબની આલારામ થશે." આ 'આલારામ' શબ્દનો અર્થ અમે સમજ્યા નહિ. એટલામાં અંધારું થયે, એકદમ જેલનો ઘંટ જોરથી વાગવા માંડ્યો અને અમને બધા કેદીઓને એકદમ અમારી બૅરેકોમાં જોડી જોડી બેસાડી દીધા, અને વ્હિસલો વાગવા માંડી તથા બધા પોલીસો જેણે જેવાં કપડાં પહેર્યાં હતાં, તેવાં કપડાં સાથે બંદૂકો લઈને દોડાદોડ કરવા મંડ્યા, અને હવામાં બંદૂકોના અવાજ કરવા મંડ્યા. આખરે અમને ખબર પડી કે, તાબાના પોલીસો કેવા જાગ્રત રહે છે તે જોવાને માટે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેદીઓ જે નાસવાનો પ્રયત્ન કરે તો તેને હંફાવવા માટે સત્તાવાળા પાસે કેવાં સાધનો છે, તે બતાવવા માટે આવા 'આલારામો' યોગ્ય છે. આ પ્રમાણે હસવું આવે તેવાં ઓછામાં ઓછાં સાધનોવાળાં દવાખાનાં, બધે જોડી જોડી જવાની ફરજ પાડનારા નિયમો, શૌચ જેવાં કામને માટે પણ મર્યાદિત સમય અને એક જેલમાંથી બીજી જેલમાં બદલી થાય તો કેદી તરીકે મુસાફરી કરવાનો આનંદ, આ બધી બાબતો જેલની યાદ આપે છે.

નાગપુરનો સત્યાગ્રહ સફળ હતો અને કેદીઓ જેલથી કંટાળ્યા હતા, એમ બતાવવાનો પ્રયત્ન કરવા માટે નબળા પોચા કેદીઓ પાસે માફી મગાવવાના પ્રયત્નો થતા, અને કોઈ વાર કોઈ અજાણ્યા ભાઈ એ અજ્ઞાનથી આવી ભરાયા હોય તો આવી તકનો લાભ લઈ લેતા. પણ મેં ઉપર કહ્યું છે તેમ, આપણી સત્યાગ્રહની લડતનો પ્રથમ સામુદાયિક જેલ ભરતીનો સફળ પ્રસંગ આપણી લડતના ઇતિહાસમાં નોંધને પાત્ર રહેશે એમાં શક નથી.

પરીક્ષિતલાલ મજમુદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

ક્ષિપ્રવિજયી સત્યાગ્રહ *

[બોરસદની લડત]

બોરસદ સત્યાગ્રહની લડત એ ફક્ત છત્રીસ દિવસની ટૂંકી લડત છે. તા. ૨–૧૨–'૨૩ના રોજ સરકારના અન્યાયી કર સામે બોરસદ તાલુકા પરિષદે વિરોધ ઉઠાવી કર ન ભરવાનો ઠરાવ પસાર કર્યો, ત્યારથી આ લડતની શરૂઆત થઈ; અને તા. ૮–૧–'૨૪ના રોજ સરકારે છાપા જોગી યાદી બહાર પાડી, આ કર કોઈ પણ જાતની વાટાઘાટ વિના રદ કર્યો, તેમ જ વસૂલ લીધેલો કર પાછો આપવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો, ત્યારે એની પૂર્ણાહુતિ થઈ. આમ આ લડત આટલી ટૂંકી હોવા છતાં એનો ઇતિહાસ અનેક વિગતોથી ભરેલો છે.

શરૂઆત

ઈ. સ. ૧૯૨૩ની સાલમાં સરકારના માતીતા પત્ર 'ટાઇમ્સ ઑફ ઇંડિયા'માં તે પત્રના આણંદ તાલુકાના ખાસ ખબરપત્રીના નામે બોરસદ તાલુકા અંગે બે લેખો છપાયા. 'ટાઇમ્સ' પત્રનો આ ખબરપત્રી કોઈ અમલદાર જ હોવાનું જણાય છે. કારણ કે તે બે લેખોનો આધાર લઈ, મુંબઈ સરકારે નીચેની મતલબનો ઠરાવ તે જ વર્ષના ઑક્ટોબર માસની નવમી તારીખના ગેઝેટમાં બહાર પાડ્યો :

"બોરસદ તાલુકામાં બહારવટિયાઓનો ત્રાસ વધી ગયો છે અને બોરસદની સામાન્ય પોલીસ તે બહારવટિયાઓને પકડી શકે તેમ નથી. આથી, તે બહારવટિયાઓને પકડવા માટે સરકારે એક વર્ષ માટે વધારાની પોલીસ રાખવાનું ઠરાવ્યું છે, અને તે પોલીસ તથા તેને અંગેના

* તા. ૨૮–૯–'૩૮ના રોજ ગાંધીસપ્તાહ અંગે ગૂજરાત વિદ્યાપીઠમાં વાંચેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઑફિસખર્ચના રૂપિયા બે લાખ ચાલીસ હજાર ને ચુંમોતેર બોરસદ તાલુકાનાં લગભગ બધાં જ અને આણંદ તાલુકાનાં અમુક ગામો પાસેથી વસૂલ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ઉંમરલાયક દરેક સ્ત્રી-પુરુષ પાસેથી માથા દીઠ રૂા. ૨–૭–૦ નો કર વસૂલ લેવાનું ઠરાવવામાં આવ્યું છે."

આ કર, અથવા બીજી રીતે કહીએ તો હૈડિયાવેરો, પ્રજાને અને નેતાઓને ખૂબ અન્યાયી લાગ્યો. આ કરના સમર્થનમાં સરકારની અને તેની વિરુદ્ધ પ્રજાની દલીલો તપાસીએ તે પહેલાં, જે વ્યક્તિ આ કરમાં કારણભૂત બની, તેની થોડી વિગત જાણી લેવી જોઈએ.

બાબર દેવા

બોરસદ તાલુકામાં કુલ વસ્તી એક લાખ, ચુંમાળીસ હજાર છેતાલીસ માણસોની છે. આ કુલ વસ્તીમાંથી અડધાથી પણ વધારે આરૈયા છે. આ આરૈયાઓને સરકારે ગુનેગાર કોમ તરીકે ગણવાનું રાખ્યું હતું. એનું પરિણામ એ આવ્યું કે, આ કોમ તરફ સરકાર હમેશ વહેમની નજર રાખતી. પરિણામે, આ કોમ સુધરવાને બદલે અવળે રસ્તે ચડી. પોલીસની સતત અને ચાંપતી દેખરેખને કારણે આ વીર કોમમાંથી ઘણા માણસોએ બહારવટું લીધું. આ બહાર-વટિયામાં સૌથી આગળ બાબર દેવાનું નામ મૂકવું જોઈએ. તેણે અને તેના ભાઈ ડાભલાએ બોરસદ તાલુકાની પ્રજા ઉપર કેર વર્તાવવા માંડ્યો. તેઓએ ઘણાં કુટુંબોનું સત્યાનાશ વાળ્યું. તેની લૂંટથી ઘણા લોકો ભિખારી બન્યા. આ ત્રાસમાંથી છૂટવા માટે લોકોએ ઉપરાઉપરી અરજીઓ કરી. આ અરજીઓ ધ્યાનમાં લઈ બ્રિટિશ સરકારે બાબર દેવાને પકડવા માટે, તેને અંગેની બાતમી આપનારને મોટું ઇનામ આપવાની જાહેરાત કરી. બોરસદ તાલુકાની આજુબાજુ ખંભાત અને વડોદરા સરકારની હદ હોવાથી, ખંભાત અને વડોદરા સરકારે પણ તેમાં સાથ આપ્યો. તેનો દેખાવ, તેનું વજન વગેરે વિગતો જાહેરમાં મૂકવામાં આવી, પણ કંઈ વળ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી જાહેરાતથી શું વળે ? હથિયાર અને તાલીમ વિનાની પ્રજા બહારવટિયાઓનો સામનો શી રીતે કરી શકે ? જાસાચિઠ્ઠીઓ લખી બાબર પૈસા પડાવતો. ધનવાનોના છોકરાઓને ભાગોળેથી ઉપાડી જતો અને મોટી રકમ લઈ પાછા સોંપતો. ગામોમાં જઈ નિશાળોમાં મીઠાઈ વહેંચતો, અને એ બહાને કોણ કોણ લૂંટવા જેવા છે તેની નોંધ લઈ તેઓની ખબર લેતો. આમ અનેક રીતે બાબર દેવા પૈસા પડાવતો. પ્રજા પોતે તો તેની સામે થઈ શકે તેમ હતું નહિ. તેમ જ સરકારને ખબર આપતાં પણ પ્રજા ગભરાતી. કારણ કે પોતાને દગો દેશે એવી ગંધ આવતાં જ આ બહાદુર બહારવટિયા બાબર દેવાએ પોતાની સ્ત્રી, પોતાની સગી બહેન અને કાકાને જરાય અચકાયા વિના યમરાજનાં મહેમાન બનાવી દીધાં હતાં. પોલીસને ખબર આપવાની શંકા જવાથી એક ભાઈને ઝાડ સાથે બાંધી બાબર દેવાએ ખીલા ઠોકી મારી નાખ્યો હતો. બહારવટિયાઓની વિરુદ્ધ જુબાની આપવા માટે એક મુસલમાન ભાઈનું પણ તેણે ખૂન કર્યું હતું. એક બાતમી આપનારનું નાક કાપી લીધાનો પણ દાખલો છે. લોકોના ગભરાટ માટે આમ પૂરતાં કારણો હતાં. તેથી પ્રજા તેને વિષે પોલીસને બાતમી આપતાં ગભરાતી. જોખમ ખેડીને પણ કોઈ બાતમી આપવા જવાનું વિચારે તોપણ બાતમી આપનારનું પણ રક્ષણ કરવાની શક્તિ પોલીસમાં નહિ હોવાને કારણે, એ વિચારો પડતા મૂકવામાં આવતા.

પોલીસ કેવી મામૂલી હતી તે જોવા માટે નીચેનું દૃષ્ટાંત બસ થશે. એક ગામના રજપૂતે ભાઈ રાવજીભાઈને પોતાનું નામ આપી આવું બયાન કર્યું છે :

> "એક વખત નોંધાણા અને અમલપર ગામની સીમના ખેતરમાં ખેડા જિલ્લાના બાબર દેવા સુધ્ધાં બધા બહારવટિયાઓ બેઠા હતા. તે વખતે બોરસદ તાલુકાના એક ફોજદારને તથા પોલીસપાટીને તે જગ્યાએ લઈ જઈને પાસેના જ ખેતરમાં રહીને તે બધા લોકોને બતાવ્યા અને કહ્યું કે, હવે તેઓને પકડો. સાત ગુનેગારો સામે પોલીસનાં માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરતાં હતાં, છતાં તે લોકોને પકડ્યા નહિ અને તેઓ ત્યાં ગયા પણ નહિ; એટલું જ નહિ, પણ ત્યાંથી ચેતવીને તેમને નસાડી મૂકવાની પોલીસે યુક્તિ કરી. ફોજદારે એક ગરીબ ઢેડને પાસેના ખેતરમાં મારવા માંડ્યો. ઢેડે બૂમો પાડી કે પોલીસ તેને મારે છે. આ બૂમો સાંભળી બહારવટિયા ચેતી ગયા અને ત્યાંથી ભાગ્યા."

આનું પરિણામ એ આવ્યું કે, બાતમી આપનાર માણસને આ બહારવટિયા ત્રાસ આપતા. અને બાતમી ન આપે તો પોલીસ ત્રાસ આપે. આમ માણસોનો બેવડો મરો થતો.

આવાં ઘણાં દૃષ્ટાંતો મળી શકે તેમ છે. અલીમિયાંએ બોરસદના ચકલામાં ખૂન કર્યું, ત્યારે પોલીસ કંઈ પરદેશ તો નહોતી જ ગઈ. ફરી પણ અલીમિયાંએ બંદૂકના ઉપરાઉપરી બાર કરી, ગામ વચ્ચે આવી, બે ખૂન કરેલાં, ત્યારે પણ બોરસદનું પોલીસથાણું બોચ્છું જ રજ્જ ઉપર હતું ! વીરસદના થાણા ઉપર પણ બહારવટિયાઓએ ૨૪ ગોળી છોડવાની હિમ્મત કરી હતી.

બાબર દેવાનો ઇતિહાસ તો લાંબો છે, પણ આપણા આજના વિષય પૂરતી તેની આટલી વિગત બસ થશે એમ માનું છું. આ બાબરને પકડવા માટે સરકારે બોરસદ તાલુકાની પ્રજા ઉપર લગભગ અઢી લાખ રૂપિયાનો ભારે કર નાખ્યો.

કરનું ગેરવાજબીપણું

બહારવટિયાઓને પકડવાનું કામ સરકારી પોલીસ ન કરી શકી. તે કામ જાણે બોરસદની સ્ત્રીઓનું હોય એમ, આ કરમાંથી સરકારે સ્ત્રીઓને પણ મુક્ત નહોતી રાખી. તાજેતરમાં જ જેનાં હાડકાંપાંસળાં સીધાં કરી બાબર દેવાએ અમીરમાંથી ફકીર બનાવ્યા હતા, એવા લોકોને પણ કર ભરવાનો હતો. જેમને ખાવાના સાંસા હતા, અને જેમના તરફ નજર કરવાની બાબર દેવાને ફુરસદ પણ નહોતી, એવાઓને પણ રૂા. દશથી પંદરનો કર ભરવાનો ચોંટ્યો હતો. કર નહોતો ભરવાનો ફક્ત સરકારના વહાલા અમલદારોને, ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ કરનાર પાદરીઓને, અને સરકારની હાજી હા કરનાર કેટલાક મુખી તલાટીઓને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમર્થનની સરકારી દલીલ

આ કર સરકારે નાખ્યો એટલે તેના ન્યાયીપણા માટે આપણી શાણી સરકારે કંઈક દલીલો તો આગળ મૂકવી જ જોઈએ. એ રીતે સરકારે જાહેર કર્યું કે, પ્રજા બહારવટિયાઓને આશરો આપે છે અને તેમને અંગેની બાતમી આપતી નથી. એટલે પોલીસને આ લોકોને પકડવાનું કામ મુશ્કેલ બન્યું છે; પ્રજાનો સાથ નથી, એટલે જ પોલીસની બધી મહેનત અને દોડધામ નકામી જાય છે: માટે પ્રજા જ આને માટે જવાબદાર છે, અને અમે નાખેલો કર વાજબી છે.

ગુજરાત પ્રાંતિક સમિતિ બદદે

આ કરની જાહેરાત થતાં જ ગુજરાત પ્રાંતિક સમિતિના આગેવાનોને લાગ્યું કે, આ અન્યાયી કર સામે ઝૂઝવું જ જોઈએ. સરદાર વલ્લભભાઈએ શ્રી મોહનલાલ પંડ્યા અને શ્રી રવિશંકર મહારાજને આ બાબત બોરસદ તાલુકાની પ્રજાની શી લાગણી છે તે તપાસી નિવેદન રજૂ કરવા જણાવ્યું. બોરસદ મુકામે જ પ્રાંતિક સમિતિની સભા રાખવામાં આવી અને છેવટનો નિર્ણય કરવાનું ઠરાવ્યું.

લડતનો કોલ

પ્રાંતિક સમિતિની સભા બોરસદમાં થઈ. શ્રી મોહનલાલ પંડ્યાએ અને શ્રી રવિશંકર મહારાજે પોતાનું નિવેદન રજૂ કર્યું. તેમાં પ્રજા પૂરેપૂરી રીતે આપણી સાથે છે એવી ખાતરી આપી. તે નિવેદનની નોંધ લઈ પ્રાંતિક સમિતિએ સર્વાનુમતે નીચેનો ઠરાવ પસાર કરી સરકારને પડકાર કર્યો. એ મહત્ત્વનો ઠરાવ આ પ્રમાણે હતો :

"મુંબઈ સરકારે તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૨૩ના નં. ૩,૮૨૮ના ઠરાવથી બોરસદ તાલુકાનાં ૮૮ ગામો અને આણંદ તાલુકાનાં ૧૪ ગામ ઉપર રૂા. ૨,૭૪,૦૭૪નો દંડ આકારી વધારાની પોલીસ નાખી છે. તે સંબંધમાં બોરસદની આ બેઠક ઠરાવ કરે છે કે, સરકાર પ્રજાનું બહારવટિયાના ત્રાસથી રક્ષણ કરવાને કેવળ અશક્ત નીવડેલી છે. પ્રજાનું રક્ષણ કરવું અને તેને માટે જોઈતો પોલીસનો બંદોબસ્ત કરવો એ સરકારની ફરજ છે. આ ફરજ અદા કરવાને બદલે આખા તાલુકાની સમસ્ત નિર્દોષ પ્રજા ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૂહાં તહોમત મૂકીને દંડ નાખવામાં આવ્યો છે, તે તદ્દન અન્યાયી અને ગુલમી છે. અને આ પરિષદ આ અન્યાય સામે લડત ચલાવવા, આ કરાવથી પ્રજાને દંડ નહિ ભરવાની અને તેમ કરતાં વેઠવું પડતું દુઃખ શાંતિથી સહન કરી પોતાનું સ્વમાન બળવવાની સલાહ આપે છે."

બોરસદ તાલુકા પરિષદ

શનિવારે પ્રાંતિક સમિતિએ ઠરાવ કર્યો; પછી સાંજે જાહેર સભામાં સરદાર પટેલે પોતાની તેજસ્વી વાણીમાં જાહેર પ્રજાને તેમની ફરજનું ભાન કરાવ્યું. બીજે દિવસે, એટલે નવમી ડિસેમ્બરે, બોરસદ તાલુકા પરિષદની બેઠક થઈ. પ્રાંતિક પરિષદ જેવી જ એ બેઠક હતી. આઠ જ દિવસમાં આ પરિષદની તૈયારીઓ કરવામાં આવી હતી. પ્રતિનિધિઓ માટે ચાર આના ફી રાખવામાં આવી હતી. જે ગામો ઉપર સરકારે કર નાખ્યો હતો તે બધાં જ ગામોમાંથી પંદર પંદર, વીસ વીસ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સ્વાગત મંડળના પ્રમુખ ધારાસભાના સભ્ય શ્રી ધનાભાઈ પટેલ હતા. બોરસદની અને જિલ્લાની પ્રજાના મતથી એ ધારાસભામાં ચૂંટાયેલા હતા. એટલે પ્રજાના અવાજને માન આપવાની અને પ્રજાના દુઃખના સમયે પ્રજાની પડખે ઊભા રહેવાની પોતાની પવિત્ર ફરજ છે, એમ એમણે એમના સ્વાગત મંડળના પ્રમુખ તરીકેના ભાષણથી બતાવી આપ્યું. બાબર દેવા અને એના સાથીને ન પકડી શકવા માટે તેમણે સરકારની નાલાયકી બહાર પાડી, અને પોલીસ કેટલી સડેલી અને કૂટેલી હતી તે દાખલા આપી પુરવાર કરી બતાવ્યું. પોલીસની શક્તિનો ખ્યાલ આપી સરકારને સીધા પ્રશ્નો પૂછી તેમણે પડકાર કર્યો, અને નવી પોલીસોના ત્રાસનું આબેહૂબ વર્ણન કરી પ્રજાને પોતાની શક્તિ બતાવી આપવા હાકલ કરી. છેવટે ઉપસંહાર કરતાં તેમણે કહ્યું : "હું તો નિર્મળ ચારિત્ર્યવાળા પ્રત્યે બોલું છું કે, તમે નિર્મળ હોવા છતાં માત્ર નિર્બળતાથી આ પૈસા ભરવાના હો તો તે બિલકુલ ભરવા ન જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારનું ભાષણ

સ્વાગત મંડળના પ્રમુખના ભાષણ પછી સરદારે પ્રેરણાત્મક પ્રવચન કર્યું. સરકારની કર નાખવા માટેની દલીલોનો સચોટ રદિયો આપ્યો, અને તેમની અસ્ખલિત અને તેજસ્વી વાણીમાં આ સરકારની ઇજ્જત કેવી અને કેટલી છે તે બતાવી સરકારનું પોલ બહાર પાડ્યું. પ્રજા નિર્દોષ છે, અને પ્રજા ઉપર કર નાખવાનું કોઈ કારણ નથી, એ બતાવતાં તેમણે જે કેટલીક સચોટ દલીલો કરી તેમાંની કેટલીકનો અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે.

સરકારને સરદારે આપેલો જવાબ

૧. સાચા બહારવટિયાની વ્યાખ્યા આપતાં સરદારે જણાવ્યું :

"૧૯૧૭ની સાલમાં ગોળેલ ગામનો બહારવટિયો બાબર દેવા નામનો પાટણવાડિયો પહેલવહેલો બહારવટે નીકળ્યો. પ્રથમ તે સાધારણ નજીવા ગુના કરતો. પણ જ્યારે સરકાર ગુના પકડી શકતી નથી, અથવા સરકાર કોઈને વધારેપડતી સજા કરે છે, ત્યારે તે માણસ માણસ મટી રાક્ષસ બને છે. આ બહારવટું નથી. આ તો રાક્ષસપણું છે. બહારવટું તો દસાના દરબારનું કહેવાય. જે માણસ રાજ્યના કાયદાઓને માને નહિ, અને રૈયતનું રક્ષણ કરવા ખાતર રાજ્યના જુલમી કાયદાની સામે થાય, તે જ સાચો બહારવટિયો."

૨. ભીતરનું ખરું રહસ્ય શું હતું તે જણાવતાં સરદારે નીચેના શબ્દોમાં ઉપરી અમલદારોએ માન્ય રાખેલા એવા, મામલતદારે કરેલા, સાચા રિપોર્ટનું વર્ણન કર્યું :

"વધારાની પોલીસે લોકોનું કેવું રક્ષણ કર્યું તેની હકીકત મારી પાસે આવી છે. જેગણ ગામમાં જ બાબર દેવાએ ધોળે દિવસે શિભાઈ નામના માણસનું ખૂન કર્યું. છતાં પોલીસનો રિપોર્ટ તો કાયમ રહ્યો કે, લોકો બહારવટિયાઓની ખાતમી આપતા નથી. ગોળેલમાં તો પોલીસના માણસો ઉપર જ તેણે હુમલો કર્યો. બડાણા અને જેગણના લોકો કલેક્ટર પાસે ગયા અને કહ્યું કે, આ કર અમારાથી ભરાતો નથી; બહારવટિયાનો જુલમ ખમાય પણ આ જુલમ નથી ખમાતો. મામલતદારે પણ રિપોર્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો કે, આ લોકોની સ્થિતિ એવી છે કે તેમની પાસેથી કર વસૂલ કરવો અશક્ય છે; ને તગાદો કરીશું તો લોકો ગામ છોડી ચાલ્યા જશે. "

૩. ખૂની અલિયાની સાથે દોસ્તી કરનાર સરકારે જ ખરેખરું બહારવટું ખેડ્યું છે, તો સરકાર જ દંડને પાત્ર છે એમ જણાવતાં સરદારે કહ્યું :

" એક વાત નક્કી છે કે, અલી નામનો બહારવટિયો છે. જ્યારે બાબર કેમે કર્યો પકડાયો નહિ, ત્યારે પોલીસે આ અલીની દોસ્તી કરી તેને બંદૂકો આપી. જે ખૂની અને લૂંટારો હતો, તેના હાથમાં એક બીજા લૂંટારાને પકડવા માટે બંદૂકો આપવી પડે, એ સરકારને માટે કેટલું શરમભરેલું છે ? તો તો સરકારનું નહિ પણ બહારવટિયાઓનું રાજ્ય થયું. બહારવટિયાઓને મદદ કરવા માટે લોકો પર દંડ મૂકવામાં આવ્યો છે. પણ હવે સરકારે બહારવટિયાઓને મદદ કરી, તેના હાથમાં બંદૂકો આપી, તેનો શો દંડ કરવો ? તેનો દંડ તો એક ઈશ્વર જ કરનાર છે. સરકારનાં પાણી વળતાં થયાં હોવાં જોઈએ. નહિ તો તેને આમ ખૂનીની દોસ્તી કરવી પડે નહિ. હથિયારો હાથમાં આવ્યા પછી એ જ માણસે કેટલાં બધાં ખૂન અને લૂંટ કર્યાં તે સરકાર ન જાણતી હોય એમ ન બને. સરકારનો હેતુ આની મદદથી બાબરને પકડવાનો હશે. પણ લોકોને શી ખબર સરકારનો શો હેતુ હતો ? સરકારે જાહેર કરવું જોઈએ કે તેણે ભૂલ કરી છે. અલીએ ગરીબ પ્રજા ઉપર જે જે અત્યાચારો કર્યા હોય તેની જવાબદારી સરકારની જ છે. "

૪. પ્રજા બાતમી આપતી નથી એવો સરકારે પ્રજા ઉપર આરોપ મૂકેલો, તેના જવાબમાં બાતમી આપનારના શા હાલ થતા તે જણાવતાં સરદારે સુણાવી દીધું :

" સરકાર કહે છે કે, પ્રજા બહારવટિયાની બાતમી આપતી નથી. બાબરિયાએ ૨૨ ખૂન કર્યાં છે તેમાંથી એક પણ પૈસાવાળો નહોતો. પણ તે લોકો એની બાતમી આપતા એવી શંકાથી જ તેણે ખૂન કરેલાં છે. ૨૨ જણનાં ખૂન આ પ્રમાણે થવા છતાં જો સરકાર કહેતી હોય કે, પ્રજા બાતમી નથી આપતી, તો તેની પોલીસનાં કેટલાં માણસો મરાયાં ? એક રાવળિયાને ખબર આપવા માટે ઝાડ સાથે ખીલા ઠોકીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહારવટિયાઓએ જડી દીધો. આવી દશા સરકારને કેટલાની કરાવવી છે? બહારવટિયાની બાતમી આપવામાં કેટલું જોખમ રહેલું છે, તે જોઈ શકાય છે. એક ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટ વાસદથી બોરસદ આવતા હતા. ત્યાં વાટમાં બહારવટિયો મળ્યો. બહારવટિયાએ થાપટ મારી તેના હાથમાંથી બંદૂક પડાવી લીધી. જાન બચાવવા તેને કહેવું પડ્યું, 'હું તો કારકુન છું.' એવા મૅજિસ્ટ્રેટ જે રાજ્યમાં હોય તેવા રાજ્યને ટકવાનો કેટલો અધિકાર છે? અને તેને પ્રજા પાસેથી દંડ લેવાનો શો હક્ક હોઈ શકે?"

૫. પાદરીઓ, સરકારી અમલદારો અને મુખીતલાટીઓને આ કરમાંથી મુક્ત રાખેલા તેનો ઇશારો સરદારે નીચેના શબ્દોમાં કર્યો હતો :

"આ દંડથી કેટલાકને બાતલ કરવામાં આવ્યા છે તે કોણ છે? જેમનો આ ગુનામાં વધારેમાં વધારે હાથ છે, વધારેમાં વધારે મદદ છે, તે બાતલ થયા છે. સરકારી નોકરોની ફરજ ગુનેગારોને પકડવાની છે, પણ તેઓ દંડમાંથી બાતલ. બીજો વર્ગ પાદરીઓનો, જેઓ સરકારનું માથું ફોડે અને બહારવટિયાના સોબતી કહે તો સરકાર સામે બંદૂક લઈ ને ઊભા થાય તેમને પણ બાતલ રાખ્યા છે. તેમના હાથ નીચે દેડ વર્ગ, જે લોકો ખ્રિસ્તી થયેલા રહે છે તેમની તો આપણા જેવી જ સ્થિતિ છે. રાવણિયા અને મુખીઓ બહારવટિયાના હાથથી બચ્યા છે, તે પણ બાતલ છે. મારી હકીકત એવી છે કે, એકેએક રાવણિયા અને પોલીસ પટેલ બાબર ક્યારે ક્યાં હોય છે તે જાણતા હોય છે. પણ તેને પકડવાની કોઈની હિમ્મત ચાલતી નથી. આ બધાને બાતલ રાખવામાં આવ્યા છે. ધારાસભામાં જનારાઓને પણ બાતલ નથી રાખ્યા. તેઓ પણ લૂંટારાના સોબતી જ. સ્વાગતમંડળના પ્રમુખ ધારાસભામાં બેસવાને લાયક ઠર્યા, પણ આ દંડમાંથી એ પણ બાતલ ન રહ્યા."

અંતમાં તેમણે નવી પોલીસે નાપામાં એક બાળકને બચકું ભરેલું તે વાતનો ઉલ્લેખ કરી કહ્યું કે, બાબરે તો આવું કોઈ દિવસ નહિ કર્યું હોય. આવી અનેક સચોટ દલીલોથી સરદારે પુરવાર કર્યું કે, સરકાર જાણે છે કે પ્રજાનો દોષ નથી. પણ સરકાર પાસે પૈસા નથી અને તાકાત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. મહાત્માજીની ચળવળથી સરકારની સત્તાનું તેજ નાશ પામ્યું અને તેથી બહારવટિયા પેદા થયા, એવી દલીલ 'ટાઇમ્સ' પત્રના એક લેખમાં કરવામાં આવી હતી. તેનો જવાબ આપતાં, મહાત્માજીની ચળવળ પહેલાં સરકારની સત્તા કેટલી તેજસ્વી હતી તે બતાવી સરદારે ગુલાબ રાબ્તનો નીચેનો કિસ્સો વર્ણવ્યો :

"પેલો ગુલાબ રાબ્ત બહારવટે નીકળ્યો ત્યારે તો ગાંધીજી હિન્દુસ્તાનમાં પણ આવ્યા નહોતા. તે વખતના કલેક્ટર ચૂડને તે મારવા ફરતો હતો, કારણ એણે ગુલાબ રાબ્તને સજા કરાવી હતી. કલેક્ટરનો મુકામ સિગલાવ ગામમાં હતો. ત્યાં તેણે સાંભળ્યું કે, ગુલાબ રાબ્ત ગાયકવાડી હદમાં લૂંટો કરે છે. અંગ્રેજી પોલીસની તેને મદદ છે, એવો રિપોર્ટ હતો. તેણે એની તપાસ કરવા માંડી. તે વખતે તે કસબી ફેંટો અને ભેટ બાંધીને પાસે જ ઊભો હતો. તેણે કહ્યું કે, 'હું ગુલાબ રાબ્ત.' ચૂડે કહ્યું : 'તારા હાથ છૂટા તે હોય ? તને તો બેડીઓ પહેરાવવી જોઈએ !' ગુલાબ રાબ્તએ કહ્યું, 'પકડાઉં તો તારી સત્તા ચાલે તેમ કરજે. આજે તો હું રાબ્ત છું.' કલેક્ટરના કહેવાથી પછી તેના ઉપર કેસ ઊભો કરવામાં આવ્યો. ચોરા ઉપર મામલતદારની શિખવણીથી એક વાણિયાએ ગુલાબ રાબ્તને ગાળો દીધી, તેથી ગુસ્સે થઈ તેણે તેને કપાળમાં એક કાંકરી મારી. આ બાબતમાં કેસ ચાલ્યો. ગુલાબ રાબ્તએ મને વકીલ કર્યો. કેસમાં કંઈ થઈ શકે એમ નહોતું. પણ કલેક્ટરે મોટા જજને મળીને તેને નવ મહિનાની સજા કરાવી. પેલાને તેની ગંધ આવેલી, એટલે તે કોર્ટમાં હાજર થયો જ નહીં અને તે દહાડાથી બહારવટું શરૂ કર્યું. ત્યાર પછી તેણે બાવન લૂંટો કરી છે. પચીસ ત્રીસ ખૂન કર્યાં છે. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને તેણે સતાવેલો. તે તો લાંબી રજા લઈ ને ચાલ્યા ગયા. કલેક્ટરને બાતમી રોજ બનય કે, ગુલાબ રાબ્ત વલ્લભભાઈ વકીલને ઘેર રોજ રાત્રે આવે છે. તેણે મને બોલાવ્યો; અને મોટી જગ્યાઓ આપવાની અનેક લાલચો આપી પેલાને પકડવા કહ્યું. મેં કહ્યું, 'કાયદો હું ઓછો ઘણો જાણું છું. મારે ઘેર તે આવતો હોય તો મારે પોતે જ જાહેર કરવું જોઈએ. ન કરું તો ગુનો ગણાય એ હું જાણું છું.' પણ મેં તેને એક સલાહ આપી કે તમારી બંદૂકો નકામી છે. બે ધારિયાં કરાવી રાખો. કલેક્ટરે તરત ધારિયાં કરાવી લીધાં. પાછળથી ગુલાબ રાબ્ત ગાયકવાડીમાં પકડાયેલો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. નવા બહારવટિયા કેવા થયા છે તે જણાવતાં તેમણે કહ્યું હતું :

" મહાત્માજીની ચળવળમાં આબાદીવાળા નવા બહારવટિયા નીકળ્યા છે એ ખરું છે; અને ગરીબ પ્રજા ઉપર જ્યાં જ્યાં સરકારનો જુલમ થતો હશે ત્યાં ત્યાં આ બહારવટિયાઓ પહોંચશે પણ ખરા જ."

પરિષદની પૂર્ણાહુતિ થઈ. દંડ નહિ ભરવાની તાલુકાની પ્રજાએ પ્રતિજ્ઞા કરી. લડતની નોબતો વાગી. બન્ને પક્ષો બાંય ચડાવી તૈયાર થયા. સ્વયંસેવક સેનાની અને તેમની પ્રત્યેની પ્રજાની શી ફરજ હોઈ શકે તે સરદારે જણાવ્યું. લડતની વ્યૂહરચનાનો સરદારે થોડો ખ્યાલ આપ્યો. સૌ વીખરાયા તે પહેલાં સરદારે જણાવ્યું :

" બોરસદના લોકોને હવે બે શબ્દ કહું છું. બોરસદ જો પાણી બતાવશે તો તેની અસર ગામડાંના લોકો પર પણ થશે. જે ગામમાં આ પરિષદ ભરી છે તેની જવાબદારી સૌથી વધારે છે. તેણે અંદર અંદરનો કુસંપ છોડી સરકાર સાથેની લડતમાં એક થઈ જવું જોઈએ.

" આજે તમે જે નિશ્ચય કર્યો છે તેને દૃઢતાથી વળગી રહેજો. આ લડતમાં તમને ફતેહ આપે એવી ઈશ્વરને પ્રાર્થના કરો. અને તમને આ ધર્મની લડતમાં ફતેહ મળે એમ હું પણ ઈશ્વર પ્રત્યે પ્રાર્થના કરું છું."

સંગ્રામસમિતિ સ્થપાઈ ગઈ. દરબારસાહેબ તેના પ્રમુખ નિમાયા. શ્રી મોહનલાલ પંડ્યા સેનાપતિ બન્યા, અને તેમની મદદથી સરદારે લડતનો આરંભ કરી તેને વેગ આપ્યો.

સત્યાગ્રહ લડતની વ્યૂહરચના

કોઈ પણ પ્રતિજ્ઞા લેવી સહેલી છે, પણ તે પાળવી એ મુશ્કેલ કામ છે. સત્યને માટેની શુદ્ધ હૃદયથી કરેલી પ્રતિજ્ઞાનું પાલન થાય એની જવાબદારી પ્રભુને શિર છે, એમ આપણે સમજવું જોઈએ. કારણ આવી પ્રતિજ્ઞા લેનાર માણસની સામે એ પ્રતિજ્ઞાને કારણે આવતી મુશ્કેલીઓમાં અડગ રહેવાની શક્તિ પ્રભુ આપે જ છે. આવી મુશ્કેલીઓની સામે થતાં માણસને પોતાનો દેહ આપવો પડે તો તેમ કરતાં પણ પ્રતિજ્ઞા લેનાર અચકાતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિજ્ઞાનું આ રહસ્ય મહાસભાના કાર્યકર્તાઓ સમજ્યા હતા. દરેક જણ પોતાની જોખમદારી સમજતા હતા. સેવાભાવી અને કાબેલ કાર્યકર્તાઓ આખા જિલ્લામાંથી આવીને રણક્ષેત્ર ઉપર ખડા થયા. કર નંખાયો હતો તેવાં ૬૦૪ ગામોના વિભાગો પાડી થાણાં નક્કી કર્યાં, અને દરેક થાણા ઉપર જવાબદાર કાર્યકર્તાઓ ગોઠવાયા. આ સેવકો સામે ખેડાના સત્યાગ્રહનો ઇતિહાસ મોજૂદ હતો, એટલે સરકાર શાં પગલાં લેશે તેની તેમને ખબર હતી. કર નહિ ભરાય એટલે સરકાર તગાદો કરશે, સ્થાવર જંગમ મિલકત ઉપર ત્રાપ મારશે, કેટલાકને નિર્બળ ધારી જેલમાં પૂરવાનો પ્રયત્ન કરી તેમને હંફાવવાનો પ્રયત્ન કરશે, વગેરે બધી હકીકતોથી આ સેવકો માહિતગાર હતા. આવી સ્થિતિમાં મામલાને કેમ પહોંચી વળવું અને આવા સરકારી હુમલાઓ સામે રક્ષણ કેમ કરવું તેની સૂચના સ્વયંસેવકો પ્રજાને આપવા લાગ્યા. સરકારી જપ્તી વખતે કોઈ નબળો પોચો ગભરાય નહિ તે માટે કાર્યકર્તાઓ હાજર રહેતાં અને તેને ગભરાવા ન દેતા. આમ છતાં, કોઈ પૂરી તાકાત ન જાળવી શકે એમ હોય તો તેની પ્રતિજ્ઞાનું ભાન કરાવવામાં આવતું. વળી એકબીજાને રોજ ને રોજ આખા તાલુકાના સમાચાર મળે તે માટે બોરસદ સત્યાગ્રહ પત્રિકા શરૂ કરવામાં આવી. આ પત્રિકા દ્વારા પ્રજાની રજેરજ અહાર પાડવામાં આવતી. વળી સરકારની વ્યૂહરચના આ પત્રિકા મારફત જાહેર કરવામાં આવતી, અને તેનો સામનો કેમ કરવો તેના ઉપાયો પણ તેમાં જણાવી દેવામાં આવતા અને પ્રજાને હંમેશ સચેત રાખવામાં આવતી.

આ ઉપરાંત પૂજ્ય સરદારસાહેબ, દરબારસાહેબ, વયોવૃદ્ધ શ્રી અબ્બાસ બાપુ, શ્રીમતી ભક્તિબા વગેરે પ્રજાપ્રિય નેતાઓ આખા તાલુકામાં ઘૂમતા, જાહેરસભાઓ કરતા, સરકારના દાવપેચ સામે શી રીતે લડવું તેની સમજ આપતા, અને જેમને થોડેઘણે અંશે ખુવાર થવું પડતું તેમને આશ્વાસન આપતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારી હુમલાનો બચાવ

આ લડતમાં સ્વયંસેવકોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. પ્રજાના સહકારથી આ સ્વયંસેવકોએ બધી જ વ્યવસ્થા ખૂબ કુશળતાથી કરી. આપણી વ્યૂહરચના સામે સરકારે પણ પોતાના દાવ ખેલવા માંડ્યા. આ દાવ ખેલવામાં બહારવટિયાને પકડવા માટે જે વધારાની પોલીસ મૂકવામાં આવી હતી તેનો પણ ઉપયોગ કરવામાં આવ્યો. આમ વધારાની પોલીસના ખર્ચને પહોંચી વળવા પ્રજા ઉપર જે કર નાખવામાં આવ્યો હતો, તે જ કર વસૂલ કરવા એ જ પોલીસનો ઉપયોગ કરવો પડ્યો. એટલે બહારવટિયાને પકડવાની તે પોલીસની ફરજ તો બાજુ પર રહી; પણ પ્રજાને હેરાન કરવાનું કામ જ આ પોલીસે કર્યું. આ પોલીસની મદદમાં મુખી તલાટીઓ, સરકલો, કારકુન વર્ગ અને બીજા નાનામોટા સરકારી અમલદારો તો હતા જ. આવડી મોટી ફોજવાળી સરકાર તો એવા ઉમંગમાં આવી ગઈ હતી કે, દરરોજની એક એક ટુકડી એક એક જપ્તી કરી લાવશે, તોયે અઠી લાખ રૂપિયા તો રમત વાતમાં વસૂલ થઈ જશે. પણ સરકારની આ ધારણા ખોટી પડી. કારણ કે પ્રજા જાણતી હતી કે, સરકાર જપ્તી કરશે અને કંઈ લઈ જશે તો તેમાં પોતાની નામોશી ગણાશે. એટલે સરકારના અથાક પ્રયત્ન છતાં એના હાથમાં અને ત્યાં સુધી તો રાતી પાઈ પણ ન જાય, એ માટે પ્રજા જાતજાતના દાવ અજમાવવા લાગી. આ બાબતમાં કોણ વધારે કુશળતા બતાવે છે તેની અંદર અંદર હરીફાઈ થવા લાગી, એમ કહીએ તોય ખોટું નથી.

સરકારને ગભરાવનારું નગારું

દરેક ગામે એક નગારું રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ચબૂતરાના ઊંચા મકાન ઉપર નગારું રાખી એક સ્વયંસેવક સવારના છથી તે રાતના સાત વાગ્યા સુધી બેસતો, કારણ કે સરકાર તે જ સમયમાં કાયદેસર રીતે જપ્તી કરી શકે. આ સ્વયંસેવક જ્યારે કોઈ અમલદારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઘેથી આવતો જોતો ત્યારે તરત જ નગારું વગાડવા માંડતો. નગારાનો અવાજ સાંભળતાં જ દરેક જણ પોતાનું ઘર બંધ કરી તાળાં દઈ દેતું. આમ બંધબારણે અથવા તાળું વાસેલું હોય એવે ઘરે કાયદેસર રીતે જપ્તી ન કરી શકાય એવો સરકારી કાયદો હોવાથી, જપ્તી કરવા હોંશભર્યા આવેલા અમલદારો વીલે મોઢે પાછા ફરતા. તાળું તોડવું હોય તો પંચ કૃત્ય એ વિધિ કરવી પડે. પણ પંચ કોણ થાય? ગામમાં ચકલુંય એ કામ માટે ફરકે તો ને?

ચોરથીયે ભૂંડા

આ યુક્તિમાં સફળતા ન મળતાં સરકારે બીજી રીતે દાવ ખેલવા માંડ્યો. કોઈ અનુકૂળ ગામ પસંદ કરી સરકાર ત્યાં પોલીસ ગોઠવતી. આ પોલીસને એવી રીતે કામ લેવા જણાવવામાં આવ્યું કે, વહેલી સવારના જે ઘરમાં જપ્તી કરવાની હોય ત્યાં જઈને ઊભા રહેવું, અને સવારના ઘર ઊઘડે કે તરત જ ઘરના ઉંમરાનો કબજો લઈ જપ્તી કરવી. આ સરકારી વ્યૂહનો સામનો કરવાનો પ્રજાએ એ ઉપાય શોધી કાઢ્યો કે, ગામની બાજુમાં જ્યાં સરકારી પોલીસનો પડાવ હોય ત્યાં જ નગારું ગોઠવવામાં આવ્યું. પોલીસ પોતાના પડાવમાંથી બહાર નીકળે કે તરત જ નગારું વગાડવામાં આવતું, એટલે પોલીસ આવવાની સૂચના પ્રજાને મળતી અને તાબડતોબ બધાં પોતાનાં ઘર બંધ કરી દેતાં. આ રીતે સરકારને પોતાના આ દાવમાં પણ નિષ્ફળતા જ મળી.

એકસંપીના ઠરાવો

સરકારને મદદ કરનારા જે લોકો હતા તે છેવટે તો પ્રજાના જ માણસો હતા. એટલે તેઓ લોકોની નબળાઈ કયાં છે તે સમજતા હતા. તેમની સૂચના મુજબ સરકારી અમલદારોએ બીજા નોકરો મારફતે પ્રજાનાં સગાંસ્નેહીઓને ફોડવાના પ્રયત્નો કર્યા, અને એવી રીતે એક બે દાખલાઓમાં તેઓ ફાવ્યા પણ ખરા. આ સરકારી વ્યૂહની સામે પ્રજાએ પોતાનું જ્ઞાતિબંધારણનું શસ્ત્ર છોડ્યું, અને સરકારી વ્યૂહના ટુકડા કરી નાખ્યા. જ્ઞાતિઓના, પંચોના, મહાજનોના અને એકડાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરાવોથી એકસો ને ચારે ગામની પ્રજા એવી તો અભેદ્ય કિલ્લા જેવી થઈ ગઈ કે સરકારની નજર સરખી પણ તેમાં ખૂંચી ન શકી. સરકારી અમલદારોને પણ હવે લાગવા માંડયું કે, વધારે વખત આ રીતે કામ લેવું પાલવવાનું નથી. કારણ સરકારી અમલદારો અને તેમને મદદ કરનારાઓને પણ જ્ઞાતિની ગરજ હતી જ. તેમના દીકરાઓ માટે કન્યાઓ ઓછી વિલાયતથી લાવવાની હતી? આ એકસંપીના ફરાવો આબાદ ગોળીબાર જેવા નીવડયા, અને સરકારી અમલદારો અને તેમને મદદ કરનારાઓના સાંધા ઢીલા થયા.

એક અમલદારની મનોદશા

ખેડા જિલ્લાના ડિસ્ટ્રિક્ટ ડેપ્યુટી કલેક્ટર મોટરમાં બેસી જતા હતા. તે વખતે તેમની મોટર પાસે પોલીસ અમલદાર ભાઈ મગનલાલ આવ્યા. કલેક્ટરે સહજ પ્રશ્ન પૂછ્યો, 'ભાઈ મગનલાલ, શા સમાચાર છે?'

મગનલાલે સાચા સમાચાર કહેતાં જણાવ્યું: 'સાહેબ, સમાચાર શા હોય? બોરસદ તાલુકામાં તો હવે આપણે રહેવા જેવું રહ્યું નથી. જ્યાં અમલદારી કરવા જાઉં છું ત્યાં કૂતરાની જેમ હડધૂત થઈને ફરવું પડે છે. અમારા ઉપર કોઈની માનભરી દૃષ્ટિ તો જણાતી જ નથી. કોઈ આદરસત્કાર કરતું નથી. જ્યાં જઈએ ત્યાં ગાંધીની ટોપીવાળો ઊભો જ હોય. અને તેના શબ્દો પરમેશ્વરના શબ્દો જ સમજી લો. સાહેબ, આપણું સાંભળીને તેનો અમલ કરવો કે નહિ તે વાત તો બાજુએ રહી, પણ આપણું તો કોઈ સાંભળતું જ નથી. આપણો બધાનો તો ધોબીના કૂતરા જેવો ઘાટ છે — નહિ ઘરના કે નહિ ઘાટના. હવે તો સગાંસંબંધીઓ પણ આપણા તરફ તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. હવે કંઈ નિકાલ લાવો તો મહેરબાની. સાહેબ, અમે તો હવે ઇજ્જત અને પ્રતિષ્ઠા બોઈ બેઠા છીએ. માણસ હોવા છતાં કૂતરા જેવા ગણાઈએ છીએ. સાહેબ, આ દુઃખ તે કેમ સહન થાય?'

આ ભાઈનું ઉપર મુજબનું નિવેદન જરાયે અતિશયોક્તિવાળું નહોતું. સાચે જ તેમની સ્થિતિ તેવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાલીમબદ્ધ પ્રજા

પ્રજાને કેળવવા માટે તો વર્ષો જોઈએ, અને તેમાંયે પચરંગી અને ભિન્ન ભિન્ન ધર્મો અને નાતજાતોવાળી પ્રજા તાલીમબદ્ધ થાય જ નહિ એમ કહેનારા ઘણા પડ્યા છે. બોરસદની અને એવી બીજી લડતોએ આ કથન બોદું પાડ્યું છે. અગ્નિની ભઠ્ઠીમાં લોઢું મૂકાએ, તો તે ગરમ થતાં તેનો મનગમતો ઘાટ ઘડી શકાય છે. તેવું જ પ્રજાનું પણ છે. બોરસદ તાલુકામાં હિન્દુ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી વગેરે બધા ધર્મોના લોકોની વસ્તી છે. તેમાંય વળી અનેક જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓમાં લોકો વહેંચાયેલા છે. છતાં પ્રજા એકે અવાજે તૈયાર થઈ ગઈ. દરબારસાહેબની એકેએક સૂચનાનો અમલ કાયદાની જેમ થવા લાગ્યો.

દરબારસાહેબનો હુકમ

પોતાના બધા દાવથી કંટાળી સરકારે નવો અખતરો શરૂ કર્યો. બંધ બારણામાં જપ્તી ન થઈ શકતી, એટલે સરકારે ખુલ્લાં બજારો તરફ નજર કરી અને બજારમાં જપ્તી કરવાનું બજાવ્યું. સરકાર આમાં ફાવી ન જાય તે માટે દરબારસાહેબે હુકમ છોડ્યો કે, દિવસના કોઈ કામ કરવું જ નહિ, પોતાનાં બધાં જ કામો રાતના કરવાં.

રાત્રીનો દિવસ

દરબારસાહેબનો હુકમ છૂટતાં જ બોરસદમાં રાત્રીનો દિવસ શરૂ થયો. ચકલે ચકલે પેટ્રોમેક્સની બત્તીઓ બજવાળું આપતી ટાંગેલી જણાતી. આખા ગામમાં ઝગઝગાટ થઈ ગયો. બજારો રાતના ઊઘડે, અને બધી જ ખરીદી રાતના થવા માંડી. આજુબાજુનાં ગામડાંમાંથી પણ ખરીદ કરનારાઓ રાતના રાજીખુશીથી આવતા અને જરૂરી વસ્તુ ખરીદીને જતા. પાણી ભરવાનું કામ પણ સ્ત્રીઓએ રાતના કરવા માંડ્યું. રાતે પાણી ભરવાની સગવડ રહે, માટે જાહેર કૂવાઓ ઉપર પણ પેટ્રોમેક્સની બત્તીઓ મૂકવામાં આવી હતી. આ બત્તીઓના બજવાળામાં ત્રાંબાપિત્તળનાં બેડાં ઉપર પડેલાં પાણીનાં ટીપાં મોતીનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિન્દુ જેવાં દેખાવા લાગ્યાં. આમ, આ સરકારના પ્રતાપે ઓરસદ્ મોહમયી નગરી બની ગઈ, ત્યારે સરકારી અમલદારોને ભાગે ટપાલની પેટી જેવું મોં કરી, માથે હાથ દઈ, બેસી રહેવાનો અવસર આવ્યો.

નિર્ભય પ્રજા

તાલીમની સાથે જ પ્રજા ડર છોડે છે, અને જેણે ભય છોડ્યો એ વીર થયો જ સમજવો. જેમ જેમ લડત જામતી ગઈ તેમ તેમ પ્રજાનો ડર ઓછો થતો ગયો. પોલીસનો ડર તો ગયો, એટલે સાથે સાથે અહારવટિયાઓનો ડર પણ પ્રજામાંથી ગયો. સત્યાગ્રહ પત્રિકામાં પણ ઠોકી ઠોકીને લોકોને એ જ વાત મનમાં ઠસાવવાનો પ્રયત્ન થતો કે, "સત્યને ડર શાનો? અહારવટિયા આપણા ભાઈઓ છે. તેમનાથી ડરવાનું હોય નહિ. નીડર થઈને અયોગ્ય કાર્યોમાં સહકાર ન આપવાની તાકાત મેળવવી જોઈએ. તેવી રીતે ઊંધે રસ્તે દોરનારા તરફ પણ પ્રેમભાવ રાખી તેવાઓને સાચે રસ્તે દોરતાં શીખવું જોઈએ. જે લોકો આપણા ઉપર જુલમ કરે છે, તે કંઈ આફ્રિકામાંથી આવેલાં પશુ નથી કે તેથી આપણે તેમનાથી બીવાનું હોય." આવાં લખાણોથી સત્યાગ્રહ પત્રિકાએ ઘણાંના જીવનમાં પરિવર્તન કર્યું.

અહારવટિયાઓને પણ અસર થઈ

આમ સત્યાગ્રહ પત્રિકાએ લોકોના જીવનમાં પરિવર્તન કર્યું, તો એ પત્રિકાએ અહારવટિયાઓને પણ અસર કરી હોય એમ લાગ્યું. લડતની શરૂઆતમાં જ દરબારસાહેબે આ અહારવટિયાઓને ઉદ્દેશીને એક વિનંતિપત્ર અહાર પાડ્યું હતું, અને તેમાં તેમને લૂંટ કરવાનું છોડી દઈ, હિમ્મત હોય તો જાતે સરકાર સમક્ષ હાજર થઈ જવા, અથવા તો હિન્દુસ્તાનમાં ઘણાયે પર્વતો, કોતરો છે ત્યાં નાસી છૂટવા વીનવ્યું હતું. આ વિનવણી પણ તેમને કાને ગઈ લાગે છે, કારણ લડતના સમય દરમિયાન કોઈ પણ સ્થળે અહારવટિયાએ ત્રાસ આપ્યો જણાતો નથી, અને જાણે લડતનું શુદ્ધ વાતાવરણ જળવાઈ રહે તે માટે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાદુર બહારવટિયાઓ પણ બોરસદ તાલુકાની હદ છોડીને ચાલી ગયા હોય એમ લાગ્યું.

અહિંસા અને શાંતિ

આ આખી લડત દરમિયાન પ્રજાએ પૂરેપૂરી રીતે અહિંસાનું પાલન કર્યું. એક પ્રસંગ એવો બન્યાનો ઉલ્લેખ મળે છે કે, જિલ્લાના મુખ્ય અમલદાર પર કિન્નો રાખી બોરસદમાં જ તેના ઉપર હુમલો કરવાનો વિચાર બહારવટિયા તરફથી લેખિત રૂપમાં દરબારસાહેબને મળ્યો. દરબારસાહેબે આ લેખિત બાતમી જે અમલદાર પર હુમલો થવાનો હતો તેમને જ સુપરત કરી. આથી અમલદાર ચેત્યા અને સહીસલામત સ્થળે પહોંચી ગયા. આ બાતમી આપવા માટે તેમણે દરબારસાહેબનો ઉપકાર માન્યો. બીજા અમલદારો અને સરકારને હાજીહા કરનારા ઉપર પણ આની સારી અસર થઈ.

ક્ષત્રિય કોમે પણ અહિંસા પાળી

આપણે જાણીએ છીએ કે, બોરસદ તાલુકાની બારૈયા કોમ નીડર અને બહાદુર છે. આ આખી કોમે આ સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું હતું. તાલુકાના એક ગામમાંથી આ બારૈયા કોમ તરફથી બેડા જિલ્લા સમિતિ તરફના મંત્રી શ્રી રાવજીભાઈ મણિભાઈ ને કહેવામાં આવ્યું કે, "તમે બધા જે કામ કરી રહ્યા છો તે તો બધું ઠીક છે, પણ ફક્ત બે વસ્તુઓ અમને ગમતી નથી. એક તો એ કે, તમે અમારાં ધારિયાં નીચાં મુકાવ્યાં છે અને તે નકામાં કાટ ખાધા કરે છે. બીજું. એ કે, ભાગોળે જતાં ધાતુના લોટા પણ જપ્તીમાં જાય એ બીકે માટીનાં વાસણો જંગલ જતાં વાપરવાં પડે છે." આ બહાદુર કોમને આ ડરપોકપણું ખૂબ સાલતું હતું. પ્રજા ઉપર સરકાર દમન કરે અને આ વીર ક્ષત્રિય કોમને જોઈ રહેવું પડે, એ તેમનાથી કેમ સહન થાય? ભાગોળે જતાં સાથે રાખેલા પિત્તળ કે ધાતુના લોટાની પણ જપ્તી કરનારને થોડોઘણો સાલમપાક આપ્યા વગર કેમ છોડાય, એની આ બહાદુર પ્રજાને સમજ પડતી નહોતી. પણ આ પ્રશ્નોના જવાબમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રાવજીભાઈએ એક જ વાક્યમાં જવાબ આપ્યો કે, "દરબાર-સાહેબનો હુકમ છે, એટલે આપણે તેનો અમલ કરવો જ જોઈએ." દરબારસાહેબના નામની અસર આમ જાદુ જેવી હતી. બીજી દલીલો કરી આ બારૈયાઓને સમજાવવાનો પ્રયત્ન તો જરૂર નિષ્ફળ નીવડે જ. દરબારસાહેબના આવા હુકમથી ગમે તેવી ઉશ્કેરણીના પ્રસંગોમાં, ગમે તેવી કનડગત થતી હોય તેવે વખતે પણ, બારૈયાઓએ પોતાના મગજનું સમતોલપણું જાળવી રાખ્યું હતું. ઉદ્ધત અમલદારો તરફની ઉશ્કેરણીના પ્રસંગોમાં પણ તુમાખી મિજાજના પટેલોએ અહિંસા જાળવી લડતનું શુદ્ધ વાતાવરણ જાળવી રાખવામાં કીમતી મદદ કરી.

કેટલી રકમ વસૂલ થઈ?

આટલું દમન કરતાં છતાં અને બહારવટિયાઓને પકડવા માટે બહારથી આણેલી ચારસો પોલીસોની ફોજનો પણ આ કર વસૂલ કરવામાં જ ઉપયોગ કર્યો હોવા છતાં, અઢી લાખના ભારે કરમાંથી સરકારે નવસો રૂપિયાની રકમ લોકો પાસેથી રાજીખુશીથી મેળવી. બધાં દમનનાં પગલાંને પરિણામે અને જપ્તીઓનો વરસાદ વરસાવ્યા પછી સરકાર માંડ માંડ જપ્તીના માલની હરાજીમાંથી વીસ હજાર રૂપિયાની રકમ એકઠી કરી શકી. આટલો કર વસૂલ કરતાં સરકારને કરની આવક કરતાં ખર્ચ વધુ કરવું પડ્યું હતું, અને દુનિયાની કોઈ પણ શાણી સરકારને માથે કલંક ચોટે એવી એ બીના હતી. જો રાજ્યોને કર ઉઘરાવવા જતાં કરમાં જેટલી રકમ મળે તેના કરતાં વધારે ખર્ચ કરવું પડે તો શું થાય? છેવટે દેવાળું કાઢ્યા વિના એ સરકાર પાસે બીજો કયો રસ્તો રહે?

જપ્તીઓના પ્રકાર અને સરકારી દમન

આમ લડત પૂરજોસમાં ચાલી. સરકારી અમલદારોએ પોતાની બધી શક્તિ અજમાવી કર વસૂલ કરવાનો પ્રયત્ન કર્યો. આ કર વસૂલ કરતાં કાયદાને અને નીતિને તો બાજુ પર મૂકવાં. જપ્તીઓના અનેક પ્રકાર આ અમલદારોએ અજમાવ્યા. દમનના કોરડા પણ વીંઝવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડ્યા. ભેટાસીમાં એક બાઈના બભા ઉપર હાથ મૂકી એક પોલીસે સ્ત્રીજનનું ઘોર અપમાન કર્યું. આટલું જ નહિ, પણ તે બાઈના ધણીને તેણે બંદૂકના કુંદા માર્યા. વીરસદમાં વગર પંચે જપ્તીઓ કરી. દાવોલમાં મુસલમાન મામલતદાર અને મુસલમાન રાવણિયા પણ ઘરમાં પેસી ચૂલા સુધી જઈ બાળબચ્ચાંને બાવાનાં તેલઘી જપ્તીમાં લાવતાં અચકાતા નહિ. અલારસામાં જપ્તીઓની શરૂઆત મામલતદારે પોતે જ કરી. તેમણે સાંકળો વાસેલાં ઘર ઉઘાડ્યાં, કોઠીમાંના દાણા કાઢ્યા, અને હાથમાં આવ્યાં એવાં કપડાંમાં તે બાંધી લીધા. બીજે ઠેકાણેથી દાણા કાઢતાં તેમાંથી કલ્લાંની રૂા. ૯૯ની કિંમતની જોડ હાથમાં આવી. તે જોડ રૂા. ૨–૭–૦ના કર માટે જપ્તીમાં લેવામાં આવી. એ જ ગામમાં એક ગરાસિયો રાવણિયા સાથે જપ્તી સંબંધી વાત કરતો હતો. આ બબર મામલતદારને મળતાં મામલતદારે રાવણિયાને કહ્યું, "લાકડી ફેરકાવ, હું કહું છું કે હું તારી પાછળ છું." આવા અંદર અંદર લડાવવાના પ્રયત્નો પણ થયા. સારસામાં એક ઘરમાં એક વિધવા બાઈ એકલી હતી. તેનો રૂા. ૫–૭–૦નો કર આકારતાં આ સરકાર અચકાઈ નહિ. બીજી એક વિધવા બાઈ ને ધક્કો મારીને અમલદારો તેની ભેંસ લઈ ગયા. ત્રીજે એક ઘરેથી ઘરનો માલિક કોણ છે તે જાણવાની દરકાર ન કરતાં ઘરનો નંબર ૧૫૬૭ જોઈ તેમણે દૂઝણી ભેંસ ઉઠાવી. વળી એ જ ગામમાં એક મોચીને ત્યાં એક બંડમાં સુવાવડી બાઈનો બાટલો હતો તે ભાગમાં જઈ મહામહેનતે એક સાલ્લો અને એક ધોતિયું મેળવી જપ્તી કરવામાં કૃતેહ મેળવી ! સદાવ્રતની દુકાનનાં વાસણો પણ લઈ ગયા. ઢૂંઢાકૂવામાં મુખી અને કારકુન પાસે ઊંચકાવીને પણ જપ્તીનાં વાસણ લીધા વિના ન છોડ્યાં ! નાપાડમાં વહોરા કોમની વિધવા બાઈ હતી. તે તથા તેની બાંધળી સાસુ ઘાણી ચલાવીને જીવન ગુજરતાં. આ બાઈ પાસે પહેરવાનાં પૂરાં કપડાં પણ નહોતાં, છતાં તેને ત્યાં પણ જપ્તી થઈ ! વીરસદમાં અમીન કાશીભાઈ ઝવેરભાઈ અને અમીન દેસાઈભાઈનાં ગુજરી ગયેલાં માતાજીનો પણ પોલીસવેરો જપ્તી કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસૂલ કર્યો. અમીન શિવાભાઈ આભરભાઈ બિન નાથાભાઈને ત્યાં ઘરમાં એકંદર છ માણસો હતાં, છતાં એ વધારી આહનો કર વસૂલ કર્યો. ઉમરાવ ગામમાં ઘંટી અને દેગડી પણ જપ્તીમાં લીધાં. ઓરસદને દરવાજે પટાવાળા ઊભા રહેતા. તેમણે એક દિવસ ઘાસનાં પોટલાં લઈ વેચવા આવનારને અટકાવી તેઓને કચેરી તરફ હાંકચા. કચેરીમાં તેમણે જણાવ્યું, "કર ભરો નહિ તો માલ જપ્ત થશે." એટલામાં ત્યાં એક સ્વયંસેવક પહોંચ્યો. માલ ઉપડાવી સરદાર પાસે લાવ્યો. પાછળ પાછળ કારકુનભાઈ આવ્યા અને કહ્યું કે, "ખાનસાહેબે પોટલાં કચેરીમાં મંગાવ્યાં છે." તેમણે યોગ્ય જવાબ આપતાં કહ્યું કે, "અમે તે વેચાતાં રાખી લીધાં છે." કારકુન વીલે મોઢે પાછા ફર્યા અને આવા બીજાઓને આંતર્યા હતા તેમને પણ છૂટા કર્યા.

આમ જપ્તીના અનેક પ્રકારો અજમાવ્યા. કેટલાંક ગામોમાં તો મુખી રાવણિયાઓએ માલ ઉપાડવાની હિંમતથી ના પાડી. આવું બધું કર્યા છતાં આ લડતનો અંત જલદી આવ્યો. આ લડતમાં અલારસાના વીસ અને ખેડાના છ મળી કુલ છવ્વીસ માણસોની ધરપકડ થઈ હતી.

લોકોના ભોગનો જાદુ

આટલું બધું કર્યું છતાં પ્રજા પાછી ન પડી, એટલે સરકારી અમલદારો પોતાની સ્થિતિ સમજી ગયા. હવે તેઓ ઢીલા પણ પડ્યા. નછૂટકે જ તેઓ કર વસૂલ કરવા લાગ્યા. કારણ, ઘણા મુખી રાવણિયાઓએ રાજીનામાં તો ન આપ્યાં, પણ જપ્તી કરવાની પોતાની અશક્તિ તેમણે અમલદારોને ઉપરાઉપરી જણાવી દીધી. કેટલાકે જપ્તી કરવાની ઘસીને ના પાડી દીધી. લગભગ બધાં જ ગામોમાં આ સ્થિતિ થઈ. આ લોકોએ ના પાડવાથી જપ્તી અને દમનનું કામ વધારાની પોલીસને માથે આવ્યું. તે પોલીસે પણ પોતાનું એ કામ નથી એમ કહી વિરોધ કર્યો. સરકારની મુશ્કેલી વધી. દિવસે દિવસે મહેસૂલી અમલદારો અને પોલીસોનાં હૃદય પ્રજા તરફ વળ્યાં એમ કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમલદારોની નિરાશા

જાહેર છાપાંઓએ પણ આ લડતના સમાચારો આકર્ષક રીતે આપ્યા. તે વાંચીને ગુજરાતના આગેવાનો બોરસદ તરફ આકર્ષાયા અને બોરસદ યાત્રાનું ધામ બની રહ્યું. આટલું દમન કર્યા છતાં પણ ગામેગામ ઉત્સાહથી સભાઓ થતી જોઈ સરકારી અમલદારોનો રુઆબ ઊતરી ગયો. કેટલાક જવાબદાર સરકારી માણસોએ કલેક્ટરને પણ સંભળાવી દીધું કે, આ જુલમ વધારે લંબાશે તો પરિણામ સારું નહિ આવે. આવા હેવાલો મુંબઈ સરકારને પણ પહોંચ્યા, અને દોઢ માસની ટૂંક મુદતમાં સરકાર હાંફી ગઈ.

લડાઈનો અંત

પ્રજાની દુઃખ સહન કરવાની તૈયારી અને અમલદારોના હેવાલો જોઈ સરકારનું મન બદલાયું. ગમે તેમ કરી નાક ઊંચું રાખી લડત બંધ કરવાનો સરકારે નિર્ધાર કર્યો. પોતાની ભૂલ કબૂલ તો ન જ થાય, માટે જે ફારસ ભજવવું પડે તે ભજવીને આ અન્યાયી કર ઉપર પડદો પાડવાનો સરકારે નિશ્ચય કરી પોતાના સ્વદેશ બ્રાતાના સભ્ય સર મોરિસ હેવર્ડને બોરસદ મોકલ્યા. બોરસદમાં તેઓ આવ્યા, અને તેમને ખાતરી થયાનું જણાયું કે, તેમનું કંઈ વળે તેમ નહોતું. એ નામદાર મુંબઈ પહોંચ્યા પછી તરત જ તા. ૮–૧–'૨૪ને રોજ મુંબઈ સરકારે નીચેની છાપા જોગી યાદી બહાર પાડી :

"બોરસદ તાલુકાના લોકોને ખર્ચે ત્યાં વધારાની પોલીસ રાખવાની આવશ્યકતા છે કે કેમ તેની નામદાર ગવર્નરે હોમ ડિપાર્ટમેન્ટના સભ્ય મારફતે ખાસ તપાસ કરાવી છે, જેઓએ તેમની વિનંતિથી છેલ્લા બેાડાક દિવસ દરમિયાન બેડા જિલ્લાની જનતે મુલાકાત લીધી હતી. નામદાર ગવર્નરે આ તપાસ વિશે પોતાના કારોબારી મંડળ સાથે મસલત ચલાવી છે. જેને પરિણામે એઓ એવા નિર્ણય ઉપર આવ્યા છે કે, લોકોના રક્ષણને માટે તેમ જ બહારવટિયાઓનો પીછો પકડીને તેમને દબાવી દેવા માટે આગળ પગલાં ભરવા સારુ તાલુકાની સામાન્ય પોલીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરાંત વધારાની પોલીસની મજબૂત ટુકડીઓ હજી થોડોક વખત રાખવી પડશે. પરંતુ સાથે સાથે આ ટુકડીઓના ખર્ચ માટે નાખવામાં આવેલો વધારાનો કર લોકોને પાછો આપી દેવાને માટે સબળ કારણ છે, એવો તેમણે નિર્ણય કર્યો છે. વળી એ પણ સાચું છે કે, અત્યાર સુધી એકંદર રીતે લોકો બહારવટિયા પકડવાને વિશે ઉદાસીન રહ્યા તે ઘણુંખરું કેટલાક જાગીતા મુખ્ય બહારવટિયાઓની દુષ્ટ અને અમાનુષી રીતોને લીધે જ છે. વળી આ વખતે વરસાદની મોસમ કેટલેક અંશે નિષ્ફળ જવાને લીધે વધારાની પોલીસના નિભાવ માટે વેરો ભરવાનું પણ કેટલાક લોકોને મુશ્કેલ પડે એમ છે. આ બધું જોઈને અત્યારે જે વધારાની પોલીસ મુકાઈ ચૂકેલી છે તેનું ખર્ચ ચાલુ વર્ષમાં સરકારની સામાન્ય આવકમાંથી જ આપવાનું નામદાર ગવર્નરે ઠરાવ્યું છે, અને આવતા વર્ષમાં એને કાયમ રાખવા માટે ધારાસભા પાસે એની માગણી કરવામાં આવશે. આ તાલુકાના લોકો લાંબા વખત સુધી ત્રાસદાયક ગુનાનો ભોગ થઈ પડેલા છે, અને તેમને વધારાની પોલીસને લીધે મળતા રક્ષણનો અત્યાર સુધીમાં અનુભવ થઈ ચૂક્યો છે. એટલે એઓ બહારવટિયાઓને દબાવી દેવા માટે હવે પછી લેવાનાં પગલાંમાં ખરા દિલથી સહાય અને સહકાર કરીને સરકારની આ ઉદાર નીતિનો જવાબ વાળશે એવો નામદાર ગવર્નરને વિશ્વાસ છે."

પૂર્ણાહુતિ

સરકાર આ ઠરાવમાં બહુ સ્પષ્ટ શબ્દોમાં પોતાની હાર કબૂલ કરે છે, એ આપણે જોઈ શકીએ છીએ. પ્રજા ઉપરનો કર માફ થયો, વસૂલ થયેલો દંડ અને જપ્તીમાં લેવાયેલો માલ પાછો આપવાનું અને વધારાની પોલીસનું ખર્ચ સરકારે ભોગવી લેવાનું ઠરાવ્યું છે. વળી પરાપૂર્વથી ચાલી આવતી રૂઢિ છોડી નિર્દોષ અને કચરાયેલી પ્રજાને દોષિત અને દુઃખી કરવાના મહા અપરાધમાંથી બચી જઈ સત્યનો સ્વીકાર કરી સરકારે પોતે પણ વિજય મેળવી લીધો, એમ કહીએ તો ચાલે. સરકારે ખુલ્લા દિલથી અને હિંમતથી પોતાની ભૂલ સ્વીકારી. આમ સરકારનો અને પ્રજાનો બંનેનો વિજય થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉજવણી

તા. ૧૬મી જાન્યુઆરીનો દિવસ તાલુકાની પ્રજાએ ખૂબ ધામ-ધૂમથી ઊજવ્યો. ગામેગામ સભાઓ થઈ, અને આનંદથી બધા વીખરાયા. સરદારસાહેબે વિજયની ઉજવણીમાં સરકારને હવે પડતી મૂકી રચનાત્મક કાર્ય માટે સ્વયંસેવકોની હાકલ કરી, અને બત્રીસ સ્વયં-સેવકોએ ઓછામાં ઓછા એક વર્ષ સુધી આ તાલુકાના રચનાત્મક કાર્યમાં દટાઈ જવાની તૈયારી બતાવી અને કામ શરૂ થયું.

ઉપસંહાર

આમ બહુ જ ટૂંકા સમયમાં આ લડાઈનો અંત આવ્યો. "આ રાજ્યમાંથી ન્યાય મેં સંતાડીને નાસી ગયો છે," એવું સરદારનું કથન તદ્દન સાચું છે, એમ આ લડત ઉપરથી આપણે જોઈ શકીએ છીએ. બોરસદની લડતનું મહત્ત્વ તો એ છે કે, પૂજ્ય બાપુજીની સીધી કે આડકતરી દોરવણી ન હોવા છતાં તથા તેઓશ્રી તે સમયે જેલમાં હોવાથી તેમની સલાહ સૂચના મેળવવાનું અશક્ય હતું, તો પણ સરદાર આ લડત જીત્યા. વળી આ લડતનો અંત કોઈ પણ જાતની વાટાઘાટ વિના આવ્યો. સરકારે જ હુકમ બહાર પાડી કર પાછો ખેંચી લીધો અને લીધેલો કર પાછો આપવાનું જાહેર કર્યું.

નાગપુરમાં તો એક મેજિસ્ટ્રેટના અવિચારી હુકમના અનાદરને રાજ્ય ઊંધું વાળવાની હિલચાલ તરીકે વર્ણવવામાં આવી હતી. અને સરકારે પોતાનાં બધાં શસ્ત્રો તેને દબાવી દેવાને માટે વાપરવાની ધમકી આપી હતી. બોરસદમાં સરકારે એવી ઠોંગધમકીનો આશ્રય લેવાને બદલે લોકોની માગણીનો સીધી રીતે સ્વીકાર કર્યો, એ જેમ તે વખતની સરકારનું ડહાપણ સૂચવે છે તેમ લોકોના પક્ષનું સાચા-પણું અને લોકોના સંગઠનની ખૂબી પણ સિદ્ધ કરે છે. આ લડતની અસર એટલી બધી સરસ થઈ હતી કે, આણંદ તાલુકાનાં બીજાં કેટલાંક ગામો ઉપર નાખેલો એવો જ કર સરકારે કેવળ એક અરજી ઉપરથી રદ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદાર વલ્લભભાઈની વાણી અને આત્માનો પરિચય જેવો બારડોલીએ કરાવ્યો તેવો બોરસદ ન કરાવી શકયું. કારણ બોરસદની લડત એટલી ટૂંકી હતી કે, સરદાર વલ્લભભાઈના ભાષણના ભણકારા પણ ગુજરાતમાં પહોંચ્યા નહોતા ત્યાં તો વિજય મળ્યો. સરદાર વલ્લભભાઈનું જીવનચરિત્ર લખાશે ત્યારે બોરસદ સત્યાગ્રહની લડત પણ એક સ્વતંત્ર પ્રકરણ રોકશે જ. વળી શ્રી મહાદેવભાઈએ બોરસદની લડત અંગે અભિપ્રાય આપતાં સાચું જણાવ્યું છે કે:

"બોરસદના જેવી સ્વચ્છ અને ક્ષિપ્રવિજયી લડત હિંદુસ્તાનના ઇતિહાસમાં તો હજી સુધી નથી લડાઈ."

ભાઈલાલ ના૦ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

મૂલ્યપરિવર્તક સંગ્રામ*

[બારડોલીનો સત્યાગ્રહ]

સત્યાગ્રહ વિષે જે વખતે લોકોની શ્રદ્ધા ઓછી થતી જતી હતી, તેમ જ દેશમાં પણ રાજકીય વાતાવરણ મંદ થતું જતું હતું, તે વખતે લોકોમાં નવું જીવન પ્રગટાવનાર અને સત્યાગ્રહને વિષે શ્રદ્ધા પેદા કરાવનાર બારડોલીનો સત્યાગ્રહ ૧૯૨૮માં થયો.

બારડોલી

બારડોલી એ સુરત જિલ્લામાં એક તાલુકો છે. એની વસ્તી ૮૭,૦૦૦ છે. વસ્તીનો મોટો ભાગ ખેડૂતનો છે અને નાનામાં નાનો ભાગ મુસલમાનોનો છે. ૮૭,૦૦૦ માંથી ૧૬,૦૦૦ રાનીપરજ છે, ૩૮,૦૦૦ દૂબળા છે અને બીજા ૩૮,૦૦૦માં વાણિયા, કણબી, અનાવલા અને મુસલમાનો આવી જાય છે. જૂજ જૂજ પારસી કુટુંબો પણ તાલુકાનાં ગામમાં પથરાયેલાં છે.

બારડોલીને ભલે કોઈ ન જાણતું હોય, પણ ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહી સેનામાં અનેક કણબી, અનાવલા અને મુસલમાનો બારડોલીના હતા. આ બધા ત્યાં કમાવાના હેતુથી ગયા હતા, પણ લડત જાગતાં તેમાંના ઘણા ધંધો છોડીને લડતમાં જોડાયા હતા અને પોતાની વીરતા અને આપભોગશક્તિનો પરિચય ગાંધીજીને આપ્યો હતો. આ જ કારણે ૧૯૨૧માં સવિનય ભંગનો પ્રથમ પ્રયોગ બારડોલીમાં કરવાનું ગાંધીજીએ નક્કી કર્યું હતું અને ત્યારથી ત્યાં શ્રી જુગતરામ દવે, નરહરિભાઈ, કલ્યાણજીભાઈ, ચૂનીભાઈ મહેતા વગેરે ભાઈઓ કામ કરતા હતા.

---

* તા. ૨૫-૯-'૩૮ના રોજ ગૂજરાત વિદ્યાપીઠમાં આપેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ

હવે આપણે બારડોલીની લડત કયા કારણે થઈ તે જોઈશું. આ લડત જમીનમહેસૂલમાં વધારો થયો તેથી થઈ. મુંબઈ ઇલાકામાં મહેસૂલનો વધારેમાં વધારે દર ગુજરાતના જિલ્લાઓમાં છે અને તેમાંયે સૌથી વધારે સુરત જિલ્લામાં છે. દા. ત., બારડોલી તાલુકામાં ૧૮૬૪થી જમીનમહેસૂલ વધતું જ ગયું છે. ૧૮૬૫માં રૂા. ૩,૧૮,૧૬૨ હતું તે વધતું વધતું ૧૯૨૪માં રૂા. ૫,૧૪,૭૬૨ થયું.

ખરી રીતે ખેતીના નફા ઉપર જમીનમહેસૂલ વધે છે, પરંતુ સરકારી અમલદારોને ઊંડો વિચાર કરવાનો સૂઝ્યો જ નહિ.

મુંબઈ ઇલાકામાં ચાલતી પ્રથા પ્રમાણે, ત્રીસ વર્ષ પછી બારડોલીની જમાબંધીમાં ફેરફાર કરવાનો વખત આવી પહોંચ્યો. આવો ફેરફાર કરવા માટે પહેલાં ગામડાંની સ્થિતિ જોવી પડે છે. આથી શ્રી જયકર નામે એક સરકારી અમલદારને આ કામ સોંપવામાં આવ્યું. શ્રી જયકરને આવાં કામનો કશો જ અનુભવ નહોતો, આથી ખૂબ ગોટાળો થયો અને પરિણામ ખેડૂતોને વેઠવું પડ્યું.

એમણે ૧૯૨૫ની શરૂઆતમાં પોતાનું કામ શરૂ કર્યું ને પાંચ જ મહિનામાં બારડોલી અને ચોર્યાસી તાલુકાનાં 'રિવિઝન' તૈયાર કરીને સરકારને મોકલી દીધાં અને મહેસૂલમાં ૨૫ ટકા વધારો સૂચવ્યો. અને ૨૩ ગામોને નીચલા વર્ગમાંથી ઉપલા વર્ગમાં ચડાવવામાં આવ્યાં, એટલે આખા તાલુકાનું મહેસૂલ ૩૦ ટકા વધી ગયું. મૂળ મહેસૂલ રૂા. ૫,૧૪,૭૬૨ હતું તેને બદલે તે રૂા. ૬,૭૨,૨૭૩ કરવાની ભલામણ થઈ.

હવે શ્રી જયકરે કઈ કઈ વસ્તુઓ જોઈને મહેસૂલનો વધારો સૂચવ્યો તે આપણે જોઈશું :

૧. લોકોનાં મકાનો મોટાં થયાં હતાં તેમ જ ઢોરની સંખ્યામાં પણ વધારો થયો હતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. તાપી-વેલી રેલવે નવી ખોલાઈ અને તાલુકામાં અનેક પાકા રસ્તાઓ થયા.

૩. રાનીપરજ લોકોમાં દારૂનિષેધ થયો એટલે તેમની સ્થિતિ પણ સુધરી છે.

આવી જાતનાં અનેક કારણો શ્રી જયકરના રિપોર્ટમાં હતાં.

શ્રી નરહરિભાઈ પરીખે ૧૯૨૬માં શ્રી જયકરના રિપોર્ટની સારી રીતે અસર લઈને બારડોલીના ખેડૂતોની પરિસ્થિતિ ગુજરાતની આગળ મૂકી.

બારડોલીના લોકોએ શ્રી જયકરના રિપોર્ટ સામે વિરોધ કર્યો અને જાહેર કર્યું કે, શ્રી જયકરે લોકોની મુલાકાત લીધા વગર જ ઉપલક જોઈને મહેસૂલ વધારી મૂક્યું છે.

ત્યાર પછી ૧૯૨૭માં શ્રી દાદુભાઈના પ્રમુખપણા હેઠળ ખેડૂત પરિષદ ભરાઈ અને આ પરિષદમાં વધારો ન ભરવો એમ નક્કી થયું, પરંતુ આ ફરાવની જરા પણ અસર ન થઈ.

પ્રતિજ્ઞા

તાલુકાની આવી સ્થિતિ જોઈને કલ્યાણજીભાઈ, કુંવરજીભાઈ અને તાલુકાના મંત્રી સરદાર પાસે પહોંચ્યા અને કહ્યું કે, "તમે બારડોલી આવો અને ખેડૂતો પાસે સત્યાગ્રહની લડત લડાવો."

સરદારે જવાબ આપ્યો: "જો લોકો આખું જ મહેસૂલ ન ભરવા અને તે માટે ખુવાર થવા તૈયાર હોય તો હું આવું."

કાર્યકર્તાઓ સરદારનો વિચાર જાણી બારડોલી પહોંચ્યા. ટાઢ, તડકો જોયા વગર રાતદિવસ રખડી આખો તાલુકો ખૂંદીને લોકોનો વિચાર તેમણે જાણી લીધો અને તેઓ સરદાર પાસે આવી પહોંચ્યા.

તેઓએ સરદારને ખેડૂતોની ખુવાર થવાની તૈયારીના સમાચાર આપ્યા. સરદારે બધી વાતો જાણી લીધી અને ગાંધીજીની સલાહ લઈ તેઓ બારડોલી આવી પહોંચ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી વલ્લભભાઈએ પ્રથમ તો કાર્યકર્તાઓને તપાસ્યા અને જોયું કે કાર્યકર્તાઓમાં સત્યાગ્રહ કરવાની ખાલી ચળ નહોતી.

આ પછી તેમણે ગામોના પ્રતિનિધિઓને બોલાવ્યા. ૭૯ ગામોના પ્રતિનિધિઓ આવી પહોંચ્યા. સરદારે તેઓ સાથે વાતો કરવા માંડી. લોકો નિખાલસતાથી વાતો કરતા હતા. સરદારે પૂછ્યું: 'કેમ! તમે સરકાર સામે ટકી રહેશો કે?'

એક રાનીપરજ ખેડૂતે જવાબ આપ્યો: 'ટકી તો રેવું, પણ છરકારનો તાપ નીહો જરવી હકાય!'

બીજો એક કણબી બોલ્યો: 'સરકારને જે ગમશે તે કરશે, પણ હું તો એક પાઈ પણ ભરવાનો નથી!'

ત્રીજો બોલ્યો: 'ચાર જણ જો સાચા હશે, તો આખો તાલુકો ટકશે.'

સરદારે પૂછ્યું: 'ચાર જણ કોણ?'

જવાબ મળ્યો: 'ચાર આગેવાન!'

એટલે સરદારે કહ્યું: 'જે ચાર આગેવાનો મહેસૂલની લડત માટે ખુવાર થવા તૈયાર હોય તે ઊભા થાઓ.'

ટપોટપ ચાર જણ ઊભા થયા. આખરે બધા જ લોકો લડતમાં ખુવાર થવા તૈયાર થયા.

આ રીતે બધાની ખૂબ તપાસ કરી શ્રી વલ્લભભાઈએ જાહેર ભાષણમાં લોકોને ખૂબ ચેતવણી આપી કહ્યું: 'બિનજોખમી કામમાં હું હાથ નાખનારો માણસ નથી. જોને જોખમ બેડવાં હોય તેની પડખે હું ઊભો રહીશ.'

ત્યાર પછી તેઓને સાત દિવસ વધુ વિચાર કરવાની સલાહ આપી તે અમદાવાદ ગયા.

અમદાવાદ આવી તેમણે ગવર્નરને આખી વસ્તુસ્થિતિ કાગળ લખીને જણાવી. સરકારને પોતાની ભૂલની સમજણ પડી. પરંતુ તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે સરકારનું મન એવું જડ થઈ ગયું હતું કે, સૂર્ય પશ્ચિમમાં ઊગે તોપણ પોતાની ભૂલ કબૂલ કરવાને તે તૈયાર ન હતી. ગવર્નરનો જવાબ જલદી ન આવ્યો, એટલે વલ્લભભાઈ બારડોલી પહોંચ્યા.

શરૂઆત

તા. ૧૨ મીએ ખેડૂતોની સભા બોલાવી. સભામાં હજારો લોકો ભેગા થયા. સરદારે ખેડૂતોને કહ્યું: "આવું જોખમભરેલું કામ કરવાની જો તમારી ઇચ્છા હોય તો તેને પાર જ ઉતારજો. હારશો તો બારડોલીનું નાક અને દેશની લાજ બન્ને જશે. રાજ્ય આખું તમારા ઉપર જ ટકે છે, છતાં તમારી ફરિયાદ કોઈ સાંભળતું નથી, માટે આ સરકાર સામે તો જવાબદારી ભરેલી લડત જ લડવી જોઈએ. કેમ, તમે આવી લડત લડવા તૈયાર છો ને?"

ખેડૂતોનો જવાબ મળ્યો કે, અમે ગમે તે જાતનાં કષ્ટો સહન કરવા તૈયાર છીએ, પરંતુ સરકારનો આવો અન્યાય કોઈ દિવસ પણ સહન કરવાના નથી. આખી સભાએ આ જવાબને આનંદ સાથે ટેકો આપ્યો.

ત્યાર પછી શ્રી મહાદેવભાઈએ

'શૂર સંગ્રામકો દેખ ભાગે નહિ,
દેખ ભાગે સોઉ શૂર નાંહી'

એ સંગ્રામગીત આખી પરિષદ ઝીલે એવી રીતે ગવરાવ્યું અને સભા વિસર્જન થઈ. આ પરિષદ ઉપરથી સરદારે લોકમત જાણી લીધો અને લડાઈ માટે સ્વયંસેવકો ઊભા કરવાનું કામ શરૂ કરી દીધું. તાલુકામાં જુદી જુદી જગ્યાએ છાવણીઓ નંખાઈ ગઈ, અને લડતના સમાચાર છાપવા માટે પત્રિકાઓ પણ નીકળવા લાગી. શરૂઆતમાં દરરોજ ૫,૦૦૦ નકલ ખપતી હતી પરંતુ બે ત્રણ મહિના પછી તો દરરોજ ૧૪,૦૦૦ નકલો ઊપડવા લાગી. આ પત્રિકાઓ લોકોનો રોજનો ખોરાક થઈ પડી. શ્રી મહાદેવભાઈ દેસાઈ લખે છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું એક વખત મુંબઈથી નવસારી આવ્યો. નવસારી હું બન્દરમાં થઈને જતો હતો. મારા ખભા ઉપર ખાદીની થેલી હતી. મને જોઈને એક પારસીને લાગ્યું કે, નક્કી કોઈ પત્રિકા વહેંચનારો જ હશે એટલે તે મારી પાછળ દોડ્યો અને કહેવા લાગ્યો: 'ભાઈ, બારડોલી પત્રિકા આપતા જાઓની!'"

આ રીતે પત્રિકાએ પણ બારડોલીને ગુજરાતને ખૂણે ખૂણે ગવાતું કરી મૂકયું હતું.

ખેડૂતોએ પણ પોતાના ગામમાંથી સ્વયંસેવકો તૈયાર કર્યા હતા. બધા સ્વયંસેવકોને વલ્લભભાઈ એ બધી સૂચના આપી.

બહારના ચળવળિયા

તા. ૧૭મીએ ગવર્નરનો જવાબ આવ્યો. ગવર્નરસાહેબ તો તાલુકાની વધતી જતી આબાદીની વાતને જ વળગી રહ્યા હતા. શ્રી જયકર દશ મહિના સુધી બારડોલી તાલુકામાં ફર્યા છે અને દરેક ગામની તેમણે બરાબર તપાસ કરી છે. તેમણે ગામેગામ ખેતરો ઉપર જઈ ખેડૂતો સાથે વાતચીત કરી છે, એમાં કંઈ પણ ભૂલ થઈ નથી. હવે બારડોલીના લોકો જો બહારનાઓની શિખામણને વશ થઈને મહેસૂલ ભરવામાં કસૂર કરશે, તો સખતમાં સખત પગલાં લેતાં ગવર્નરને જરા પણ સંકોચ થશે નહિ.

સરદારે જવાબ આપ્યો કે, તમે અમને આવી ધમકી આપી એથી હું તમારો આભાર માનું છું. તમે મને અને મારા સાથીઓને બહારના ગણો છો, પરંતુ હું પોતે હિંદુસ્તાનના કોઈ પણ ભાગ જેટલો જ બારડોલીનો પણ રહીશ છું. ત્યાંના દુઃખી રહેવાસીઓનો બોલાવ્યો જ હું ત્યાં ગયો છું. કોઈ પણ ક્ષણે મને રજા આપવી એ એમના હાથમાં છે. એમના હીરને બહોરાત ચૂસનાર અને આ તોપબંદૂકથી લદાયેલા રાજ્યતંત્રને પણ તેટલી જ સહેલાઈથી વિદાય દેવાનું કામ એમના હાથમાં હોય તો કેવું સારું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો ઘડાકો

સરદારના આ પત્રથી ગવર્નર ખૂબ જ ઉશ્કેરાઈ ગયા અને તા. ૧૫ મી ફેબ્રુઆરીને દિવસે સરકારે પહેલો ઘડાકો કર્યો. વાણિયા-ભાઈને પોચા ગણીને પહેલાં તેમને જ પકડ્યા. વાણિયાભાઈઓ ઉપર નોટિસો તીડની ગઈ.

બુહારીના ૬૧ વાણિયાઓએ રૂ. ૫૧૫ મહેસૂલ ભરી દીધું, પરંતુ અબ્બાસસાહેબના ઉપદેશથી તેઓને ખૂબ જ પસ્તાવો થયો. તેમાંના એક વણિકે કહ્યું : 'અમને ખૂબ જ પસ્તાવો થાય છે. હવે અમે વલ્લભભાઈને અમારું મોં શી રીતે બતાવીશું ?'

અબ્બાસસાહેબે તેમને કહ્યું : 'તમારાથી આ ભૂલ થઈ ગઈ તો કંઈ નહિ, પરંતુ હવે તમે ચેતતા રહેજો અને તમારા ગામના બીજા બેડૂતોને લડાઈનું જોર આપતા રહેજો.'

શ્રી રવિશંકરભાઈ અને શ્રી મોહનલાલ પંડ્યા ગામેગામ રખડી લોકોને નવું જોર આપતા હતા, અને પૂ. ગાંધીજી પણ લોકોને આગળ ને આગળ દોરી રહ્યા હતા.

સરભોણ અને કડોદ લડાઈમાં જોડાયાં ન હતાં, પરંતુ વલ્લભભાઈનાં ચમત્કારિક ભાષણોને પરિણામે ત્યાંના લોકો પણ લડાઈમાં જોડાયા. સ્ત્રીઓ પણ સભામાં ખૂબ ઉત્સાહથી ભાગ લેતી થઈ.

રોજરોજ લડતના વાતાવરણની પારાશીશીની માફક પત્રિકાઓ લોકોની પાસે પડતી હતી. સરકારના સામ, દામ, ભેદ, દંડ વગેરે બધા ઉપાયોનું આમાં સચોટ રીતે વર્ણન થતું. કોઈ માણસ મહેસૂલ ભરી આવે તો તે હકીકત પણ ગુપ્ત રાખવામાં આવતી નહોતી.

બેડવા ગામના તલાટીએ એક રાનીપરજ ભાઈને મુક્કા મારી પૈસા કઢાવ્યા.

એક વખત ડેપ્યુટી કલેક્ટરે એક ડોસાને કહ્યું : 'મારા માનને ખાતર એક રૂપિયો તો આપો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડોસાએ કહ્યું : 'ના સાહેબ. તમારે માટે માન તો ઘણુંયે છે, પણ શું કરીએ? ગામમાં રહેવું ખરું ને?

'પણ જો તમે નહિ આપો તો જેલમાં પૂરીશ?'

'શા માટે? મેં કંઈ રાજદ્રોહ થોડો કર્યો છે?'

ડોસાની આટલી હિમ્મત જોઈ કલેક્ટરસાહેબ ખુશ થઈ ગયા અને ડોસાને રજા આપી. આ રીતે ડોસાઓને પણ લડાઈનો અજબ રંગ લાગ્યો હતો.

જપ્તીનાં કાગળિયાં તો જાણે જિનતાનની જાહેરખબરના જેવાં નકામાં હોય એમ લોકો ગણવા લાગ્યા.

શ્રી વલ્લભભાઈનાં ભાષણોનો રસ હવે લોકોને લાગવા માંડ્યો હતો. ખેડૂતોનાં હૈયાંમાં સોંસરી પેસી જાય એવી તળપદી ભાષામાં તેઓ તેમને પ્રેરવા લાગ્યા. એક ગામના ભાષણમાં તેમણે કહ્યું હતું: "હવે તમારી ભડક ભાંગવા માંડી છે એ જાણી મને ખૂબ જ આનંદ થયો છે. હજુ થોડી બાકી રહી છે તો તે કાઢી નાખજો. ડરને કૂવામાં ફેંકી દેજો. ડરવાનું તમારે નથી, સરકારને છે. આ તાલુકામાં રાત્રે બારબેકેક વાગ્યે હું ફરું છું, પણ મને કોઈ 'કોણ છે?' એમ પણ પૂછતું નથી. રવિશંકરભાઈ કહે છે કે, આ તાલુકાનાં ગામોમાં અજાણ્યાને કૂતરું પણ કરડતું નથી, તેમ જ કોઈ ભેંસ પણ શિંગડું નથી મારતી. તમારી શાહુકારી જ તમને નડે છે. માટે આંખમાં ખુમારી આવવા દો અને ન્યાયને માટે અન્યાય સામે લડતાં શીખો." આ રીતે પચી જાય એવી દવા સરદાર લોકોને વારંવાર આપતા હતા.

સ્થાનિક સ્વયંસેવકો તો વધતા જ જતા હતા. પરંતુ સાથે સાથે કાઠિયાવાડ તેમ જ બીજે સ્થળેથી પણ સ્વયંસેવકોની અરજીઓ આવતી જતી હતી. કાઠિયાવાડથી સ્વયંસેવકોની એક ટુકડી આવી પહોંચી તેને સરદારે પ્રેમથી વધાવી લીધી. આ ટુકડીમાં કૂલચંદભાઈ પણ હતા. એમણે સત્યાગ્રહનાં ગીતો બનાવી લોકોને ઉત્સાહ આપ્યો. અને ભક્તિબહેન, મીઠુબહેન પિટીટ, સૂરજબહેન અને ઘેલીબહેન પણ બાદી વેચતાં વેચતાં ગામડાંની બહેનોને નિર્ભયતાનો ઉપદેશ આપવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેદનીતિ

જે કોઈ મહેસૂલ ભરતું તેનો સખત બહિષ્કાર થતો હતો. એક વખત અમલદારોએ વાલોડના બે વણિકોને ફોસલાવ્યા અને તેમની પાસેથી રૂા.૧૫૦૦ કઢાવ્યા. લોકોને આ પ્રપંચની ખબર પડી ગઈ. તેમના ક્રોધનો પાર ન રહ્યો. તેઓએ બંને વણિકોનો સખત બહિષ્કાર કરવાનો નિશ્ચય કર્યો. વલ્લભભાઈ ને આ વાતની ખબર પડી. તે રાત્રે ને રાત્રે વાલોડ પહોંચ્યા અને લોકોને શાંત પાડી કહ્યું: "આપણા જ નબળા માણસો સામે જો આપણે લડીશું અને સરકારને જો આ વાતની ખબર પડશે તો આપણી આબરૂ જશે. ગંદી ચીજને જો આપણે ચૂંથીશું તો તેમાંથી બદબો જ છૂટવાની છે. માટે આ બનાવ ઉપર મૂઠી મૂઠી ધૂળ નાખો ઢાંકી દો."

વલ્લભભાઈ લોકોને આ વાત ભૂલી જવાનું કહીને બારડોલી પહોંચ્યા. પરંતુ લોકો કંઈ છોડે એવા ન હતા. તેઓ પેલા બે વણિકો પાસે ગયા અને તેમને જાહેર માફી માગવાની કહી. પેલા બંને સમજી ગયા અને પ્રાયશ્ચિત્ત રૂપે રૂા. ૮૦૦નું સત્યાગ્રહલડતને દાન કર્યું.

એક વખત ડેપ્યુટી કલેક્ટરે એક ખેડૂતને પૂછ્યું: 'તમે મહેસૂલ કેમ ભરતા નથી?'

પેલા માણસે જવાબ આપ્યો: 'વધારો રદ કરો તો ભરીએ.'

'પણ તમારા ગામ ઉપર તો જૂજવટજ જ વધારો છે.'

'પણ જુઓ સાહેબ, પોણો મણ પાણીમાં ત્રણ શેર લોટ નાખીને આપણે રાબડો બનાવીએ અને તેમાંથીયે સરકાર અચ્છેર લોટ લઈ લેવા માગે તે કેમ બને?'

કલેક્ટરે કહ્યું: 'મહેસૂલનો વધારો તો સાચો જ છે, માટે જો નહિ ભરો તો તમારી જમીન ખાલસા કરીશું.'

'અરે સાહેબ, આ તમારી વાત મને ગમતી નથી.

'ફૂલમાં ફૂલ કપાસકા, ઔર ફૂલ કાયકા?
રાનમાં રાન મેઘરાન, ઔર રાન કાયકા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ૦ એટલે શું ?

જ૦ ખાલસા તો મેઘરાજા કરવા માગે તો થાય, બીજો કોઈ પણ રાજા કરી શકવાનો નથી.

ખાલસા

આ વધતા જતા બળને દબાવવા માટે સરકારને જલદ ઉપાયો લેવાની જરૂર પડી. સરકારે ખાલસા-નોટિસો કાઢી અને તેમાં પણ વાણિયાભાઈને જ પહેલા પકડ્યા. તા. ૨૬મી માર્ચે બાળપુરાના શેઠ વીરચંદ ચેનાજીને બારણે મહાલકારીની સહીની એક નોટિસ ચોડવામાં આવી અને તેમાં જણાવ્યું કે, તમે જો તમારી જમીનનું મહેસૂલ ૧૨મી એપ્રિલ સુધીમાં નહિ ભરો તો જમીન ખાલસા કરીશું.

વીરચંદ શેઠે મહાલકારીને કાગળ લખીને જણાવ્યું કે, આખા મહાલમાં આપ સાહેબ મને છેક જ નબળામાં નબળો સમજો છો. હું આપને કહી દઉં છું કે, આ અન્યાય સામે હું એક પાઈ પણ ભરવાનો નથી.

વાણિયાઓની હિમ્મત જોઈને કણબીઓ માંહોમાંહે વાત કરવા લાગ્યા કે, વાણિયાભાઈ ખાલસાથી ના ડર્યા અને આપણે જો ડરી જઈશું તો આપણે કાચલીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું જ થવાનું છે. આ રીતે લોકો એકબીજાની હિમ્મત જોઈ વધારે મજબૂત થતા ગયા. સરકારી અમલદારો લોકોને કહેતા કે, ફલાણા ભાઈએ મહેસૂલ ભરી દીધી, તમે કેમ ભરતા નથી ? પરંતુ લોકોના શરાતન-ભર્યા શબ્દો સાંભળી તેમને નિરાશા જ થતી હતી.

પ્રજાની એકે પ્રવૃત્તિ ચોરીછૂપીથી થતી નહોતી. ભાષણોના રિપોર્ટ સરકારને મળે તે પહેલાં છપાઈને બહાર પડી જતા અને સભાઓમાં પણ સરકારી અમલદારોને આમંત્રણ આપવામાં આવતું. સભામાં સરકારી અમલદારો આવ્યા હોય તોપણ સભા શરૂ થતા પહેલાં ફૂલચંદભાઈનાં શરાતનભર્યાં ગીતો લોકો નીડરતાથી ગાતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક ગામમાં ઢોલ અથવા બ્યૂગલ રાખવામાં આવતાં. આ ઢોલને ઝાડ ઉપર પાંદડાંની ઘટામાં ટિંગાડી રાખવામાં આવતું અને જે કોઈ સરકારી અમલદારને અથવા સરકારી મોટરને જુએ તે તુરત જ ઢોલ વગાડે, અને ઢોલ વાગે કે તુરત જ ટપોટપ તાળાં વસાઈ જાય. મને લાગે છે કે, આ એકીસાથે વસાતાં તાળાંનો દેખાવ જપાનની કવાયતના જેવો જ હશે.

બધાં ઘરોને તાળાં વસાઈ જાય, એટલે ગામ તદ્દન ઉજ્જડ હોય તેવું દેખાતું હતું. આપને કદાચ થશે કે, તાળાં મારીને લોકો ક્યાં જતાં હશે? એટલા માટે મારે સ્પષ્ટીકરણ કરવું પડશે. બૈરાંછોકરાં ઘરમાં ભરાઈ રહે અને પુરુષો બીજે રસ્તે થઈ ખેતરોમાં જતા રહે. પરન્તુ જો સરકારી અમલદાર તાળું તોડી નાખે તો શું થાય? જો પુરુષ ઘરમાં હોય તો થોડી ગોળાપાપડી ચખાડી દે. પણ બૈરાંને તો કશું ન કરે. કદાચ દારૂ પીધો હોય તો ગાળો દે બસ!

આજે આપણે જ્યાં કેળવણી લઈ રહ્યાં છીએ તે વિદ્યાપીઠની સ્થાપના જે વખતે થવાની હતી તે વખતે ગુજરાતનું વિદ્વાનમંડળ ગાંધીજી સાથે આચાર્યપદ કોને આપવું તેની ચર્ચા કરતું હતું. તે વખતે સરદારે કહ્યું કે, કોઈ ન મળે તો મને આચાર્ય બનાવજો. છોકરાઓને ભણેલું પણ ભુલાવી દઈશ. સરદારના આ શબ્દો સાંભળી આખું મંડળ ખડખડાટ હસી પડ્યું. પરન્તુ તે જ વલ્લભભાઈ ૮૮ હજાર માણસોના આચાર્ય થયા અને તેને એવી રીતે ભણાવી દીધા કે કોઈ દિવસ પણ તે ભૂલશે નહિ.

ખેડૂતના સરદાર

સરદાર વારંવાર પોતાનાં ભાષણોમાં કહેતા કે, હું પણ ખેડૂતનો જ દીકરો છું; મારા હાડમાં પણ ખેડૂતનું જ લોહી વહે છે; મને સાચે જ ખેડૂતોનું કંગાલપણું સાલે છે.

આ રીતે વલ્લભભાઈ જ્યારે પોતે કોણ છે તે લોકોને કહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે લોકોમાં પણ જરા વધારે જોર આવતું. ખેડામાં તો તેઓ ગાંધીજીની સરદારી હેઠળ હતા, એટલે ખેડૂત વિષે કશું બોલતા ન હતા.

તે વારંવાર કહેતા કે, ખેડૂતો જાલિમની લાતો ખાઈ રહ્યા છે એની મને ખૂબ જ શરમ આવે છે. ખેડૂતને જો હું ઊંચે માથે ફરતા કરું તો મારું જીવ્યું સફળ માનું. જે ખેડૂત ટાઢ, તડકો, કાદવ-કીચડ અને મુશળધાર વરસાદમાં પણ પોતાનું કામ ચાલુ જ રાખે છે, તેને વળી ડર કોનો ? ખેડૂતો માટેનો સરદારનો ઊભરાઈ જતો પ્રેમ બારડોલીમાં જેવો જોવાનો મળ્યો તેવો ભાગ્યે જ બીજે મળ્યો. બારડોલીના લોકોની ધર્મશ્રદ્ધા અને પ્રતિજ્ઞા-પાલન માટેની તીવ્ર લાગણી જોઈને શ્રી વલ્લભભાઈમાં જે ઈશ્વરશ્રદ્ધા અમુક વખત સુધી ગુપ્ત રહી હતી તે ફરી જાગ્રત થઈ. ગાંધીજીએ એક વખત કહ્યું હતું કે, વલ્લભભાઈને બારડોલીમાં ખરેખર વલ્લભ મળ્યા. બારડોલીના ખેડૂતા વલ્લભઘેલા થયા હતા અને વલ્લભભાઈ પણ બારડોલીમાં આવીને ખેડૂતઘેલા થયા હતા.

ભેંસોની જપ્તી

હવે આપણે સરકારના કાર્ય તરફ નજર કરીશું. સરકારે પહેલાં જમીન ખાલસા કરી અને જપ્તી કરવી શરૂ કરી દીધી. જપ્તીમાં પહેલાં તો ભેંસને વેઢિયાઓ થાણામાં લઈ જતા. પરંતુ પાછળથી વેઢિયાઓએ પણ ના પાડી દીધી કે, અમે ભેંસોને નહિ લઈ જઈએ. આ રીતે ભેંસોને પકડી જનાર કોઈ ન મળ્યું ત્યારે સરકારે ઠેઠ મુંબઈથી 'લેભાગુ' પઠાણોને તેડાવ્યા. આ પઠાણો ભેંસોને મારી મારીને થાણામાં લઈ જતા હતા. આ વખતે ભેંસો એવા તો કરુણ અવાજે કરતી કે આપણું હૃદય પીગળીને પાણી થઈ જાય.

સરકારી નોકરો કહે છે કે, ગામનાં છોકરાંનાં ડાંકાનગારાં કરતાં આ ઢોરોની રાડોથી કાન ફૂટ્યા. સરદારને આ વાતની જ્યારે ખબર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી ત્યારે તેમણે પોતાના ભાષણમાં સરકારને ઉદ્દેશીને કહ્યું કે, સરકાર લોકો ઉપર જાહેરનામાં કાઢે છે તો ભેંસો ઉપર પણ જાહેર-નામું કાઢોને કે આવા અવાજ ન કરવા. તમારા જ હાથમાં તમારી હકૂમત હોય એ બોલી છે.

સરદારે એક ગામમાં જઈને લોકોને પૂછ્યું: 'કેમ, તમારી ભેંસો વિષે બોપરવા છો ને?'

લોકો કહે: 'હા છ, અમે એને મરેલી જ સમજીએ છીએ.'

એટલે સરદાર લોકોને વધારે બેફિકર બનાવવા માટે કહે કે, જાણજો કે સરકારી કાગળિયું આવ્યું હતું. આ રીતે કરુણરસ સાથે હાસ્યરસ વલ્લભભાઈ અજબ રીતે લાવી શકતા હતા.

વાલોડની સભા સરકારી થાણાની સામે જ ભરાતી હતી. ભાષણ પૂરું થવા આવ્યું ત્યાં તો ભેંસોના બરાડા સંભળાવા લાગ્યા. આ બરાડા સાંભળીને સરદારને વધારે બોલવાની તક મળી. તેમણે કહ્યું: 'સાંભળો, ભેંસોની રાડો. રિપોર્ટરો રિપોર્ટ કરજો કે, વાલોડના થાણામાં ભેંસો પણ ભાષણ કરે છે! આ રાજ કેવું છે એ હજુ તમે ન સમજતા હો તો આ ભેંસો તમને રાડો પાડીને કહે છે કે, આ રાજમાંથી ઇનસાફ મોં સંતાડી નાસી ગયો છે.' આવી હાસ્ય અને કરુણની મેળવણી કેટલી સાદી અને અસરકારક છે? પણ સરદાર આવું બોલતાં બોલતાં એટલા તો ગંભીર થઈ જતા કે, સરદારના હૃદયમાં સળગી રહેલી જ્વાળાનું માપ લોકો પામી જતા.

સરદાર બેડૂતોને કહેતા, 'આખો દિવસ તમારે બારણાં અડકાવીને પુરાઈ રહેવું પડે છે, તે તમને વસમું લાગે છે, એ હું સારી રીતે જાણું છું. પણ મારે તમને સમજપૂર્વક દુઃખ સહન કરતાં શીખવવું છે ને તમને ઘડવા છે. નહિ તો આપણે આ ચાલાક અને બાહોશ સરકાર સામે ફાવવાના નથી. મારે તમને દેખાડવું છે કે, સો રૂપિયાની નોકરી માટે જનોઈ પહેરેલો બ્રાહ્મણ હાથમાં દોરડાં ઝાલીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાટકીને આપવા માટે ભેંસોને પકડે છે. આપણા જ માણસોને આ રાજતંત્ર કેવા રાક્ષસ બનાવે છે તે તમે હવે જોશો.'

દારૂની જપ્તી

વાલોડના એક પારસી પીઠાવાળાને ત્યાં અમલદારો પહોંચ્યા અને તેનાં દારૂનાં પીપો જપ્ત કર્યાં. પરંતુ તે ઉઘાડવાં અઘરાં પડ્યાં એટલે દુકાનને તાળું માર્યું ને પહેરો રાખી કૂચ કરી. પેલા પારસીએ જપ્તી અમલદારને કાગળ લખ્યો કે, આપે મારી દુકાન બંધ કરી છે, આથી મને જે ખોટ જશે તે માટે ડેપ્યુટી કલેક્ટર જવાબદાર છે.

બીજે દિવસે પેલો અમલદાર પોતાની ટુકડી સાથે આવી પહોંચ્યો અને તેનો રૂા. ૨૦૦૦ દંડ કર્યો. પારસીએ દંડ ન ભર્યો, એટલે દુકાનના આંકડા જપ્ત કર્યા અને દુકાનની બહાર પડેલાં ખાલી પીપો પણ જપ્ત કર્યાં અને બાકીનો દારૂ પેલાં ખાલી પીપોમાં ભરવા માંડ્યો. કમભાગ્યે આ પીપો કાણાં હોવાથી કેટલોયે દારૂ ગળી ગયો ! ત્યાર પછી તેઓ બીજી જગ્યાએથી પીપો લાવ્યા અને તેમાં દારૂ ભર્યો.

આ ઘટનાને પત્રિકા કાંઈ છોડે એમ નહોતું. બીજે દિવસે પત્રિકામાં ઘટનાનું વર્ણન કરનારી નોંધ આવી તેનું મથાળું આ હતું : 'સાલા વીસો પણ સ્વરાજમાં મળ્યા !' ગમે તેવી ઘટનામાંથી વિનોદ કાઢી શકે એવી મનોદશા લોકો રોજ રોજ કેળવતા જતા હતા.

વાલોડના જે વીરોને નોટિસ મળી હતી તેમની જમીન સરકારી દફ્તરે ચડી ગયાના હુકમ નીકળ્યા. આ વાતથી દુઃખી થવાને બદલે એક સજ્જને તો ખાલસાનો ઉત્સવ ઊજવ્યો. આ રીતે સરકાર વાણિયાને ન દબાવી શકી એટલે તેણે મુસલમાનો ઉપર છાપો માર્યો. બારડોલીના ઇબ્રાહીમ પટેલને ખાલસા નોટિસનું પહેલું માન આપ્યું. હજારો રૂપિયાની જમીન હરાજ થઈ જશે એમ એ સારી રીતે જાણતા હતા, છતાં એમના પેટનું પાણી પણ હાલ્યું નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરપકડની શરૂઆત

એક વખત એક ગરીબ ગાડાવાળાને તેની ઇચ્છા વિરુદ્ધ સરકારી અમલદારો વેઠે લઈ ગયા. આ ગાડાવાળાને છોડાવવા માટે રવિશંકરભાઈ પણ કચેરીમાં પહોંચી ગયા અને પેલા ગાડાવાળાને કહ્યું: 'તારે વેઠે ન જવું હોય તો મારી પાછળ ચાલ્યો આવ.' પેલો ગાડાવાળો હિંમત કરી રવિશંકરભાઈની પાછળ પાછળ આવ્યો. આનું જોઈ બીજા બે ગાડાવાળા પણ પોતાનાં ગાડાં કચેરીમાં જ મૂકી ચાલ્યા આવ્યા. સરકારથી આ શી રીતે સહન થાય? તેમની દૃષ્ટિએ રવિશંકરભાઈ દોષિત હતા અને તેમની ધરપકડ કરી. આ રીતે સૌથી પહેલાં રવિશંકરભાઈ જેલમાં ગયા. બાપુજીને આ વાતની ખબર પડી કે તરત જ બાપુજીએ રવિશંકરભાઈને આશીર્વાદ આપ્યા કે, તમે નસીબદાર છો કે જેલમાં જવાનું સદ્‌ભાગ્ય તમને પહેલું પ્રાપ્ત થયું; ઈશ્વર જો અદલાબદલી કરવા દે અને તમે પણ ઉદાર થઈ જાઓ, તો હું તમારી સાથે જરૂર અદલાબદલી કરું. તમારો અને દેશનો જય હો.

રવિશંકરભાઈ એ કોર્ટમાં પોતાનું બયાન રજૂ કરતાં કહ્યું કે,

"પ્રાંત અમલદાર જેવા મોટા અમલદારને માટે મેળવેલાં ગાડાં ઘોળે દિવસે કચેરીમાં પડ્યાં રહે અને ગાડાંવાળાઓ પોતાનાં ગાડાં ત્યાં પડ્યાં રહેવા દઈ ભાગી જવાની હિંમત કરે એ સરકારને વસમું લાગે, એ હું સમજી શકું છું. અને કાયદાની દૃષ્ટિએ હું દોષિત તો છું જ. નીતિની દૃષ્ટિએ મેં એ ગરીબ માણસોનું રક્ષણ કરી મારો ધર્મ બજાવ્યો છે. પરંતુ જ્યાં નીતિને સ્થાન નથી એવા કાયદાના અમલમાં હું મોટો ગુનેગાર છું એમ માની આપ વિના સંકોચે મને વધારેમાં વધારે સજા કરશો એવી મારી વિનંતી છે. આપ મારા પોતાના દેશબંધુ છો અને આપને હાથે જ મને સજા થાય એના જેવી આ સત્યાગ્રહની લડતમાં બીજી શરૂઆત શી હોઈ શકે? આપ જે કંઈ સજા ફરમાવશો તેને હું અત્યંત હર્ષથી વધાવી લઈશ."

રવિશંકરભાઈના જેલ ગયાના ખબર ગુજરાતમાં વીજળી-વેગે ફેલાઈ ગયા. ડો. સુમંત મહેતા આખી લડતનો રંગ શાંતિથી નિહાળ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા અને ગાયકવાડી ગામડામાં હરાવ કરાવતા હતા કે, બારડોલીમાં જપ્તીઓ થાય તેમાં સરકારને કોઈ પણ રીતે મદદ કરવા જશો નહિ; તમે તમારો પાડોશીધર્મ કદી ચૂકશો નહિ. ત્યાર પછી તેમણે રવિશંકર-ભાઈની જગ્યા લીધી. રવિશંકરભાઈ પછી ભાઈશ્રી ચિનાઈ ને જેલનું તેડું આવ્યું, અને ત્રીજું તેડું વાલોડમાં ડૉ. ચંદુલાલના હાથ નીચેની નાનકડી સેનાને આવ્યું. આ રીતે ધરપકડ શરૂ થઈ.

રાજીનામાંની વૃષ્ટિ

આ જ અરસામાં વડી ધારાસભાના પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલે ગાંધીજીને એક પત્ર લખી લડત પ્રત્યે પોતાની સહાનુભૂતિ વ્યક્ત કરી અને તેના ચિહ્નરૂપે રૂ. ૧૦૦૦નો ચેક મોકલી આપ્યો તથા જ્યાં સુધી લડત ચાલે ત્યાં સુધી દર મહિને એટલા રૂપિયા મોકલવાનું વચન આપ્યું. આની દેશ પર ભારે અસર થઈ.

મહાસભાની કાર્યવાહક સમિતિએ મુંબઈ સરકારને હરાવ કરીને કહ્યું કે, કમિશનર સાહેબે વલ્લભભાઈ વગેરે ખેડાના ચળવળિયા બારડોલીના ખેડૂત ઉપર જીવે છે એવું કહ્યું છે. કમિશનરના આવા અયોગ્ય વર્તન માટે તેમની પાસે માફી મંગાવો. પરંતુ કમિશનર જેવા મોટા માણસ પાસે માફી મંગાવાય? વળી મુંબઈ ધારાસભામાં શ્રી નરીમાને બારડોલીના મહેસૂલ-વધારા સંબંધે સરકારના ઉપર તિરસ્કારનો હરાવ રજૂ કર્યો હતો, પણ તે રદ થયો. આથી ધારાસભાના સભ્ય શ્રી નરીમાન ઉપરાંત ગુજરાતના પાંચ સાત સભ્યોએ રાજીનામાં આપી દીધાં.

આ બાજુએ બારડોલીમાં પણ ૬૩ પટેલ અને ૧૯ તલાટીઓએ રાજીનામાં આપી દીધાં. રાજીનામાંનો આટલો બધો વરસાદ વરસતો જોઈને સરકારના સાંધા ઢીલા થઈ ગયા.

પરંતુ સાંધા ઢીલા કરે તો સરકારને શી રીતે પાલવે? તેણે તો ફરી પોતાનું કાર્ય શરૂ કરી દીધું. કેટલાક ખેડૂતોને ફોસલાવ્યા અને તેમની પાસે જમીનમહેસૂલ લીધું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારે ખેડૂતોને કહ્યું: 'તમારે જો મહેસૂલ ભરવું હોય તો મારી ગરદન કાપીને જાઓ. તમારી જમીન આલસા થઈ એટલે તમે ડરી ગયા એ હું સમજી ગયો. પરંતુ આટલાથી ડરવાની જરૂર નથી. સરકાર કંઈ તમારી જમીન માથે મૂકીને વિલાયત લઈ જવાની નથી અને પોતે પણ અહીં બેડવા આવવાની નથી. જો તમે મક્કમ રહીને છેવટ સુધી લડશો, તો તમારી જમીન પોતાની મેળે, હું તમારી છું તમારી છું, એમ કહેતી આવશે.'

બારડોલીદિન

મોટું મહાભારત યુદ્ધ થઈ ગયું તે પણ ૧૮ દિવસમાં પતી ગયું હતું. પરંતુ બારડોલીના લોકો કે જેમણે હાથમાં લાકડી પણ કદી પકડી નથી, તેઓ ચાર ચાર મહિનાથી આટલી તોપબંદૂકવાળી સરકારને હંફાવી રહ્યા હતા. તેમની લડાઈની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા એક દિન આખા દેશમાં ઊજવાયો. બારડોલીના સત્યાગ્રહીઓએ ૨૪ કલાકના ઉપવાસ કર્યા. આ દિવસે મુંબઈના યુવકોના ઉત્સાહનો તો પાર ન હતો. તેમણે ઘેર ઘેર જઈને ઉઘરાણાં કર્યાં અને સરદારને મુંબઈ આવે ત્યારે ભેટ ધરવાની આલેશાન તૈયારીઓ રાખી. જુદે જુદે ઠેકાણેથી ચેક અને મનીઑર્ડરો આવવા લાગ્યા. ભાઈ મણિલાલ કોઠારીએ પણ મુંબઈના બૅરિસ્ટરો પાસેથી બારડોલી માટે મોટી મોટી રકમો કઢાવી અને ભૂલાભાઈ જેવા ધારાશાસ્ત્રીઓને લડાઈમાં રસ લેતા કરી દીધા.

આ નાણાં હિંદુસ્તાન ઉપરાંત ફ્રાંસ, બેલ્જિયમ, જાપાન, ચીન, ન્યૂ ઝીલેંડ, મલાયા અને ફીજી વગેરે દેશાવરથી પણ આવતાં હતાં. અમદાવાદના મજૂરોએ પણ એક એક આનાની રસીદો કાઢી પોતાના પરસેવામાંથી પેદા કરી દોઢ હજાર રૂપિયા મોકલ્યા. સ્વામી શ્રદ્ધાનંદજીના ગુરુકુળમાંથી ૨૫૦ રૂપિયા અને સૂપા ગુરુકુળમાંથી ૧૫૦ રૂપિયા આવ્યા. બંગાળથી અભય આશ્રમના કાર્યકર્તાઓએ શાકભાજીનો ત્યાગ કરી પોતાની નાનકડી રકમ મોકલી. આ રીતે બારડોલી ઉપર રૂપિયાની વૃષ્ટિ થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાલસા થયેલી જમીનોનું વેચાણ

ખાલસા થયેલી જમીન ચોરીછૂપીથી વેચવાને બદલે જાહેર લિલામથી વેચવાના ઢોંગ થવા લાગ્યા. ઇસ્માઇલ નામના મુસલમાન સત્યાગ્રહીની જમીન વેચવાનાં જાહેરનામાં નીકળ્યાં. આ ઉપરાંત બીજી ૨૫,૦૦૦ની કિંમતની જમીન વેચવાનાં પણ જાહેરનામાં નીકળી ગયાં. આવાં જાહેરનામાં વાંચીને કોઈ ડગે એમ ન હતું. ગામેગામના લોકોએ હરાવ કર્યો કે, આવી રીતે જમીન રાખનારની જમીન કોઈએ ખેડવી નહિ, જે કોઈ ખેડશે તેનો સખતમાં સખત બહિષ્કાર કરીશું.

શ્રી. વલ્લભભાઈએ પણ 'બારડોલીદિન' ને દિવસે ભાષણમાં કહ્યું હતું કે, 'બારડોલીમાં હવે આબરૂદાર સરકારનું રાજ રહ્યું નથી, પણ ગુંડાઓ અને ચોરલૂંટારાઓનું રાજ્ય થયું છે. આ ગુંડાઓએ જે જમીન ખાલસા કરી છે તે કોઈ પણ ખરીદશો નહિ. ખેડૂતોનું લોહી પીનારાઓનો ઇન્સાફ ઈશ્વર કેવો કરશે તે ભૂલી જશો નહિ. આ મફતમાં જમીન લેવા આવનારાની પેલા નાળિયેરના લોભિયાના જેવી દશા થશે એ બચીત માનજો. આજે કુદરતમાં હવા બદલાતી જાય છે. આ પહેલાં ચૈત્ર વૈશાખનો તાપ હતો, ખૂબ ઉકળાટ હતો, સરકારે પણ ખૂબ તાપ કર્યો, અને પ્રજાને અત્યંત ઉકળાટ કરાવ્યો. એ તાપમાંથી અમૃતને બદલે ઝેર વરસે તોપણ એ ઝેરને અમૃત ગણી ગળી જવાની શક્તિ ઈશ્વર આપણને આપે, એવી પ્રાર્થના કરવાને આજે આપણે ભેગા થયા છીએ.'

અમલદારો સ્વયંસેવકોને પકડતા હતા અને ખોટી ખોટી સાક્ષીઓ પૂરી તેમને જેલમાં મોકલતા હતા. આ રીતે કંઈ પણ કારણ વિના કેટલાયે સેવકોને જેલમાં પૂરી દીધા હતા. આ વખતે સરદારને પણ પકડશે એવી અફવા ઊડી. એક માણસે સરદારને પૂછ્યું: 'સાહેબ, તમને સરકાર પકડવાની છે એ વાત સાચી છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારે જવાબ આપ્યો : 'ના રે, સાંભળ્યા કરોને. મને શું કામ પકડે? બિચારી ભેંસનું લિલામ કરે તો તેના પાંચ રૂપિયા ઊપજે, મારું લિલામ કરે તો શું ઊપજવાનું હતું?'

આરોપી ન્યાયાધીશ બન્યા !

એક વખતે પઠાણે એક સત્યાગ્રહીના ઉપર હુમલો કર્યો હતો. આના જવાબમાં સરકાર કહે છે કે, તેણે કાંઈ જરી ભોંકવાના હેતુથી હુમલો કર્યો ન હતો !

આપણે કહીએ છીએ કે, એક પઠાણે અમારી ભેંસને દંડા મારી મારીને મારી નાખી. આ વાતને તો સરકાર ગણી જ જવા માગે છે. અને જવાબ આપે છે કે, વાણિયા પઠાણને ચોકીદાર તરીકે રાખે છે તે કેમ લોકોને ખૂંચતું નથી? આ રીતે ચોર ઊલટો શાહુકારને દંડવા લાગ્યો.

આ વખતે ધારાસભાના સભ્ય શ્રી કનૈયાલાલ મુનશીએ ગવર્નરને લખ્યું કે, સરકાર જો બારડોલીના લોકોની માગણી નહિ સ્વીકારે તો બુનામરકી થશે.

ગવર્નરે જવાબમાં લખ્યું, કે, બધી જાતની પરિસ્થિતિને પહોંચી વળવા હું તૈયાર છું.

આ વિચિત્ર વિધાનના જવાબમાં ગાંધીજીએ લોકપક્ષનું સત્ય સ્વરૂપ વ્યક્ત કરીને એક લેખ લખ્યો અને સરકારે આદરેલી ખોટી પ્રવૃત્તિને ઉઘાડી પાડી.

ગાંધીજીનો લેખ વાંચી કનૈયાલાલ મુનશી બારડોલીની હાલત જોવા આવ્યા. તેઓ અનેક સભાઓમાં ગયા, અનેક ખેડૂતોને મળ્યા, તેમની પાસેથી બધી વિગતો જાણી લીધી. તા. ૧૭મીએ ગવર્નરને એક વીરતા-ભરેલો કાગળ લખી લોકોની સ્થિતિનું તથા કેટલી શાંતિથી અને ધીરજથી તેઓ દુઃખો સહન કરી રહ્યા હતા તેનું તાદૃશ ચિત્ર બધું કર્યું. તેમણે પણ પોતાની જગ્યાનું રાજીનામું આપ્યું અને લોકોને દબાવવાને જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાયો યોજવામાં આવ્યા હતા તેની તપાસ કરવા એક સમિતિ નીમી. મિ. બિ. એફ. માદને એક વિચક્ષણ આંકડાશાસ્ત્રી તરીકે શ્રી જયકરના આંકડાની વ્યર્થતા એક સમર્થ નોંધમાં સિદ્ધ કરી આપી.

શ્રી મુનશીના પત્રોએ ઘણાને ઘોર નિદ્રામાંથી જગાડ્યા. આ રીતે જાગનારાઓમાં એક 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' હતું. તેણે પોતાના એક અખબારપત્રીને બારડોલી મોકલ્યો. આ અખબારપત્રીએ બારડોલીની સ્થિતિ જોઈ અને હકીકત જાણવી. કોઈ પાપીને પુણ્ય ખૂંચે, સ્વચ્છંદીને સંયમ ખૂંચે, સ્વાર્થીને ત્યાગ ખૂંચે, તેમ આ અખબારપત્રીને ખેડૂતનો નિશ્ચય ખૂંચ્યો, સ્વયંસેવકોની શિસ્ત ખૂંચી, અને વીરાંગનાઓની ભક્તિ ખૂંચી. તેણે પહેલાં એમ માન્યું હતું કે, બારડોલીમાં રહેનારા સેવકો લોકોને પૈસે તાગડધિન્ના કરી રહ્યા હશે. પણ બારડોલીનું દૃશ્ય જોઈ તેની આંખ જ ઊઘડી ગઈ. સરદારની ગેરહાજરીમાં પણ તેણે કામ, કામ ને કામ જ જોયું, કઠણ જીવન ગાળનારા સેવકો જોયા. આ બધું જોઈને એ બિચારો શું કરે ? તેણે પોકારીને કહ્યું, બેશક બારડોલીનાં ગામડાં ભયંકર તાવણીમાંથી પસાર થયાં છે.

નામદાર ગવર્નર સાહેબ તા. ૬૮મીએ સુરત આવવાના હતા એટલે કલેક્ટરે જાહેર કર્યું હતું કે, બારડોલીના ખેડૂતો તરફથી લેખી અરજીઓ મળશે તો તેમના ૧૨ પ્રતિનિધિઓને ગવર્નરની મુલાકાત લેવા દેવાની પરવાનગી મળશે. પરંતુ કોઈની અરજી આવી નહિ.

કમિશનરે સરદારને બાર પ્રતિનિધિ સાથે જવાનું કહ્યું. સરદારે આ આમંત્રણ સ્વીકારી લીધું અને છ સભ્યો ગયા. વલ્લભભાઈ, અબ્બાસ સાહેબ, કલ્યાણજી, શારદાબહેન, મીઠુબહેન, ભક્તિલક્ષ્મી, એ છ પ્રતિનિધિઓ સુરત પહોંચ્યાં. ગવર્નર સાથે ત્રણ કલાક સુધી મીઠાશથી વાતો કરી. પરંતુ સરદારને સમાધાન શક્ય ન લાગ્યું, એટલે તેમણે ગવર્નર સાહેબને કહ્યું કે, સરકારને જે શરતો કબૂલ હોય તે લખી જણાવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેત્રણ દિવસમાં સરકારની શરતોના જવાબ આવ્યા :

૧. આખો મહેસૂલ એકદમ ભરવી.

૨. આખી ચળવળ બંધ કરવી.

ગાંધીજીએ કહ્યું, આવી શરતોથી કોણ છેતરાય ? સરકારનું હૃદય હજી પીગળ્યું જ નથી. આ કાગળના જવાબમાં સરદારે પોતાની શરતો મૂકી :

૧. સત્યાગ્રહી કેદીઓને છોડી દેવા.

૨. ખાલસા થયેલી અથવા વેચાયેલી જમીન મૂળ માલિકને પાછી આપવી.

૩. હસવા જેવા ભાવથી વેચેલી લોકોની જંગમ મિલકત પાછી આપવી.

પરંતુ સરકારે એ શરતો કબૂલ ન કરી. અને ઉપરથી ગવર્નર સર લેસ્લી વિલ્સને ધારાસભામાં ભાષણ કર્યું કે, ૧૪ દિવસમાં જો સુરત જિલ્લાના પ્રતિનિધિઓ સરકારની શરત મંજૂર નહિ કરે, તો ભયંકર પરિણામ આવશે. આ રીતે આ સાહેબે ધારાસભાના બારડોલીના લોકોના પ્રતિનિધિઓને ધમકી બતાવી.

લશ્કરી અમલદારો બારડોલીમાં લશ્કરી રચનાં શી રીતે કરવી તે જોઈ ગયા. ગરમ દળે ગવર્નરનાં ભાષણો હર્ષભેર વધાવી લીધાં અને કહેવા લાગ્યા કે, સત્યાગ્રહીઓની હવે ખરેખરી કસોટી થવાની છે.

સરદાર શાર્દૂલસિંહ કવીશ્વરે ગાંધીજીને સલાહ આપી કે, આખા દેશમાં સવિનયભંગની હિલચાલ શરૂ થવી જોઈએ. આ જ વખતે સરદારને પણ પકડશે એમ બધાને લાગવા માંડ્યું, એટલે ગાંધીજી તેમની જગ્યા લેવા ઑગસ્ટની બીજીએ બારડોલી આવી પહોંચ્યા. તેમણે જોયું કે, બારડોલીના લોકો તો ભગવાનને ભરોસે છે. બપોર પછી ત્રણ ચાર ગામના બેડૂતોને ગાંધીજી મળ્યા અને તેઓને કહ્યું : 'હજી તો તમારી મોટામાં મોટી કસોટી થવાની બાકી છે. હવે તો સરકાર તમને ગોળીથી મારશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડૂતોએ જવાબ આપ્યો : 'પ્લેગમાં મૂઆં હતાં તેનાથી તો વધારે ન જ મારી શકે. પ્લેગ વખતે અમારા ગામમાં ૪૦૦ માણસો મરી ગયાં હતાં. સરકારની આટલાં માણસને મારવાની હિંમત છે? અમારા સરદાર અમારે ખાતર આટલું દુઃખ વેઠે છે ને અમે આટલું દુઃખ ન વેઠી શકીએ?'

ગાંધીજીએ બારડોલી આવીને લોકોને વધારે વલ્લભભક્ત બનાવ્યા.

ગવર્નરની કાઉન્સિલના એક સભ્ય સર ચૂનીલાલ મહેતાએ વલ્લભભાઈને પૂના બોલાવ્યા. તેમણે એક ખરડો તૈયાર કરી સરદારને કહ્યું, આવો ખરડો સુરતના સભ્યો પાસે તૈયાર કરાવી સરકારને મોકલાવો. સરદારને ચૂનીલાલનો ખરડો માલ વિનાનો લાગ્યો. આથી તેમણે ચૂનીલાલને કહ્યું : 'સરકારને આવા અર્થહીન પત્રથી સંતોષ થશે એવું મને લાગતું નથી.' પરંતુ તે ચૂનીલાલના માનને ખાતર ખરડો લાવ્યા અને સુરતના સભ્યોને આપ્યો. સભ્યોએ ખરડા ઉપર સહી કરી અને સરકારને રવાના કર્યો. સરકારનો જવાબ આવ્યો. સરકારે જવાબમાં સરદારની બધી જ શરતો સ્વીકારી લીધી. સરદારને આ સમાધાનીની ખૂબ જ નવાઈ લાગી. તેમને ખૂબ જ સંતોષ થયો.

સરકારે નીચે પ્રમાણેની શરતો સ્વીકારી લીધી :

૧. કેદીઓને છોડી મૂકવામાં આવશે.

૨. જમીનમહેસૂલના વધારાની તપાસસમિતિ નીમવામાં આવશે.

૩. લોકોની જપ્ત કરેલી મિલકત પાછી આપવામાં આવશે.

૪. જે પટેલ તલાટીઓએ રાજીનામાં આપ્યાં હતાં, તેમને પાછા નોકરીએ લેવામાં આવશે.

હવે તો સરદારનો સંપૂર્ણ વિજય થઈ ગયો. ૪૮ કલાકમાં બધા કેદીઓ છૂટી ગયા. નિર્બલકે બલ રામનો આધાર રાખી, પોતાની ટેક ઉપર ઝૂઝનારા અનેક કષ્ટો સહન કરી બળિયા સામે બાથ ભીડનારા બારડોલીના ખેડૂતોનો વિજય થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક દેશનેતાઓનાં અભિનંદન બારડોલી ઉપર અને બારડોલી ના સરદાર ઉપર આવવા લાગ્યાં.

જેલનું વર્ણન

જેલમાંથી છૂટેલા સેવકો હાસ્ય સાથે જેલનાં કષ્ટોની વાતો કરવા લાગ્યા. આ જેલી ભાઈઓમાંના કેટલાકને દરરોજ ૩૭ શેર દળવાનું આપવામાં આવતું. જો કોઈ વખત જેલર ખૂબ ભલો થઈ જતો તો બરાબરમાં બરાબ ઘંટી ઉપર સેવકોને દળવા બેસાડતો.

ભાઈ ચિનાઈનું શરીર જેલનાં કષ્ટો સહન કરીને ભાંગી ગયું હતું, પરંતુ એમણે કોઈ દિવસ ફરિયાદ કરી ન હતી. આ જેલના રોટલા ખાઈ ખાઈને વિદ્યાપીઠના વિદ્યાર્થી ભાઈ દિનકર મહેતાને ઝેરી તાવ લાગુ પડ્યો હતો. સાધારણ રીતે જેલનો નિયમ જ એવો હોય છે કે, કામ રાક્ષસનું લેવું અને ખોરાક દુકાળિયાનો આપવો.

રવિશંકરભાઈને જેલનાં પાણી બરાબર માફક આવી ગયાં હતાં. એમનું શરીર વજ્ર જેવું હશે કે શરીરનું સંકલ્પબળ વજ્ર જેવું હશે? જો સરકાર પાસે નરકવાસ આપવાનો અધિકાર હોય તો યુધિષ્ઠિરની માફક નરકને સ્વર્ગ બનાવવાની શક્તિ પણ એમની પાસે છે. તેમનું મધુરું હાસ્ય જેલમાં જઈ આવ્યા તોપણ જરાયે ઝાંખું થયું નથી. હસતા હસતા તેઓ કહે છે કે, 'लाभस्तेषां जयस्तेषां कुतस्तेषां पराजयः આ વાત અમારે માટે તદ્દન સાચી છે. આવી જીત મળશે અને આટલા વખતમાં અમે છૂટીશું એવું સ્વપ્ને પણ ધાર્યું નહોતું.'

સરદારનું સ્વાગત

વિજયી સરદારને માન આપવા માટે સુરતે દિવાળી ઊજવી. સુરતની રોશની, સુરતના શણગાર, સુરતની તાપી તટે ભરાયેલી ૨૫,૦૦૦ માણસોની અપ્રતિમ શાંતિભરી સભા લોકોની સ્મૃતિમાંથી કદી ખસવાની નથી. અમદાવાદે પણ સરદારનાં સન્માન કરવામાં કશી કચાશ ન રાખી. આખા જગતમાં બારડોલી પ્રસિદ્ધ થઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારડોલી સત્યાગ્રહની સફળતાને લીધે, પ્રજામાં સરકાર સામે લડવાનું નવું જોર આવ્યું. આ સત્યાગ્રહને લીધે શ્રીમાન વલ્લભભાઈ સરદાર વલ્લભભાઈ બન્યા અને ગુજરાતના જ નહિ, હિંદના એક આગેવાન થયા. સ્વરાજ્યની લડતના પહેલા પગથિયા તરીકે બારડોલીની લડત હિંદુસ્તાનની સ્વરાજ્યની લડતોના ઇતિહાસમાં સદાને માટે અમર રહેશે. જે વખતે બારડોલીની જીત થઈ તે વખતે બારડોલીના લોકો અપૂર્વ ઉત્સાહથી કૂલચંદભાઈનું જે ચિરસ્મણીય ગીત ગાતા હતા, તેની થોડી લીટીઓ ગાઈને મારું કથન હું પૂરું કરીશ.

હાક વાગી વલ્લભની વિશ્વમાં રે,
તોપ–બળિયાને કીધા માત. હાક૦

પ્રાણ ફૂંકયા ખેડૂતનાં હાડમાં રે,
કાયરતાને મારી લાત. હાક૦

હાથ હેઠા પડયા સરકારના રે,
વધી સત્યાગ્રહીની સાખ. હાક૦

કર્યું પાણી પોતાના લોહીનું રે,
નિજ ભાંડુની સેવા કાજ. હાક૦

કર્યું સાબિત કોઈથી ના હઠે રે,
શૂરા સત્યાગ્રહીની જમાત. હાક૦

જીત ડંકો વગાડયો વિશ્વમાં રે,
બારડોલીનો જયજયકાર. હાક૦

લક્ષ્મીબહેન પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકસૂચિ

સામાન્ય ઉપયોગ માટે

૧. 'નવજીવન' અઠવાડિકમાં આવેલા લેખો

૨. આત્મકથા — ગાંધીજી

૩. મહાસભાનો ઇતિહાસ — ડૉ૦ પટ્ટાભી સીતારામૈયા

૪. સત્યાગ્રહની મીમાંસા — મગનભાઈ દેસાઈ

૫. Civil Disobedience Movements in India or the Indian Struggle for freedom. — C. V. H. Rao

૬. Satyagraha — M. K. Gandhi
Ed. Bharatan Kumarappa

૭. Satyagraha — Its Technique and History — R. R. Diwakar

૮. Satyagraha in Action — R. R. Diwakar

૯. The Political Philosophy of Mahatma Gandhi — G. N. Dhawan

૧૦. Lead kindly Light — Gandhi & the Way to Peace — Vincent Sheean

૧૧. The Power of Non-Violence — Richard B. Gregg

૧૨. Non-Violence in Peace & War — M. K. Gandhi

૧૩. Studies in Gandhism — Nirmalkumar Bose

દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ

૧૪. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ — ગાંધીજી

૧૫. ગાંધીજીની સાધના — રાવજીભાઈ મણિભાઈ પટેલ

૧૬. જીવનનું પરોઢ — પ્રભુદાસ ગાંધી

૧૭. दक्षिण अफ्रीकाके सत्याग्रहका इतिहास — स्वामी भवानी दयाल संन्यासी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંપારણનો સત્યાગ્રહ

૧૮. ચંપારણમાં મહાત્મા ગાંધીજી — રાજેન્દ્રપ્રસાદ

૧૯. મારી જીવનકથા — રાજેન્દ્રપ્રસાદ

૨૦. चंपारण्यकी जांच अर्थात् चंपारण्य कृषीय कमेटीकी रिपोर्ट — પ્રતાપ કાર્યાલય, કાનપુર

ખેડા સત્યાગ્રહ

૨૧. ખેડાની લડત — શંકરલાલ દ્વારકાદાસ પરીખ

અમદાવાદ મજૂર સત્યાગ્રહ

૨૨. એક ધર્મયુદ્ધ — મહાદેવ દેસાઈ

નાગપુર ઝંડા સત્યાગ્રહ

૨૩. The National Flag — Rajagopalachari

બોરસદ સત્યાગ્રહ

૨૪. સરદાર વલ્લભભાઈ — નરહરિ પરીખ

૨૫. સરદાર વલ્લભભાઈનાં ભાષણો — નરહરિ પરીખ અને ઉત્તમચંદ શાહ

બારડોલી સત્યાગ્રહ (નં. ૨૪, ૨૫ ઉપરાંત)

૨૬. બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ — મહાદેવ દેસાઈ

૨૭. બારડોલી સત્યાગ્રહ પત્રિકાઓ — જુગતરામ દવે

૨૮. વીરની હાકલ — પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ

૨૯. બારડોલીની હિજરત — ગિજુભાઈ બધેકા

૩૦. ધ્વજારોપણ અથવા બારડોલીનો ધનુષ્યટંકાર — નર્મદાશંકર આલાશંકર પંડ્યા

૩૧. વિજયી બારડોલી — બૈજનાથ મહોદય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકમાં આવેલાં વિશેષનામોની સૂચિ

[ગાંધીજી અને સરદાર વલ્લભભાઈનાં નામ આખા પુસ્તકમાં વારંવાર આવતાં હોવાથી તેમનાં નામ સૂચિમાં લીધાં નથી. તે સિવાયનાં અગત્યનાં નામોની સૂચિ આપી છે.]

અનસૂયાબહેન ૮૦, ૯૨, ૯૩, ૯૫, ૯૬, ૧૦૧, ૧૦૨
અબ્દુલ્લા, દાદા; ૬
અબ્બાસ સાહેબ (અબ્બાસ તૈયબજી) ૧૩૫, ૧૫૫, ૧૬૮
અમૃતલાલ ઠક્કર (ઠક્કર બાપા) ૬૫, ૬૮
અલીભાઈઓ ૬૨
અલીમિયાં ૧૨૭, ૧૩૨
અંબાલાલ સારાભાઈ શેઠ ૯૨, ૯૩, ૧૦૫
આનંદશંકર ધ્રુવ (પ્રોફેસર) ૧૦૪, ૧૦૬
આનંદીબાઈ ૮૦
આંધ્ર ૧૧૪
ઇબ્રાહીમ પટેલ ૧૬૨
ઇસ્માઈલ ૧૬૬
ઉત્તરસંડા ૮૭, ૮૮
એની બિસેન્ટ ૬૨
એન્ડ્રૂઝ (દીનબંધુ) ૪૭, ૫૨
કઠલાલ ૬૨, ૬૩, ૬૪, ૬૫
કઠલાલ હોમરૂલ લીગ ૬૪, ૬૭
કડોદ ૧૫૫
કનૈયાલાલ મુનશી ૧૬૭
કપડવંજ ૬૩, ૬૬
કલ્યાણજીભાઈ ૧૬૮
કરમસદ ૮૦
કલ્યાણજીભાઈ વિ. મહેતા ૧૪૯, ૧૫૧
કસ્તૂરબા ગાંધી ૬, ૭, ૧૭, ૧૮, ૩૧, ૫૮
કાનૂગા (ડૉ. બળવંતરાય) ૬૦
કાર્માઇકલ (રેવન્યૂ મેમ્બર) ૬૮
કાશીભાઈ દેસાઈભાઈ પટેલ ૬૦
કુંવરબહેન ૮૭
કુંવરજીભાઈ ૧૫૧
કૃપાલાની, આચાર્ય ૪૫, ૮૬
કૃષ્ણલાલ દેસાઈ ૭૦, ૬૦
કેલનબેક ૧૬, ૨૪, ૨૫, ૨૬
કેશવપ્રસાદ દેસાઈ ૮૦
ખંભાત ૧૨૫
ખેડા ૫૬, ૬૦, ૬૧, ૭૮
ગુલાબરાન્ત ૧૩૩
ગૂજરાત વિદ્યાપીઠ ૧૫૬
ગોકુળદાસ દ્વારકાદાસ તલાટી ૭૩
ગોકુળદાસ પારેખ ૬૪, ૬૫, ૬૮
ગોખલે, ગોપાળકૃષ્ણ ૧૭, ૨૬, ૨૭, ૨૯, ૩૨, ૩૩
ગોપાળકૃષ્ણ દેવધર ૬૮
ગોપાળદાસ અંબાઈદાસ દેસાઈ, (દરબાર સાહેબ) ૧૩૦, ૧૩૫, ૧૩૬, ૧૪૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોપાળદાસ વિહારીદાસ દેસાઈ ૬૩
ગૉબ (નાગપુરના ડિ. મૅજિસ્ટ્રેટ) ૧૧૨
ગોળેલ ૧૩૦

ઘિયા ડૉ. ૧૧૫, ૧૨૧
ઘેલીબહેન ૧૫૬
ઘોષાલ (ખેડાના કલેક્ટર) ૭૧

ચંદુલાલ ડૉ. ૯૩, ૧૧૪, ૧૨૧, ૧૬૪
ચીમનલાલ છબિલદાસ ચિનાઈ ૧૬૪, ૧૭૧
ચૂનીભાઈ મહેતા ૧૪૯, ૧૭૦
ચેટફિલ્ડ ૯૩
ચેમ્સફર્ડ, લૉર્ડ ૮૩

છગનલાલ ગાંધી ૯૫, ૧૦૧
છોટાલાલ જૈન ૫૮

જગાભાઈ દલપતભાઈ શેઠ ૯૩
જબલપુર ૧૦૯
જમનાદાસ મહેતા ૮૨
જમનાલાલ બજાજ ૧૦૯, ૧૧૧, ૧૧૩, ૧૧૮
જયકર ૧૫૦, ૧૫૧, ૧૫૪, ૧૬૭
જલિયાનવાલા બાગ ૧૦૮
જસવલ્લીપટ્ટમ ૪૭
જુગતરામભાઈ ૧૪૯
જુગલદાસની ચાલી ૧૦૧
'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' ૬૫, ૧૧૬, ૧૨૪, ૧૩૩, ૧૬૮
ટૉલ્સ્ટૉય ફાર્મ ૧૬
ટ્રાન્સવાલ ૧૮, ૨૦, ૨૧

ડાભલો ૧૨૫

તામિલનાડ ૧૧૯
તારાચંદ શહાની ૮૬
દાદુભાઈ (દેસાઈ) ૧૫૧
દિનકર મહેતા ૧૭૧
દિલ્હી ૮૩
દીક્ષિત ૧૧૯
દુર્ગાબહેન દેસાઈ ૫૮
દેયપ ૬૫

ધનાભાઈ પટેલ ૧૨૯

નડિયાદ ૬૩
નરસિંગપુરાના વકીલો ૧૧૫
નરહરિભાઈ દ્વા૦ પરીખ ૫૮, ૬૦, ૧૧૫, ૧૪૯, ૧૫૧, ૧૫૪
નરીમાન કે. એફ. ૧૬૪
નવસારી ૧૫૪
નવાગામ ૬૦
નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ ૬
નાગપુર ૧૦૯, ૧૧૨, ૧૪૭
,, મહાસમિતિની બેઠક ૧૧૧
નારાયણ મલ્હાર જોશી ૬૮

પરીક્ષિતલાલ મજમુદાર ૧૧૫
પંનબ ૧૧૪
પ્રેટ (કમિશનર) ૬૫, ૬૮, ૭૦–૭૨, ૮૧, ૮૩, ૮૫

ફૂલચંદ બાપુજી ૮૭
ફૂલચંદ કસ્તૂરચંદ શાહ ૧૫૬, ૧૫૮, ૧૭૨

બંગાળ ૧૧૯
બાબર દેવા ૧૨૫–૨૭
બારડોલી ૧૪૯, ૧૫૧, ૧૬૬
બિજાપુર ૮૬
બી. એફ. માદન ૧૬૮
બિહાર ૮૬, ૧૧૪, ૧૧૯
,, પ્લેન્ટર્સ એસોસિયેશન ૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેડકૂવા ૧૫૫
બોઅર યુદ્ધ ૯

ભક્તિબા દેસાઈ ૧૩૫, ૧૫૬, ૧૬૮
ભૂલાભાઈ દેસાઈ ૧૬૫
ભૂલાભાઈ રૂપજી ૭૬, ૭૭

મખનલાલ ચાતુર્વેદી, પંડિત ૧૨૦
મણિબહેન પરીખ ૫૮
મણિલાલ કોઠારી ૧૬૫
મનુભાઈ સૂબેદાર ૮૪
મહમદઅલી ઝીણા ૫૮
મહાદેવભાઈ દેસાઈ ૫૮, ૧૪૮, ૧૫૩
માધવલાલ દ્વિવેદી ૮૭
માવળંકર, ગ૦ વા૦ ૭૦, ૯૦
મીઠુબહેન પિટીટ ૧૫૬, ૧૬૮
મીર આલમ ૧૩, ૨૩
મૉડ ૫૩, ૫૪
મોતીલાલ ત્રંબક વડથલવાળા ૭૭, ૭૮
મૉન્ટેગ્યૂ ૬૨
મોરોપંત જોષી ૧૧૯–૨૦
મોહનલાલ કામેશ્વર પંડ્યા(ડુંગળી ચોર) ૭૯, ૮૭, ૧૧૧, ૧૨૧, ૧૨૮, ૧૩૪, ૧૫૫

યુનિયન જૅક ૧૦૮, ૧૦૯.

રવિશંકર (મહારાજ) ૧૨૮, ૧૫૫–૬, ૧૬૩, ૧૭૦
રાજકુમાર શુક્લ ૫૩
રાજેન્દ્રપ્રસાદ (બાબુ) ૫૩
રામનવમીપ્રસાદ ૫૩
રાવજીભાઈ મણિભાઈ ૧૪૧–૨
રાસ ૮૧
રીડિંગ (લૉર્ડ) ૧૧૩
રુસ્તમજી ૭
રૉબર્ટ્સન, લૉર્ડ ૯

લજપતરાય દિન ૧૧૪

વડથલ ૮૧
વડોદરા ૧૨૫
વરદાચારી ૧૧૪
વામન મુકાદમ (વામનજી) ૮૩
વાલોડ ૧૬૧–૬૨
વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલ ૬૩, ૬૪, ૬૭, ૬૮, ૮૪, ૮૬, ૧૧૮, ૧૬૪
વિલિંગ્ડન, લૉર્ડ ૮૫
વિલ્સન, સર લેસ્લી (ગવર્નર) ૧૬૯
વીરચંદ ચેનાજી ૧૫૮
વીરસદનું થાણું ૧૨૭
વૂડ (કલેક્ટર) ૧૩૩
વ્રજકિશોરપ્રસાદ ૪૪, ૪૮, ૫૩
વ્રજલાલ રૂપાણી ૫૮

શંકરલાલ દ્વારકાદાસ પરીખ ૬૪, ૭૯, ૮૭
શંકરલાલ બૅંકર ૮૦, ૯૩, ૯૫, ૯૬
શારદાબહેન મહેતા ૧૬૮
શાર્દૂલસિંહ કવીશ્વર ૧૬૯
શિવજીભાઈ ૮૭

સરભોણ ૧૫૫
સરોજિની નાયડુ ૮૪
સિંગલાવ ૧૩૩
સુમંત મહેતા, ડૉ. ૧૬૩
સુરેંદ્રજી ૫૮, ૧૧૫

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ, ડૉ. ૮૨
હિક્કી કર્નલ ૩૮
હિંદી સાહિત્ય સંમેલન, ઇંદોર ૭૮
હેવર્ડ, સર મોરિસ ૧૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં બીજાં પ્રકાશનો

વિદ્યાપીઠ ગ્રંથાવલી

કાંતણવિદ્યા	લે૦ શિવાભાઈ પટેલ	૦—૭–૦
ખાદીવિદ્યાપ્રવેશિકા	—	૧—૪–૦
હિંદી રાષ્ટ્રીય મહાસભાનું બંધારણ	—	૦—૬–૦
પ્રૌઢશિક્ષણ	સં૦ કોઠારી અને સોમણ	૦–૧૪–૦
વિદ્યાર્થી ગ્રીષ્મપ્રવૃત્તિ	લે૦ મગનભાઈ દેસાઈ	૦—૬–૦
વર્ધા શિક્ષણ યોજના	—	૧—૦–૦

હિંદી પુસ્તકો

ઉર્દૂ લિપિ શિક્ષિકા	લે૦ ગિરિરાજ અને હંસરાજ	૦–૧૦–૦
હિંદી પાઠાવલિ (પહલી કિતાબ)	—	૦—૯–૦
હિન્દી બાલ કહાનિયાં	—	૦—૪–૦
હિન્દી બાલપાઠાવલિ	—	૦—૬–૦
હિંદુસ્તાની વ્યાકરણ પ્રવેશ	નગીનદાસ પારેખ અને હંસરાજ	૦—૬–૦
ચુપકી દાદ	મૌ૦ હાલી	૦—૩–૦
આધુનિક હિન્દી કવિતા	સં૦ નાનુભાઈ અને ગિરિરાજ	૧—૦–૦
નાટક બેલેં	સં૦ ગિરિરાજ અને અંબરિયા	૦—૬–૦
બાતચીત ભા. ૧–૨	લે૦ ગિરિરાજ દરેકના	૦—૪–૦
હિંદુસ્તાની કહાની સંગ્રહ	—	૦—૪–૦
સંવાદ	—	૦—૬–૦
મુનાઝતે બેવા	મૌ૦ હાલી	૦—૫–૦

આચાર્ય ગિદવાણી ગ્રંથમાળા

મારું ગામડું	લે૦ બબલભાઈ મહેતા	૧—૪–૦
યંત્રની મર્યાદા	લે૦ નરહરિભાઈ પરીખ	૧—૦–૦
હિંદનું પ્રાન્તકીય અર્થશાસ્ત્ર	લે૦ વિઠ્ઠલદાસ કોઠારી	૧—૮–૦
બેડૂતપોથી	સં૦ કોઠારી અને શેઠ	૨—૪–૦
જીવન દ્વારા શિક્ષણ	લે૦ શિવાભાઈ પટેલ	૧—૮–૦

તારાગૌરી ગ્રંથમાળા

કલ્કી અથવા સંસ્કૃતિનું ભાવિ	લે૦ રાધાકૃષ્ણન	૦–૧૪–૦
મનુષ્યની સર્વાંગીણ કેળવણી	લે૦ જેકેસ	૦–૧૪–૦
સર્વોદયની કેળવણી	લે૦ કૃપાલાની	૧—૪–૦
શિક્ષણ અને સંસ્કૃતિ	લે૦ રવિશંકર વ્યાસ	૧—૪–૦
ગ્રામ–વિદ્યાપીઠ	લે૦ મોર્ગન	૧–૧૨–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂરજબહેન ગ્રંથમાળા

આધુનિક ભારત	લે૦ જાવડેકર	૬—૦—૦
હિંદની અંગ્રેજ વેપારશાહી	લે૦ મગનભાઈ દેસાઈ	૪—૦—૦
મહાસભાના ઠરાવો	સં૦ વિઠ્ઠલદાસ કોઠારી	૬—૦—૦
કુળવણી વડે ક્રાન્તિ	,,	
(ગુ૦ વિદ્યાપીઠનો ઇતિહાસ)		૩—૦—૦

રેવાભાઈ ગ્રંથમાળા

યોગવાસિષ્ઠ	સં૦ ગોપાલદાસ પટેલ	૪—૦—૦
કળા એટલે શું ?	લે૦ ટોલ્સ્ટોય	૩—૮—૦
ગૌતમ બુદ્ધ	લે૦ રાધાકૃષ્ણન	૧—૮—૦
મુંડકોપનિષદ	સં૦ મગનભાઈ દેસાઈ	૨—૦—૦
શ્રીમદ્ ભાગવત	સં૦ ગોપાલદાસ પટેલ	૩—૮—૦
પ્રાચીન સાહિત્ય	અ૦ મહાદેવ દેસાઈ	
(રવીન્દ્રનાથ)	અને નરહરિ પરીખ	૧—૦—૦
સુખમની (અર્જુનદેવ)	અ૦ મગનભાઈ દેસાઈ	૨—૦—૦

ચકુબહેન ગ્રંથમાળા

ગામગોષ્ઠી	લે૦ વિઠ્ઠલદાસ કોઠારી અને	
	રાવજીભાઈ પટેલ	૦—૬—૦
પ્રાચીન શીલકથાઓ	લે૦ ગોપાલદાસ પટેલ	૦—૬—૦
આહાર અને પોષણ		
ભા. ૧ (બીજી આવૃત્તિ)	લે૦ ઝવેરભાઈ પટેલ	૦—૧૦—૦
આહાર અને પોષણ ભા. ૨	લે૦ ઝવેરભાઈ પટેલ	૦—૧૨—૦
મલેરિયા (બીજી આવૃત્તિ)	સં૦ વિઠ્ઠલદાસ કોઠારી	૦—૭—૦
ઘરમાખી	લે૦ બંસીધર ગાંધી	૦—૭—૦
ખેડૂતનો ચોપડો		૧—૦—૦
ટાઇફોઈડ	લે૦ બંસીધર ગાંધી	૦—૬—૦
પાણી	લે૦ બંસીધર ગાંધી	૦—૧૪—૦

[દરેકની ટપાલખરચાનગી અલગ]

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધુનિક ભારત

અનુ૰ પાંડુરંગ દેશપાંડે

મધ્યયુગની રાજાશાહીમાંથી નીકળી અર્વાચીન લોકશાહીની ઢબે આપણું રાષ્ટ્ર કઈ રીતે ક્રમશ: પ્રગત થયું, એ પ્રગતિમાં કયાં તત્ત્વો રહેલાં છે, તેમાં કઈ વિચારસરણી વિકસતી ગઈ, તેના નેતાઓ કોણ હતા, એ આ પુસ્તકનો વિષય છે. એ લખવામાં શ્રી નવરેકરે પ્રશસ્ય ન્યાયબુદ્ધિ, નિષ્પક્ષ તુલના કરવાની સમતા તથા અભ્યાસી ઊંડાણ બતાવ્યું છે.

કિં. રૂ. ૬–૦–૦ ટપાલખરચ ૧–૦–૦

હિંદની અંગ્રેજ વેપારશાહી

મગનભાઈ દેસાઈ

યુરોપના ગોરા વેપારીઓ આપણા દેશમાં સોળમા સૈકા પછી આવતા થયા અને તેમાંથી ધીમે ધીમે બે સૈકામાં અહીં તેમણે પોતાનું રાજ્ય સ્થાપ્યું. વેપારી કંપની 'કંપની સરકાર' બની ગઈ. આ કેવી રીતે બની શકયું, એનો વાર્તાપ્રવાહરૂપે ઇતિહાસ આમાં આપવામાં આવ્યો છે. પાંચ નકશાઓ સાથે.

કિં. રૂ. ૪–૦–૦ ટપાલખરચ ૦–૧૧–૦

મહાસભાના ઠરાવો

સંપા૰ વિઠ્ઠલદાસ મ૰ કોઠારી

આ પુસ્તકમાં આપણી રાષ્ટ્રીય મહાસભાએ ૧૯૪૭ સુધીનાં તેનાં સાઠ વર્ષ દરમ્યાન પસાર કરેલા બધા ઠરાવો આપ્યા છે. ઉપરાંત મહાસમિતિ અને કારોબારી સમિતિએ પસાર કરેલા મહત્ત્વના ઠરાવો તથા મહાસભાનું નૂતન અને નવું બંધારણ પણ આપ્યાં છે. વિસ્તૃત સૂચિ સાથે. સચિત્ર.

કિં. રૂ. ૬–૦–૦ ટપાલખરચ ૦–૧૪–૦

કેળવણી વડે ક્રાન્તિ

સંપા૰ વિઠ્ઠલદાસ મ૰ કોઠારી

આ પુસ્તકમાં ગુજરાત વિદ્યાપીઠનો ઈ. સ. ૧૯૨૦થી ૧૯૫૦ સુધીનો ઇતિહાસ ત્રણ ભાગમાં આપ્યો છે. પહેલા ભાગમાં સંસ્થાના ત્રીસ વર્ષના ઇતિહાસની રૂપરેખા દોરી છે. બીજા ભાગમાં અનેક પરિશિષ્ટો રૂપે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી છે. ત્રીજા ભાગમાં વિદ્યાપીઠના કુલપતિ તરીકે ગાંધીજીએ આપેલાં વ્યાખ્યાનો પહેલી જ વાર સંધરાયાં છે. સરદાર વલ્લભભાઈના બે બોલ તથા શ્રી મોરારજીભાઈની પ્રસ્તાવના સહિત. સચિત્ર.

કિં. રૂ. ૩–૦–૦ ટપાલખરચ ૦–૬–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar